अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो परमकल्लाणा परमकल्लाणहेऊ सत्ताणं।।

# श्रुतसंविभाग – १६

November, 2019 કારતક, ૨૦૭૬

## આત્માનુશાસન તથા આત્મરક્ષણનું અમોઘ આલંબન : શાસ્ત્ર

પૂજ્ય મહોપાધ્યાય *શ્રીયશોવિજયજી* ગણિવરે *જ્ઞાનસાર* ગ્રન્થમાં શાસ્ત્રશબ્દનો નિરુક્તાર્થ એક શ્લોકાર્ધમાં આ રીતે પ્રસ્તુત કર્યો છે કે शासनात् त्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते। કંઈક આવી જ રજૂઆત મહાન પદાર્થસંગ્રહકાર *શ્રીઉમાસ્વાતિજી* ભગવંતના *પ્રશમરતિ* ગ્રંથમાં પણ મળે છે. એ એમ કહે છે કે શાસ્ = શાસન કરવું. અને ત્ર = રક્ષણ કરવું. શાસ્ત્ર શ્રમણના મન-વચન-કાયાના યોગો પર અનુશાસન કરે, લગામ રાખી એને અટકાવે : જો એ વિપરીતપણે પ્રવૃત્ત થતાં હોય તો. ઉપરાંત કસોટીની ક્ષણોમાં શ્રમણની પ્રવૃત્તિનું - પરિણતિનું રક્ષણ પણ શાસ્ત્ર કરે.

શાસ્ત્રોનું અધ્યયન-પરિશીલન શા માટે કરવું જોઈએ? તેનો બહુ મજાનો ઉત્તર શાસ્ત્રશબ્દની આ નિરુક્ત વ્યાખ્યામાંથી આપણને મળી રહે છે. શ્રીમાન *હરિભદ્રસૂરીશ્વરજી* મહારાજ જેવા દિગ્ગજ આચાર્યદેવ પણ જ્યારે શિષ્યહત્યાના આઘાતવશ ભયંકર કાષાયિક પરિણતિનો ભોગ બનવા જઈ રહ્યા હતા ત્યારે ગુરુદત્ત બે ગાથાએ જ એમનું અનુશાસન અને રક્ષણ કર્યું હતું એ હકીકત આપણને શાસ્ત્રની ઉપકારકતા જાણે કે સોદાહરણ સમજાવે છે.

પ્રશ્ન એ થાય છે કે આવા ઉપકારી - ઉપયોગી શાસ્ત્ર પ્રત્યે આપણી રુચિ કેટલી અને સંપર્ક કેટલો? પ્રામાણિક ઉત્તર એ છે કે બહુલતયા દીક્ષાના પ્રારંભિક દશ-બાર વર્ષ જેટલો. **લોકમાં રમે એ સંસારી ને શ્લોકમાં રમે એ સંયમી** આ વ્યાખ્યા સંયમનાં પ્રારંભિક વર્ષોમાં સાર્થક હોય. પછી બાહ્ય પ્રવૃત્તિઓની વ્યસ્તતાઓમાં શાસ્ત્રસંપર્ક માત્ર પ્રવચનોપયોગી પદાર્થો પૂરતો પ્રાયઃ રહે આવી સ્થિતિ વ્યાપક બની રહી છે.

પણ... સંયમીના હિતકાંક્ષી પૂર્વાચાર્ય ભગવંતો આપણી પાસેથી આ અપેક્ષા નથી રાખતા. શાસ્ત્રસંપર્ક અંગે આપણી પાસે એમની અપેક્ષા ખૂબ મોટી છે. યાદ કરીએ

શ્રમણસૂત્રની **पडिक्कमामि चाउक्कालं सज्झायस्स अकरणयाए** પંક્તિ. એ પ્રતિદિન ચાર પ્રહરના શાસ્ત્રસ્વાધ્યાયનો કર્તવ્યબોધ આપણને કરાવે છે. એક તરફ ચાર પ્રહરમાં તમામ આવશ્યકક્રિયા-આરાધના-ગોચરી-નિદ્રા આદિ, તો બીજી તરફ ચાર પ્રહરમાં માત્ર શાસ્ત્રસ્વાધ્યાય. આ સમીકરણ જ દર્શાવી જાય છે કે શ્રમણ માટે શાસ્ત્રસ્વાધ્યાય કેવો કેન્દ્રસ્થાનીય હોય.

શ્રીમાન *ઉમાસ્વાતિજી* ભગવંતે *પ્રશમરતિ* ગ્રંથમાં આપણા માટે - શ્રમણો માટે જાણે કે એક દિશાસૂચક કારિકા લખી છે કે -

शास्त्राध्ययने चाऽध्यापने च सञ्चिन्तने तथाऽऽत्मनि च।

धर्मकथने च सततं, यत्नः सर्वात्मना कार्यः।।

यत्न: सर्वात्मना कार्य: આ કારિકાગત પંક્તિ દ્વારા *શ્રીઉમાસ્વાતિજી* ભગવંત એમ જણાવે છે કે શ્રમણના જીવનનો મુખ્ય પુરુષાર્થ શાસ્ત્રસ્વાધ્યાયનો હોવો જોઈએ. એનાં કારિકાગત પાંચ સ્તર આ છે :

[૧] અધ્યયન:- એ નવા નવા શાસ્ત્રીય પદાર્થોના બોધનું તો મૌલિક કારણ છે જ. ઉપરાંત વૈકારિક વિચારોનાં વાવાઝોડાં સામે પરિણતિરક્ષણનું પણ રામબાણ કારણ છે. એથી જ તો જણાવાયું છે કે सूत्रार्थानुस्मरणत:, रागादिविनाशनं भवति.

[૨] અધ્યાપન:- આ એક અનુભવસિદ્ધ બાબત છે કે અધ્યયન કરતાં પણ અધ્યાપન દ્વારા, પઠિત પદાર્થો વધુ સ્પષ્ટ - વધુ સ્થિર થાય છે. આ સ્વપક્ષીય લાભ ઉપરાંત મહત્ત્વનો લાભ એ છે કે એનાથી અનેક અભ્યાસાર્થીના જીવનમાં જ્ઞાનની જ્યોત પ્રગટી શકે છે : જેમ એક પ્રજ્વલિત દીપક અનેક દીપકોને પ્રજ્વલિત કરી શકે છે તેમ.

[૩] સંચિંતન:- ભોજનક્રિયાના સમય કરતાં પાચનક્રિયાનો સમય વધુ હોય ત્યારે એ ભોજન શરીર માટે પૂરેપૂરું લાભદાયી બને. એમ અધ્યયનના સમય કરતાં તેના પરનાં ચિંતનનો-અનુપ્રેક્ષાનો સમય વધુ હોય તો એ અધ્યયન આપણા માટે સવાયું લાભદાયી બને. ખ્યાલમાં રહે કે અનુત્તરવિમાનવાસી દેવ આ અનુપ્રેક્ષામાં-ચિંતનમાં જ બત્રીશ-તેત્રીશ સાગરોપમ જેટલો દીર્ઘ કાલ પસાર કરતાં હોય છે.

[૪] આત્મસાત્કરણ:- દરેક સંયમીનું મુખ્ય લક્ષ્ય એ હોવું જોઈએ કે 'શાસ્ત્રાધ્યયન દ્વારા, મારી પ્રવૃત્તિનું-વૃત્તિનું સ્તર વધુ ને વધુ ઉચ્ચ બનાવું'. તો જ અધ્યયન અહંકારાદિનું કારણ ન બને. *દશવૈકાલિક*આગમમાં અધ્યયનનો આ હેતુ સ્પષ્ટ કરતાં લખાયું છે કે अप्पाणं ठावइस्सामि त्ति अज्झाइयव्वं भवइ.

[૫] ધર્મકથન:- શ્રમણજીવન સાથે ઉપદેશ મહદંશે અભિન્ન અંગ જેવો જોડાયેલો છે : આજના યુગમાં ચાતુર્માસ જેવા કાળમાં તો ખાસ. અધ્યયન-ચિંતન જો સબળ હોય તો આ ઉપદેશ-ધર્મકથનમાં પ્રાયઃ વિપરીત પ્રરૂપણા-ઉત્સૂત્ર ભાષણ ન આવે અને એ મોટા પાપથી-દોષથી આસાનપણે બચી શકાય.

શાસ્ત્રસ્વાધ્યાયનું મજબૂત આલંબન આપતા **श्रुतसंविभाग** સામયિકના શિલ્પી સહુ શાસ્ત્રરુચિ મુનિવરોનું જીવન આ પાંચ સ્તરના શાસ્ત્રસ્વાધ્યાયથી મંડિત બની રહો.

**વિજયરાજરત્નસૂરિજી**

આચાર્યપ્રવર શ્રીરાજરત્નસૂરિજી મહારાજ (શ્રીધર્મસૂરિજી-સમુદાય) – આ નામ અને એની સાથે જોડાયેલા કામથી તો કોણ અજાણ્યું હશે? સં. ૨૦૭૨ ના સંમેલનમાં એમની કાર્યકુશળતા અને શાસનનિષ્ઠા સૌએ નીરખી છે, તો ઠરાવો લખતી વખતે એમનું ભાષા પરનું અજબ પ્રભુત્વ સૌએ પ્રમાણ્યું છે. બહોળો શાસ્ત્રાભ્યાસ અને તેજસ્વી વક્તૃત્વશક્તિ ધરાવતા પૂજ્યશ્રી સં. ૨૦૪૯ થી આજ સુધી અખંડપણે ગુજરાત સમાચારની ગુરુવારની પૂર્તિમાં અમૃતની અંજલિ નામે કોલમ લખે છે. ૭૭ જેટલાં પુસ્તકો તેમણે લખ્યાં છે, જેમાં ૭૦૦ પૃષ્ઠના વિશાળકાય યુગદિવાકર ગ્રંથનો પણ સમાવેશ થાય છે. આ સાહિત્યસર્જને તેઓશ્રીને લોકહૈયામાં સિદ્ધહસ્ત સાહિત્યસર્જક તરીકે પ્રતિષ્ઠિત કરી આપ્યા છે. **श्रुतसंविभाग** પર તેઓશ્રીના પહેલેથી જ આશિષ રહ્યાં છે. આ અગ્રલેખ પણ તેઓશ્રીએ ફક્ત એક વિનંતિપત્રથી મોકલી આપ્યો છે – આ નિરભિમાનતાને હૃદયથી વંદન.

# સંવાદ

પરિવર્તન, એ જો પ્રગતિશીલતાની નિશાની બની શકે તેમ હોય તો, કરતાં રહેવું એ **श्रुतसंविभाग** ની નિયતિ અને નિષ્ઠા – બંનેની નેમ રહી છે. આ વખતે પણ કેટલાંક મહત્ત્વપૂર્ણ પરિવર્તનોને આ સામયિકે આવકાર્યા છે.

૧. ગયા અંકે વાત થઈ હતી તેમ જુદા જુદા ભગવંતોના ચિંતન-મનનથી **श्रुतसंविभाग** સમૃદ્ધ બને તે માટે તે તે ભગવંતોને વિનંતિ કરીને અગ્રલેખ લખાવવાની શરૂઆત કરી છે. પહેલા પ્રયાસે જ સરસ સફળતા મળી છે તે પ્રીછી શકાશે.

૨. 'દાર્શનિક ચિંતન', 'પ્રકરણસ્વાધ્યાય' અને 'અમે વાંચ્યું, તમે વાંચશો?' – એમ ત્રણ નવા વિભાગોનો શુભારંભ થયો છે. તો મુખપૃષ્ઠ – ૨,૩ પણ સરસ રીતે મેટરથી સુશોભિત કરવાનું ચાલુ કર્યું છે.

૩. લેખક મુનિના ઉલ્લેખ સાથે દર વખતે તેમના સમુદાયનો ઉલ્લેખ કરવાને બદલે અલગથી લેખકસૂચિ આપવાનું શરૂ કર્યું છે. આનાથી ઔચિત્ય તો સચવાશે જ, પણ તેની સાથે લેખકના નામથી પણ તે તે વાત શોધવાની સગવડ વધી છે.

૪. તે તે વિભાગોમાં, ખાસ કરીને પત્રચર્ચામાં, ફોર્મેટ થોડુંક બદલ્યું છે.

૫. તે તે વાત ચાર્ટથી કે આકૃતિ દોરીને રજૂ કરવાથી સમજવી સહેલી બને છે તેવા અનુભવને લીધે તે પાસું પણ આ વખતથી ઉમેરવાનું શરૂ કર્યું છે. ધીમે ધીમે ઘણીબધી વાતો આ પદ્ધતિથી રજૂ થતી જશે.

૬. સૌથી મહત્ત્વપૂર્ણ વાત – આજે કોઈ જ જરૂર ન હોય તો પણ, પાનામાં ચોતરફ ખાલી જગ્યા, મોટા મોટા બાળવારતાની ચોપડીમાં જ શોભે તેવા અક્ષર, બે પંક્તિ વચ્ચે બીજી એક આખી પંક્તિ આવી જાય તેટલી સ્પેસ – આવી આવી તરકીબો અજમાવી ચોપડીનું કદ વધારવાની હોડ ચાલે છે ત્યારે, **श्रुतसंविभागे** આ અંકથી ફોન્ટસાઈઝ (12 Point), માર્જિન (Narrow), બે પંક્તિ વચ્ચે સ્પેસ (– 1.07) - આમ બધાંમાં જ ઘટાડો કરીને ઓછા પાનાંમાં પણ કેટલું વધારે મેટર સમાવી શકાય અને તેમ છતાં મુદ્રણ કેટલું સુઘડ અને સુંદર હોઈ શકે તેની પ્રેક્ટિકલ પ્રતીતિ કરાવવાનું સ્વીકાર્યું છે. આના લીધે મેટર મુજબ જોવા

જઈએ તો પાનાંની સંખ્યામાં લગભગ ચોથા ભાગનો ઘટાડો થયો છે. એટલે આ સામયિકનું દેખીતું કદ ઓછું થયું છે પણ અણદેખ્યું કદ ઘણું જ વધ્યું છે.

*

<u>અવશ્ય ધ્યાન પર લેશો</u> – હવેથી **શ્રુતસંવિભાગ** નું કાયમી સંપર્કસૂત્ર – **ભાવેશ એમ. દોશી,** ૭૦૧, સુયોગ્સ ગોદાવરી કૃપા, વી. પી. ક્રોસ રોડ, મુલુંડ (વે.), **મુંબઈ** ૪૦૦૦૮૦ મો. ૯૨૨૪૧ ૦૩૨૯૯. આ નંબર પર વ્હોટ્સઅપથી મેટર મોકલી શકાશે.

Email – <u>shrutasamvibhaga@gmail.com</u> પર પણ મેટર મોકલી શકાશે તેમ જ સંપર્ક કરી શકાશે.

*

મિત્ર મુનિવરો આ પ્રશ્નો પરત્વે પોતાનો અભિપ્રાય જણાવે તો આનંદ થશે –

* **શ્રુતસંવિભાગ** માં કયા વિભાગો તમને બહુ ગમે છે? કેવા પ્રકારનાં લખાણો તમને વધુ રુચિકર જણાય છે?

* **શ્રુતસંવિભાગ** માં નવા નવા કયા વિભાગો ઉમેરી શકાય?

* **શ્રુતસંવિભાગ** માં લેઆઉટ સંબંધી કયાં પરિવર્તનો કરવા જેવાં લાગે છે?

* **શ્રુતસંવિભાગ** તમારા અભ્યાસમાં કઈ રીતે વધુ સહાયભૂત થઈ શકે?

* **શ્રુતસંવિભાગ** નું ભવિષ્ય શું હોઈ શકે? એને કઈ રીતે વધુ ઉજ્જ્વળ બનાવી શકાય?

* **શ્રુતસંવિભાગ** અને એને સંલગ્ન યોજનાઓમાં તમે કઈ રીતે વધુ યોગદાન આપી શકો?

યાદ રાખજો, મિત્ર મુનિવરોના સમયે સમયે મળતાં રહેતા ફીડબેકને લીધે જ આ સામયિક પ્રગતિશીલ બની રહ્યું છે. એટલે આમાં પ્રમાદ કરતાં નહીં તેવી નમ્ર વિનંતિ.

**ત્રૈલોક્યમંડનવિજય**

## અનુક્રમ


| ક્રમાંક | લેખ | પૃષ્ઠ |
|---|---|---|
| | **દ્રવ્યાનુયોગ** | |
| 227 | तीर्थसिद्ध-अतीर्थसिद्ध | 1 |
| 228 | માર્ગાભિમુખ અને માર્ગપતિત અંગે | 9 |
| 229 | તથાભવ્યત્વ | 12 |
| 230 | જિનકલ્પ અંગે એક નવી જ હકીકત | 13 |
| 231 | જીવદયા નિમિત્તે આહારક શરીરની રચના કેવી રીતે? | 15 |
| | **ચરણકરણાનુયોગ** | |
| 232 | અવિરત જીવને ઈરિયાવહી | 16 |
| 233 | સામાયિકમાં ગમનાગમન | 18 |
| 234 | દેશાવકાશિક વ્રત અંગે થોડોક વિમર્શ | 19 |
| 235 | दुविहं तिविहेणं | 21 |
| | **ગણિતાનુયોગ** | |
| 236 | ચોવીશ જિનના વાદી મુનિઓની સંખ્યા | 23 |
| | **ધર્મકથાનુયોગ** | |
| 237 | શ્રીગૌતમસ્વામીના મહસેન રાજર્ષિ નામના શિષ્ય દેવલોકમાં! | 24 |
| 238 | પ્રભુ મલ્લિનાથે લોચ કર્યો - ચારમુષ્ટિ કે પાંચમુષ્ટિ? | 25 |
| 239 | અકબર-પ્રતિબોધક સિદ્ધિચન્દ્રજી મહારાજ | 25 |
| 240 | તીર્થંકર-ચક્રવર્તીઓ અટ્ઠમ કરે? | 28 |
| 241 | કેવો કપરો ખેલ હતો ઈલાપુત્રનો! | 28 |
| 242 | બાહુબલીજીના કેવલજ્ઞાનને રોકનાર માનના સ્વરૂપમાં ભેદ | 28 |
| 243 | પ્રભુવીરના બહેન અને પુત્રીનાં નામ વિષે મત-મતાંતરો. | 30 |
| | **સંશોધન** | |
| 244 | ધર્મસંગ્રહમાં ઉદ્ધરણ | 35 |
| 245 | ધ્યાનશતકની વૃત્તિમાં કેટલીક વિચારણીય વાતો | 35 |
| 246 | કલ્પસૂત્ર-સુબોધિકાની વિચારણીય વાતો | 39 |
| 247 | પંચપ્રતિક્રમણસૂત્રમાં કેટલાક વિચારણીય પાઠો | 41 |

| | | |
|---|---|---|
| 248 | सत्तरसविहे संजमे કે सत्तरसविहे असंजमे? | 43 |
| 249 | साहरिज्जमाणे जाणइ કે પછી न जाणइ? | 44 |
| | **इदमत्र चिन्त्यम्** | |
| 250 | બૃહદ્ ગુરુવંદન તે લઘુ પ્રતિક્રમણ? | 45 |
| 251 | पञ्चसूत्रकम् ના બે પાઠ વિષે વિચારણા | 46 |
| 252 | ધ્યાનશતકના વિવેચનમાં કેટલાંક વિચારણીય સ્થાનો | 46 |
| 253 | ગોબહુલ – વિશેષણ કે નામ? | 50 |
| 254 | ઋષિ ગજસુકુમાલ અંગે! | 51 |
| | **પ્રકીર્ણ** | |
| 255 | ધર્મસંગ્રહગ્રંથની કેટલીક વિચારણીય વાતો – ૧ | 52 |
| 256 | પહેલી આરતી કે મંગલદીવો ? | 61 |
| 257 | શેમાં વધારે પાપ? અગ્નિ સળગાવવામાં કે બૂઝાવામાં? | 62 |
| 258 | આ અવસર્પિણીમાં વૈતાઢ્ય પર વીજળી નહીં પડે! | 62 |
| | **પ્રકરણસ્વાધ્યાય** | |
| 259 | કાલવિચારશતક-સ્વાધ્યાય | 63 |
| | **દાર્શનિક ચિંતન** | |
| 260 | શબ્દ અને અર્થ વચ્ચે સંબંધ | 71 |
| | **જિજ્ઞાસા** | |
| ? 78 | અંડગોલિક મનુષ્યનું મૃત્યુ ક્યારે? | 73 |
| ? 79 | અર્ધપદ્માસનસ્થ શ્યામ પ્રાચીન પ્રતિમાઓ | 73 |
| ? 80 | રોહિણિયા ચોરને કાંટો વાગવો | 73 |
| ? 81 | કપિલાદાસીનો પિંડ રાજપિંડ થાય? | 73 |
| ? 82-87 | પ્રતિક્રમણ વિશે કેટલીક જિજ્ઞાસાઓ | 73 |
| | **સમાધાન** | |
| @ 75 | આગમો ભણવાની છૂટ અમુક જીવોને જ કેમ? | 76 |

| | | |
|---|---|---|
| @ 15 | ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા | 77 |
| @ 48 | यावदवधारणे માં નિત્યસમાસ કેમ નહીં? | 79 |
| @ 76 | તીર્થંકર ભગવંત કેવી રીતે વાપરે? | 79 |
| @ 77 | दधत् નપુંસકલિંગ? | 80 |
| | <u>પત્રચર્ચા</u> | |
| 118 | ∑ 211 (14.54) निष्ठाऽप्राप्तौ કે निष्ठाप्राप्तौ? | 81 |
| 119 | ∑ 189 (13.64) દ્વાદશાંગીની નિત્યાનિત્યતા | 82 |
| 120 | 🖂 116 (15.62) | 82 |
| 121 | 🖂 73 (13.89), ∑ 217 (15.9) गन्धादिद्रव्य भावुक या... | 83 |
| 122 | ∑ 196 (14.3) द्वित्वादि अनेकस्थ धर्म | 85 |
| 123 | ∑ 194 (14.1) वीतरागी को भी मृषावाद कैसे? | 86 |
| 124 | ∑ 172 (13.28) પાત્રપ્રતિલેખન કર્યા પછી વંદન... | 87 |
| 125 | 🖂 100 (15.51) | 87 |
| 126 | ∑ 120 (11.21) આવશ્યકચૂર્ણિના કર્તા જિનદાસગણિ... | 88 |
| 127 | 🖂 84 (14.78) | 88 |
| 128 | 🖂 110 (15.58) | 90 |
| 129 | ∑ 221 (15.24) પ્રભુવીરના ભવો અંગે... | 91 |
| 130 | ∑ 218 (15.19) ચંદ્રપ્રભસ્વામી તથા... | 92 |
| 131 | ∑ 226 (15.84) પ્રભુવીર-જન્મવાંચનસમયે શ્રીફળ... | 92 |
| 132 | 🖂 74-75 (14.66) | 93 |
| 133 | 🖂 111 (15.59) | 94 |
| 134 | ∑ 216 (15.1) श्रुतनिश्रित मतिज्ञान | 94 |
| 135 | ∑ 205 (14.40) રથનેમિ, નેમિનાથ અને રાજીમતી... | 96 |
| 136 | ∑ 117 (13.38) પઉમચરિયંમાં જાણવા મળેલ... વાત – ૨ | 98 |

| | | |
|---|---|---|
| 137 | ∑ 219 (15.21) મલ્લિનાથ પ્રભુએ કેટલા સાથે... | 98 |
| 138 | ∑ 223 (15.35) અભવ્ય જીવ વધુમાં વધુ... | 99 |
| 139 | ∑ 221 (15.24) પ્રભુવીરના ભવો અંગે... | 100 |
| 140 | ∑ 185 (13.52) कल्याणकविषयकं किञ्चित् | 101 |
| | <u>શુદ્ધિવૃદ્ધિ</u> | 105 |
| | <u>શ્રુતશુદ્ધિ</u> | |
| 11 | પંચસૂત્રક - સ્વોપજ્ઞવૃત્તિ સહિત | 106 |
| 12 | ધ્યાનશતક - હારિભદ્રીવૃત્તિ સહિત | 107 |
| 5 (વૃદ્ધિ) | દશવૈકાલિકસૂત્ર – ત્રણ વૃત્તિ સહિત | 109 |
| 13 | ધ્યાનશતક - હારિભદ્રીવૃત્તિ અને વિવેચન સહિત | 109 |
| 14 | सकलार्हत्स्तोत्रम् (भाग – १,२) | 117 |
| 15 | चत्वारः कर्मग्रन्थाः | 119 |
| 16 | हारिभद्रयोगभारती અંતર્ગત योगविंशिका | 119 |
| 17 | योगविंशिकाप्रकरणम् | 120 |
| | <u>સાંપ્રત ચિંતન</u> | |
| 261 | પરમાત્માની પૂજા શ્રાવકોએ ખેસથી કરવી જોઈએ કે રૂમાલથી? | 121 |
| | <u>અમે વાંચ્યું, તમે પણ વાંચશો?</u> | |
| 1 | જૈન દર્શન | 124 |
| 2 | तीर्थंकर महावीर (हिंदी) भाग – १,२ | 126 |
| 3 | જૈન ધર્મ ચિંતન | 128 |
| | <u>શ્રુતવધામણાં</u> | 131 |
| | <u>વિશેષ પ્રતિસ્પંદ</u> | 133 |


આવરણચિત્ર – નૈનેશ સરૈયા, સૂરત

## **શ્રુતસંવિભાગ** પરિવારના આ અંકના લેખકો (અકારાદિ ક્રમે)

| લેખક મુનિ | સમુદાય / શાખા | લેખ વગેરે |
|---|---|---|
| ગણિ શ્રીકલ્યાણપદ્મસાગરજી | શ્રીબુદ્ધિસાગરસૂરિજી | ∑ 256 |
| ગણિ શ્રીપદ્મવિમલસાગરજી | શ્રીબુદ્ધિસાગરસૂરિજી | ∑ 256 |
| મુનિ શ્રીકલ્પચન્દ્રવિજયજી | શ્રીનેમિસૂરિજી | 🖂 131 |
| મુનિ શ્રીકુમુદચન્દ્રવિજયજી | ડહેલાવાળા | ∑ 243, 249 ? 79 |
| મુનિ શ્રીગોયમચન્દ્રવિજયજી | ડહેલાવાળા | ∑ 227 |
| મુનિ શ્રીચારિત્રચન્દ્રસાગરજી | સાગરજી મહારાજ | ∑ 242 |
| મુનિ શ્રીતારકચન્દ્રસાગરજી | સાગરજી મહારાજ | ∑ 237 |
| મુનિ શ્રીતીર્થતિલકવિજયજી | કલાપૂર્ણસૂરિજી | ∑ 241, 258 |
| મુનિ શ્રીતીર્થયશવિજયજી | શ્રીલબ્ધિસૂરિજી | ≠ 5 (વૃદ્ધિ) |
| મુનિ શ્રીત્યાગમંડનવિજયજી | નેમિસૂરિજી | ∑ 236, 248 ⅄ 1 |
| મુનિ શ્રીત્રૈલોક્યમંડનવિજયજી | નેમિસૂરિજી | ∑ 228, 229, 230, 232, 233, 234, 235, 244, 246, 250, 255, 259 @ 75, 15, 76 🖂 118-129 ≠ 11-13, 16 ⅄ 2 |
| મુનિ શ્રીનિર્ગ્રંથચન્દ્રવિજયજી | ડહેલાવાળા | ∑231, 238 🖂 136-140 ≠ 14, 15 |
| મુનિ શ્રીપરમયશવિજયજી | શ્રીસિદ્ધિસૂરિજી | ? 78 |
| મુનિ શ્રીમુક્તિમંડનવિજયજી | નેમિસૂરિજી | 🖂 134 ⅄ 3 |
| મુનિ શ્રીયશપદ્મસાગરજી | શ્રીબુદ્ધિસાગરસૂરિજી | ? 80, 81 |
| મુનિ શ્રીરાજદર્શનવિજયજી | ડહેલાવાળા | ∑ 239 @ 77 |
| મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી | ડહેલાવાળા | ∑ 238, 249, 254, 261 ? 82-87 🖂 135-137 |
| મુનિ શ્રીશ્રુતાંગચન્દ્રવિજયજી | નેમિસૂરિજી | ∑ 245, 247, 251, 252, 253 @ 48 🖂 130 ≠ 11-13, 17 |
| મુનિ શ્રીસિદ્ધસેનવિજયજી | શ્રીલબ્ધિસૂરિજી | ∑ 257 |
| મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી | શ્રીકેસરસૂરિજી | 🖂 132 |
| મુનિ શ્રીહર્ષચન્દ્રવિજયજી | શ્રીનેમિસૂરિજી | 🖂 133 |
| મુનિ શ્રીહેમનિલયવિજયજી | શ્રીનીતિસૂરિજી | ∑ 260 |

# द्रव्यानुयोग

## 227. तीर्थसिद्ध-अतीर्थसिद्ध

प्राचीन आगमों से लेकर अर्वाचीन संग्रहग्रंथों तक सिद्ध भगवंतों की क्षेत्र-कालादि अनुयोगद्वारों द्वारा विचारणा की गई है। इनमें तीर्थद्वार की व्याख्या तीन प्रकार से की गई है -

१. पहले प्रकार में तीर्थ और तीर्थंकर ऐसे दो भिन्न द्वारों की सरल पद्धति अपनाई गई है।

२. दूसरे प्रकार की व्याख्या में तीर्थद्वार में ही तीर्थंकर का समावेश कर दिया है, किन्तु तीर्थद्वार का अर्थ तीर्थ में सिद्ध होना है।

३. तीसरी व्याख्यापद्धति में भी तीर्थंकरद्वार तीर्थद्वार के अंतर्गत समाविष्ट ही है, किन्तु तीर्थद्वार का अर्थ तीर्थंकररूप में सिद्ध होना है।

इन तीन व्याख्यापद्धतियों का तुलनात्मक अध्ययन सविस्तार प्रस्तुत है -

*

(१)

पहली पद्धति हमारे प्राचीन मूल आगमों में है, देखें – “एगा तित्थसिद्धाणं वग्गणा, एगा अतित्थसिद्धाणं वग्गणा, एगा तित्थगरसिद्धाणं वग्गणा, एगा अतित्थगरसिद्धाणं वग्गणा” (*स्थानांगसूत्र* – १.०.५१)।

“तित्थसिद्धा अतित्थसिद्धा तित्थगरसिद्धा अतित्थगरसिद्धा” (*प्रज्ञापनासूत्र*-पद - १, सूत्र - ७, *नन्दिसूत्र* - ३१)।

*नवतत्त्वप्रकरण* में भी यही पद्धति है – “जिणअजिण-तित्थतित्था” (गाथा - ५५)।

इनकी व्याख्या भी सामान्य रूप से ही की गई है। जो तीर्थ विद्यमान होने पर सिद्ध होते हैं, वे तीर्थसिद्ध; जो तीर्थ की विद्यमानता न होने पर सिद्ध होते हैं, वे अतीर्थसिद्ध हैं। जो तीर्थंकररूप में सिद्ध होते हैं, वे तीर्थंकरसिद्ध; जो तीर्थंकर-नामकर्म का अनुभव किए बिना सामान्य केवलीरूप में सिद्ध होते है, वे अतीर्थंकरसिद्ध हैं।

देखें - तीर्थे सति सिद्धाः... तीर्थसिद्धाः, अतीर्थे... सिद्धा अतीर्थसिद्धाः। तीर्थकराः सन्तो ये सिद्धास्ते तीर्थंकरसिद्धाः ... अतीर्थकरसिद्धाः सामान्यकेवलिनः सन्तो पि सिद्धाः (*स्थानांगसूत्र* - १-०-५१ - *अभयदेवसूरि*कृतवृत्तिः)।[1]

*

(२)

दूसरे प्रकार की व्याख्या *सिद्धप्राभृत* और *तत्त्वार्थसूत्र* के श्वेतांबरीय भाष्य-टीका में है। इन दोनों ग्रंथों में तीर्थद्वार ही है, तीर्थकरद्वार नहीं है।[2]

*सिद्धप्राभृत* ग्रंथ में तीर्थद्वार के मुख्य दो भेद हैं, तथा प्रत्येक भेद के ५-५ पेटाभेद हैं -




क. - नोतीर्थकर यानी प्रत्येकबुद्ध। तीर्थंकर का तीर्थ विद्यमान होने पर जो प्रत्येकबुद्धरूप में सिद्ध हो, वे तीर्थकरतीर्थ में प्रत्येबुद्धसिद्ध हैं।

---

1 *प्रज्ञापनासूत्र* और *नंदिसूत्र* की *मलयगिरीय* वृत्ति तथा *नंदिसूत्र* की *हरिभद्रीय* वृत्ति में भी ऐसी ही व्याख्या है। विशेष - *मलयगिरि* म. की दोनों वृत्ति में अक्षरानुपूर्वी भी एकसमान है।

2 दोनों ग्रंथों के पाठ इस लेख में आगे दिए गए हैं।

ख. - तीर्थंकर के तीर्थ की उपस्थिति में जो तीर्थंकर स्वयं सिद्ध होते हैं, वे तीर्थकरतीर्थ में तीर्थकरसिद्ध हैं।

ग. - तीर्थंकर के तीर्थ में जो पुरुष और नपुंसक सामान्य केवलीरूप से सिद्ध होते हैं, वे तीर्थकरतीर्थ में अतीर्थकरसिद्ध हैं।

घ. - तीर्थंकर के तीर्थ में जो स्त्रियाँ सामान्य केवलीरूप से सिद्ध होती हैं, वे तीर्थंकरतीर्थ में अतीर्थकरीसिद्ध हैं। इसी प्रकार चार प्रतिभेद तीर्थकरी के तीर्थ में भी समझने हैं।

*तत्त्वार्थसूत्रभाष्य* में भी ऐसी ही व्याख्या है, विशेष मात्र इतना है कि *सिद्धप्राभृत* के पुरुष-नपुंसक सामान्यकेवली और स्त्री सामान्यकेवली रूप दो भेदों का *तत्त्वार्थभाष्य* में सामान्य केवलीरूप एक भेद में ही समावेश कर देने से मुख्य दो भेदों (तीर्थंकरतीर्थे - तीर्थंकरीतीर्थे) में प्रत्येक भेद के ३-३ ही पेटाभेद होने से कुल ६ ही विकल्प होते हैं। अतः *तत्त्वार्थभाष्य* के आधार पर तीर्थद्वार का रेखाचित्र कुछ इस प्रकार बनेगा -




यही बात ग्रंथकार के शब्दों में -

"णोतित्थसिद्ध तित्थंकरा य तित्थगरतित्थऽतित्थगरा।

सिद्धा य अतित्थयरी एवं तित्थंकरीतित्थे।।" - *सिद्धप्राभृत* - गाथा - ३१

"सन्ति तीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे नोतीर्थकरसिद्धास्तीर्थकरतीर्थे अतीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे। एवं तीर्थकरीतीर्थे सिद्धा अपि" (*तत्त्वार्थसूत्र* – १०.७ *स्वोपज्ञभाष्य*)।

*

(३)

तीसरे प्रकार की व्याख्यापद्धति *तत्त्वार्थसूत्र* की दिगंबर व्याख्याओं में है। उनमें 'तीर्थद्वार' का अर्थ ही 'तीर्थंकररूप में सिद्ध होना' किया गया है। अर्थात् जो तीर्थंकररूप में सिद्ध होते है, वे तीर्थसिद्ध हैं तथा जो सामान्य केवलीरूप में सिद्ध होते हैं, वे अतीर्थसिद्ध हैं। तत्पश्चात् अतीर्थसिद्ध के भी दो भेद किए हैं - (१) तीर्थंकर विद्यमान होने पर सिद्ध होना एवं (२) तीर्थंकर की विद्यमानता न होने पर सिद्ध होना। अतः इस व्याख्यापद्धति में भी तीर्थंकरद्वार का तीर्थद्वार में ही समावेश कर दिया गया है। मूल पाठ -

"तीर्थेन, तीर्थसिद्धिः द्वेधा तीर्थकरेतरविकल्पात्। इतरे द्विविधाः - सति तीर्थकरे सिद्धा असति चेति (*तत्त्वार्थसूत्र* – १०.९ - *सर्वार्थसिद्धि* )। तीर्थसिद्धिर्द्वेधा भवति – तीर्थकरत्वेनेतरत्वेन च। ते द्वेधा - सत्येव तीर्थकरे सिद्धाः असति चेति" (*तत्त्वार्थसूत्र* - १०.९ -*अकलंक* कृत *तत्त्वार्थवार्तिक*)।

*

तीनों प्रकार की व्याख्याओं का तुलनात्मक अध्ययन करने पर यह तो सुस्पष्टतया ज्ञात होता है कि -

1. प्राचीन आगमों की व्याख्या अत्यंत सरल है, क्योंकि उसमें तीर्थ और तीर्थंकर द्वार पृथक् पृथक् करने से विकल्पों की जाल नहीं है।

2. दूसरी और तीसरी व्याख्यापद्धति में तीर्थंकरद्वार का तीर्थद्वार में ही समावेश होने से दोनों व्याख्या सामान्यतया एक जैसी लगती है, किंतु दोनों व्याख्याओं में बहुत बडा अंतर है, क्योंकि दूसरी व्याख्या में तीर्थ की उपस्थिति में

सिद्ध होने की बात है, जबकि तीसरी व्याख्या तीर्थंकर की विद्यमानता-अविद्यमानता में सिद्ध होने को व्याख्यायित करती है। पुनः देखें ग्रंथकार के शब्द -

सन्ति तीर्थकरसिद्धाः <u>तीर्थकरतीर्थे</u> ... (*तत्त्वार्थभाष्य*)

<u>सति तीर्थकरे</u> सिद्धा असति च ... (*सर्वार्थसिद्धि*)।

3. दूसरी और तीसरी व्याख्यापद्धति में एक अंतर और यह है कि दूसरी व्याख्या में उन्होंने मात्र तीर्थद्वार की व्याख्या की है, उसके इतर अतीर्थद्वार विषयक कोई उल्लेख नहीं है, जबकि तीसरी व्याख्या में तीर्थद्वार की इतरसहित व्याख्या की गई है। अतः तीर्थ की अविद्यमानता में हुई मरुदेवी माता जैसे सिद्धों का समावेश *सिद्धप्राभृत* और *तत्त्वार्थभाष्य* के अनुसार तीर्थद्वार में नही हो सकता ।

[FYI - अतीर्थसिद्ध के भी *प्रज्ञापना* और *नंदीसूत्र* की वृत्ति में दो भेद बताए हैं - (१) जो तीर्थ की उत्पत्ति के पूर्व सिद्ध हुए, उदा. मरुदेवी माता। (२) सुविधिनाथ भगवान आदि तीर्थंकरो के अंतराल में तीर्थ का व्यवच्छेद होने पर जातिस्मरणादि से होने वाले तीर्थव्यवच्छेदसिद्ध।][3]

4. दूसरी व्याख्यापद्धति में तीर्थकरीतीर्थ का भी उल्लेख ध्यानार्ह है क्योंकि पहली व्याख्यापद्धति में इसका कोई उल्लेख नहीं है तथा तीसरी दिगंबरीय व्याख्या में स्त्रीमुक्ति न मानने से इसके उल्लेख का कोई प्रश्न नहीं है। स्त्रीतीर्थंकर होना श्वेतांबर मत में भी एक आश्चर्य है, जो अनंत उत्सर्पिणी-अवसर्पिणी में होता है। अतः ओघतया चल रहे सिद्ध भगवंतों के वर्णन में तीर्थकरीतीर्थ का उल्लेख भी आश्चर्यकारी भासित होता है ।

*

ऐसी भिन्न व्याख्याओं का कारण विचारने पर ऐसा प्रतीत होता है कि परंपरा में सिद्ध भगवंतों की विचारणा के लिए अनुयोगद्वारों की दो शृंखलाएँ हैं -

पहली शृंखला आगमों में है, जिसमें सिद्ध के मुख्य दो भेद (अनंतरसिद्ध - परंपरसिद्ध) करके उनके प्रतिभेद किए गए हैं, जिनका रेखाचित्र इस प्रकार है –

---

3 अतीर्थसिद्धाः, तत्र तीर्थस्याऽनुत्पादे सिद्धा मरुदेवीप्रभृतयः ... तथा तीर्थस्य व्यवच्छेदः सुविधिस्वाम्याद्यपान्तरालेषु तत्र ये ... सिद्धास्ते तीर्थव्यवच्छेदसिद्धाः (*प्रज्ञापना* - पद - १, सूत्र - ७, *नंदिसूत्र* - ३१ *मलयगिरीय*वृत्तिः)

| सिद्ध | |
|---|---|
| अनंतर | परंपर |
| तीर्थ-अतीर्थादि १५ प्रकार | प्रथमसमयसिद्ध द्विसमयसिद्ध यावत् अनंतसमयसिद्ध । |

इनमें तीर्थ-अतीर्थादि १५ प्रकार प्रसिद्ध ही हैं तथा ये १५ प्रकार में इतरसहित ३ भेद हैं तथा ३-३ प्रकारवाले ३ भेद हैं, अतः १५ प्रकार होते हैं। जैसे - तीर्थसिद्ध, एकसिद्ध, तीर्थकरसिद्ध इतरसहित हैं तथा स्त्री-पुरुष-नपुंसकसिद्ध आदि ३-३ प्रकारवाले हैं।[4]

दूसरी शृंखला *सिद्धप्राभृत* और *तत्त्वार्थसूत्र* में है। इस शृंखला में क्षेत्रादि १२ द्वारों से सिद्ध भगवंत की विचारणा है, जिनमें किसी भी द्वार का अन्य द्वारों से संबंध नही है, सभी द्वार स्वतंत्र हैं, कोई भी द्वार इतसरहित नहीं है। देखें –

"खेत्ते काले गइ-वेय-तित्थ-लिंगे चरित्त-बुद्धे य।

णाणोगाहक्कस्से अंतर-मणुसमयगणण-मप्पबहू।।" *सिद्धप्राभृत* - ११

"क्षेत्र-काल-गति-लिङ्ग-तीर्थ-चारित्र-प्रत्येकबुद्धबोधित-ज्ञाना-ऽवगाहना-ऽन्तर-सङ्ख्या-ऽल्पबहुत्वतः साध्याः।" *तत्त्वार्थसूत्र* – १०.७

इन बारह अनुयोगद्वारों की दो नयों से विचारणा की गई है - पूर्वभावप्रज्ञापनीय और प्रत्युत्पन्नभावप्रज्ञापनीय। इसलिए दिगंबर टीका *सर्वार्थसिद्धि* में तीर्थद्वार के साथ इतर अतीर्थ का उल्लेख भी विशेष ध्यानार्ह है।

---

4 देखें *प्रज्ञापनासूत्र* – १.७ इत्यादि ।

जिस ग्रंथकार को जैसी विचारणा परंपरा द्वारा प्राप्त हुई वैसी विचारणा उन्होंने ग्रंथ में प्रस्तुत की। *नंदिसूत्र* में *देववाचकगणि* तथा *प्रज्ञापना* में *श्यामाचार्य* ने १५ भेदों वाली शृंखला रखी है जबकि *सिद्धप्राभृत* और *तत्त्वार्थसूत्र* में १२ द्वार वाली शृंखला है। अतः परंपरा में सिद्धविषयक दो भिन्न-भिन्न शृंखलाएँ होने से हमें तीर्थद्वार के वर्णन में भी तीर्थकरद्वार के समावेश / असमावेश रूप मत प्राप्त होते हैं।

*

तीर्थसिद्ध के प्रसंग से यहाँ एक और प्रासंगिक चर्चा प्रस्तुत है -

*तत्त्वार्थभाष्य* की दो टीकाएँ हैं – *सिद्धसेनगणि* कृत और *हरिभद्रसूरि* कृत। *हरिभद्रसूरिजी* ने तीर्थद्वार के *भाष्य* पर अत्यंत संक्षिप्त टीका रची है।[5] *सिद्धसेनगणिजी* ने उपर्युक्त *भाष्य* की टीका करने के बाद *सिद्धप्राभृत* का ही उद्धरण दिया है। लेकिन *सिद्धप्राभृतटीका* से इस उद्धरण की अक्षरानुपूर्वी संपूर्णतया भिन्न है तथा इस उद्धरण में *सिद्धप्राभृत* की उपर्युक्त व्याख्या में दर्शाए गए पुरुष-नपुंसक और स्त्री सामान्य केवली का भेद भी नहीं है। देखें -

“णोतित्थसिद्धा पत्तेयबुद्धा... एगो वियप्पो, तित्थंकरा य त्ति द्वितीयः, तित्थकरतित्थ त्ति... अतीर्थकराश्च तृतीयः, एते च पुंनपुंसकलिङ्गाः सर्वे गृहीताः, सिद्धा य अतित्थकरी इत्थी सिद्धा।” (*सिद्धप्राभृत* – गाथा - ३१ - टीका)

इसके सामने -

“*सिद्धप्राभृते* अमी विकल्पाः - अत्थि तित्थकरसिद्धा तित्थकरतित्थे नोतित्थसिद्ध तित्थकरतित्थे तित्थसिद्धा तित्थकरतित्थे तित्थसिद्धाओ तित्थकरीसिद्धा तित्थकरीतित्थे ...।” (*तत्त्वार्थसूत्र* – १०.७ - *सिद्धसेनगणि* कृत टीका)

यहाँ ‘अमी विकल्पाः’ पाठ से ऐसा भासित होता है कि टीकाकार मात्र विकल्प दिखा रहे हैं, किंतु उस पाठ का अक्षरशः उद्धरण नहीं कर रहे हैं। तथा प्राकृतभाषा दिखने से यह पाठ अक्षरशः उद्धृत किया है, ऐसा प्रतीत होता है ।

---

5 तीर्थमिति तीर्थकरत्वं प्राप्य सिद्ध इत्यादिविकल्पम् (*तत्त्वार्थसूत्र* – १०.७ - *हरिभद्रीय* वृत्ति)।

## उपसंहार

### तीर्थसिद्ध की तीनप्रकार से व्याख्या

(A) तीर्थ-अतीर्थसिद्ध, तीर्थकर-अतीर्थकरसिद्ध - मूल आगम (*प्रज्ञापना* आदि)।

(B) तीर्थसिद्ध में तीर्थकरद्वार का समावेश और तीर्थसिद्ध यानी तीर्थ में सिद्ध होना - *सिद्धप्राभृत* और *तत्त्वार्थभाष्य*।

(C) तीर्थसिद्ध यानी तीर्थकररूप में सिद्ध होना - *सर्वार्थसिद्धि*, *तत्त्वार्थवार्तिक* आदि।

### तुलना

(A) पहली पद्धति विकल्पों से रहित होने से सरल।

(B) दूसरी व्याख्या में तीर्थ की उपस्थिति में सिद्ध होने रूप व्याख्या। तीसरी व्याख्या में तीर्थकर विद्यमान / अविद्यमान होने पर सिद्ध होने रूप व्याख्या।

(C) दूसरी व्याख्या में मरुदेवी माता जैसे अतीर्थसिद्धों का समावेश नहीं।

(D) दूसरी व्याख्या में तीर्थकरीतीर्थ का उल्लेख ध्यानार्ह है।

### सिद्ध भगवंतों की विचारणा के लिए अनुयोगद्वारों की २ परंपरा

(A) अनंतरसिद्ध – तीर्थ-अतीर्थादि १५ प्रकार। परंपरसिद्ध – एकसमयसिद्ध, द्विसमयसिद्ध आदि।

(B) क्षेत्र-काल-गति आदि बारह द्वार। कोई भी द्वार इतरसहित नहीं है। दिगंबर टीकाओं में तीर्थद्वार की इतरसहित व्याख्या है।

### प्रासंगिक चर्चा

*सिद्धसेनगणिजी* द्वारा दिए गए *सिद्धप्राभृत* के उद्धरण की अक्षरानुपूर्वी वर्तमान में प्राप्य *सिद्धप्राभृत* से भिन्न है। तथा विकल्पों में भी फर्क है।

**मुनि श्रीगोयमचन्द्रविजयजी**

* * *

# 228. માર્ગાભિમુખ અને માર્ગપતિત અંગે

*ધર્મસંગ્રહ* – ગાથા – ૧૪ ની વૃત્તિમાં ધર્માનુષ્ઠાન કોને ઘટે તે સમજાવતાં *ઉપદેશપદ*ની ૯૫૧ મી ગાથાનો પૂર્વાર્ધ ઉદ્ધૃત કર્યો છે – **ववहारओ उ जुज्जइ तहा तहा अपुणबंधगाईसु।।** અર્થ – વ્યવહારનયની અપેક્ષાએ તો અપુનર્બંધક આદિમાં સતતાભ્યાસ વગેરે પણ તે તે રીતે ધર્માનુષ્ઠાન તરીકે ઘટે છે.

પ્રશ્ન એ થાય કે અહીં 'અપુનર્બંધક આદિ'માં 'આદિ'શબ્દથી શું લેવાનું? આનો જવાબ આ જ ગાથાની વૃત્તિમાં આમ અપાયો છે – **आदिशब्दादपुनर्बन्धकस्यैव विशिष्टोत्तरावस्थाविशेषभाजौ मार्गाभिमुख-मार्गपतितौ अविरतसम्यग्दृष्ट्यादयश्च गृह्यन्ते।।** અર્થ – અત્રે 'આદિ'શબ્દથી અપુનર્બંધકની જ વિશિષ્ટ ઉત્તર અવસ્થાસ્વરૂપ માર્ગાભિમુખ અને માર્ગપતિત તથા અવિરતસમ્યગ્દૃષ્ટિનું ગ્રહણ થાય છે. આના પરથી એમ સમજાય છે કે માર્ગાભિમુખ અને માર્ગપતિત અપુનર્બંધક અવસ્થાના જ વિશેષો છે અને અપુનર્બંધક તેમ જ અવિરતસમ્યગ્દૃષ્ટિ વચ્ચે તેમનું સ્થાન હોવું જોઈએ.

પરંતુ તેની સામે *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૧ ની વૃત્તિમાં *પંચાશકપ્રકરણ* – ૩.૩ ની વૃત્તિના આધારે અપુનર્બંધકને ભાવવંદનાના અધિકારી માનવા છતાં, માર્ગાભિમુખ અને માર્ગપતિતને સકૃદ્બંધકની જેમ ભાવવંદનાના અનધિકારી જ ગણાવ્યા છે - **अपुनर्बन्धकादिव्यतिरिक्तानां सकृद्बन्धक-मार्गाभिमुख-मार्गपतित-तदितरमिथ्यादृशां ... नैव ... तेषां तद्योग्यताविकलत्वादिति।।** આના પરથી તો એમ ફલિત થાય કે માર્ગાભિમુખ અને માર્ગપતિત અપુનર્બંધકથી જુદા છે અને સકૃદ્બંધકની જેમ જ તે બંને અપુનર્બંધકથી પણ પૂર્વેની અવિશુદ્ધ અવસ્થાઓ છે, અપુનર્બંધકની જ વિશિષ્ટ ઉત્તરાવસ્થા નથી. આ પ્રરૂપણા મૂંઝવણ જન્માવે તેમ છે. જુઓ –

*ધર્મસંગ્રહ* – ગાથા – ૧૪ ની વૃત્તિ -



*ધર્મસંગ્રહ* – ગાથા – ૬૧ ની વૃત્તિ -




આ મૂંઝવણના ઉકેલ માટે તપાસ કરતાં *ઉપદેશરહસ્ય* – ગાથા – ૬૪ ની વૃત્તિમાં ઉપાધ્યાય *શ્રીયશોવિજયજી* ભગવંતનો આ સંબંધે બહુ જ ઉપયોગી ખુલાસો વાંચવા મળ્યો – कालोऽपुणबंधगाईओ – कालस्त्वपुनर्बन्धकादिलक्षणः। तत्राऽपुनर्बन्धकः "पावं न तिव्वभावा कुणइ" इत्यादिलक्षणः। आदिशब्दाद् मार्गाभिमुख-मार्गपतितौ गृह्येते। तत्र मार्गश्चेतसोऽवक्रगमनं भुजङ्गमनलिकायानतुल्यः स्वरसवाही क्षयोपशमविशेषो हेतु-स्वरूपफलशुद्ध्याऽभिमुखस्तत्र पतितः- प्रविष्टो भव्यविशेषो मार्गपतित इत्युच्यते, तदादिभावापन्नश्च मार्गाभिमुख इति। एतौ च चरमयथाप्रवृत्तकरणभागभाजावेव। यद्यप्यत्र त्रयोऽप्येकरूपा एव लभ्यन्ते, तथापि *चैत्यवन्दनपञ्चाशक*वृत्तौ *अभयदेव*-सूरिभिर्भाववन्दनाधिकारितायामपुनर्बन्धकवदेतावनधिकृतौ सकृद्बन्धकादिवत् पृथक्कृतौ चेत्यस्माभिरपि व्यावर्तमानावेतौ विवक्षाविषयीकृत्य "गंठिगया" (*ઉપદેશરહસ્ય* - ૧૮) इत्यादिनाऽप्रधानावुक्तौ।।

આનું તાત્પર્ય એમ સમજાય છે કે સ્વયં *ઉપાધ્યાયજી*ના મતે માર્ગાભિમુખ અને માર્ગપતિત ચરમ યથાપ્રવૃત્તકરણમાં જ વર્તતા હોય છે. અને એટલે અપુનર્બંધક, માર્ગાભિમુખ અને માર્ગપતિત – ત્રણેમાં ખાસ કોઈ વિશેષ તફાવત રહેતો નથી. તેથી માર્ગાભિમુખ અને માર્ગપતિતને પણ અપુનર્બંધકની જેમ યોગ્ય જ ગણવા જોઈએ. તો પણ *ચૈત્યવંદન-પંચાશક*ની વૃત્તિમાં *શ્રીઅભયદેવસૂરિજી* મહારાજે માર્ગાભિમુખ અને માર્ગપતિતને અપુનર્બંધકથી જુદા પાડીને સકૃદ્બંધકની જેમ ભાવવંદનાના અનધિકારી ગણાવ્યા છે તેને અનુસરીને *ઉપાધ્યાયજી*એ પણ અપુનર્બંધકની ક્રિયાને પ્રધાન ગણી છે (ગાથા – ૧૭) અને માર્ગાભિમુખ અને માર્ગપતિતની ક્રિયાને અપ્રધાન ગણી છે (ગાથા – ૧૮).

*ઉપદેશરહસ્ય*ના પૂજ્ય આ. *શ્રીજયસુંદરસૂરિજી*એ કરેલા અનુવાદમાં ટિપ્પણમાં આ સંદર્ભે *યોગબિંદુ – ૧૭૮* ની વૃત્તિ જોવાનો નિર્દેશ મળે છે. તે અનુસાર અવલોકન કરતાં

*(હારિભદ્રયોગભારતી* પ્રમાણે ગાથા – ૧૭૮ નહીં, પણ ૧૭૯ ની વૃત્તિ) જણાયું કે ત્યાં *પંચાશકપ્રકરણ* – ૩.૩ ની વૃત્તિના આ અભિપ્રાયનો જ નામ લીધા વગર રદિયો અપાયો છે. જુઓ – शेषस्याऽपि- अपुनर्बन्धकापेक्षया विलक्षणस्य सकृद्बन्धकादेरुपचारत- औपचारिकी पूर्वसेवा स्यात्, अद्यापि तथाविधभववैराग्याभावात् तस्य। इह केचिन् मार्गपतित-मार्गाभिमुखावपि शेषशब्देनाऽऽहुः। तच्च न युज्यते। अपुनर्बन्धका- वस्थाविशेषरूपत्वात् तयोरपुनर्बन्धकग्रहणेनैव गतत्वात्।

અર્થ – શેષ એટલે અપુનર્બંધકથી વિલક્ષણ સકૃદ્બંધક વગેરેને ઔપચારિક પૂર્વસેવા હોઈ શકે છે, વાસ્તવિક નહીં. કેમ કે હજુ સુધી એમને તેવા પ્રકારનો ભવવૈરાગ્ય જ જાગ્યો હોતો નથી. અહીં કેટલાક માર્ગપતિત અને માર્ગાભિમુખને પણ શેષ-શબ્દથી લેવાનું જણાવે છે પણ તે બરાબર નથી. કારણ કે એ બંને તો અપુનર્બંધકની જ વિશેષ અવસ્થા સ્વરૂપ હોવાથી અપુનર્બંધકના ગ્રહણથી જ એમનું ગ્રહણ થઈ ગયું છે.

આ રદિયો આપતાં *યોગબિંદુ*ના વૃત્તિકારે *શ્રીહરિભદ્રસૂરિજી* રચિત *લલિતવિસ્તરાવૃત્તિ*[6] અને *પંચસૂત્રકવૃત્તિ*[7]નો હવાલો આપ્યો છે. જેમાં બહુ જ સ્પષ્ટપણે માર્ગાભિમુખ અને માર્ગપતિતને અપુનર્બંધકની જ વિશિષ્ટ ઉત્તરાવસ્થારૂપ ગણાવ્યા છે. આના પરથી સમજાય છે કે *ચૈત્યપંચાશક*ની વૃત્તિમાં *શ્રીઅભયદેવસૂરિજી* મહારાજે અને તેને અનુસરીને *વાદિવેતાલ શ્રીશાંતિસૂરિજી* રચિત *ચૈત્યવંદનમહાભાષ્ય* – ગાથા – ૧૭૪ માં અને *ઉપાધ્યાયજી*એ પણ ભલે માર્ગાભિમુખ અને માર્ગપતિતને અપુનર્બંધકથી જુદા પાડીને સકૃદ્બંધકની જેમ જ ભાવવંદનાના અનધિકારી ગણાવ્યા હોય, પણ બહુમત તો માર્ગાભિમુખ અને માર્ગપતિતને અપુનર્બંધકની જ વિશિષ્ટ ઉત્તર અવસ્થા સમજીને ત્રણેને ભાવવંદનાના અધિકારી ગણવાનો જ છે. ✎ त्रै.

---

[6] इह मार्गश्चेतसोऽवक्रगमनं भुजङ्गमनलिकायानतुल्यो विशिष्टगुणस्थानावाप्तिप्रगुणः स्वरसवाही क्षयोपशमविशेष इति। तत्र प्रविष्टो मार्गपतितः, मार्गप्रवेशयोग्यभावापन्नो मार्गाभिमुखः।

[7] इयं च भागवती सदाज्ञा सर्वैवाऽपुनर्बन्धकादिगम्या। अपुनर्बन्धकादयो ये सत्त्वा उत्कृष्टां कर्मस्थितिं तथाऽपुनर्बन्धकत्वेन क्षपयन्ति, ते खल्वपुनर्बन्धकाः। आदिशब्दान् मार्गपतित- मार्गाभिमुखादयः परिगृह्यन्ते, दृढप्रतिज्ञालोचनादिलिङ्गगम्याः।

## 229. તથાભવ્યત્વ

તથાભવ્યત્વના સ્વરૂપ અંગે થોડોક વિમર્શ આવશ્યક જણાય છે. भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वमनादिपारिणामिको भावः। तथाभव्यत्वमिति विशिष्टमेतत्। આવાં *પંચસૂત્રકવૃત્તિ* વગેરેનાં વિધાનોને આધારે આપણે તથાભવ્યત્વને ભવ્યત્વનો જ એક વિશેષ સમજીએ છીએ. અને એટલે એને પંચકારણવાદમાં સ્વભાવકારણ અંતર્ગત મૂકીએ છીએ. પણ તથાભવ્યત્વને સ્વભાવભેદ તરીકે ઘટાવ્યા પછી એનાથી જુદી કાલલબ્ધિ – પંચકારણવાદમાં આવતો કાળ શું તે સમજાવવું મુશ્કેલ બને છે. વળી, "કાળલબ્ધિ મુજ મતી ગણો" જેવાં સ્થળે 'મારો કાલ હજુ પાક્યો નથી – મારો તથાભવ્યત્વનો વિપાક હજુ થયો નથી' એમ તથાભવ્યત્વનું કાલલબ્ધિપરક જ અર્થઘટન કરવું પડે છે. એટલે તથાભવ્યત્વ કાલસ્વરૂપ હોવું જોઈએ એમ સહજ રીતે ભાસિત થાય. પરંતુ હમણાં *ધર્મસંગ્રહ* – ગાથા – ૧૯ ની વૃત્તિમાં સમ્યક્ત્વપ્રાપ્તિ અંગે પંચકારણવાદની પ્રરૂપણા વાંચતાં તે વાત નિઃશંક બની. મૂળ પાઠ –

भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वमनादिपरिणामिभाव आत्मस्वतत्त्वमेव। <u>तथाभव्यत्वं तु भव्यत्वस्य फलदानाभिमुख्यकारी वसन्तादिवद् वनस्पतिविशेषस्य कालः</u>। कालसद्भावेऽपि न्यूनाधिकव्यपोहेन नियतकार्यकारिणी नियतिः। अपचीयमानसंक्लेशं नानाशुभाशयसंवेदनहेतुः कुशलानुबन्धि कर्म। समुपचितपुण्यसंभारो महाकल्याणाशयः प्रधानपरिज्ञानवान् प्ररूप्यमाणार्थपरिज्ञानकुशलः पुरुषः। ... तेभ्योऽसौ वरबोधिलाभः प्रादुरस्ति।।

અર્થ – ભવ્યત્વ એટલે સિદ્ધિગમનની યોગ્યતારૂપ અને આત્માના સ્વભાવસ્વરૂપ અનાદિ પારિણામિક ભાવ. જેમ અમુક વનસ્પતિને વસંત ઋતુ જ ફળ પેદા કરવામાં અભિમુખ બનાવે છે તેની જેમ <u>તથાભવ્યત્વ એટલે ભવ્યત્વને ફળ આપવા તરફ અભિમુખ કરનારો કાલ</u>. કાલનો સદ્‌ભાવ હોવા છતાં પણ ઓછું-વધતું ન થવા દઈને નિયત કાર્ય જ કરાવવાવાળી તે નિયતિ. જેનાથી સંક્લેશ ઘટે અને વિવિધ પ્રકારના શુભ આશયોનું સંવેદન જાગે તે કુશલાનુબંધી કર્મ. તેમ જ પુણ્યનો સમૂહ જેણે ઉપાર્જિત કર્યો છે, મહાન કલ્યાણવાળો

જેનો આશય છે, પ્રધાન પદાર્થોના બોધવાળો અને પ્રરૂપણા કરાતા અર્થને જાણવામાં કુશળ એવો પુરુષ. – આ પાંચે કારણ ભેગાં થાય તો વરબોધિનો લાભ થાય છે.

આમાં સ્પષ્ટ રીતે તથાભવ્યત્વને સ્વભાવ તરીકે નહીં, પરંતુ ભવ્યત્વને ફળ આપવા તરફ અભિમુખ કરનારા કાલ તરીકે જ ઓળખાવ્યું છે. આ વિશે વધારે વિમર્શ પ્રસ્તુત કરવા વિનંતિ. ✎ त्रै.

* * *

## 230. જિનકલ્પ અંગે એક નવી જ હકીકત

શાસ્ત્રોમાં અનેક અનેક દ્વારોથી જિનકલ્પનું સુવિસ્તૃત નિરૂપણ મળે છે. એમાં એક વાત અવશ્ય નોંધાયેલી હોય કે જિનકલ્પી મહાત્મા તે ભવમાં ક્યારેય ક્ષપકશ્રેણી માંડીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકતાં નથી કે મોક્ષે જઈ શકતાં નથી. અચંબો થાય કે ગૃહસ્થાવસ્થામાં અત્યંત રંગરાગ વચ્ચે પણ કેવલજ્ઞાન મળવું શક્ય છે, પણ જિનકલ્પમાં મળવું શક્ય નથી! જિનકલ્પ લે એટલે નક્કી જ થઈ ગયું કે હવે એ ભવમાં તો એ મહાત્મા પોતાનાં કર્મોનો કે સંસારનો અંત નહીં જ કરી શકે. તો એના કરતાં તો સ્થવિરકલ્પ સારો ના કહેવાય કે એમાં કેવલજ્ઞાન મેળવવાની શક્યતા તો પડી છે! આ તો એવું થયું કે જિનકલ્પ જાણે કેવલજ્ઞાનનું પ્રતિબંધક તત્ત્વ છે! આવું તે હોય!

પરંતુ, હમણાં *શ્રીદેવભદ્રસૂરિજી* રચિત *પાર્શ્વનાથચરિત્ર*નો (સંપાદક – મુનિ શ્રીન્યાયરત્નવિજયજી) સ્વાધ્યાય કરતાં આટલાં વર્ષો પછી આનો ખુલાસો જડ્યો કે શા માટે જિનકલ્પી મહાત્મા તે જ ભવમાં કેવલજ્ઞાન પ્રાપ્ત નથી કરી શકતા. ત્યાં વાત એવી છે કે એક રાજા કોઈક આચાર્ય પાસે ધર્મદેશના સાંભળી રહ્યા છે. અને તેમાં એક શિષ્ય જિનકલ્પ વિશે પ્રશ્ન લઈને સમાધાન મેળવવા આવે છે કે મહામુનિઓ શા માટે જિનકલ્પ અંગીકાર કરતાં હોય છે? ત્યારે ગુરુભગવંત જવાબ આપે છે કે –

भो महाणुभाव! ते हि साहियनवपुव्विणो, सुयनाणावलोयलोयणेण पुव्वभवनिकाइयकिलिट्ठकम्मं चारित्तरित्तीकरणपच्चलमुदयंतमप्पणो पलोइऊण, अवरेण य उवाएण अप्पडिविहेयं च तं विभाविऊण, निरववायतवविसेससार-दंडकिरियाकप्पं जिणकप्पं पव्वज्जित्ता छट्ठट्ठमाइविगिट्ठतरदुरणुचरतवेण अच्चंत-

मप्पमत्तचित्ता, सुसाणाईसु काउस्सग्गकारिणो, उवरिमाहिं पंचहिं भत्तेसणाहिं पाणेसणाहिं य भत्तं पाणं च गिण्हंता, जत्थत्थमियनिवासिणो, मग्गपुच्छाइपओयणे एगदुवयणभासिणो, वीरासणुक्कडुयासणाइठाणवत्तिणो, महायंकसंभवे वि अणभिलसियभेसहाइचिगिच्छोवयारा जीवियमरणेसु समचित्तवित्तिणो तं झोसिंति। जइ पुण ते पमायाइणा तं न पवज्जंति, ता निच्छियं सयलकल्लाणनिबंधण-संजमधणाओ दुक्कम्मणा टालिज्जंति त्ति।।३७२।।

અર્થ – હે મહાનુભાવ! સાધિક નવ પૂર્વના જ્ઞાનવાળા તેઓ શ્રુતજ્ઞાનરૂપી લોચનથી ચારિત્રનો ઘાત કરવામાં સમર્થ એવાં પૂર્વભવમાં નિકાચિત પોતાનાં ક્લિષ્ટ કર્મોના ઉદયને જોઈને, અને અન્ય કોઈ પણ ઉપાયથી તેના ઉદયને અટકાવવાનું શક્ય નથી તેમ સમજીને, નિરપવાદ એવા તપવિશેષથી સારભૂત દંડક્રિયાતુલ્ય જિનકલ્પને સ્વીકારીને છટ્ઠ, અટ્ઠમ વગેરે વિકૃષ્ટતર અને દુરનુચર એવા તપથી અત્યંત અપ્રમત્ત ચિત્તવાળા, સ્મશાન વગેરેમાં કાયોત્સર્ગ કરનારા, ઉપરની પાંચ ભક્તૈષણા અને પાનૈષણાથી ભક્ત અને પાનનું ગ્રહણ કરનારા, જ્યાં સૂર્ય ડૂબે ત્યાં જ નિવાસ કરનારા, માર્ગપૃચ્છા જેવાં કાર્યોમાં એક-બે વચન બોલનારા, વીરાસન, ઉત્કટુકાસન જેવાં આસનોથી જ બેસનારા, મહાતંક ઉત્પન્ન થાય તો પણ ઔષધાદિથી ચિકિત્સાનો અભિલાષ નહીં કરનારા તેમ જ જીવન અને મરણમાં સમાન ચિત્તવૃત્તિવાળા થઈને તે ક્લિષ્ટ કર્મોને ખપાવે છે. જો તે મહાનુભાવો પ્રમાદ વગેરેથી તે જિનકલ્પ ન સ્વીકારે તો નિશ્ચિતપણે સકલ કલ્યાણના કારણભૂત સંયમરૂપી ધનને તે દુષ્ટ કર્મોના ઉદયથી ગુમાવી દે.

આનું તાત્પર્ય એવું થયું કે જિનકલ્પ કર્મો પરના આક્રમણસ્વરૂપ આરાધના નથી, પણ કર્મો સામે સંરક્ષણસ્વરૂપ આરાધના છે. જિનકલ્પનો અંગીકાર કરનારા મહામુનિઓ કશુંક મેળવવા માટે એ આરાધનાનો આરંભ નથી કરતા, પરંતુ પોતાની પાસે જે સંયમસ્વરૂપ ધન છે તે ઝૂંટવાઈ ન જાય તેને માટે એ આરાધના સ્વીકારે છે. આપણે સામાન્ય રીતે એવું જ સમજીએ છીએ કે જીવનમાં એક શ્રમણ તરીકે પોતાની સઘળીયે જવાબદારીઓ અદા કરનાર મહામુનિ પોતાની પાછલી અવસ્થામાં જો શરીરબળ સાથ આપતું હોય અને આયુષ્ય પણ પૂરતું હોય તો તેમ જ જિનકલ્પ અંગીકાર કરી શકવાની પાત્રતા હોય તો આવી મહાન આરાધનાનો આરંભ કરે છે. આનો અર્થ તો એમ થાય કે જિનકલ્પનો અંગીકાર પોતાની

મરજીથી થતો સહજ સ્વીકાર છે. પરંતુ અત્રે જણાવ્યું છે તેમ વાસ્તવમાં આ આરાધના એક રીતે જોઈએ તો પોતાની મરજીથી નહીં, પરંતુ કર્મો સામે ઝઝૂમવા માટે જ સ્વીકારવી પડે છે. જો સંયમગુણનો જ ઘાત કરી નાંખે એવાં નિકાચિત કર્મો ન હોય તો એ મહામુનિઓ જિનકલ્પ નથી સ્વીકારતા.

આનો એક અર્થ એ પણ સમજી શકાય કે તે જિનકલ્પસ્વરૂપ આવી ઘોર સાધના પણ નિકાચિત કર્મોના ઉદયને રોકવામાં જ વપરાય છે. અને એ ઉદયને રોકીને સંયમગુણને ટકાવી રાખવો એ જ એની સાર્થકતા છે. તેથી તે આરાધનાથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ ન જ થઈ શકે તે સહજ સમજાય તેમ છે. આમ જિનકલ્પ કેવલજ્ઞાનનું પ્રતિબંધક તત્ત્વ ન હોવા છતાં પણ તેના ધારક મુનિ પોતાનાં જ તેવા પ્રકારનાં કર્મોને લીધે કેવલજ્ઞાન નથી જ પ્રાપ્ત કરી શકતા. ✎ त्रै.

* * *

## 231. જીવદયા નિમિત્તે આહારક શરીરની રચના કેવી રીતે?

આહારક શરીરની રચનામાં *કર્મગ્રંથ* વગેરેમાં ત્રણ કારણો દૃષ્ટિગોચર થતાં હોય છે - ૧. તીર્થંકરની ઋદ્ધિના દર્શનની ઈચ્છા ૨. સૂક્ષ્મ સંશયનું નિરાકરણ કરવા માટે ૩. જીવદયા. અહીં પ્રથમનાં બે કારણો તો સહેલાઈથી સમજી શકાય છે. ત્રીજા કારણમાં ઘણીવાર પ્રશ્ન ઊભો થાય છે કે આહારક શરીર બનાવતી વેળાએ જીવદયાનું કારણપણું શી રીતે ઘટે? એનું સમાધાન આ રીતે થાય છે કે ઔદારિક શરીર દ્વારા જો તીર્થંકર સમીપે જવાનું થાય તો ઘણી જીવહિંસા - અસંયમ થાય તેના નિવારણ માટે એટલે કે જીવદયાના નિમિત્તે તે મુનિવરો આહારક શરીરનું નિર્માણ કરે. અને આ પ્રમાણેનું કથન *તત્ત્વાર્થ* - *રાજવાર્તિક*માં (૨.૪૯) મળે છે –

तद्यथा – कदाचिल्लब्धिसद्भावज्ञानार्थँ, कदाचित् सूक्ष्मपदनिर्धारणार्थं, संयमपरिपालनार्थं च भरतैरावतेषु केवलिविरहे जातसंशयस्तन्निर्णयार्थं महाविदेहेषु केवलिसकाशं जिगमिषुरौदारिकेण मे महानसंयमो भवतीति विद्वानाहारकं निर्वर्तयति। ✎ **मुनि श्रीनिर्ग्रन्थचन्द्रविજયજી**

* * *

# ચરણકરણાનુયોગ

## 232. અવિરત જીવને ઈરિયાવહી

હમણાં એક મુનિભગવંત પાસેથી સાંભળવા મળ્યા મુજબ એમને એક પંડિતજીએ એવું શીખવ્યું હતું કે અવિરત જીવ, પછી એ સમ્યગ્દૃષ્ટિ હોય કે મિથ્યાદૃષ્ટિ, પણ એણે ઈરિયાવહી વગેરે પ્રતિક્રમણસ્વરૂપ ક્રિયા કરવાની હોતી નથી. કારણ એ કે વિરત જીવને જ સ્વકૃત દોષોની આલોચના, પ્રતિક્રમણ વગેરે હોય. જેની પાસે વિરતિ જ નથી તેનો અવિરતિ દોષ જ એટલો મોટો છે કે તેને આલોચના વગેરેનો કોઈ અર્થ જ નથી. આ કારણથી જ શક્ર કે શ્રેણિક મહારાજા જેવા જીવો ઈરિયાવહી વગર જ શક્રસ્તવનો પાઠ કરે છે.

આ વાત પર વિચારીએ તો શક્ર કે શ્રેણિક મહારાજા જેવા જીવો ઈરિયાવહી વગર જ શક્રસ્તવાદિ કરતાં હોય તેટલામાત્રથી અવિરત જીવને ઈરિયાવહી વગેરે પ્રતિક્રમણસ્વરૂપ ક્રિયા ન હોય એમ ફલિત કરી શકાય નહીં. કેમ કે પહેલી વાત તો એ છે કે એકલા શક્રસ્તવનો પાઠ જઘન્ય ચૈત્યવંદનમાં સમાવેશ પામે છે. અને જઘન્ય કે મધ્યમ ચૈત્યવંદનમાં ઈરિયાવહી કરવી ફરજિયાત નથી હોતી. જુઓ *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૧ ની વૃત્તિ – जघन्य-मध्यमे तु चैत्यवन्दने ईर्यापथिकीप्रतिक्रमणमन्तरेणाऽपि भवतः। તો શક્ર કે શ્રેણિક મહારાજા જેવા જીવો આ નિયમને અનુસરીને ઈરિયાવહી ન કરતાં હોય એમ પણ સમજી જ શકાય. ઓછામાં ઓછું આ ઘટના પરથી અવિરત જીવને ઈરિયાવહી નથી જ હોતી તેવું તો ફલિત નથી જ થતું.

બીજી વાત, અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવની તો વાત જવા દો, યથાભદ્રક જીવને પણ ઈરિયાવહી વગેરે સમગ્ર પ્રતિક્રમણ ક્રિયા કરાવવાનું સ્પષ્ટ વિધાન *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૫ ની વૃત્તિમાં મળે છે –

इदं च प्रतिदिवसमुभयसन्ध्यमपि विधेयं श्राद्धेनाऽभ्यासार्थं च यथाभद्रकेणाऽपि। अत्राऽऽह – नन्वप्रतिपन्नान्यतरव्रतस्य यथाभद्रकस्य तदतिचारा-सम्भवः, तदसम्भवे च तच्छुद्धिरूपं प्रतिक्रमणकरणमनुचितम्। तथा च तत्पाठो-च्चारणमप्यसङ्गतमेव। अन्यथा महाव्रतातिचाराणामप्युच्चारणप्रसङ्ग इति चेत्?

नैवम्, यथाभद्रकस्याऽपि मार्गावतारणार्थं दीक्षाविधानमिव प्रतिक्रमणकारणमपि युक्तमेव। तस्य तदतिचारोच्चारणतोऽश्रद्धानादिविषयस्य प्रतिक्रमणस्याऽनुमतत्वात्।

યથાભદ્રક જીવને પણ માર્ગપ્રાપ્તિ માટે દીક્ષા આપવાની જેમ પ્રતિક્રમણ પણ કરાવી જ શકાય તેવું જણાવનારો આ પાઠ એટલો સ્પષ્ટ છે કે અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવને ઈરિયાવહી વગેરે પ્રતિક્રમણસ્વરૂપ ક્રિયા હોય કે નહીં તે અંગે કોઈ મૂંઝવણ સેવવાની રહેતી નથી.

આ સંદર્ભે અન્ય એક વિધાન પણ *ધર્મસંગ્રહ* – ગાથા – ૨૨ ની વૃત્તિમાં મળે છે –

न हि तुर्यगुणस्थाने विरतिक्रियाकरणं शास्त्रे निषिद्धम्, किन्तु पारमार्थिकाध्यवसायरूपो विरतिपरिणामः। स हि असन्नपि विशुद्धव्रतग्रहणादि-क्रियाकारिणां तन्माहात्म्यादेव तद्ग्रहणानन्तरं जायते, सँश्च परिवर्धते, न तु प्रतिपातशीलो भवति।

અર્થ – <u>ચોથા ગુણઠાણે વિરતિધરની ક્રિયા કરવાનો શાસ્ત્રમાં ક્યાંય નિષેધ નથી</u>. માત્ર પારમાર્થિક અધ્યવસાયસ્વરૂપ વિરતિનો પરિણામ ત્યાં હોતો નથી. પણ તે પરિણામ તો તે તે વ્રતગ્રહણ વગેરે ક્રિયા કરવાથી તે ક્રિયાના માહાત્મ્યથી જ જન્મે છે, વધે છે અને પડી જતો નથી.

વળી, પ્રસ્તુત ચર્ચામાં સાક્ષાત્ ઉપયોગી કહી શકાય તેવો એક પાઠ *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૧ ની વૃત્તિમાં મળે છે –

इह च केचिन् मन्यन्ते – शक्रस्तवमात्रमेव वन्दनं श्रावकस्य युक्तम्। *जीवाभिगमा*दिषु तन्मात्रस्यैव तस्य देवादिभिः कृतत्वेन प्रतिपादितत्वात्। ततस्तदा-चरितप्रामाण्यात् तदधिकतरस्य च गणधरादिकृतसूत्रेऽनभिधानान्न शक्रस्तवातिरिक्तं तदस्तीति। अत्रोच्यते – यदुक्तमाचरितप्रामाण्यात् तदयुक्तम्, यतो यदिदं *जीवाभिगमा*दि सूत्रं तद् विजयदेवादिचरितानुवादपरमेवेति न ततो विधिवादरूपा-धिकृतवन्दनोच्छेदः कर्तुं शक्यः, तेषां ह्यविरतत्वात् प्रमत्तत्वाच्च तावदेव तद् युक्तम्। तदन्येषां पुनरप्रमादविशेषवतां विशेषभक्तिमतां तदधिकत्वेऽपि न दोषः। यदि पुनराचरितमवलम्ब्य प्रवृत्तिः कार्या तदा बह्वन्यदपि कर्तव्यं स्याद्, विधेयतयाऽङ्गीकृतमपि वर्जनीयं स्यादिति।

આમાં સ્પષ્ટપણે વિજયદેવ જેવાનાં ચરિત્રોના આધારે વિધિવાદનો ઉચ્છેદ કરવાની ના કહી છે. એટલે અવિરત જીવને ઈરિયાવહી વગેરે પ્રતિક્રમણસ્વરૂપ ક્રિયા કરાવીએ તેમાં કશું ખોટું જણાતું નથી. ✓ ત્રૈ.

* * *

## 233. સામાયિકમાં ગમનાગમન

આપણે સામાન્ય રીતે સામાયિકમાં ગમનાગમન કરવાની મનાઈ જ ફરમાવીએ છીએ. અને કોઈક શ્રાવક-શ્રાવિકા ઘરે સામાયિક કરીને જિનાલય કે ઉપાશ્રયે જાય એવું તો આપણે કલ્પી પણ ન શકીએ. પરંતુ સામાયિકના પચ્ચક્ખાણનો એક નવો પ્રકાર દર્શાવતા લખાણ (૧૪.૩૧) સંદર્ભે તપાસ કરતાં *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૭ ની વૃત્તિમાં એક નવી જ વાત જાણવા મળી. તેમાં જણાવ્યા મુજબ અનૃદ્ધિપ્રાપ્ત શ્રાવક ૪ સ્થાને સામાયિક કરી શકે – ૧. ઘર ૨. પૌષધશાળા ૩. જિનાલય ૪. ઉપાશ્રય. તેમાં જે ઘરે કે પૌષધશાળાએ સામાયિક કરે તેને તો ગમન કરવાનું હોતું નથી. પણ જો જિનાલયે કે ઉપાશ્રયે જઈને સામાયિક કરવું હોય તો તે અનૃદ્ધિપ્રાપ્ત શ્રાવક પોતાના ઘરે સામાયિક કરીને ઈર્યાસમિતિ, ભાષાસમિતિ વગેરેમાં ઉપયોગપૂર્વક જિનાલયે કે ઉપાશ્રયે જાય અને ત્યાં ફરીથી સામાયિક ઉચ્ચરે. તેમાં **जाव नियमं** ના સ્થાને **जाव भगवदर्हद्बिम्ब-साधून् पर्युपासे** વગેરે પાઠ હોઈ શકે છે. અને સામાન્યથી તો ચારે સ્થાને **जाव नियमं** પાઠ હોઈ શકે છે. આમાં ધ્યાનપાત્ર વાત એ છે કે આમાંથી કોઈ પણ પચ્ચક્ખાણમાં ચોક્કસ સમયમર્યાદાનું ગ્રહણ નહીં થતું હોવા છતાં પણ પરંપરાના પ્રામાણ્યથી ઓછામાં ઓછું એક મુહૂર્ત એટલે કે આજની ૪૮ મિનિટ સામાયિકમાં રહેવાનું હોય છે. અન્યથા જો સમાધિ ટકતી હોય તો તેનાથી વધારે સમય સુધી પણ રહી જ શકાય છે. એટલે અત્યારે કેટલેક ઠેકાણે વ્યાખ્યાનાદિમાં એવી પ્રરૂપણા થતી હોય છે કે સામાયિકમાં ૪૮ મિનિટથી વધુ રહેવું તે અવિધિ છે તે વાત સંગત નથી તે આના પરથી નક્કી થાય છે. એટલું જ નહીં, કોઈને બે મુહૂર્ત સુધી પણ સામાયિકમાં રહેવું હોય તો પણ એક જ વાર સામાયિક ઉચ્ચરે તો પણ તે પૂરતું જ ગણાય.

મહત્ત્વની વાત તો એ છે કે રાજા, પ્રધાન, મહર્ધિક શ્રાવક જેવા ઋદ્ધિપ્રાપ્ત શ્રાવકો માટે આ વિધિ નથી. કેમ કે તેઓએ તો જિનશાસનની પ્રભાવના માટે આડંબરપૂર્વક સામાયિક

કરવા માટે જવાનું હોય છે. હવે જો તેઓ સામાયિક ઉચ્ચરીને પછી જિનાલયે કે ઉપાશ્રયે જાય તો સાવદ્યની વિરતિ હોવાને લીધે આડંબર ન કરી શકે. તેથી તેઓ તો ઘરે કે પૌષધશાળાએ સામાયિક કર્યા વગર જ જિનાલયે કે ઉપાશ્રયે સામાયિક કરવા માટે જાય.

વળી, *ધર્મસંગ્રહ*ની જ ગાથા – ૬૧ ની વૃત્તિમાં જણાવ્યા મુજબ અનૃદ્ધિપ્રાપ્ત શ્રાવક જો કોઈની સાથે ઋણસંબંધી વિવાદ વગેરે ન હોય તો પોતાના ઘરે સામાયિક કરીને પછી સાધુની જેમ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત થઈને જિનાલયે જાય. હવે જો એની પાસે પુષ્પ વગેરે સામગ્રીના અભાવે દ્રવ્યપૂજા કરવાની શક્તિ ન હોય તો ત્યાં સામાયિક પારીને પુષ્પોની માળા બનાવવી વગેરે સ્વરૂપ ભક્તિ કરીને દ્રવ્યપૂજાનો લાભ લે. આમાં સામાયિક છોડીને દ્રવ્યપૂજાનો લાભ લેવામાં કોઈ હાનિ નથી.

આ બધા સંદર્ભો જોતાં સામાયિકમાં ગમનાગમનનો એકાંતે નિષેધ કરવો યોગ્ય ગણાય કે કેમ તે વિશે વિમર્શ કરવા વિનંતિ છે. ✒ त्रै.

* * *

## 234. દેશાવકાશિક વ્રત અંગે થોડોક વિમર્શ

શ્રાવકજીવનના બીજા શિક્ષાવ્રત અને દશમા વ્રતસ્વરૂપ દેશાવકાશિક વ્રત અંગે થોડોક વિમર્શ આવશ્યક જણાય છે. અત્યારે પ્રચલિત પરંપરા પ્રમાણે થતા દેશાવકાશિક વ્રતમાં આટલી વાત મુખ્યપણે હોય છે – એકાસણું કે તેથી વધારે તપ, નોકરી-ધંધો વગેરેનો ત્યાગ, ઉભયટંક પ્રતિક્રમણ, એક દિવસમાં કુલ ૮ સામાયિક. સામાયિક કે પૌષધની જેમ જ વર્ષે કે મહિને હું આ વ્રત આટલી વાર કરીશ એ રીતે આ વ્રત ઉચ્ચરાવવામાં આવે છે. પરંતુ આ વ્રત અંગે બહુ જ જુદી પ્રરૂપણા *ધર્મસંગ્રહ* – ગાથા – ૩૯ ની વૃત્તિમાં જોવા મળી –

दिसिवयगहियस्स दिसापरिमाणस्स पइदिणपमाणकरणं देसावगासिअं... दिग्व्रतसंक्षेपकरणमणुव्रतादिसंक्षेपकरणस्याऽप्युपलक्षणम्। प्रतिव्रतं च संक्षेपकरणस्य भिन्नत्वे द्वादशव्रतानीति संख्याविरोधः स्यादिति सर्वव्रतसंक्षेपरूपमिदं व्रतमिति व्यवस्थितम्। अत एव संप्रति श्रावकाः प्रत्यहमेतद्व्रतस्पर्शनाय पूर्वं सप्तमव्रते ये जावज्जीवं गृहीताश्चतुर्दश नियमास्तानेव प्रातः संक्षिप्य गृह्णन्ति संक्षेपयन्ति च सायं

प्रत्याख्यानप्रान्ते "देसावगासिअं पच्चक्खामि..." इत्यादिना। गुरुसमक्षं च तद् व्रतं प्रतिपद्यन्ते।

અર્થ – દિશિપરિમાણવ્રતમાં કરેલા દિશાપરિમાણનો જ પ્રતિદિન સંક્ષેપ કરવો તે દેશાવકાશિક વ્રત છે. દિશાપરિમાણના ઉપલક્ષણથી અન્ય દરેક વ્રતમાં ધારેલા અભિગ્રહોના સંક્ષેપરૂપ આ વ્રત છે. કારણ કે દરેક વ્રતના સંક્ષેપને જો અલગ વ્રત ગણવા જઈએ તો શ્રાવકોનાં વ્રત ૧૨ છે તેવી સંખ્યા સાથે વિરોધ આવે. તેથી આ વ્રતને એકલા દિશાપરિમાણના જ નહીં, પણ સર્વ વ્રતોના સંક્ષેપરૂપ જ સમજવું જોઈએ. માટે જ હમણાં (ગ્રંથકારના કાળે) શ્રાવકો રોજેરોજ આ વ્રતની સ્પર્શના માટે પહેલાં સાતમા વ્રતમાં ૧૪ નિયમો અંગે જે યાવજ્જીવ માટે ધારણા કરી હોય તે ધારણાને જ देसावगासिअं पच्चक्खामि... એવા ગુરુમુખે પચ્ચક્ખાણ સાથે સવારે તે દિવસ પૂરતી સંક્ષેપીને ગ્રહણ કરે છે અને સાંજે પુનઃ તેમાં પણ વધારે સંક્ષેપ કરે છે.

સ્પષ્ટ છે કે સામાયિક કે પૌષધની જેમ કોઈ ચોક્કસ ક્રિયા દેશાવકાશિક વ્રત તરીકે નથી ઓળખાતી, પણ તે તે વ્રતોમાં યાવજ્જીવ માટે જે છૂટ રાખી હોય તેનો પણ તે તે દિવસ પૂરતો સંક્ષેપ કરવાથી આ વ્રતની આરાધના થાય છે. યાવજ્જીવ માટે રાખેલી છૂટ તે તે વિકલ્પોનો ખ્યાલ કરતાં સ્વાભાવિકપણે ઘણી વધારે જ હોવાની. જો ચોક્કસ દિવસે તેમાંથી કોઈ વિકલ્પ ઊભો થાય તેમ ન હોય તો તે દિવસ પૂરતું તો છૂટનું પ્રાવધાન નિરર્થક જ બને છે. આથી શ્રાવક વધારે નિર્જરાનો લાભ મેળવવા માટે સર્વ વ્રતોમાં રાખેલી તે તે છૂટમાં પણ સંક્ષેપ કરે છે. આને જ દેશાવકાશિક વ્રતની આરાધના ગણાય છે. ધારો કે દરરોજ સર્વ વ્રતોમાં રાખેલી છૂટનો સંક્ષેપ કરવાનું અનુકૂળ ન આવતું હોય તો પહેલાં સાતમા વ્રતમાં ૧૪ નિયમો અંગે જે યાવજ્જીવ માટે ધારણા કરી હોય તે ધારણાનો જ देसावगासिअं पच्चक्खामि... એવા ગુરુમુખે પચ્ચક્ખાણ સાથે સવાર-સાંજ સંક્ષેપ કરવાથી પણ દેશાવકાશિક વ્રતની આરાધના થઈ શકે છે.

અલબત્ત, ૧૪ નિયમ અંગે ચોક્કસ ધારણા સાથે સવાર-સાંજ "देसावगासिअं पच्चक्खामि..." એવું પચ્ચક્ખાણ કરવાની પ્રવૃત્તિ તો અત્યારે પણ પ્રવર્તે જ છે. પરંતુ તેને મારી જાણ મુજબ સાતમા વ્રત અંતર્ગત જ સમજવામાં આવે છે, પ્રાયઃ તેને દશમા વ્રતની આરાધના તરીકે સમજવામાં આવતી હોય તેવું સાંભળ્યું નથી. તેમ જ નાણસમક્ષ દશમું વ્રત

ઉચ્ચરાવતી વખતે પણ ચોક્કસ ક્રિયા તરીકે જ તેનો વ્યવહાર થાય છે. જો કે તે ચોક્કસ ક્રિયા એક રીતે જોઈએ તો સર્વ વ્રતોના સંક્ષેપરૂપ જ છે, તો પણ સર્વ વ્રતોના સંક્ષેપ તરીકે તે ઉચ્ચરાવાતું હોય કે શ્રાવકો તે રીતે સમજીને તેનું ગ્રહણ કરતાં હોય તેમ પણ જોયું નથી. જો કોઈ પણ સમુદાયમાં અત્રે ઉલ્લિખિત મૂળ પરંપરા પ્રવર્તતી હોય તો અવશ્ય જણાવે.

એક પ્રશ્ન સ્વાભાવિક રીતે જ થાય કે દેશાવકાશિક વ્રતના જે અતિચારો છે તેના પરથી તો દેશાવકાશિક વ્રત માત્ર દિશિપરિમાણવ્રતના સંક્ષેપરૂપ સમજાય છે. તો તેને સર્વ વ્રતોના સંક્ષેપરૂપ કઈ રીતે ગણી શકાય? આનો પ્રત્યુત્તર બહુ સરસ રીતે *ધર્મસંગ્રહ* – ગાથા – ૫૬ ની વૃત્તિમાં અપાયો છે –

इहाऽऽहुर्वृद्धाः – दिग्व्रतसंक्षेपकरणमणुव्रतादिसंक्षेपकरणस्याऽप्युपलक्षणं द्रष्टव्यम्, तेषामपि संक्षेपस्याऽवश्यंकर्तव्यत्वात्। अत्राऽऽह - नन्वतिचाराश्च दिग्व्रत-संक्षेपकरणस्यैव श्रूयन्ते, न व्रतान्तरसंक्षेपकरणस्य, तत् कथं व्रतान्तरसंक्षेपकरणं देशावकाशिकव्रतमिति? अत्रोच्यते – प्राणातिपातादिव्रतान्तरसंक्षेपकरणेषु वध-बन्धादय एवाऽतिचाराः, दिग्व्रतसंक्षेपकरणे तु संक्षिप्तत्वात् क्षेत्रस्य प्रेष्यप्रयोगादयो-ऽतिचाराः, भिन्नातिचारसंभवाच्च दिग्व्रतसंक्षेपकरणस्यैव देशावकाशिकत्वं साक्षादुक्तम्।

પાઠ સ્વયંસ્પષ્ટ હોવાથી અનુવાદ મૂકાયો નથી. આ વિશે વધુ વિમર્શ રજૂ કરવા માટે મિત્ર મુનિવરોને નિમંત્રણ છે. ✒ त्रै.

* * *

## 235. दुविहं तिविहेणं

करेमि भंते!... સૂત્રમાં दुविहं तिविहेणं એવી રીતે ઉદ્દેશ કર્યો હોવા છતાં એનો નિર્દેશ કરતી વખતે પહેલાં तिविहेणं નું मणेणं वायाए काएणं એ રીતે વિવરણ કર્યું છે અને પછી दुविहं નું न करेमि न कारवेमि એ રીતે નિરૂપણ કર્યું છે. આ રીતે વિપરીત ક્રમે નિરૂપણ કરવાનો હેતુ તો અનેક સ્થળે પ્રાયઃ એકસરખો જ જણાવાયો છે –

अत्र उद्देशक्रममुल्लङ्घ्य व्यत्यासेन निर्देशस्तु योगस्य करणाधीनता-दर्शनार्थम्। करणाधीनता हि योगानां करणभावे भावात् तदभावेऽभावाच्च योगस्य। (*ધર્મસંગ્રહ* – ગાથા – ૩૭ ની વૃત્તિ)

અર્થ – અહીં ઉદ્દેશના ક્રમનું ઉલ્લંઘન કરીને જુદી રીતે નિર્દેશ કરવાનો હેતુ એ જણાવવાનો છે કે યોગ કરણોને અધીન જ પ્રવર્તે છે. કેમ કે કરણ હોય તો જ યોગ હોઈ શકે છે અને કરણ ન હોય તો યોગ પણ હોતા નથી.

પરંતુ *શ્રીદશવૈકાલિકસૂત્ર*ની *શ્રીઅગસ્ત્યસિંહસૂરિજી* રચિત *ચૂર્ણિ*માં तिविहं तिविहेणं मणेणं वायाए काएणं (ત્યાં – मणसा वयसा कायसा) न करेमि न कारवेमि करेंतं पि अन्नं न समणुजाणामि ના વિવરણમાં तिविहं ति मणो-वयण-कातो, तिविहेणं ति करण-कारावणा-ऽणुमोयणाणि એમ કહીને ઉદ્દેશના ક્રમે જ નિર્દેશની સંગતિ કરી છે. (અધ્યયન – ૪, સૂત્ર – ૧૦). तिविहं નું મન-વચન-કાયા અને तिविहेणं નું કરણ-કારાવણ-અનુમોદન – આવું વિવરણ વિલક્ષણ જ ભાસે છે. કોઈ અન્ય ગ્રંથમાં આવું વિવરણ થયું હોવાનું જાણમાં નથી. જો કોઈ મુનિવરના ધ્યાનમાં આવે તો જણાવવા વિનંતિ. ✒ त्रै.

* * *

# *ગણિતાનુયોગ*

## 236. ચોવીશ જિનના વાદી મુનિઓની સંખ્યા

વ્યાપક રીતે વપરાતાં દેવવંદનમાળાનાં પુસ્તકોમાં જ્ઞાનપંચમીના *શ્રીવિજયલક્ષ્મીસૂરિ* કૃત દેવવંદનમાં શ્રુતજ્ઞાનના સ્તવનની પાંચમી કડીમાં, ચોવીસ જિનના વાદપ્રભાવક મુનિઓની સંખ્યા 'એક લાખ છત્રીસ હજાર' આપી છે. જેની ગાથા નીચે મુજબ છે :

વાદી ચોવીશ જિનતણા, એક લાખ છત્રીસ હજાર રે;
બેસે સયલ સભા માંહે, પ્રવચન મહિમા અપાર રે. (૫)

પરંતુ ચોવીસ જિનના વાદપ્રભાવક મુનિઓની કુલ સંખ્યાનો સરવાળો કરતાં તે ૧,૨૬,૨૦૦ થાય છે. માટે *જ્ઞાનપદ ભજીએ રે* પુસ્તકમાં (સં. – આચાર્ય *શ્રીવિજયપ્રદ્યુમ્નસૂરિજી* મ.) આ પાઠ આ પ્રમાણે સુધારીને આપેલ છે –

વાદી ચોવીશ જિનતણા, એક લાખ છવ્વીસ હજાર રે;
બશેં સયલ સભા માંહે, પ્રવચન મહિમા અપાર રે. (૫)

ચોવીશ જિનના વાદપ્રભાવક મુનિઓની સંખ્યા : ઋષભદેવ : ૧૨૭૫૦, અજિતનાથ : ૧૨૪૦૦, સંભવનાથ : ૧૨૦૦૦, અભિનંદનસ્વામી : ૧૧૦૦૦, સુમતિનાથ : ૧૦૪૫૦, પદ્મપ્રભસ્વામી : ૯૬૦૦, સુપાર્શ્વનાથ : ૮૪૦૦, ચન્દ્રપ્રભસ્વામી : ૭૬૦૦, સુવિધિનાથ : ૬૦૦૦, શીતલનાથ : ૫૮૦૦, શ્રેયાંસનાથ : ૫૦૦૦, વાસુપૂજ્યસ્વામી : ૪૨૦૦, વિમલનાથ : ૩૬૦૦, અનંતનાથ : ૩૨૦૦, ધર્મનાથ : ૨૮૦૦, શાન્તિનાથ : ૨૪૦૦, કુન્થુનાથ : ૨૦૦૦, અરનાથ : ૧૫૦૦, મલ્લિનાથ : ૧૪૦૦, મુનિસુવ્રતસ્વામી : ૧૨૦૦, નમિનાથ : ૧૦૦૦, નેમિનાથ : ૮૦૦, પાર્શ્વનાથ : ૬૦૦, વર્ધમાનસ્વામી : ૪૦૦, કુલ : ૧,૨૬,૨૦૦. ✎ **મુનિ શ્રીત્યાગમંડનવિજયજી**

# *ધર્મકથાનુયોગ*

## 237. શ્રીગૌતમસ્વામીના મહસેન રાજર્ષિ નામના શિષ્ય દેવલોકમાં!

અત્યાર સુધી સાંભળવા મુજબ શ્રીગૌતમસ્વામીજીના પચાસ હજાર શિષ્યો હતા અને એ તમામને (હાલિક ખેડૂત સિવાય) કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. એટલે કે તમામ શિષ્યો મોક્ષમાં પધારેલા. પરંતુ *સંવેગરંગશાળા*માં એક નવી વાત જાણવા મળી કે શ્રીગૌતમસ્વામીના મહસેન રાજર્ષિ નામના શિષ્ય દેવલોકમાં ગયા –

भयवं स तुम्ह सीसो, खंतिखमो विजियदुज्जयाणंगो।
पम्मुक्कसव्वसंगो, विज्जियनीसेससावज्जो।।९९५६।।
पयईए च्चिय सरलो, पयईए च्चिय सुचिन्नसामन्नो।
पयईए य विणीओ, पयईए च्चिय महासत्तो।।९९५७।।
सम्मऽहियासियदुस्सह-परीसहो सरियपंचनवकारो।
आराहणमाराहिय, निस्सामन्नं दिवं पत्तो।।९९५८।।

અર્થ - હે ભગવંત! ક્ષમાથી સહન કરનારા, દુર્જય કામના વિજેતા, સર્વસંગથી રહિત, સાવદ્યના સંપૂર્ણત્યાગી, સ્વભાવથી જ સરળ, સ્વભાવથી જ ઉત્તમ ચારિત્રના પાલક, પ્રકૃતિથી જ વિનીત અને પ્રકૃતિથી જ મહાસાત્ત્વિક, તે તમારા શિષ્ય (- મહાત્મા મહસેન મુનિ) દુઃસહ પરિષહોને સમ્યગ્ રીતે સહીને, પંચનમસ્કારનું સ્મરણ કરતાં અસાધારણ આરાધનાને આરાધીને સ્વર્ગને પામ્યા.

આ જ વાતને પુષ્ટ કરતાં આગળ જણાવે છે કે શ્રીગૌતમસ્વામીએ સ્થવિરોને કહ્યું, તમે એકાગ્ર મનથી સાંભળો - આરાધનામાં સમ્યક્ સ્થિર ચિત્તવાળા તે મહસેન મુનિવર દેવે વિઘ્નો કરવા છતાં મેરુની જેમ નિશ્ચલ રહી કાળ કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા.

**મુનિ શ્રીતારકચન્દ્રસાગરજી**

[શ્રીગૌતમસ્વામીના સઘળાયે શિષ્યોને બહુ જ જલદીથી કેવલજ્ઞાન પ્રાપ્ત થતું હતું એવી જે જનશ્રુતિ છે તે અન્ય એક રીતે પણ વિચારણીય છે. *કલ્પસૂત્ર* અંતર્ગત *સ્થવિરાવલી*માં અન્ય સૌ ગણધરો પોતાનો ગણ શ્રીસુધર્માસ્વામીને સોંપીને મોક્ષે પધાર્યા એવો ઉલ્લેખ છે. તેમાં શ્રીગૌતમસ્વામીનો પણ સમાવેશ થાય છે. સ્વાભાવિક છે કે કેવલજ્ઞાનીનો ગણ હોય નહીં અને હોય તો તેવા ગણને સારણા-વારણા વગેરે જરૂરી ન હોવાથી કોઈને સોંપવો પણ ન પડે. એટલે શ્રીગૌતમસ્વામીએ પોતાનો ગણ શ્રીસુધર્માસ્વામીને સોંપવો પડ્યો તેનો અર્થ એ જ થાય કે તેમના શિષ્યપરિવારમાં એવા ઘણા સાધુઓ હતા કે જેઓ કેવલજ્ઞાન નહોતા પામ્યા. **त्रै.**]

## 238. પ્રભુ મલ્લિનાથે લોચ કર્યો - ચારમુષ્ટિ કે પાંચમુષ્ટિ?

પ્રભુ મલ્લિનાથ સ્ત્રી-તીર્થંકર હોવાથી દાઢી-મૂછના અભાવે તેઓને ચારમુષ્ટિ લોચ જ હોય એમ સર્વવિદિત છે. ગ્રંથોમાં પણ આ જ વાત કહેવાઈ છે. પરંતુ *શ્રીવિનયચન્દ્રસૂરિજી*કૃત *મલ્લિનાથચરિત્ર*માં ગ્રંથકારે સર્ગ – ૫, શ્લોક - ૨૭૪ માં એ પ્રમાણે પ્રતિપાદન કર્યું છે કે મલ્લિનાથે પંચમુષ્ટિ લોચ કર્યો, જે વિચારણીય છે –

श्रीमन्मल्लिजिनाधीशः पञ्चभिर्मुष्टिभिः स्वयम्।
केशानुत्पाटयामास मूर्तिमद् विषयानिव।।

આ સિવાય પ્રાયઃ જ્યાં જ્યાં જિનચરિત્રની પ્રાપ્તિ થાય છે ત્યાં ત્યાં આદિનાથ અને મલ્લિનાથ પ્રભુને છોડીને બાકીના જિનેશ્વરોએ પંચમુષ્ટિ લોચ કર્યો છે એમ જાણવા મળે છે. પણ હમણાં *સપ્તતિશતસ્થાન* ગ્રંથ જોતાં તેમાં આદિનાથને બાદ કરતાં બાકીના સર્વે ૨૩ તીર્થંકરોએ પંચમુષ્ટિ લોચ કર્યો છે એ પ્રમાણેનું પ્રતિપાદન કરવામાં આવ્યું. છે જેનાથી *શ્રીવિનયચન્દ્રસૂરિજી*કૃત *મલ્લિનાથચરિત્ર*ના ઉલ્લેખને પુષ્ટિ મળે છે. તો આનું સમાધાન શી રીતે કરી શકાય? ✍ **मुनि श्रीशीलचन्द्र-निर्ग्रन्थचन्द्रविजयजी**

* * *

## 239. અકબર-પ્રતિબોધક *સિદ્ધિચન્દ્રજી* મહારાજ

અકબર-પ્રતિબોધક પૂજ્ય *શ્રીહીરવિજયસૂરિજી* મહારાજની પરંપરામાં મહોપાધ્યાય *શ્રીસિદ્ધિચન્દ્રજી* મહારાજ થયા. તેઓશ્રીએ *ભાનુચન્દ્રગણિચરિત* ગ્રન્થની રચના કરી.

સ્થાનકવાસી પરંપરાને છોડીને તપાગચ્છમાં દીક્ષા અંગીકાર કરનારા પૂજ્ય *શ્રીહાનર્ષિગણિ*ના શિષ્ય ઉપાધ્યાય *શ્રીસકલચંદ્રજી*ના શિષ્ય ઉપાધ્યાય *શ્રીસૂરચન્દ્રજી*ના શિષ્ય ઉપાધ્યાય *શ્રીભાનુચન્દ્રજી*ના શિષ્ય ઉપાધ્યાય શ્રીસિદ્ધિચન્દ્રજી ગણિ હતા.

સાત કે આઠ વર્ષની વયમાં શ્રીસિદ્ધિચન્દ્રજીની દીક્ષા થઈ હશે. એક વાર કૌતુકથી મહેલમાં આવેલા બાલમુનિ સિદ્ધિચન્દ્રજીને અકબરે જોયા અને જોતાં જ રહ્યા. ક્ષણ માટે અકબર ગુરુને, વિશ્વને અને પોતાને ભૂલી ગયા અને ભાનુચન્દ્રજીને પૂછ્યું - આ મુનિકુમાર કોણ છે? ભાનુચંદ્રજીએ કહ્યું - આ મુનિ સિદ્ધિચન્દ્રજી છે, વિનીત છે, મારા શિષ્ય છે. વૈરાગ્યપૂર્વક વ્રત લીધાં છે, અવધાનક્રિયામાં ચતુર છે અને હમણાં જ ગુજરાતથી આવેલા છે.

ખૂબ સ્નેહથી બાદશાહે એમને નજીક બોલાવ્યા અને અપલક નેત્રે જોયા કર્યું. બીજા દિવસે સભા ભરાઈ. બાદશાહે સિદ્ધિચન્દ્રજીને બોલાવ્યા, અવધાનકળાની પરીક્ષા કરી. એમનાં અવધાન જોઈ જોઈને બાદશાહ ચમત્કાર પામ્યો, ખુશ થયો, અને ખુશ થઈને એમને 'ખુશ્ફહમ'નું બિરૂદ આપ્યું. ત્યારબાદ અત્યંત પ્રસન્નતાપૂર્વક કહ્યું કે મારા સંતાનો આવે ત્યારે અહીં મહેલમાં જ નિવાસ કરજો.

अन्येद्युः कौतुकायातं सिद्धिचन्द्रमुनिं नृपः।
पुरः स्मरमिवाऽद्राक्षीद् भवभीत्या धृतव्रतम्।।७५।।
आनन्दामृतमग्नस्य लीनं तस्य मनस्तथा।
यथा गुरुं च विश्वं च स्वं च नो बुबुधे तदा।।७७।।
ततः श्रीवाचकैरूचे प्रकृत्या विनयान्वितः।
अष्टावधानविज्ञानमल्लीदाममधुव्रतः।।८१।।
मच्छिष्यः सिद्धिचन्द्रोऽयं वैराग्यादादृतव्रतः।
साम्प्रतं गुर्जरत्रातो मत्समीपमुपागतः।।८२।।
अतुलां तत्कलां चैनां दर्शं दर्शं चमत्कृतः।
विख्यातं खुस्फहमेति तस्य नाम प्रदत्तवान्।।८५।।
भूयो भूयस्तमित्याह प्रसन्नवदनप्रभुः।
त्वया मत्सूनुभिः सार्द्धं स्थेयमत्रैव नित्यशः।।८६।।

*ભાનુચન્દ્રગણિચરિત*ની રચના *શ્રીસિદ્ધિચન્દ્રજી*એ કરી છે અને તેમાં તેઓશ્રી ચતુર્થ પ્રકાશમાં સ્વયંની ઓળખાણ આપે છે –

ક્યારેક બાદશાહના આમંત્રણથી અને ક્યારેક સ્વયંની ઇચ્છાથી મહેલમાં જતા અને ત્યાં તેઓશ્રીએ કાવ્ય, નાટક, વ્યાકરણ, છંદ, અલંકાર, તર્ક, નાટક, મહાભાષ્ય વગેરે ઉચ્ચ ગ્રન્થોનો અભ્યાસ કર્યો અને બાદશાહની વિનંતિથી ફારસી ભાષા પણ શીખ્યા. બાદશાહ સાથે કાશ્મીર ગયા. ત્યાં રસ્તામાં મુસાફરીમાં બાદશાહના પુત્રો સાથે ફારસી ગ્રન્થો પણ વાંચ્યા.

એકવાર આગ્રા ગયા. ત્યાં ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુનું દેરાસર બનતું હતું તે અન્યમતીઓના કારણે બાદશાહે અટકાવ્યું હતું તે સિદ્ધિચન્દ્રજીની પ્રેરણાથી પૂર્ણ કરવાની રજા આપી.

तत्र चिन्तामणेश्चैत्यं प्रारब्धमपि तज्जनैः।

शाहिर्व्युद्ग्राहितो मिथ्यादृष्टिभिस्तन्न्यवारयत्।।११७।।
कृतवांस्तत्पुनः सद्यः शाहेर्विज्ञप्तिपूर्वकम्।
सिद्धिसौधसमारूढं सिद्धिचन्द्रः स्वशक्तितः।।११८।।

શ્રીસિદ્ધિચન્દ્રજી ગણિએ ૧૯ થી વધુ ગ્રન્થોની રચના કરી છે. કેટલાક ગ્રન્થોની પ્રશસ્તિ વાંચવા યોગ્ય છે. સિદ્ધિચન્દ્રજીને બાદશાહે 'ખુશ્ફહમ' નામ આપ્યું હતું તે ખૂબ પ્રસિદ્ધ થયું હતું. પ્રાયઃ દરેક ગ્રન્થની પ્રશસ્તિમાં આ પણ જાણવા મળે છે.

- अष्टोत्तरशतानां योऽवधानानां विधायकः,
दधानः खुस्फहमेति बिरुदं शाहिनाऽर्पितम्।। - *सप्तस्मरणवृत्ति*
- भुविख्यातामाख्यां सपदि विदधे खुष्फहमिति।। - *अनेकार्थोपसर्गवृत्ति*

- બાદશાહ અકબર સિદ્ધિચન્દ્રજીને પોતાના પુત્ર પેઠે જ ગણતા. જુઓ –

तत्पट्टपाथोनिधिवृद्धिचन्द्रः श्रीसिद्धिचन्द्राभिधवाचकेन्द्रः।
बाल्येऽपि शं वीक्ष्य मनोज्ञरूपमकब्बरः पुत्रपदं प्रपेदे।।९।।
- *वासवदत्ताटीका*

- જહાંગીર રાજાએ સિદ્ધિચન્દ્રજીને બળજબરીથી સ્ત્રી આપી, પણ તેઓશ્રીએ ન સ્વીકારી. આનો ઉલ્લેખ પણ *વાસવદત્તાટીકા-પ્રશસ્તિ*માં છે.

- અકબર બાદશાહે તો સિદ્ધિચન્દ્રજીને કહ્યું કે તમે આ વ્રત છોડીને રાજ્ય સ્વીકારી લો. તેઓશ્રી સામે રાજ્યનો પ્રસ્તાવ મૂકાયો હતો એ વાત આ રીતે રજૂ થઈ છે -

प्रौच्चैः पञ्चसहस्रतुङ्गतुरगाञ्छ्रीसिन्धुरान् दुर्धरान्,
दत्त्वा प्राग्भवसम्भवप्रणयतो धृत्वा करे यं जगौ।
शाहिश्रीमदकब्बरक्षितिपतिस्त्यक्त्वा व्रतं दुष्करं,
श्रीमत्संयमयामिनीश! वसुधाधीशोऽधुना त्वं भव।।६।।
- *कादम्बरी-उत्तरार्धटीका*

શ્રીસિદ્ધિચન્દ્રજીએ બાદશાહ પર ખૂબ ઊંડો પ્રભાવ પાડ્યો હતો. બાદશાહ પણ સિદ્ધિચન્દ્રજી પર અત્યંત બહુમાનભાવ ધરાવતાં હતા. જિજ્ઞાસુઓએ *ભાનુચન્દ્રગણિચરિત* અચૂક વાંચવા જેવું છે. અકબર સાથેની સિદ્ધિચન્દ્રજી મ.ની વાતો વાંચતાં આપણને પણ એક વાર તો વિચાર આવશે કે શ્રીસિદ્ધિચન્દ્રજી મહારાજને પણ અકબર-પ્રતિબોધક ન કહી શકાય? ✒ **મુનિ શ્રીરાજદર્શનવિજયજી**

* * *

## 240. તીર્થંકર-ચક્રવર્તીઓ અટ્ઠમ કરે?

*શ્રીશુભશીલગણિ* રચિત *અરચરિત્ર* ટૂંક સમયમાં પ્રકાશિત થનાર છે. અહીં શ્રીઅરચક્રી ષટ્ખંડસાધના માટે અટ્ઠમ કરે છે એવી વાત છે. જ્યારે *ત્રિષષ્ઠિ* માં અટ્ઠમ કર્યાનો ઉલ્લેખ નથી. *સેનપ્રશ્ન* – ૩.૪૧૪ માં પણ તીર્થંકર-ચક્રવર્તીઓ અટ્ઠમ કરતાં નથી એમ *શાંતિનાથચરિત્ર*ના આધારે જણાવ્યું છે. *વૈરાગ્યભાવના* (લે. - *શ્રીભક્તિવિજયજી*) માં પણ તીર્થંકર ચક્રવર્તી થાય તો તપ કરવો પડે નહીં એવી વાત છે.

**આચાર્ય શ્રીમુનિચંદ્રસૂરિજી-શિષ્ય**

* * *

## 241. કેવો કપરો ખેલ હતો ઇલાપુત્રનો!

*આવશ્યકનિર્યુક્તિ*માં સામાયિકપ્રાપ્તિનાં દૃષ્ટાંતો બતાવ્યાં છે. તેમાં ઇલાપુત્રના દૃષ્ટાંતમાં વિશેષ જાણવા મળ્યું છે કે તે માત્ર વાંસ પર ચડીને – નાચીને રાજાને ખુશ કરવા પ્રયત્ન ન'તા કરતા. તેમનું વાસનૃત્ય કેટલું કપરું હતું તે ૮૪૭ મી ગાથા અંતર્ગત ઉલ્લેખ્યું છે – भणिओ – लंख! पउणं करेह, तं च किर वंससिहरे अड्डुं कट्ठं कतेल्लयं, तत्थ खीलयाओ, सो पाउआउ आहिंधइ मूले विंधियाओ, तओऽसिखेडगहत्थगओ आगासं उप्पइत्ता ते खीलगा पाउआणालियाहि पवेसेतव्वा सत्त अग्गिमाइद्धे सत्त पच्छिमाइद्धे काऊण, जइ फिडइ तओ पडिओ सयहा खंडिज्जइ, तेण कयं, राया दारियं पलोएइ, लोएण कलकलो कओ, ण य देइ राया राया ण पेच्छइ...।

**મુનિ શ્રીતીર્થતિલકવિજયજી**

* * *

## 242. બાહુબલીજીના કેવલજ્ઞાનને રોકનાર માનના સ્વરૂપમાં ભેદ

*શ્રીઆચારાંગસૂત્ર* – ૧.૨.૫.૮૮ ની *શ્રીશીલાંકાચાર્યજી* કૃત ટીકામાં એવો પાઠ છે કે - मानोदयाद् बाहुबलिना प्रतिज्ञा व्यधायि - कथमहं शिशून् - स्वभ्रातॄनुत्पन्ननिरावरणज्ञानांश्छद्मस्थः सन् द्रक्ष्यामीति? અર્થ - કેવલજ્ઞાની એવા નાના

ભાઈઓને છદ્મસ્થ છતો હું કેવી રીતે દેખું? આવી પ્રતિજ્ઞા બાહુબલિજીએ માનના ઉદયથી કરી.

*શ્રીભદ્રેશ્વરસૂરિજી* વિરચિત *કહાવલી* ગ્રંથમાં પ્રથમ પરિચ્છેદના પ્રથમ ખંડમાં શ્રીભરતચક્રવર્તીકથામાં પૃષ્ઠ - ૩૭ પર -

बाहुबली वि, 'तायसमीवे भाउणो मे लहुतरा समुप्पन्ननाणाइसया चिट्ठंति, ते कहं निरय(इ)सओ पेच्छिस्सं? ता इत्थेव ताइ(व)ऽच्छामि जाव केवलनाणं समुप्पज्जइ' त्ति चिंत्तिऊण माणहत्थिमारूढो ठिओ तत्थेव काउस्सग्गं।

અર્થ - બાહુબલીજીએ વિચાર્યું કે પિતાજી પાસે જેઓને જ્ઞાનાતિશય ઉત્પન્ન થઈ ગયો છે એવા મારા નાના ભાઈઓ છે. તેઓને હું નિરતિશય કેવી રીતે જોઉં? તેથી અહીં જ રહીને કાઉસ્સગ્ગ કરું, જ્યાં સુધી કેવલજ્ઞાન ઉત્પન્ન નહિ થાય. આમ માનરૂપી હાથી પર આરૂઢ થયેલા ત્યાં જ કાઉસ્સગ્ગમાં રહ્યા.

જ્યારે *ત્રિષષ્ઠિ*માં –

प्रतिपन्नव्रतेष्वादौ, स्वभ्रातृषु महात्मसु।

कनिष्ठा इति यत् तेषु, नाऽभून्मम विवन्दिषा।।१.५.७९४।।

અર્થ - પૂર્વે વ્રતને પ્રાપ્ત થયેલા એ મહાત્મા ભ્રાતાઓને 'એ કનિષ્ઠ છે' એમ ધારીને વાંદવાની ઇચ્છા મને થઈ નહિ.

ઉપરના બાહુબલીજીના બંને સંકલ્પોમાં પ્રથમ તીર્થંકરના સમયમાં દીક્ષાપર્યાયથી નાના એવા મોટાભાઈએ દીક્ષાપર્યાયથી મોટા એવા નાના ભાઈઓને વંદન કરવાનાં હોતાં નથી.

એટલે પૂ. *શ્રીસાગરજી* મ. *શ્રીઆચારાંગસૂત્ર*ના પાઠને આગળ કરી જણાવે છે કે કેવલજ્ઞાની એવા નાના ભાઈઓને કેવલજ્ઞાન વગરનો હું છદ્મસ્થ કેવી રીતે જોઉં? એ માનના ઉદયથી કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી કાઉસ્સગ્ગમાં રહેવાની પ્રતિજ્ઞા કરી.

**મુનિ શ્રીચારિત્રચન્દ્રસાગરજી**

* * *

## 243. પ્રભુવીરના બહેન અને પુત્રીનાં નામ વિષે મત-મતાંતરો.

પ્રભુવીરના જીવનચરિત્રમાં બહેનનું નામ સુદર્શના અને પુત્રીનું નામ અનવદ્યા અને પ્રિયદર્શના પ્રાપ્ત થાય છે.

પણ જ્યાં જ્યાં જમાલીનું કથાનક પ્રાપ્ત થાય છે ત્યાં ત્યાં ભગવાનની બહેન અને પુત્રીનાં નામ વિષે મતાંતરો જોવા મળે છે.

**પ્રભુવીરના જીવનચરિત્રમાં ભગવાનની બહેન અને પુત્રીનાં પ્રાપ્ત થતાં નામો**

- *આચારાંગસૂત્ર*, *કલ્પસૂત્ર*, *આવશ્યકચૂર્ણિ*માં બહેનનું નામ સુદર્શના ને પુત્રીનું નામ અનવદ્યા અને પ્રિયદર્શના[8].
- *આવશ્યકનિર્યુક્તિ* - *હારિભદ્રી* વૃત્તિ, *આવશ્યકસૂત્ર*ની *મલયગિરીયા* વૃત્તિ, *વિશેષાવશ્યકભાષ્ય* - *કોટ્યાચાર્ય* કૃત વૃત્તિ[9], *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત*[10], *મહાવીરચરિયં* (- *શ્રીનેમિચન્દ્રસૂરિજી*)[11] માં માત્ર પુત્રીનું નામ પ્રિયદર્શના.
- *મહાવીરચરિયં* (- *શ્રીગુણચન્દ્રગણિ*) માં[12] બહેન સુદર્શના અને પુત્રી પ્રિયદર્શના.

---

8 समणस्स णं जेट्ठा भइणी सुदंसणा कासवगुत्तेणं। समणस्स णं भगवओ महावीरस्स धूआ कासवगुत्तेणं, तीसे दो नामधिज्जा एवमाहिज्जंति, तं जहा - अणोज्जा इ वा, पियदंसणा इ वा।

9 पंचविहे माणुस्से भोगे भुंजित्तु सह जसोयाए ।
तेयसिरिं व सुरूवं जणयइ पियदंसणं धूयं ।। भाष्यगाथा - १८७५। (ત્રણેયમાં સમાન ગાથા છે.)

10 कालेन गच्छता भर्तुर्यशोदायामजायत।
नामतो रूपतश्चाऽपि दुहिता प्रियदर्शना।।१५४।।

11 पंचविहं माणुस्सं विसयसुहं तस्स अणुहवंतस्स।
ससिलेहासोमतणू जाया पियदंसण धूया।।६०८।।

12 रूवाइगुणगणाभिरामा तिसला नाम देवी, जहत्थभिहाणो य नंदिवद्धणो नाम पुत्तो सुदंसणा य धूया। कालक्कमेण य पसूया सुकुमारचरण-करयलं चारुरूवोवसोहंतसरीरावयवं तेयसिरिं व पच्चक्खं दारियं, कयं च समुचियसमए पियदंसण त्ति से नामं।

- કહાવલીમાં માત્ર પુત્રીનાં બે નામ – પ્રિયદર્શના અને અનવદ્યા[13].
- *અભિધાનરાજેન્દ્રકોષ*માં પ્રિયદર્શના અને અનવદ્યા[14].

**જમાલીના કથાનકમાં ભગવાનની બહેન અને પુત્રીનાં નામ વિષે મતાંતર**

જ્યાં જ્યાં જમાલીનું કથાનક પ્રાપ્ત થાય છે ત્યાં ત્યાં ભગવાનની બહેન અને પુત્રીનાં નામ વિષે મતાંતરો જોવા મળે છે. મૂળ ગાથા આમ છે -

जेट्ठा(जिट्ठा) सुदंसण जमालिऽणोज्ज सावत्थि-तेंदुगुज्जाणे।
पंचसया य सहस्सं ढंकेण जमालि मोत्तूणं।।

આ ગાથા *આવશ્યકનિર્યુક્તિ – હારિભદ્રી* વૃત્તિમાં ભાષ્યની ૧૨૬ મી ગાથા તરીકે, *મલયગિરીયા* વૃત્તિ માં મૂળભાષ્યની ૧૨૬ મી ગાથા તરીકે તેમ જ *વિશેષાવશ્યકભાષ્ય*ની *કોટ્યાચાર્ય*કૃત વૃત્તિમાં નિર્યુક્તિની ૧૧૬ મી ગાથા તરીકે નિર્દિષ્ટ છે એટલે આ ગાથા ભાષ્યની છે કે નિર્યુક્તિની એ સમજાયતું નથી.

આ ગાથાનો દરેક મહાપુરુષોએ અર્થ ભિન્ન-ભિન્ન કર્યો છે. અને આ ગાથાની વૃત્તિમાં દરેક મહાપુરુષોએ જમાલિના પ્રાકૃત કથાનકમાં जहा पण्णत्तिए तहा भाणियव्वं એ પ્રમાણે એકસરખી રીતે *પ્રજ્ઞપ્તિ*નો આધાર આપવા છતાં દરેક ગ્રંથોમાં કથાનક ભિન્ન-ભિન્ન જોવા મળે છે. અહિં જે *પ્રજ્ઞપ્તિ*નો આધાર લીધો છે તેનાથી કયો ગ્રંથ લેવો તે ખ્યાલ આવતો નથી અને *પ્રજ્ઞપ્તિ*નો *વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ* એવો અર્થ લઈએ તો તેમાં ક્યાંય પ્રિયદર્શનાનો ઉલ્લેખ આવતો નથી.

- *આવશ્યકનિર્યુક્તિ*ની *હારિભદ્રી* વૃત્તિમાં જ્યેષ્ઠા / સુદર્શના / અનવદ્યા એ જમાલીની પત્નીનાં નામો છે એ પ્રમાણે ગાથાનો અર્થ છે[15]. તેમાં અન્યમત આ પ્રમાણે છે – જ્યેષ્ઠા / મહત્તરિકા અને સુદર્શના એ ભગવાનની બહેનનાં નામો છે, તેનો પુત્ર જમાલી હતો, તેની પત્ની તરીકે અનવદ્યા નામે ભગવાનની દીકરી હતી[16].

---

13 भोगे भुंजंतस्स भगवओ पियदंसण त्ति वा अणोज्ज त्ति वा नामेण धूया जाया।

14 पियदंसणा = प्रियदर्शना (स्त्री.) अनवद्याङ्ग्यपरनामिकायां भगवतो महावीरस्य दुहितरि।

15 जेट्ठा सुंदसणा अणोज्ज त्ति जमालिघरणीए नामाइं।

16 जेट्ठा महत्तरिगा सुदंसणाऽभिहाणा भगवतो भगिणी, तीसे जमाली पुत्तो, तस्स अण्णोज्जा नाम भगवतो दुहिता भारिया ।

- *વિશેષાવશ્યકભાષ્ય- મલધારી શ્રીહેમચન્દ્રસૂરિજી* રચિત વૃત્તિમાં મૂળ અર્થ તો ઉપર પ્રમાણે જ કર્યો છે[17]. પણ તેમાં અન્યમત આ પ્રમાણે છે - જ્યેષ્ઠા = મોટી સુદર્શના નામની ભગવાનની બહેન, તેનો પુત્ર જમાલી, અનવદ્યાઙ્ગી નામની ભગવાનની પુત્રી જમાલીની પત્ની છે[18].

- *આવશ્યકનિર્યુક્તિ– હારિભદ્રી* વૃત્તિ અને *વિશેષાવશ્યકભાષ્ય– કોટ્યાચાર્ય* વૃત્તિમાં પ્રાકૃત કથાનક સમાન છે[19].

- *આવશ્યકસૂત્ર*ની *મલયગિરીયા* વૃત્તિમાં ત્રણ અર્થ પ્રાપ્ત થાય છે - ગાથાના મૂળ અર્થમાં મોટી બહેન સુદર્શના અને પુત્રી અનવદ્યા[20]. પ્રાકૃત કથાનકમાં અનવદ્યા વિશેષણ અને પ્રિયદર્શના નામ[21]. અન્યમતમાં જ્યેષ્ઠા / સુદર્શના / અનવદ્યા જમાલીની પત્નીનાં નામો છે[22].

---

17 ज्येष्ठा/सुदर्शना/अनवद्याङ्गी जमालिगृहिणीनामानि। अत्र भावार्थस्तावत् कथानकेनोच्यते - इहैव भरतक्षेत्रे कुण्डपुरं नाम नगरम्। तत्र भगवतः श्रीमन्महावीरस्य भागिनेयो जमालिर्नाम राजपुत्र आसीत्। तस्य च भार्या श्रीमन्महावीरस्य दुहिता। तस्याश्च ज्येष्ठेति वा, सुदर्शनेति वा, अनवद्याङ्गीति वा नामेति।

18 ज्येष्ठा महती सुदर्शना नाम भगवतः श्रीमन्महावीरस्य भगिनी, तस्याः पुत्रो जमालिः, अनवद्याङ्गी नाम भगवतो दुहिता जमालिगृहिणी इति।

19 कुण्डपुरं नगरं, तत्थ जमाली सामिस्स भाइणिज्जो, सो सामिस्स मूले पंचसयपरिवारो पव्वइओ, तस्स भज्जा सामिणो दुहिता, तीसे नामाणि जेट्ठ त्ति वा सुदंसण त्ति वा अणोज्ज त्ति वा, सा वि सहस्सपरिवारा अणुपव्वइया, जहा पण्णत्तिए तहा भाणियव्वं।

20 ज्येष्ठा - महती सुदर्शनाभिधाना भगवतो भगिनी तस्याः पुत्रो नाम जमालिः, तस्य अनवद्याङ्गी नाम भगवतो दुहिता गृहिणी।

21 कुंडपुरं नगरं, तत्थ सामिस्स जेट्ठा भगिणी सुदंसणा णाम, तीसे पुत्तो जमाली, सो सामिस्स मूले पव्वइतो पंचहिं सएहिं समं, तस्स सामिणो धूया अणोज्जंगी नाम पियदंसणा, सावि तमणु पव्वइया सहस्सपरिवारा, जहा पण्णत्तिए तहा भाणियव्वं।

22 ज्येष्ठा, सुदर्शना, अनवद्याङ्गीति जमालिगृहिणीनामानी।

- *શ્રીઉત્તરાધ્યયનસૂત્ર*ની *શ્રીશાન્ત્યાચાર્ય* કૃત વૃત્તિમાં અને *આવશ્યકચૂર્ણિ*માં પ્રાકૃત કથાનક સમાન છે, પણ તેમાં बीअं શબ્દ છે. એટલે એક નામ અનવદ્યા અને બીજું નામ પ્રિયદર્શના છે[23].
- *વિશેષાવશ્યકભાષ્ય*ની આગળ એક ગાથામાં પ્રિયદર્શના શબ્દ આવે છે. તો *મલધારી શ્રીહેમચન્દ્રસૂરિજી* રચિત વૃત્તિમાં પ્રશ્ન કર્યો છે કે પૂર્વમાં તમે સુદર્શના નામ કીધું, હવે તમે પ્રિયદર્શના શા માટે કહો છો? તો તેના જવાબમાં કહે છે કે તેનું આ પ્રિયદર્શના એ પણ નામ છે, અને સાક્ષીપાઠ આપે છે. તે સાક્ષીપાઠ *વિશેષાવશ્યકભાષ્ય*ની મહાવીરચરિત્રની ગાથા છે[24].
- અને આનાથી સંપૂર્ણ ભિન્નમત *કહાવલી*[25] અને *નવપદપ્રકરણ*માં[26] પ્રાપ્ત થાય છે. જમાલીના કથાનકમાં મોટી બહેન પ્રિયદર્શના ને પુત્રી સુદર્શના. *કહાવલી*ના સંપાદકશ્રીએ ( ) સુધારીને મોટી બહેન સુદર્શના અને પુત્રી પ્રિયદર્શના કર્યું છે.

---

23 वृद्धसम्प्रदायादवसेयः, स चायम् - तेणं कालेणं तेणं समएणं कुण्डपुरं नयरं, तत्थ सामिस्स जेट्ठा भगिणी सुदंसणा नाम, तीए पुत्तो जमालि, सो सामिस्स मूले पव्वइओ पंचहिं सएहिं समं, तस्स य भज्जा सामिणो धूया अणुज्जंगीनामा बीयं णामं पियदंसणा, सावि तमणु पव्वतिया सहस्सपरिवारा तहा भाणियव्वं जहा पण्णत्तीए।

24 पियदंसणा वि पइणोऽणुरागओ तम्मयं चिव पवण्णा। ढंकोवहियागणिदड्ढवत्थदेसा तयं भणइ।।२३२५।।

'पियदंसणा वि त्ति'। आह - ननु पूर्वं 'सुदर्शना' इति तस्या नाम प्रोक्तम्, कथमिदानीं प्रियदर्शना इत्युच्यते? सत्यम्, किन्त्विदमपि तस्या नाम द्रष्टव्यम्। तथा चोक्तम् - "तेयसिरिं च सुरूवं जणइ य पियदंसणं धूयं" इति।।१८७५।।

25 माहणकुंडगामस्स समीवे खत्तियकुंडग्गामं नाम नयरं। तंमि य सामिस्स जेट्ठभगिणीए [जेट्ठाए] पिय[सु]दंसणाए वा पुत्तो जमालि नाम परिवसइ। तेण य भगवओ चेव धूया सु(पिय)दंसणा नाम परिणीया।

26 इहैव जम्बूद्वीपे भरतवर्षालङ्कारभूतं धनधान्यहिरण्यादिसम्पदुपेतं क्षत्रियकुण्डग्रामाभिधानं नगरं, तत्र च तदा भगवतो महावीरस्वामिनो ज्येष्ठभगिन्याः प्रियदर्शनाभिधानायास्तनयो नयविनयसम्पन्नः सत्त्वेषु दयापरः परमनिजरूपोपहसितकामो जमालिनामा क्षत्रियकुमारः प्रतिवसति स्म, तस्य च वर्द्धमानस्वामिदुहिता स्वशरीररूपसौन्दर्यविजितामरसुन्दरीका प्राणेभ्योऽपि प्रियतरा सुदर्शनाऽभिधाना पत्नी बभूव। पृष्ठ - ७

- *ત્રિષષ્ટિ*માં[27] જમાલીની પત્ની અને ભગવાનની પુત્રી પ્રિયદર્શના.

**પ્રભુવીરના બહેન અને પુત્રીનાં નામ વિષે મતાંતર સંક્ષેપમાં**

- *આવશ્યકનિર્યુક્તિ* – *હારિભદ્રીય* વૃત્તિ અને *વિશેષાવશ્યકભાષ્ય* – *કોટ્યાચાર્ય* વૃત્તિ - જ્યેષ્ઠા / સુદર્શના / અનવદ્યા પુત્રીનાં નામ. અન્યમત – જ્યેષ્ઠા, મહત્તરિકા અને સુદર્શના બહેન અને અનવદ્યા પુત્રી.
- *આવશ્યકસૂત્ર*ની *મલયગિરીયા* વૃત્તિ - અનવદ્યા વિશેષણ અને પ્રિયદર્શના નામ / બહેન સુદર્શના પુત્રી અનવદ્યા. અન્યમત - જ્યેષ્ઠા / સુદર્શના / અનવદ્યા પુત્રીનાં નામ.
- *વિશેષાવશ્યકભાષ્ય* - *મલધારી શ્રીહેમચન્દ્રસૂરિજી* રચિત વૃત્તિ - જ્યેષ્ઠા / સુદર્શના / અનવદ્યા / પ્રિયદર્શના પુત્રીનાં નામ. અન્યમત - મોટી બહેન સુદર્શના / પુત્રી અનવદ્યા.
- *શ્રીઉત્તરાધ્યયનસૂત્ર*ની *શ્રીશાન્ત્યાચાર્ય* કૃત વૃત્તિમાં અને *આવશ્યકચૂર્ણિ* - સુદર્શના બહેન તથા અનવદ્યા અને પ્રિયદર્શના પુત્રીનાં નામ.
- *કહાવલી* અને *નવપદપ્રકરણ* - પ્રિયદર્શના બહેન અને સુદર્શના પુત્રી.

**✒ મુનિ શ્રીકુમુદચન્દ્રવિજયજી**

* * *

27 जमालिभार्या भगवद्दुहिता प्रियदर्शना।
सहिता स्त्रीसहस्रेण प्राव्राजीत् स्वामिनोऽन्तिके।।८।।

# *સંશોધન*

## 244. *ધર્મસંગ્રહ*માં ઉદ્ધરણ

*ભદ્રંકર પ્રકાશન* દ્વારા પ્રકાશિત *ધર્મસંગ્રહ* – ગાથા – ૧૯ ની વૃત્તિમાં प्रदानं प्रच्छन्नं... એ સુભાષિત ઉદ્‌ધૃત થયું છે. સંપાદન વખતે તેનું મૂળસ્થાન ન જણાવાથી તેમાં ત્રીજી પંક્તિમાં અનર્થબોધક મુદ્રણદોષ રહી ગયો છે. તેમ જ ચોથી પંક્તિમાં પાઠભેદ પણ છે. મૂળે આ પદ્ય *ભર્તૃહરિ* રચિત *નીતિશતક*માં ૫૫ મા ક્રમે મળે છે –

प्रदानं प्रच्छन्नं गृहमुपगते संभ्रमविधिः,
प्रियं कृत्वा मौनं सदसि कथनं चाऽप्युपकृतेः।
अनुत्सेको लक्ष्म्यां निरभिभवसाराः परकथाः,
सतां केनोद्दिष्टं विषममसिधाराव्रतमिदम्।।

પ્રસ્તુત પ્રકાશનમાં સંપાદન વખતે ઘણાં ઉદ્‌ધરણોનાં મૂળસ્થાનો બહુ ખંતથી શોધીને આપવામાં આવ્યાં છે. તો પણ ઉપરોક્ત પદ્યની જેમ અન્ય પણ ઘણાં મૂળસ્થાનો નોંધાયાં નથી. જેમ કે – धर्मबीजं परं प्राप्य... – *યોગદૃષ્ટિસમુચ્ચય* – ૮૩. तए णं सा दोवई रायवरकन्ना... – *જ્ઞાતાધર્મકથાંગ* – ૧૭૧. તો ક્યાંક पायसमा ऊसासा જેવાં સ્થળે એક જ ઉદ્‌ધરણ બે વખત અલગ-અલગ જગ્યાએ આવતું હોય તો પણ એક વખત મૂળસ્થાન નોંધ્યું છે, તો બીજી વખત મૂળસ્થાન અજ્ઞાત જણાવ્યું છે! ✒ त्रै.

* * *

## 245. *ધ્યાનશતક*ની વૃત્તિમાં કેટલીક વિચારણીય વાતો

૧. *તત્ત્વાર્થસૂત્ર* - ૭.૧૮ આ પ્રમાણે છે – शङ्का-काङ्क्षा-विचिकित्सा-ऽन्यदृष्टिप्रशंसा-संस्तवाः सम्यग्दृष्टेरतिचाराः। *સ્વોપજ્ઞભાષ્ય*માં અને *સિદ્ધસેનીયા* ટીકામાં પણ આ સૂત્રનું આ રીતે જ ગ્રહણ થયું છે. પરંતુ *શ્રીહરિભદ્રસૂરિજી* ભગવંતે *ધ્યાનશતક* - ગાથા ૩૨ ની વૃત્તિમાં આ સૂત્રનું થોડાક શાબ્દિક ફેરફાર સાથે ગ્રહણ કર્યું છે - शङ्का-

काङ्क्षा-विचिकित्सा-ऽन्यदृष्टिप्रशंसा-परपाषण्डसंस्तवाः सम्यग्दृष्टेरतिचाराः। જો કે આનાથી લેશમાત્ર પણ અર્થભેદ નથી થતો. એક પાઠાંતર તરીકે જ અહીં રજૂઆત કરી છે.

વળી, *તત્ત્વાર્થસૂત્ર*માં રહેલા संस्तव પદની *સ્વોપજ્ઞભાષ્ય*માં આ પ્રમાણે વ્યાખ્યા થઈ છે - संस्तवस्तु सोपधं निरुपधं च भूतगुणवचनमिति। અર્થાત્ કોઈનામાં પણ રહેલા ગુણોની માયાસહિત અથવા માયારહિત સ્તુતિ કરવી તે સંસ્તવ કહેવાશે. જ્યારે *શ્રીહરિભદ્રસૂરિજી* ભગવંત *આવશ્યકનિર્યુક્તિ*ના પ્રત્યાખ્યાન-અધ્યયનની વૃત્તિમાં સમ્યક્ત્વના અતિચારોનું વર્ણન કરતા સંસ્તવની આ પ્રમાણે વ્યાખ્યા કરે છે – परपाषण्डैः-अनन्तरोक्तस्वरूपैः सह संस्तवः परपाषण्डसंस्तवः, इह संवासजनितः परिचयः संवसन-भोजनालापादिलक्षणः परिगृह्यते, न स्तुतिरूपः, तथा च लोके प्रतीत एव संपूर्वः स्तौतिः परिचय इति, 'असंस्तुतेषु प्रसभं कुलेषु' इत्यादाविति। અર્થાત્ પરપાખંડીની સાથે સંસ્તવ તે પરપાંખડસંસ્તવ. અહીં સંસ્તવ એટલે એમની સાથે રહેવાથી થતો પરિચય સંસ્તવ તરીકે જાણવો, પણ સંસ્તવ એટલે સ્તુતિ અર્થ ન કરવો. લોકમાં પણ સંપૂર્વકનો સ્તુ-ધાતુ પરિચય અર્થમાં જ વપરાય છે". અહીં આ બીજો અર્થ વધુ યોગ્ય લાગે છે. કેમ કે *સ્વોપજ્ઞભાષ્ય*માં વ્યાખ્યાયિત સંસ્તવનો અર્થ કોઈક રીતે પ્રશંસામાં જ સમાઈ જાય છે. તથા જેમ પરપાંખડીની પ્રશંસા કરવાથી સમ્યક્ત્વમાં અતિચાર લાગે છે તેમ પરપાંખડી સાથે રહેવાથી, વાતચીત કરવાથી પણ અતિચાર લાગે છે. તો તેનો સમાવેશ શેમાં કરવો? બીજા અર્થ પ્રમાણે તો સંસ્તવ દોષમાં તેનો સમાવેશ થઈ જશે, પણ પહેલા અર્થ પ્રમાણે તેનો સમાવેશ ક્યાંય નહિ થઈ શકે, એમ જણાય છે.

૨. *કર્મગ્રંથ*માં તમામ ઘાતી કર્મપ્રકૃતિઓને, આત્મગુણનો ઘાત કરતી હોવાથી, પાપપ્રકૃતિ જ ગણાવી છે. આની સામે *ઉમાસ્વાતિજી* ભગવંતે *તત્ત્વાર્થસૂત્ર*માં સમ્યક્ત્વ-મોહનીય, હાસ્ય, રતિ અને પુરુષવેદને; ઘાતી પ્રકૃતિ હોવા છતાં પણ, પુણ્યપ્રકૃતિ ગણાવી

છે[28]. *તત્ત્વાર્થસૂત્ર* સિવાય બીજા કોઈ ગ્રંથમાં પ્રાયઃ આ મતનો ઉલ્લેખ જણાતો નથી. પરંતુ, હમણાં *ધ્યાનશતક*નો સ્વાધ્યાય કરતા જાણવા મળ્યું કે વૃત્તિકાર *શ્રીહરિભદ્રસૂરિજી* ભગવંતે પણ વૃત્તિમાં *તત્ત્વાર્થસૂત્ર*ના મતનું જ અનુસરણ કર્યું છે અને સમ્યક્ત્વમોહનીયાદિ ચાર ઘાતી પ્રકૃતિને પુણ્યપ્રકૃતિ જ કહી છે - तथा शुभादानम् इति शुभं- पुण्यं सात-सम्यक्त्व-हास्य-रति-पुरुषवेद-शुभायुर्नामगोत्रात्मकम् - गाथा – ३३।

૩. *ધ્યાનશતક* - ૩૫ નો પૂર્વાર્ધ આ પ્રમાણે છે - निच्चं चिय जुवइ-पसू-नपुंसग-कुसील-वज्जियं जइणो। વૃત્તિકાર ભગવંતે जुवइ...वज्जियं ની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે - युवत्यादिभिः परि- समन्ताद् वर्जितम्- रहितमिति विग्रहः। આના પરથી જણાય છે કે વૃત્તિકાર ભગવંત પાસે वज्जियंના સ્થાને परिवज्जियं પાઠ હશે. હવે જો निच्चं चिय जुवइ-पसू-नपुंसग-कुसील-परिवज्जियं जइणो આ પ્રમાણે પૂર્વાર્ધ વિચારીએ તો બીજા ચરણની માત્રા ઘણી વધી જાય છે. વળી, ગાથામાંથી એક પણ પદને દૂર કરી શકાય તેમ પણ નથી. કારણ કે વૃત્તિકારશ્રીએ તે દરેક પદની વ્યાખ્યા કરી છે. વિચાર કરતાં આવો ઉપાય મળ્યો કે શાસ્ત્રોમાં नपुंसगના સ્થાને नपु, नपुंस ઇત્યાદિ શબ્દપ્રયોગો પણ થાય છે. તે જ રીતે અહીં પણ नपुंसग સ્થાને नपुं શબ્દ વિચારીએ તો આ સમસ્યા દૂર થઈ જાય અને તો આવો પૂર્વાર્ધ સંભવે - निच्चं चिय जुवइ-पसू-नपुं-कुसील-परिवज्जियं जइणो।

૪. *ધ્યાનશતક* - ૮૩ ના पढमं जोगे जोगेसु वा પદની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે - प्रथमं- पृथक्त्ववितर्कसविचारं योगे- मनआदौ, योगेषु वा- सर्वेषु मतं- इष्टम्। तच्चाऽगमिकश्रुतपाठिनः। વિચારણીય વાત એ છે કે અહીં શુક્લધ્યાનનો પ્રથમ ભેદ અગમિકશ્રુતપાઠીને એટલે કે પૂર્વધર ભગવંત સિવાયના મુનિને હોય છે એમ કહ્યું છે. (ગમિકશ્રુત એટલે ભંગબહુલ શ્રુત અથવા સમાન પાઠવાળું શ્રુત. ચૌદ પૂર્વ ગમિક શ્રુત છે. જેમાં અસમાન પાઠો છે તે અગમિકશ્રુત. કાલિકશ્રુત આનું દૃષ્ટાંત છે - *વિશેષાવશ્યકભાષ્ય* - ૫૪૯) આનાથી બિલકુલ વિપરીત વાત ગાથા - ૭૭ માં અને તેની વૃત્તિમાં છે. ત્યાં એમ કહ્યું છે કે શુક્લધ્યાનનો પ્રથમ ભેદ પૂર્વધર ભગવંતને હોય છે. તો પછી અહીં

---

[28] सद्वेद्य-सम्यक्त्व-हास्य-रति-पुरुषवेद-शुभायुर्नाम-गोत्राणि पुण्यम्। - ८.२६

અગમિકશ્રુતપાઠીને તેના અધિકારી કહેવાનું શું કારણ? વળી, આ ગાથાની વિષયવસ્તુ એ છે કે શુક્લધ્યાનનો કયો ભેદ કયા યોગમાં હોય છે - તેનું નિરૂપણ. ચારે ભેદના અધિકારી તો આગળ જણાવી જ દીધા છે. આથી તેનું નિરૂપણ કરવાનો અહીં કોઈ અવસર નથી. જો પુનઃ નિરૂપણ કરવું જ હોય તો પણ પ્રથમ ભેદના જ અધિકારીનું નિરૂપણ કરવું અને શેષ ત્રણ ભેદના અધિકારીનું નિરૂપણ ન કરવું તે પણ અસમંજસતા ઉત્પન્ન કરે છે. આથી तच्चाऽगमिकश्रुतपाठिनः એવું વૃત્તિપદ અહીં અપ્રસ્તુત જણાય છે.

*ધ્યાનશતક*ની *અવચૂર્ણિ* અને *અવચૂરિ*માં પણ આ પ્રમાણે જ પાઠ છે. પરંતુ *દીપિકા*માં तच्च भङ्गिकश्रुतपाठिनः એવો પણ પાઠ મળે છે. જો ઉપરોક્ત પદને અપ્રસ્તુત ન માનવું હોય તો દીપિકાના આધારે तच्च गमिकश्रुतपाठिनः એવો પાઠ પણ વિચારી શકાય. આ પદની બીજી કોઈ રીતે પણ અર્થસંગતિ થઈ શકતી હોય તો વિદ્વજ્જનોને જણાવવા નમ્ર વિનંતી.

૫. આપણાં શાસ્ત્રોમાં મનના બે ભેદ બતાવવામાં આવ્યા છે : દ્રવ્યમન અને ભાવમન. દ્રવ્યમન એટલે જીવે કાયયોગથી ગ્રહણ કરેલા અને વિચારરૂપે પરિણામાવેલા મનોવર્ગણાના પુદ્ગલો અને ભાવમન એટલે વિચારણાત્મક જ્ઞાન. भावमनसश्चिन्ताज्ञानपरिणामरूपत्वात् –*વિશેષાવશ્યકભાષ્ય* – ૨૧૫ - વૃત્તિ. કેવલી ભગવંતને બધાં જ દ્રવ્યો અને પર્યાયો પ્રત્યક્ષ હોવાથી તેમને વિચારણાત્મક જ્ઞાન નથી હોતું અને તેથી જ શાસ્ત્રોમાં કેવલી ભગવંતને ભાવમનોયોગનો અભાવ કહેવામાં આવ્યો છે. अयं चाऽसम्प्रज्ञातः समाधिर्द्विधा – सयोगिकेवलिभावी अयोगिकेवलिभावी च, आद्यो मनोवृत्तीनां विकल्पज्ञानरूपाणामत्यन्तोच्छेदात् सम्पद्यते। - *યોગવિંશિકા* – ૨૦ – વૃત્તિ. આથી જ કેવલી ભગવંતને અમનસ્ક કહેવામાં આવે છે.

પરંતુ, *ધ્યાનશતક* - ૮૬ - વૃત્તિમાં ભાવમનનો એક નવો જ અર્થ કર્યો છે. જીવના ઉપયોગને જ અહીં ભાવમન કહ્યું છે અને આ અપેક્ષાએ અયોગી ભગવંતને પણ મનોયોગ માનીને ધ્યાનની ઘટના કરી છે. तथाऽस्याऽपि मनःप्रभृतियोगोपरमेऽपि जीवोपयोगसद्भावतः भावमनसो भावात् भवस्थस्य ध्याने इति। આ અપેક્ષાએ કેવલી ભગવંત સમનસ્ક પણ છે! स्याद्वादो विजयतेतराम्। **/ મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી**

## 246. *કલ્પસૂત્ર-સુબોધિકા*ની વિચારણીય વાતો

આ વખતે *કલ્પસૂત્ર-સુબોધિકા*ના વાંચન વખતે બે-ત્રણ વિચારણાઓ થઈ. તે મિત્રોની જાણ ખાતર અત્રે રજૂ કરું છું –

૧. વ્યાખ્યાન – ૨ માં साहरिज्जमाणे न जाणइ આ પાઠ સંદર્ભે ઉપાધ્યાય *શ્રીવિનયવિજયજી* મહારાજ જણાવે છે કે इदं वाक्यं संहरणस्य कौशलज्ञापकं, तथा तेन संहरणं कृतं भगवतो यथा भगवता ज्ञातमप्यज्ञातमिवाऽभूत् पीडाभावात्। ... तथा च – साहरिज्जमाणे वि जाणइ इ*त्याचाराङ्गो*क्तेन विरोधोऽपि न स्यात्। હવે મુનિ *શ્રીજંબૂવિજયજી* કૃત પુનઃસંપાદન સાથે *મોતીલાલ બનારસીદાસ* – દિલ્હી તરફથી *શીલાંકી* વૃત્તિ સાથે પ્રકાશિત *શ્રીઆચારાંગસૂત્ર*માં તો साहरिज्जमाणे न जाणइ એવો જ પાઠ છે. એટલે *સુબોધિકા*માં ઉલ્લિખિત *શ્રીઆચારાંગસૂત્ર*ના પાઠ સંદર્ભે મૂંઝવણ થઈ. પરંતુ *મહાવીર જૈન વિદ્યાલય* તરફથી પ્રકાશિત અને મુનિ *શ્રીપુણ્યવિજયજી* દ્વારા સંપાદિત *શ્રીઆચારાંગસૂત્ર*માં આવો પાઠ મળ્યો – समणे भगवं महावीरे तिण्णाणोवगते यावि होत्था, साहरिज्जिस्सामि त्ति जाणति, साहरिते मि त्ति जाणति, <u>साहरिज्जमाणे वि जाणति</u> समणाउसो! એટલે સમાધાન થયું. (જુઓ આ સંદર્ભે ∑ 249 (16.44))

૨. વ્યાખ્યાન – ૬ માં ચંદનબાળા માટે ઉપાધ્યાય *શ્રીવિનયવિજયજી* મહારાજ જણાવે છે કે ततो मातृष्वसुर्मृगावत्या मिलनम्। હવે ચંદનબાળા તો ધારિણીની પુત્રી છે. અને મૃગાવતીજી તો ચેટક રાજાની ૭ પુત્રીમાંથી એક છે. જેની ૬ બહેનોમાં ધારિણીનું નામ નથી. તો મૃગાવતીજી અને ચંદનબાળા કઈ રીતે માસી-ભાણેજ થાય તે ન સમજાયું. પરંતુ, *શ્રીવિજયેંદ્રસૂરિજી* લિખિત *તીર્થંકર મહાવીર* – ભાગ – ૧ પુસ્તકમાંથી આનો સરસ ખુલાસો જડ્યો –

*आवश्यकचूर्णि* – भाग – २, पत्र १६४ में आता है – "वेसालिए नगरीए चेडओ राया हेहयकुलसंभूतो, तस्स देवीणं अण्णमण्णाणं सत्त धूताओ – १. पभावती २. पउमावती ३. मिगावती ४. सिवा ५. जेट्ठा ६. सुजेट्ठा ७. चेल्लणा त्ति ... १. पभावती वीतिभए उदायणस्स दिण्णा २. पउमावती चंपाए दहिवाहणस्स ३.

मिगावती कोसंबीए सताणियस्स ४. सिवा उज्जेणीए पज्जोतस्स ५. जेट्ठा कुंडगामे वद्धमाणसामिणो जेट्ठस्स नंदिवद्धणस्स ६.-७. सुजेट्ठा चेल्लणा य दो कण्णगाओ अच्छंति...।"

इससे स्पष्ट है कि पद्मावती चंपा के राजा दधिवाहन को ब्याही थी। दधिवाहन ने किन्ही कारणों से बाद में धारिणी से विवाह किया। इस धारिणी की पुत्री ही चंदना थी। उसका नाम पहले वसुमती था। 'बहन की लड़की है' का स्पष्टीकरण करते हुए *हारिभद्री* टीका की टिप्पणी में कहा है - "किल मृगावत्या भगिनी दधिवाहनेन परिणीता, धारिणी च पद्मावत्याः सपत्नीति कृत्वा धारिण्यपि मृगावत्या भगिन्येवेति भावः।" अर्थात् बहन की सौत होने से धारिणी भी बहन हुई।

૩. *સ્થવિરાવલી* અંતર્ગત આવતી थेरे छडुलूए रोहगुत्ते कोसियगुत्ते णं। थेरेहिंतो ण छडुलूएहिंतो रोहगुत्तेहिंतो कोसियगुत्तेहिंतो तत्थ णं तेरासिया निग्गया। એવી પંક્તિનું વિવરણ કરતાં ઉપાધ્યાય *શ્રીવિનયવિજયજી* મહારાજ જણાવે છે કે - यत्तु सूत्रे रोहगुप्त आर्यमहागिरिशिष्यः प्रोक्तः, *उत्तराध्ययनवृत्ति-स्थानाङ्गवृत्त्या*दौ तु श्रीगुप्ताचार्यशिष्यः प्रोक्तस्ततोऽस्माभिरपि तथैव लिखितं, तत्त्वं पुनर्बहुश्रुता विदन्ति। આ વાત થોડોક વિચાર માંગી લે છે. કેમ કે *સ્થાનાંગજી*ની વૃત્તિમાં રોહગુપ્તનો શ્રીગુપ્તાચાર્ય સાથે શો સંબંધ હતો તેનો કોઈ જ ઉલ્લેખ નથી. ફક્ત 'શ્રીગુપ્તાચાર્યે આમ કહ્યું' એને બદલે 'ગુરુએ આમ કહ્યું' એવા શબ્દો પ્રયોજ્યા છે. પણ તેથી કંઈ શ્રીગુપ્તાચાર્ય રોહગુપ્તના ગુરુ જ હતા એવું નિશ્ચિત ન થઈ શકે. કારણ કે બે શ્રમણોને લગતી વાતમાં તેઓ વચ્ચે વિદ્યાદાનનો સંબંધ હોય તો પણ વડીલ માટે ગુરુશબ્દ વાપરવાની પ્રાચીન પરિપાટી છે. વળી, *ઉત્તરાધ્યયનસૂત્ર*ની *શ્રીશાંત્યાચાર્યે* રચેલી વૃત્તિમાં તો રોહગુપ્તને સ્પષ્ટપણે શ્રીગુપ્તાચાર્યના શિષ્ય નહીં, પણ 'શ્રાદ્ધ' (-પૂજ્યભાવ ધરાવનાર) જણાવવામાં આવ્યા છે. तेसिं पुण सिरिगुत्ताणं थेराणं सड्ढी य रोहगुत्तो नाम। (*નિર્યુક્તિ* – ૧૭૨ ની વૃત્તિ). જો કે જેમ અત્યારે મુદ્રિત પ્રતોમાં सड्ढी ને સુધારીને सेहो કરવામાં આવ્યું છે, તેમ *શ્રીવિનયવિજયજી*ની સામે જે આદર્શ રહ્યો હશે તેમાં सेहो પાઠ હોઈ શકે. પણ જેસલમેર અને પાટણની પ્રાચીન પ્રતોમાં તો सड्ढी જ પાઠ છે. એટલે *उत्तराध्ययनवृत्ति-स्थानाङ्गवृत्त्या*दौ तु श्रीगुप्ताचार्यशिष्यः प्रोक्तस्ततोऽस्माभिरपि तथैव लिखितं આ વાત વિચારણીય તો રહે જ છે. આ સંબંધે ઘણીબધી વાતોને સમાવતો નિહ્નવ રોહગુપ્ત, શ્રીગુપ્તાચાર્ય અને ત્રૈરાશિકમત – આ લેખ પઠનીય છે -*અનુસંધાન* – ૫૮. / त्रै.

# 247. પંચપ્રતિક્રમણસૂત્રમાં કેટલાક વિચારણીય પાઠો

૧. *સકલાર્હત્સ્તોત્ર*ની ૩૨ મી ગાથાનું પ્રથમ ચરણ આ પ્રમાણે બોલાય છે - **देवोऽनेकभवार्जितोर्जितमहापापप्रदीपानलो।** અહીં **प्रदीप** શબ્દની કોઈ અર્થસંગતિ થતી નથી. કેમ કે પાપને બાળી નાંખનાર તરીકે ઉપમા દર્શાવવા માટે **अनल** શબ્દ તો છે જ. આથી, *પં. શ્રીકલ્યાણવિજયજી*એ *નિબંધનિચય* પુસ્તકમાં પૃષ્ઠ – ૧૩૩ પર **पापप्रदीपानिलो** એવો સુધારો સૂચવ્યો છે. (અર્થ એવો થશે કે પાપરૂપી પ્રદીપ માટે પવન સમાન.) પરંતુ આ સુધારો પણ યોગ્ય જણાતો નથી. કારણ કે પાપને દીપક જેવી સારી ઉપમા આપવી ઉચિત પણ નથી જણાતી અને શાસ્ત્રોમાં પ્રાયઃ ક્યાંય અપાઈ પણ નથી. જો સુધારો કરવો જ હોય તો **पापप्रदीप्रानलो** (અર્થાત્ પાપને બાળી નાંખવા માટે જાજ્વલ્યમાન અગ્નિ સમાન) આવો સુધારો વિચારી શકાય?

૨. *કલ્લાણકંદં*ની ચતુર્થ થોયમાં પ્રાયઃ આ પ્રમાણે જ પાઠ બોલાય છે - **वाएसिरी पुत्थयवग्गहत्था।** **वाएसिरी** નો અર્થ વાચેશ્વરી થાય છે. **वाचेश्वरी** નું પ્રાકૃત **वाएसरी** થાય, **वाएसिरि** થવું સંભવિત નથી. તપાસ કરતાં આટલા પાઠો ઉપલબ્ધ થયા છે કે જેમાં **वाएसरी** જ છે -

(૧) **पाइअसद्दमहण्णवो** માં જણાવ્યા પ્રમાણે સટીક *સમ્યક્ત્વસપ્તતિ*ના ૨૧૫ મા પૃષ્ઠ ઉપર **वाएसरी** જ પાઠ છે.

(૨) **पाइअसद्दमहण्णवो** માં **वाएसरी** શબ્દ જ છે, **वाएसिरी** શબ્દ નથી.

(૩) *શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર* - કોબા સ્થિત AKGM 0129038 પ્રતમાં બાલાવબોધ સહિત *કલ્લાણકંદં* સ્તુતિ છે. તેમાં પણ **वाईसरी** શબ્દ જ છે.

(૪) *પ્રબોધટીકા*માં પણ **वाएसरी** જ પાઠ છે, પાઠાંતર તરીકે **वाएसिरी** ઉલ્લેખ છે.

આમ, ઉપરોક્ત પ્રમાણોના આધારે આપણે **वाएसरी** એવો સાચો પાઠ સ્વીકારી શકીએ?

૩. *સંતિકરંસ્તોત્ર*માં સાતમી ગાથાનો ઉત્તરાર્ધ આ પ્રમાણે છે - मायंग विजय-अजिआ बंभो मणुओ सुरकुमारो। આ ગાથા પ્રમાણે ૧૧ મા અને ૧૨ મા ભગવાનના યક્ષનું નામ મનુજ અને સુરકુમાર હોય તેમ જણાય છે. પરંતુ વાસ્તવમાં આ બે નામના કોઈ યક્ષ જ નથી. આ વિષે તપાસ કરતાં *સપ્તતિશતસ્થાનક* ગ્રંથમાં આનું સમાધાન મળી આવ્યું. આ ગ્રંથમાં ભગવાનના યક્ષોનાં નામનું નિરૂપણ કરતી ૨૨૫ મી ગાથા આ પ્રમાણે છે –

जक्खा गोमुह महजक्ख तिमुह जक्खेस तुंबरू कुसुमो।
मायंग विजय-अजिआ बंभो मणुएसर कुमारो।।

આ ગાથા અનુસાર ૧૧ મા અને ૧૨ મા ભગવાનના યક્ષનાં નામ મનુજેશ્વર અને કુમાર છે. ધ્યાતવ્ય છે કે આ ગાથા *સંતિકરં*ની સાતમી ગાથા સાથે, मणुओ सुरकुमारो પદ સિવાય, અક્ષરશઃ મળતી આવે છે.

આ જ સ્તોત્રની દસમી ગાથાનો ઉત્તરાર્ધ આ પ્રમાણે પ્રચલિત છે – वइरुट्टऽच्छुत्त गंधारी अंब पउमावई सिद्धा। અહીં મુનિસુવ્રતસ્વામી ભગવાનની યક્ષિણીનું નામ અચ્છુપ્તા જણાવ્યું છે. પણ ખરેખર નરદત્તા નામ છે. *ત્રિષષ્ટિ૦* – ૬.૭.૧૯૬ માં નરદત્તા નામ જ જણાવ્યું છે –

तथोत्पन्ना <u>नरदत्ता</u> गौरी भद्रासनस्थिता।

*સપ્તતિશતસ્થાનક*માં ૨૨૮ મી ગાથા આ પ્રમાણે છે :

पवरा विजयंकुसी पन्नइत्ति निव्वाणि अच्चुआ धरणी।
वइरुट्ट दत्त गंधारी अंब पउमावई सिद्धा।।

આ ગાથા પણ *સંતિકરં*ની દસમી ગાથાને લગભગ મળતી આવે છે. (पवरा એ चण्डा નું અપર નામ છે.) આ ગાથા દ્વારા च्छुत्त ના સ્થાને दत्त એવો સાચો પાઠ મળી રહે છે.

આમ, *સપ્તતિશતસ્થાનક* ગ્રંથના આધારે વર્તમાનમાં પ્રચલિત ઉપરોક્ત બે અશુદ્ધ પાઠોની શુદ્ધિ કરવી જોઈએ. (આ બંને પાઠોની ચર્ચા *પં. શ્રીકલ્યાણવિજયજી* લિખિત *નિબંધનિચય* પુસ્તકમાં પૃષ્ઠ - ૧૩૪ પર આપવામાં આવેલા *સંતિકરં૦* ના શુદ્ધિપત્રકના આધારે કરી છે.) ✍ **મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી**

## 248. सत्तरसविहे संजमे के सत्तरसविहे असंजमे?

હાલમાં પ્રતિક્રમણમાં શ્રમણપ્રતિક્રમણસૂત્રમાં सत्तरसविहे असंजमे પાઠ પ્રચલિત છે અને ઉપાધ્યાય *શ્રીમાનવિજયજી* કૃત *ધર્મસંગ્રહપ્રકરણ*માં પણ આ જ પાઠ સ્વીકૃત છે.

પરંતુ *આવશ્યકનિર્યુક્તિ*ની *શ્રીહરિભદ્રસૂરિજી* રચિત વૃત્તિમાં શ્રમણપ્રતિક્રમણસૂત્રના વિવેચનમાં નીચે મુજબનો પાઠ છે -

सप्तदशविधे संयमे। सप्तदशविधे- सप्तदशप्रकारे संयमेऽसति[29] तद्विषयो वा प्रतिषिद्धकरणादिना प्रकारेण योऽतिचारः कृतः इति।

અર્થ : - સત્તર પ્રકારનો સંયમ ન પાળવારૂપ જે અતિચાર કરાયો હોય અથવા સત્તર પ્રકારનો સંયમ પાળતી વખતે પણ જે પ્રતિષિદ્ધ હોય તેનું મન-વચન-કાયાથી જે આચરણ કરાયું હોય તે અતિચાર.

શ્રમણપ્રતિક્રમણસૂત્રમાં एगविहे असंजमे તો આવે જ છે. માટે ફરીથી सत्तरसविहे असंजमे બોલવાને બદલે सत्तरसविहे संजमे પાઠ વધારે ઉચિત નથી લાગતો? વળી *શ્રીહરિભદ્રસૂરિજી* ભગવંતે આ જ પાઠ સ્વીકાર્યો છે તે ધ્યાનાર્હ છે.

**મુનિ શ્રીત્યાગમંડનવિજયજી**

* * *

---

29 શ્રીપ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા – તપોવન તરફથી પ્રકાશિત સાનુવાદ *આવશ્યકનિર્યુક્તિ* – ભાગ – ૬ માં અત્રે सप्तदशप्रकारे संयमे सति પાઠ લીધો છે. અને તેનું વિવરણ આમ કર્યું છે – સત્તર પ્રકારનું સંયમ હોતે છતે = તેની હાજરીમાં અથવા સત્તરપ્રકારના સંયમવિષયક પ્રતિષિદ્ધનું કરણ વિગેરે પ્રકારવડે જે અતિચાર કરાયો. (જોડણી જેમ હતી તેમ છાપી છે.) – આમાં પ્રશ્ન એ થાય કે સંયમની હાજરીમાં જે અતિચાર થાય એ પ્રતિષિદ્ધના આચરણસ્વરૂપ જ હોવાનો. તો 'અથવા'થી જે વિકલ્પ સૂચવાય છે તેનું શું? ખરેખર તો એવું લાગે છે કે અત્રે संयमेऽसति પાઠ જ હોવો જોઈએ. અને अप्पडिलेहणाए તથા दुप्पडिलेहणाए ની જેમ સંયમનું અપાલન અથવા પ્રતિષિદ્ધ પ્રકારે પાલન – એમ બે પ્રકારે અતિચાર સમજવા જોઈએ.

## 249. साहरिज्जमाणे जाणइ કે પછી न जाणइ?

*કલ્પસૂત્ર*માં ગર્ભસંહરણકાળે મૂળમાં **न जाणइ** એ પ્રમાણેનો પાઠ મળતો હોવાથી ઘણાબધા ટીકાકારોએ એ પાઠને આધારે અર્થ બેસાડવાનો પ્રયત્ન કર્યો છે કે પ્રભુ જાણતાં હોવા છતાંય હરિણૈગમેષી દેવની કાર્યકુશળતા જણાવવા न जाणइ એમ વિધાન કરાયું છે. પરંતુ *આચારાંગસૂત્ર* તેમજ *આવશ્યકસૂત્ર*માં न जाणइ ને બદલે साहरिज्जमाणे जाणइ આ પ્રમાણેનો જ પાઠ છે જે વ્યવસ્થિત રીતે સરળતાથી બેસી જાય છે અને પ્રાયઃ દરેક ટીકાકાર ભગવંતોએ પોત-પોતાની ટીકામાં *આચારાંગસૂત્ર*ની વાતનો ઉલ્લેખ અને એને સમર્થન આપતી વાત તો કરી જ છે કે साहरिज्जमाणे जाणइ એ પણ બરાબર છે વગેરે. તો શું *કલ્પસૂત્ર*માં साहरिज्जमाणे न जाणइ ને બદલે साहरिज्जमाणे जाणइ એવો જે *આચારાંગસૂત્ર, આવશ્યકસૂત્ર*નો પાઠ છે તેના આધારે સુધારો ન કરી શકાય ?

તથા *શ્રીઆચારાંગસૂત્ર* – સં. - *શ્રીપુણ્યકીર્તિવિજયજી* મ. અને *શ્રીઆચારાંગસૂત્ર-ભાવાનુવાદ* - સં. પં. *શ્રીરત્નજ્યોતવિજયજી* મ. આ બન્નેયમાં साहरिज्जमाणे जाणइ ને બદલે साहरिज्जमाणे न जाणइ એમ સુધાર્યું છે જે બરાબર જણાતું નથી. કારણ કે કલ્પસૂત્રની *કલ્પલતા, કિરણાવલી, સુબોધિકા* તથા *દીપિકા* જેવી ટીકાઓમાં *શ્રીઆચારાંગસૂત્ર*નું साहरिज्जमाणे वि याणइ અથવા साहरिज्जमाणे वि जाणइ આવા પ્રકારનું સ્પષ્ટ ઉદ્ધરણ ટાંક્યું છે, જેનાથી સિદ્ધ થાય છે કે *શ્રીઆચારાંગસૂત્ર*માં તો न નથી જ. વર્તમાન વિદ્વાનોએ પણ न जाणइ ને બદલે जाणइ પાઠને જ સ્વીકાર્યો છે.

**મુનિ શ્રીશીલચન્દ્ર-કુમુદચન્દ્રવિજયજી**

* * *

# *इदमत्र चिन्त्यम्...*

## 250. બૃહદ્ ગુરુવંદન તે લઘુ પ્રતિક્રમણ?

*ગુરુવંદનભાષ્ય*માં ૩૮ અને ૩૯ મા ક્રમે इरियाकुसुमिणुसग्गो... અને इरिआचिइवंदणपुत्ति... આ બે ગાથાઓ આવે છે. *જૈન શ્રેયસ્કર મંડળ* – મહેસાણા તરફથી પ્રકાશિત ત્રણ ભાષ્યના વિવેચનવાળા પુસ્તકમાં ૩૮ મી ગાથાની અવતરણિકા આ પ્રમાણે આપવામાં આવી છે - "પ્રભાતનું પ્રતિક્રમણ કરવાના નિયમવાળાએ કોઈ વખતે પ્રતિક્રમણની સામગ્રીના અભાવે અથવા તેવી શક્તિના અભાવે આ ગાથામાં દર્શાવેલી વિધિ પ્રમાણે બૃહદ્ ગુરુવંદન તો અવશ્ય કરવું જોઈએ. એ બૃહદ્ ગુરુવંદન તે લઘુ પ્રતિક્રમણ ગણાય છે". તેમ જ ૩૯ મી ગાથાની અવતરણિકામાં પણ તે ગાથોક્ત વિધિને લઘુ પ્રતિક્રમણ જ ગણાવવામાં આવી છે - "હવે આ ગાથામાં સાંજે કરવા યોગ્ય બૃહદ્ ગુરુવંદન અથવા સાંજના લઘુ પ્રતિક્રમણનો વિધિ દર્શાવે છે".

આ પ્રકારના વિવેચન પરથી સામાન્ય રીતે એમ સમજવામાં આવે છે કે પ્રતિક્રમણ ન કરનાર વ્યક્તિ આ ગાથાઓમાં દર્શાવેલી વિધિ પ્રમાણે લઘુ પ્રતિક્રમણ કરી લે તો ચાલે. અને પ્રતિક્રમણ કરનાર વ્યક્તિએ આ વિધિ કરવાની જરૂર રહેતી નથી. પરંતુ વાસ્તવમાં આવું તાત્પર્ય આ ગાથાઓનું સમજવું યોગ્ય જણાતું નથી. કેમ કે મૂળે આ ગાથાઓ જે શ્રાવક શ્રમણોની માંડલીમાં તેઓની સાથે પ્રતિક્રમણ ન કરે તેણે કઈ વિધિથી બૃહદ્ ગુરુવંદન કરવું જોઈએ તે જણાવે છે. જુઓ શાસ્ત્રપાઠ –

येन च प्रतिक्रमणं मण्डल्यां कृतं न स्यात् तेन विधिना बृहद्वन्दनं दातव्यम्। तद्विधिश्चैवं भाष्ये – इरिआ...। (*ધર્મસંગ્રહ* – ગાથા – ૬૨ ની વૃત્તિ)

આના પરથી સમજાય છે કે જે શ્રાવક માંડલીમાં ગુરુભગવંત સાથે પ્રતિક્રમણ ન કરે તેને ગુરુસમક્ષ આલોચનાદિ કરવાના બાકી હોવાથી બૃહદ્ ગુરુવંદનસ્વરૂપ આ ક્રિયા કરવાની હોય છે. એટલે આ વિધિ મુખ્ય પ્રતિક્રમણ ક્રિયાના વિકલ્પરૂપ છે અને પ્રતિક્રમણ કરનાર વ્યક્તિએ આ વિધિ કરવાની જરૂર રહેતી નથી એ બંને પ્રરૂપણાઓ અસંગત ભાસે છે.

✎ त्रै.

* * *

## 251. મુનિ *શ્રીજંબૂવિજયજી* સંપાદિત पञ्चसूत्रकम् ના બે પાઠ વિષે વિચારણા

→ પૃષ્ઠ ૨૩, પંક્તિ – ૬ માં **किंविशिष्टं किम्? इत्याह** એવો પાઠ છે. ટિપ્પણીમાં **किंविशिष्टमित्याह** એવો પણ એક પાઠાન્તર દર્શાવ્યો છે. આ પાઠાન્તર તરીકે દર્શિત પાઠ મૂળમાં લેવો વધારે યોગ્ય જણાય છે. કારણ કે **किंविशिष्टं** અને **किम्** એમ ઉભયનો ઉલ્લેખ ત્યારે જ થાય કે જ્યારે વિશેષણ અને વિશેષ્ય બંનેનો નિર્દેશ કરવાનો હોય. વિશેષ્યભૂત **सुहकम्मं**નું તો પૂર્વે જ કથન થઈ ગયું છે. હવે તેના જુદાં જુદાં વિશેષણો દર્શાવે છે. તેમાંથી જ એક વિશેષણ **पगिट्ठं**નો ઉપન્યાસ કરવામાં આવી રહ્યો છે. આથી તેના નિર્દેશ માટે **किंविशिष्टं** એવું એક જ પદ આવશ્યક છે. **किम्** એવું બીજું પદ, વિશેષ્યના નિર્દેશના અભાવે, નિરર્થક સાબિત થાય છે.

→ પૃષ્ઠ ૩૦, પંક્તિ – ૨૩ **विवागदारुणं च त्ति** એવો સૂત્રપાઠ છે. ટિપ્પણીમાં જણાવ્યા મુજબ ત્રણ પ્રતોમાં આ પાઠ ઉપલબ્ધ નથી. મૂળસૂત્રમાં આ પાઠ ન હોવો તે જ યોગ્ય જણાય છે. કારણ કે સ્વોપજ્ઞટીકામાં આ પાઠની ટીકા કરવામાં આવી નથી આવી. જેમ **एयं हियं** ના હેતુરૂપે **सुन्दरपरिणामत्वेन** એવું વિધાન કરવામાં આવ્યું છે, તેમ જ **विसेसओ अविहिगहणेणं** ના હેતુરૂપે **विपाकदारुणत्वात्** એવું વિધાન જ સમજવું જોઈએ. તથા જો **विवागदारुणं च त्ति** એ પદની ટીકા કરવી હોય તો **विपाकदारुणं** એવો દ્વિતીયાન્તનો જ પ્રયોગ કરવો પડે, હેતુ દર્શાવવા તરીકે પંચમ્યન્તનો પ્રયોગ ન થાય. આથી મૂળસૂત્રમાં **विवागदारुणं च त्ति** એવો પાઠ ન હોવો જોઈએ એમ વધુ યોગ્ય લાગે છે.

**મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી**

* * *

## 252. *ધ્યાનશતક*ના પં. *શ્રીધીરજભાઈ ડાહ્યાલાલ મહેતા* લિખિત વિવેચનમાં કેટલાંક વિચારણીય સ્થાનો

૧. ગાથા - ૧ ની વૃત્તિમાં **रिभियपयक्खरसरला मिच्छितरतिरिच्छ-सगिरपरिणामा** એવી એક ગાથા છે. વિવેચનમાં ગાથાગત **मिच्छितर** શબ્દનો અર્થ

'મિથ્યાદૃષ્ટિથી ઇતર એટલે કે સમ્યગ્દૃષ્ટિ' એવો કરવામાં આવ્યો છે. આમ અર્થ કરવાથી તો ફલિતાર્થ એવો થશે કે ભગવાનની વાણી સમ્યગ્દૃષ્ટિ અને તિર્યંચ માટે પોત-પોતાની ભાષામાં પરિણામ પામનારી હોય છે. પ્રશ્ન એ થાય કે ભગવાનની દેશના સાંભળવા તો મિથ્યાદૃષ્ટિઓ પણ આવે જ છે, તો પછી શું તેઓની ભાષામાં ભગવાનની વાણી પરિણામ નહિ પામતી હોય? આથી આ સમસ્યાના નિવારણ માટે मिच्छितर શબ્દનો અર્થ આવો કરવો જોઈએ - મ્લેચ્છ એટલે અનાર્ય અને ઇતર એટલે આર્ય. ફલિતાર્થ આમ થશે કે આર્ય, અનાર્ય અને તિર્યંચોની પોત-પોતાની ભાષામાં પરિણામ પામનારી. જો કે, मिच्छ એટલે મિથ્યાત્વી અને इतर એટલે સમ્યક્ત્વી એમ પણ અર્થ કરી શકાય. તો પણ સામાન્ય રીતે આવા સ્થાને मिच्छितरનો અર્થ મ્લેચ્છ અને ઇતર એવો થતો હોય છે.

આ જ ગાથામાં રહેલા सगिरपरिणामा પદનો અર્થ આ પ્રમાણે કરવામાં આવ્યો છે - 'એક જ વાર બોલવાથી પરિણામ પમાડનારી' (પૃષ્ઠ - ૫). જરૂરી નથી કે ભગવાનની દેશના એક જ વાર સાંભળવાથી દરેક જીવને બોધપ્રાપ્તિ થઈ જાય. આથી सगिरपरिणामाનો અર્થ સ્વગિરા - પોત-પોતાની ભાષામાં પરિણામ પામનારી એવો જ કરવો જોઈએ.

૨. ગાથા - ૨૨ ની વૃત્તિમાં આ પ્રમાણે બે વાક્યો છે - अन्ये पुनरिदं गाथाद्वयं चतुर्भेदमप्यार्तध्यानमधिकृत्य साधोः प्रतिषेधरूपतया व्याचक्षते, न च तदत्यन्त-सुन्दरम्, प्रथम-तृतीयपक्षद्वये सम्यगाशङ्काया एवाऽनुपपत्तेः। પૃષ્ઠ - ૩૪ ઉપર જે વિવેચન કરવામાં આવ્યું છે તેનો ભાવ આ પ્રમાણે સમજાય છે - "અન્ય કેટલાક આચાર્યો આ બંને ગાથાને આર્તધ્યાનના ચારેય ભેદ સાથે જોડીને 'સાધુ મહાત્મા આ બે ગાથામાં કહ્યા પ્રમાણે રોગચિકિત્સાદિ કરાવે તો તેમને ચારમાંથી એક પણ પ્રકારનું આર્તધ્યાન સંભવતું નથી' એમ કહે છે. પરંતુ તેમની આ વાત સુંદર નથી. કારણ કે મુનિનું ચિત્ત ઇષ્ટાનિષ્ટબુદ્ધિથી પર હોવાથી તેમને પ્રથમ (- અનિષ્ટવિયોગ) અને તૃતીય (- ઇષ્ટસંયોગ) ભેદનો સંભવ જ નથી. તો પછી તેનો નિષેધ કરવાની જરૂર જ શી છે? સાધુને વેદનાનો સંભવ હોવાથી દ્વિતીય (- રોગચિકિત્સા) ભેદનો અને મિથ્યાત્વના ઉદયથી ચોથા ભેદનો સંભવ છે. તેથી તે બે ભેદના નિષેધની જ આવશ્યકતા છે."

સૌ પ્રથમ જે બે ગાથાને આશ્રયીને આ આખી ચર્ચા છે તે જોઈ લઈએ -

मज्झत्थस्स उ मुणिणो सकम्मपरिणामजणियमेयं ति।
वत्थुस्सभावचिंतण-परस्स सम्मं सहंतस्स।।११।।
कुणओ य पसत्थालंबणस्स पडियारमप्पसावज्जं।
तवसंजमपडियारं च सेवओ धम्ममणियाणं।।१२।।

બંને ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છે કે જો મુનિ મધ્યસ્થભાવે, વસ્તુસ્વભાવનું ચિંતન કરવાપૂર્વક વેદનાને સમ્યક્ સહન કરતાં અલ્પસાવદ્યવાળો પ્રતિકાર કરે તો તે તેમના માટે રોગચિકિત્સારૂપ ત્રીજું આર્તધ્યાન નથી થતું, અને સાંસારિક દુઃખોથી મુક્તિ મેળવવાની ઈચ્છાથી તેનો તપ અને સંયમરૂપ પ્રતિકાર કરે તો પણ તેવો પ્રતિકાર તેમના માટે ધર્મધ્યાન બને છે, નિદાનરૂપ ચોથું આર્તધ્યાન નથી થતું.

હવે, ટીકાકાર ભગવંત अन्ये... ઈત્યાદિ વચનો દ્વારા જે કહેવા ઈચ્છે છે તેનો આશય આ પ્રમાણે સમજાય છે - કેટલાક આચાર્યો આ બે ગાથાને ચારેય પ્રકારના આર્તધ્યાન સાથે સાંકળીને 'સાધુને ચારેય પ્રકારના આર્તધ્યાનના ભેદો આર્તધ્યાનરૂપે નથી હોતા' તેમ કહે છે. પરંતુ તે વાત યોગ્ય નથી, કારણ કે રોગચિકિત્સા અને તપ-સંયમરૂપ પ્રતિકાર અંગે 'આ સમ્યગ્ હોઈ શકે' તેવી વિચારણા થઈ શકે છે. પરંતુ અનિષ્ટવિયોગ અને ઈષ્ટસંયોગમાં સારાપણાની વિચારણા કોઈ રીતે સંભવતી નથી. આ બે ભેદો તો રાગ-દ્વેષથી જ જન્ય હોય છે. તેથી આ બે આર્તધ્યાન મુનિને પણ આર્તધ્યાનરૂપે જ રહે છે, ધર્મધ્યાન નથી બનતા.

વિવેચનકારનું 'મુનિ મહાત્માનું ચિત્ત ઈષ્ટાનિષ્ટબુદ્ધિથી પર હોવાથી તેમને પ્રથમ અને ત્રીજો ભેદ સંભવતા જ નથી, આથી તેનો નિષેધ કરવાની જરૂર જ નથી' આવું વિધાન અસામંજસ્યથી ભરેલું છે. રતિ-અરતિ મોહનીયનો ઉદયવિચ્છેદ આઠમા ગુણઠાણે થાય છે. તેથી મુનિને પણ ઈષ્ટાનિષ્ટબુદ્ધિ હોય છે જ અને પ્રથમ તથા તૃતીય આર્તધ્યાન સંભવે જ છે. વિવેચનકારે કહ્યું છે કે 'સાધુમાં મિથ્યાત્વના ઉદયથી નિયાણાનો સંભવ છે'. પહેલી વાત તો આ વિધાન જ અત્યંત અસ્વીકાર્ય છે. સાધુ હોય તેને મિથ્યાત્વનો ઉદય કઈ રીતે સંભવે? અને મિથ્યાત્વનો ઉદય હોય તો સાધુપણું કઈ રીતે સંભવે? આથી આ પ્રમાણે તો સાધુને ક્યારેય નિદાનાત્મક ચતુર્થ આર્તધ્યાન સંભવશે જ નહિ, પણ શાસ્ત્રમાં તો કહ્યું જ છે. ખરી વાત એ છે કે નિયાણું મિથ્યાત્વના ઉદયથી જ સંભવે તેવું જરૂરી નથી. આથી ચોથા-પાંચમા-છટ્ઠા ગુણઠાણે પણ નિયાણું સંભવે જ છે.

૩. ગાથા - ૩૫ ની વૃત્તિમાં આ પ્રમાણે એક ગાથા છે –

जूइयर-सोल-मेंठा चट्टा उब्भायगादिणो जे य।
एए होंति कुसीला वज्जेयव्वा पयत्तेणं।।

આ ગાથાના વિવેચનમાં **સોલ**નો અર્થ 'કલાલ- માંસ વેચનાર, કાપાકાપી કરનાર' એવો કરવામાં આવ્યો છે. તથા **મેંઠ** અને **ચટ્ટ** નો અર્થ નથી આપ્યો. આ શબ્દોની અર્થગવેષણા કરતાં વિવિધ અર્થો જાણવા મળ્યા. અધ્યયન દરમ્યાન મુનિ *શ્રીત્રૈલોક્યમંડનવિજયજી* મહારાજે જણાવ્યા પ્રમાણે *બૃહત્કલ્પલઘુભાષ્ય* - ગાથા - ૨૦૬૬ની વૃત્તિમાં **મિંઠ** શબ્દનો અર્થ 'હાથીની સંભાળ રાખનાર મહાવત' આપ્યો છે અને **સોલ** શબ્દનો અર્થ 'ઘોડાની સંભાળ રાખનાર' આપ્યો છે[30]. *ધ્યાનશતક*ના પૂર્વાચાર્યકૃત *અર્થલેશ*માં **जूइय-रसोल-मेंठा** આ પ્રમાણે પ્રથમ ચરણ છે. **जूइय** શબ્દનો અર્થ 'દ્યૂતકાર અથવા યુવતિ' કર્યો છે. **रसोल** શબ્દનો અર્થ 'રાજાના રસોઈયા' એવો કર્યો છે ને તેઓ માંસાદિ પકાવતા હોવાથી કુશીલ છે એમ કહ્યું છે. **મેંઠ** શબ્દનો અર્થ ઉપર મુજબ 'મહાવત' જ કર્યો છે. **ચટ્ટ** શબ્દનો અર્થ 'લેખશાલિક' કર્યો છે અને તે હાસ્યશીલ હોવાથી કુશીલ ગણાવ્યા છે[31]. *ધ્યાનશતક*ની *દીપિકા*માં પણ **जूइय-रसोल-मेंठा** એ પ્રમાણે જ પ્રથમ ચરણ છે. **जूइय** શબ્દનો અર્થ 'દ્યૂતકાર' કર્યો છે. **रसोल** શબ્દનો અર્થ 'આરક્ષક અથવા કલ્પપાલ' કર્યો છે. **મેંઠ** શબ્દનો અર્થ 'હાથી-ઘોડા સંભાળનાર' કર્યો છે. તથા **ચટ્ટ** શબ્દનો અર્થ 'છાત્ર, દાસ વગેરે' કર્યો છે[32]. આમ, અનેક અર્થો કરવામાં આવ્યા છે. પ્રાયઃ બધા જ અર્થો સંગત થાય છે.

**મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી**

* * *

30 मिण्ठाः = गजपरिवर्तकाः, सोलाः = तुरगचिन्तानियुक्ताः।

31 द्यूती = द्यूतकारो युवतिर्वा। रसोलाः = राज्ञो रसवतीकाराः, तत्र मांसादिसंस्कारादेते कुशीलाः। मिंठाः = हस्तिपालाः। चट्टाः = लेखशालिका, ते हास्यशीला अतः कुशीलाः।

32 द्यूतिनो = द्यूतिकाराः, रसोलाः = स्थानपाला आरक्षकाद्याः, रसोलाः = कल्पपाला वा, मिंठाः = अश्वेभाद्युपासकाः, चट्टाः = छात्रदासादयः।

## 253. ગોબહુલ – વિશેષણ કે નામ?

*શ્રીકલ્પસૂત્ર*માં બીજા અને છટ્ઠા વ્યાખ્યાનમાં ગોશાલકનું કથાનક આવે છે. ત્યાં ગોશાલક નામ રાખવાનું કારણ આ પ્રમાણે જણાવાયું છે - **गोबहुलब्राह्मणगोशालायां जातत्वाद् गोशालनामा...।** (द्वितीयः क्षणः–*सुबोधिका*वृत्तिः) **...बहुलद्विज-गोशालायां**[33] **जातत्वात् गोशालनामा...।** (षष्ठः क्षणः-*सुबोधिका*वृत्तिः) આ બંને વિધાનોનો *ખીમશાહી*માં અનુક્રમે આ પ્રમાણે અનુવાદ થયો છે - "ઘણી ગાયોવાળી બ્રાહ્મણની ગોશાળામાં તે જન્મ્યો હતો, તેથી તેનું નામ ગોશાલો પડ્યું છે." (બીજું વ્યાખ્યાન) "તે ગામમાં ઘણી ગાયોવાળા કોઈ બ્રાહ્મણની ગોશાળામાં સુભદ્રાએ એક પુત્રને જન્મ આપ્યો, તે બાળક ગોશાળામાં જન્મ્યો, તેથી તેનું ગોશાલ નામ પડ્યું." (છટ્ઠું વ્યાખ્યાન)

આમ, *ખીમશાહી*માં એક જ **गोबहुल** શબ્દને એકવાર ગોશાળાનું વિશેષણ બનાવ્યું છે અને એકવાર બ્રાહ્મણનું. ખરેખર **गोबहुल** ને નથી ગોશાળાનું વિશેષણ બનાવવાનું કે નથી બ્રાહ્મણનું. કારણ કે **गोबहुल** એ તો બ્રાહ્મણનું નામ - સંજ્ઞા છે, એને વિશેષણ કઈ રીતે બનાવાય? *શ્રીભગવતીસૂત્ર*માં પંદરમા શતકમાં ગોશાળાનું કથાનક આવે છે, ત્યાં **गोबहुल** નો બ્રાહ્મણની સંજ્ઞા તરીકે જ ઉલ્લેખ છે એમ વડીલો પાસેથી જાણવા મળ્યું છે - **तत्थ णं सरवणे सन्निवेसे गोबहुले णामं माहणे परिवसति... गोबहुलस्स माहणस्स गोसालाए एगदेसंसि वासावासं उवागए।** (सूत्र – ६३८) આથી *સુબોધિકા*ગત વાક્યનો આ પ્રમાણે અનુવાદ થવો જોઈએ - "ગોબહુલ નામના બ્રાહ્મણની ગોશાળામાં તે જન્મ્યો હતો, તેથી તેનું 'ગોશાળો' નામ પડ્યું છે".

**મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી**

* * *

33 'ते लुग्वा '– (*સિદ્ધહેમ૦* - ૩।૨।૧૦૮) અનુસાર બહુલ પ્રયોગ પણ થઈ શકે છે. તેથી કોઈ વિરોધ ન જાણવો.

## 254. ઋષિ ગજસુકુમાલ અંગે!

ગજસુકુમાલ મુનિ સ્મશાનમાં સોમીલ સસરા દ્વારા કરાયેલ ઉપસર્ગ (માટીની પાળ માથા પર બાંધી તેમાં બળતા અંગારા મૂકયા વગેરે) થી ચલિત થયા વિના સમભાવમાં જ રહ્યા - આ પ્રમાણેનું કથન સર્વવિદિત છે. પણ હમણાં *સંથારયપઈણ્ણય* વાંચતાં તેમાં સાવ જુદી જ વાત જોવા મળી. ત્યાં ગાથા - ૮૭ માં આમ લખ્યું છે કે -

आसी गयसुकुमालो अल्लयचम्मं व कीलयसएहिं।
धरणीअले उव्विद्धो तेणवि आराहिअं मरणं।।

ભાવાર્થ - ભીના ચામડાની જેમ ગજસુકુમાલ મુનિવર સેંકડો ખીલાઓ દ્વારા પૃથ્વીતળને વિષે વીંધાયા - જડી દેવાયા. તો પણ તેઓ દ્વારા મરણની આરાધના કરાઈ.

અહીંયા ગજસુકુમાલ મુનિને ખીલાઓ વડે વીંધવાની વાત જે વર્ણવાઈ છે તે વિચારણીય લાગે છે. પ્રાયઃ આવા પ્રકારની ઘટના તો અન્યત્ર ક્યાંય જોવા મળતી નથી. આ સંબંધને સ્પષ્ટ કરવા મુનિ *શ્રીદીપરત્નસાગરજી* કૃત ગૂર્જરછાયાને તપાસતાં તેઓએ પણ પ્રયત્નપૂર્વક અર્થ બેસાડી છેલ્લે કૌંસમાં લખ્યું છે કે 'આ કથાનકમાં કંઇ મિશ્રણ થયાનો સંભવ છે'. તો આ સ્થળે ઘટતું શું કરી શકાય? ✎ **મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી**

* * *

[ગજસુકુમાલ નામના મહર્ષિ એક જ નથી થયા તે વાત ધ્યાનમાં લઈએ તો આવી વાતનું સમાધાન સહેલાઈથી થઈ શકે. જેમ કે *મરણસમાધિપ્રકીર્ણક* – ગાથા – ૪૯૩ માં ગજપુર નગરના કુરુદત્ત નામના રાજાના પુત્ર ગજસુકુમાલ નામના મહર્ષિએ જુદા જ પ્રકારનો પરીષહ સહન કરવાપૂર્વક સમાધિ પ્રાપ્ત કરી તેની કથા આવે છે. ✎ **त्रै.**]

# *પ્રકીર્ણ*

## 255. *ધર્મસંગ્રહ*ગ્રંથની કેટલીક વિચારણીય વાતો – ૧

૧. सम्यक्त्वाणुव्रतादिश्राद्धधर्मरहिता नमस्कारगुणनजिनार्चनवन्दनाद्यभिग्रहभृतः श्रावकाभासाः श्राद्धधर्मस्य पार्श्वस्थाः। (*ધર્મસંગ્રહ* – ગાથા – ૨૩ ની વૃત્તિમાં અપાયેલ *ઉપદેશરત્નાકર*નું ઉદ્ધરણ) - સમ્યક્ત્વ અને અણુવ્રત વગેરે શ્રાદ્ધધર્મથી રહિત હોવા છતાં નમસ્કારનો જાપ કરવો, જિનેશ્વરોને વંદન કરવું વગેરે અભિગ્રહ ધારણ કરતાં હોય તેવા ખોટા શ્રાવકો શ્રાદ્ધધર્મના પાર્શ્વસ્થ ગણાય છે! આપણે ફક્ત ચોક્કસ પ્રકારના આચારવિચાર ધરાવતા સાધુઓ માટે જ પાર્શ્વસ્થ શબ્દ પ્રયોજીએ છીએ અને તેવાની સાથે કેવો વ્યવહાર કરવો તેની ચર્ચા-વિચારણા કરીએ છીએ. પણ આવા પાર્શ્વસ્થ શ્રાવકો અંગે પણ કોઈ ચર્ચા-વિચારણા કરવી જરૂરી નથી લાગતી?

૨. સામાન્યથી કર્મસાહિત્યમાંથી પ્રાપ્ત થતી સમજણ અનુસાર અનંતાનુબંધી વગેરે ૧૨ કષાયોના ઉદયથી સમ્યક્ત્વ વગેરે ગુણોનો ઘાત થતો હોવાથી તે કર્મો સર્વઘાતી ગણાય છે. પરંતુ *ધર્મસંગ્રહ* – ગાથા – ૪૨ ની વૃત્તિમાં નોંધાયેલો એક અન્ય મત કે જે *શતકચૂર્ણિ* પર આધારિત છે તે અનુસાર અનંતાનુબંધી વગેરે ૧૨ કષાયોના ઉદયથી સર્વવિરતિનો જ ઘાત થાય છે, અને એટલા માટે જ આ કર્મો સર્વઘાતી ગણાય છે. બાકી, અનંતાનુબંધી વગેરે ૧૨ કષાયોના ઉદયથી સમ્યક્ત્વ વગેરે ગુણોનો ઘાત જ થાય એવો નિયમ નથી. મૂળ પાઠ – अनन्तानुबन्ध्यादिकषायद्वादशकस्य सर्वघातित्वेनाऽभिधानात् तदुदये सम्यक्त्वादीनां भङ्ग एवेति। तदयुक्तम्, सर्वविरत्यपेक्षयैव सर्वघातित्वेन तस्य *शतकचूर्णौ* व्याख्यातत्वात्, न तु सम्यक्त्वाद्यपेक्षमिति। "भगवयप्पणीयं पंचमहव्वयमइअं अट्ठारससीलंगसहस्सकलिअं चारित्तं घायंति त्ति सव्वघाइणो"। આ અનુસાર વિચારીએ તો કોઈ જીવ અનંતાનુબંધી જેવો કષાય કરતો દેખાય એટલે આપણી સહજ મતિ એને સમ્યક્ત્વભ્રષ્ટ માનવા તરફ પ્રેરાય છે તે વાત વિચારણીય બને છે.

૩. આગમસાહિત્યને વિચ્છેદમાંથી ઉગારી લેવા સૌપ્રથમ *શ્રીદેવર્ધિગણિ* ભગવંતે ૫૦૦ આચાર્યોને ભેગા કરીને વલભીપુરમાં લેખનનો પ્રયત્ન કર્યો એવી વ્યાપક પ્રસિદ્ધિ છે.

પરંતુ *ધર્મસંગ્રહ* – ગાથા – ૫૯ ની વૃત્તિમાં જણાવ્યા મુજબ એમનાથી પૂર્વે પણ આર્ય *નાગાર્જુન* અને આર્ય *સ્કંદિલ* દ્વારા આગમોને પુસ્તકારૂઢ કરવાનો પ્રયત્ન થયો હતો – जिनवचनं दुष्षमाकालवशादुच्छिन्नप्रायमिति मत्वा भगवद्भिर्नागार्जुन-स्कन्दिलाचार्यप्रभृतिभिः पुस्तकेषु न्यस्तम्।

૪. શ્રાવકો દ્વારા થતી ધૂપપૂજા તો સાક્ષાત્ પ્રભુના દેહને જ સ્પર્શે છે તો એને અંગપૂજા જ ન ગણવી જોઈએ? એવો પ્રશ્ન ઘણા વખતથી મનમાં થયા કરતો હતો. પણ વ્યાપક પ્રસિદ્ધિ તો એને અગ્રપૂજા અંતર્ગત ગણવાની જ છે એટલે સંશય રહેતો હતો. પરંતુ *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૧ ની વૃત્તિમાં ધૂપપૂજાને અંગપૂજા જ ગણાવી છે. એટલે એ વાત નિઃશંક બની. જુઓ - ... कृष्णागुर्वादिधूपोत्क्षेपगन्धवासप्रक्षेपाद्यपि सर्वमङ्गपूजायामन्तर्भवति। ... तत्र धूपो जिनस्य वामपार्श्वे कार्य इत्यङ्गपूजा।

૫. આજે ઘણે ઠેકાણે અનુકંપા કરવાનો નિષેધ કરવામાં આવે છે. ખાસ કરીને અનુકંપાથી આપેલ ધનનો જો દુરુપયોગ થાય તો તેનું પાપ આપનાર વ્યક્તિના માથે જ ચોંટે એમ કહીને ડરાવવામાં આવે છે. મેડિકલ ક્ષેત્રે સહાય કરવાનો નિષેધ પણ આવી જ કોઈક માન્યતામાંથી નીપજતો હોય છે. પરંતુ *ધર્મસંગ્રહ* – ગાથા – ૫૯ ની વૃત્તિમાં સ્પષ્ટ વિધાન મળે છે કે દીન-હીન જીવોને તો 'આ પાત્ર છે કે અપાત્ર છે, આને આપવું કલ્પે કે ન કલ્પે' આવો કોઈ પણ વિચાર કર્યા વગર જ કેવળ કરુણાથી જ અનુકંપાદાન આપવાનું હોય છે. સ્વયં તીર્થંકર પણ વર્ષીદાન વખતે પાત્ર-અપાત્ર જીવનો વિવેક કર્યા વગર જ કરુણાથી દાન આપતાં હોય છે. જુઓ મૂળ પાઠ – दीनेषु तु अविचारितपात्रापात्रमविमृष्टकल्प्याकल्प्यप्रकारं केवलयैव करुणया स्वधनस्य वपनं न्याय्यम्। भगवन्तो हि निष्क्रमणकालेऽनपेक्षितपात्रापात्रविभागं करुणया सांवत्सरिकदानं दत्तवन्त इति। એટલે અનુકંપાનો નિષેધ કરતાં પૂર્વે આવાં વચનો પર ગંભીરતાથી વિચાર કરવાની જરૂર જણાય છે.

૬. અત્યારે શ્રમણવર્ગ દ્વારા શ્રાવકોને નિત્ય અષ્ટપ્રકારી પૂજા કરવાની પ્રેરણા રૂડી રીતે થતી હોય છે. આ પ્રવૃત્તિ અનેક રીતે અનુમોદનીય હોવા છતાં તેનું સૌથી મોટું અનિષ્ટ એ દેખાય છે કે અસમયે આવનાર ભાગ્યશાળી પણ અષ્ટપ્રકારી પૂજાનો લાભ લેવા માટે થોડા સમય પહેલાં થયેલી પૂજાને પણ નિર્માલ્ય તરીકે ઉતારીને નવેસરથી પ્રક્ષાલ વગેરે કરે છે. એક

જ દિવસમાં એક જ ભગવાન પર ૫-૭ વખત પ્રક્ષાલાદિ થતું હોય તે નજરે જોયેલું છે. આને ઘોર અવિનય સિવાય બીજું કશું જ નામ આપવાનું મન નથી થતું. આશ્ચર્ય તો ત્યારે થાય કે આવું કરનાર ભાગ્યશાળી પોતે પૂજા કરતી વખતે "જળ ભરી સંપુટ પત્રમાં..." એ દૂહો લલકારે. એને આ દૂહો બોલતી વખતે એટલો વિચાર પણ ન આવે કે તદ્દન અનભિજ્ઞ જ ગણી શકાય તેવા યુગલિકોએ પણ ફરીથી પ્રભુ પર અભિષેક કરવાને બદલે ફક્ત અંગૂઠા પર જળધારા કરીને સંતોષ માન્યો હતો. એટલો વિનય-વિવેક તો એમનામાં પણ હતો. સ્વયં શક્રે એમના આ વિનય-વિવેકથી રાજી થઈને વિનીતા નગરી વસાવી હતી. ઘણી વખત મનમાં પ્રશ્ન થતો હતો કે શાસ્ત્ર આવી પ્રવૃત્તિને સમર્થન આપતું હશે કે કેમ?

હમણાં *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૧ ની વૃત્તિ વાંચતાં આવી પ્રવૃત્તિનો જુદી દૃષ્ટિથી પણ સ્પષ્ટપણે નિષેધ ફરમાવતો પાઠ જડ્યો – यदि च प्राक् केनाऽपि पूजा कृता स्यात् तदा विशिष्टान्यपूजासामग्र्यभावे तां नोत्सारयेत्, भव्यानां तद्दर्शनजन्यपुण्यानुबन्धि-पुण्यबन्धस्याऽन्तरायप्रसङ्गात्। किन्तु तामेव विशेषयेत्। અર્થ – જો કોઈએ પણ પહેલાં પૂજા કરેલી હોય તો વિશિષ્ટ પૂજાસામગ્રી વગર તેને દૂર કરવી જોઈએ નહીં. કેમ કે એમ કરવાથી ભવ્ય જીવોને પહેલાંની પૂજા જોઈને જે પુણ્યાનુબંધી પુણ્યનો લાભ થતો હોય તેમાં અંતરાય કરવાનો દોષ લાગે. શક્ય હોય તો પહેલાંની પૂજાને જ વધુ વિશિષ્ટ બનાવવી. અષ્ટપ્રકારી પૂજા કરવાની પ્રેરણા કરતી વખતે વિનય-વિવેકની શીખ પણ સાથે જ અપાય તેવી અપેક્ષા રહે જ.

૭. શ્રાવકને તમામ પ્રત્યાખ્યાન दुविहं तिविहेणं જ હોય તેવું જરૂરી નથી. કેટલાંક પ્રત્યાખ્યાન तिविहं तिविहेणं પણ હોઈ જ શકે. જેમ કે – સ્વયંભૂરમણ સમુદ્રના મત્સ્યોના માંસનું પ્રત્યાખ્યાન, અવસ્થાવિશેષમાં હાથીના દાંત, ચિત્તાનું ચામડું વગેરે માટે સ્થૂલહિંસા ન કરવાનું પ્રત્યાખ્યાન, કોઈ પણ કારણસર પ્રવ્રજ્યા ન લઈ શકનાર વ્યક્તિ દ્વારા પ્રતિમાનો સ્વીકાર – આ બધાં પ્રત્યાખ્યાનો तिविहं तिविहेणं કરાવી જ શકાય છે. જો કે આવાં પ્રત્યાખ્યાનો અલ્પ જ હોવાથી શાસ્ત્રોમાં એમનો બહુ નિર્દેશ મળતો નથી. મૂળ પાઠ – यः किल प्रविव्रजिषुः पुत्रादिसन्ततिपालनाय प्रतिमाः प्रतिपद्यते, यो वा विशेषं स्वयम्भूरमणादिगतं मत्स्यादिमांसं दन्तिदन्त-चित्रकचर्मादिकं स्थूलहिंसादिकं वा

क्वचिदवस्थाविशेषे प्रत्याख्याति, स एव त्रिविधं त्रिविधादिना करोतीत्यल्पविषयत्वान्नोच्यते। (*ધર્મસંગ્રહ* – ગાથા – ૨૪ ની વૃત્તિ). આના આધારે વિશેષ કારણોસર શ્રાવકને પણ तिविहं तिविहेणं પ્રત્યાખ્યાન કરાવવામાં બાધ જણાતો નથી.

૮. જિનબિંબની સામે ક્રિયા કરતી વખતે ત્યાં સ્થાપનાચાર્ય સ્થાપવાની જરૂર હોતી નથી. કેમ કે ભાવતીર્થંકરમાં સર્વપદોની સત્તા હોવાથી તેમના બિંબમાં પણ સર્વપદોની સ્થાપના સમજવી જોઈએ. મૂળ પાઠ – न तु जिनबिम्बस्याऽपि पुरतः स्थापनाचार्यः स्थापनीयो, यतस्तीर्थकरे सर्वपदभणनात् तद्बिम्बेऽपि सर्वपदस्थापनाऽवसीयते। (*ધર્મસંગ્રહ* – ગાથા – ૬૧ ની વૃત્તિ). આમ કહ્યા પછી ત્યાં *વ્યવહારભાષ્ય*ની આ પ્રરૂપણાને સંગત ઠરાવતી ગાથાઓ પણ ઉદ્ધૃત થઈ છે. વાત તો જાણે બરાબર જ છે. પણ પ્રશ્ન એ છે કે તો પછી નાણસમક્ષ થતી ક્રિયાઓમાં પણ શા માટે સ્થાપનાચાર્ય જરૂરી ગણાય છે? તીર્થંકરના બિંબમાં સર્વપદોની સ્થાપના સમજીને સર્વ ક્રિયાઓ નાણસમક્ષ ન કરી શકાય? જો કે નાણસમક્ષ થતી ક્રિયાઓમાં પણ સ્થાપનાચાર્ય જરૂરી ગણાય તેમ સર્વ સમુદાયો સ્વીકારે જ છે, તો પણ પ્રશ્ન ફક્ત ઉપરોક્ત પાઠ જેવા પાઠોની સંગતિનો છે.

૯. શ્રાવકોને ચાર ખમાસમણથી અરિહંત વગેરેને વંદન કર્યા પછી 'ઇચ્છકારી સમસ્ત શ્રાવક વંદું' એમ બોલવાનું વિધાન પરંપરાથી ચાલ્યું આવે છે. પરંતુ હમણાં એક શ્રાવકે એમ જણાવ્યું કે પોતે આવું કરતાં હતા તો કોઈક સાધુભગવંતે આવી રીતે પ્રતિક્રમણમાં શ્રાવકોને વંદન કરવા તે અવિધિ છે એમ કહીને તે બંધ કરાવ્યું. તે ભગવંતે શા માટે આને અવિધિ ગણી હશે તે ખબર નથી. પરંતુ આમ કરવું તે શાસ્ત્રસંમત પણ છે જ. જુઓ *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૫ ની વૃત્તિ – चतुरादिक्षमाश्रमणैः श्रीगुरून् वन्दते।... श्राद्धस्तु तदनु 'समस्तश्रावको वंदुं' इति भणति। આ સિવાય આર્ય *રક્ષિત*ની કથામાં પણ, તેમણે આચાર્યને વંદન કર્યાં, પણ પાસે બેઠેલા શ્રાવકને વંદન ન કર્યાં, એટલે ગુરુએ તેમને જૈન મતના જાણકાર નથી તેમ ઓળખી કાઢ્યા તેવી વાત આવે જ છે. સમવસરણમાં સ્વયં તીર્થંકરની હાજરીમાં પણ અલ્પર્ધિક દેવ મહર્ધિક દેવને નમસ્કાર કરીને પછી જ દેશના સાંભળવા બેસે તેવી વાત આવે

જ છે. તો આવી રીતે પરંપરા અને શાસ્ત્ર – ઉભયસંમત પ્રવૃત્તિને અવિધિ ગણવામાં કોઈ વજૂદ જણાતું નથી.

૧૦. પક્ખીસૂત્ર વખતે અમુક સમુદાયોમાં કાયોત્સર્ગપૂર્વક તે સાંભળવાની પરંપરા છે, તો અન્યત્ર બે હાથ જોડીને પણ સાંભળવામાં આવે છે. શ્રાવકો ઘણીવાર આવી નાનીનાની વાતોને લઈને નિરર્થક ચર્ચાઓ કરતાં હોય છે. તો સાધુઓ પણ અમારી સામાચારી સાચી તેવી માન્યતામાં રાચતાં હોય છે. વાસ્તવમાં સામાચારીના આવા નાનાનાના ભેદો એટલા ધ્યાનપાત્ર હોતા પણ નથી. જેમ કે પ્રસ્તુતમાં જ પક્ખીસૂત્ર કાયોત્સર્ગપૂર્વક સાંભળો કે બે હાથ જોડીને સાંભળો – બંને વાત શાસ્ત્રસંમત જ છે. જુઓ – **इतरे च क्षमाश्रमणपूर्वं संभलेमि त्ति भणित्वा यथाशक्ति कायोत्सर्गादौ स्थित्वा शृण्वन्ति।** (*ધર્મસંગ્રહ* – ગાથા – ૬૫ ની વૃત્તિ) આમાં આદિશબ્દથી કાયોત્સર્ગ સિવાયની કોઈ પણ યોગ્ય મુદ્રા સમજી શકાય તેમ છે.

૧૧. શ્રાવકો જો સાધુ સાથે માંડલીમાં પ્રતિક્રમણ કરતાં હોય અને એમને જો શ્રાવકપ્રતિક્રમણસૂત્ર ન આવડતું હોય તો તેને બદલે ૫૦ નવકાર ગણાવવાની પરંપરા છે. જેને સમર્થન આપતા પ્રશ્નોત્તરો વગેરે પણ મળી શકે. પરંતુ, પ્રતિક્રમણ સાથે નવકારના સ્મરણને શું નિસબત તે પ્રશ્ન તો રહે જ. જો કે પાક્ષિક ખામણાં કે પાક્ષિકસૂત્રના સ્થાને *સેનપ્રશ્ના*દિના કથન અનુસાર પરંપરાથી અનુક્રમે ચાર નવકાર કે શ્રાવકપ્રતિક્રમણસૂત્ર બોલાવીએ ત્યાં પણ આ પ્રશ્ન તો ઊભો જ રહે છે. તો પણ આ બે પ્રશ્નોમાં મહત્ત્વનો તફાવત એ છે કે પાક્ષિક ખામણાં કે પાક્ષિકસૂત્ર શ્રાવકોને બોલવાનાં હોતાં જ નથી એટલે શ્રમણોની ગેરહાજરીમાં વૈકલ્પિક વિધાનની સાર્થકતા છે. એ જ રીતે શ્રમણોની ગેરહાજરીમાં શ્રાવકને જો શ્રાવકપ્રતિક્રમણસૂત્ર નથી જ આવડતું તો ૫૦ નવકાર ગણ્યા સિવાય અન્ય વિકલ્પ જ તેની પાસે નથી. પરંતુ શ્રમણોની હાજરીમાં જ, શ્રમણપ્રતિક્રમણસૂત્ર બોલાતું હોવા છતાં, શ્રાવકને શ્રાવકપ્રતિક્રમણસૂત્ર ન આવડતું હોય તેવા સંજોગોમાં પ્રશ્ન થાય કે જો શ્રાવકપ્રતિક્રમણસૂત્ર નથી જ આવડતું તો તેને બદલે વૈકલ્પિક વિધાન તરીકે વધારે યોગ્ય શું ગણાય - ૫૦ નવકારનો જાપ કે શ્રમણપ્રતિક્રમણસૂત્રનું શ્રવણ? આ પ્રશ્ન ઘણા વખતથી મનમાં રહે છે. *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૫ ની વૃત્તિમાં આ અંગે એક દિશાનિર્દેશ મળ્યો તે ફક્ત વિચારવા ખાતર રજૂ કરું છું.

મૂળે પ્રશ્ન એ થયો છે કે જે શ્રાવકે જે વ્રત લીધાં જ નથી તેના અતિચારો સંબંધિત પ્રતિક્રમણની તેને શું જરૂર? ત્યાં જવાબ અપાયો છે કે વ્રત ભલે ન લીધું હોય તો પણ તેના અતિચારોનું ઉચ્ચારણ-શ્રવણ વગેરે કરવાથી તે તે વ્રતગ્રહણ ન કર્યું, તે વિશે અશ્રદ્ધા કરી વગેરેની શુદ્ધિ તો થાય જ છે અને એ રીતે જોઈએ તો જે વ્રત લીધાં જ નથી તેના પણ અતિચારો સંબંધિત પ્રતિક્રમણ સાર્થક જ ગણાય. આ કારણથી જ પ્રતિમાનો અંગીકાર ન કરનારા શ્રમણ ભગવંતો પણ एगारसहिं उवासगपडिमाहिं, बारसहिं भिक्खुपडिमाहिं એમ પ્રતિક્રમણ કરતાં જ હોય છે. તો સામો તર્ક એ થયો કે શ્રાવકે જેમ તે તે અણુવ્રત, ગુણવ્રત કે શિક્ષાવ્રત નથી લીધાં અને છતાં તેના પણ પ્રતિક્રમણની સાર્થકતા છે, તો તેની જેમ જ શ્રાવકે મહાવ્રત પણ નથી લીધાં તો તેના પણ પ્રતિક્રમણની સાર્થકતા ઘટાવી જ શકાય. તો પછી શ્રાવકોને શ્રમણપ્રતિક્રમણસૂત્રનું જ શ્રવણ કેમ નથી કરાવતા? શ્રાવકપ્રતિક્રમણસૂત્ર કરતાં તો શ્રમણપ્રતિક્રમણસૂત્ર મોટી વાત ગણાય. આનો ખુલાસો ત્યાં આમ અપાયો છે –

ननु यद्येवं तदा साधुप्रतिक्रमणसूत्रेणैव प्रतिक्रामतु इति चेत्? अनुमतमेतत्, को वा किमाह? केवलं श्रावकप्रतिक्रमणसूत्रमणुव्रतादिविषयस्य प्रतिषिद्धाचरणस्य प्रपञ्चाभिधायकत्वेन सोपयोगतरमिति तेन ते प्रतिक्रामन्तीति *पञ्चाशकवृत्तौ।*

અર્થ – જો આ વાત આ રીતે જ સમજવાની હોય તો શ્રાવકોને શ્રમણપ્રતિક્રમણ-સૂત્રથી જ પ્રતિક્રમણ કરાવો ને! શા માટે અલગથી શ્રાવકપ્રતિક્રમણસૂત્ર બોલાવો છો? ઉત્તર – શ્રાવકોને શ્રમણપ્રતિક્રમણસૂત્રથી પ્રતિક્રમણ કરાવી જ શકાય. તે વાત શાસ્ત્રસંમત જ છે. માત્ર શ્રાવકો માટે શ્રાવકપ્રતિક્રમણસૂત્ર પોતાનાં વ્રતોની અપેક્ષાએ વધુ ઉપયોગી હોવાથી તેનાથી તેને પ્રતિક્રમણ કરાવાય છે એમ *પંચાશકજી*ની વૃત્તિમાં જણાવાયું છે.

આનું તાત્પર્ય ગ્રહણ કરીએ તો એમ તરત સમજાય કે શ્રાવકોને શ્રાવકપ્રતિક્રમણસૂત્ર વધુ ઉપયોગી હોવાથી જ તેનું ઔત્સર્ગિક વિધાન છે. પણ જો તે ન જ આવડતું હોય તો શ્રમણપ્રતિક્રમણસૂત્ર એના માટે નિરુપયોગી તો નથી જ. કેમ કે ઉપરોક્ત પાઠમાં જ શ્રાવકપ્રતિક્રમણસૂત્રને सोपयोगतर કહ્યું છે તેનો મતલબ તો એ જ થાય કે શ્રમણપ્રતિક્રમણ-સૂત્ર પણ તેના માટે ઉપયોગી તો છે જ. વળી, શ્રાવકોને શ્રમણપ્રતિક્રમણસૂત્રથી પ્રતિક્રમણ

કરાવવું શાસ્ત્રસંમત પણ છે જ. તો આપવાદિક પરિસ્થિતિમાં અતિચારોના પ્રતિક્રમણની દૃષ્ટિએ કયો વિકલ્પ વધુ ઉચિત કહેવાય - ૫૦ નવકારનો જાપ કે શ્રમણપ્રતિક્રમણસૂત્રનું શ્રવણ? મિત્ર મુનિવરો પોતાના વડીલ ભગવંતો સાથે વિચારણા કરીને પ્રત્યુત્તર પાઠવે તેવી નમ્ર અપેક્ષા.

૧૨. શ્રાવકોને વ્યાખ્યાન વાંચવાનો અધિકાર ખરો કે નહીં? તે પ્રશ્ન (ખાસ કરીને લાયકાતના સંદર્ભમાં) ઘણીવાર ચર્ચાતો રહે છે. શ્રાવકોને વિહિત પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં ધર્મકથાનો પણ સમાવેશ છે. તેથી આ અધિકાર અંગે આમ તો પ્રશ્ન ન જ થવો જોઈએ. તો પણ *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૫ ની વૃત્તિમાં આનું સરસ સમાધાન જડ્યું – ननु श्रावकस्य धर्मकथनेऽधिकारोऽस्ति? अस्तीति ब्रूमः। गीतार्थादधिगतसूत्रार्थस्य गुरुपरतन्त्र-वचनस्य तस्यैव सूत्रार्थस्य कथने को नाम नाऽधिकारः? “पढइ सुणेइ गुणेइ जणस्स धम्मं परिकहेइ” इत्यादिवचनात्। આના આધારે વ્યાખ્યાન વાંચી શકે તેવા શ્રાવકોની ત્રણ લાયકાત સમજાય – ૧) તેણે ગીતાર્થો પાસે સૂત્ર અને અર્થનું ગ્રહણ કર્યું હોય. ૨) ગુરુના પારતંત્ર્યને વશવર્તી રહીને જ તે બોલે, સ્વચ્છંદમતિથી નહીં. પોતાના વ્યાખ્યાનને લીધે શ્રમણોની ઉપેક્ષા કે તિરસ્કાર થાય કે શાસનની અને શ્રીસંઘની હીલના વગેરે થાય તેવું તે કદાપિ ન બોલે. ૩) તેણે ગીતાર્થો પાસે જે સૂત્ર અને અર્થનું ગ્રહણ કર્યું હોય તેનું જ તે નિર્ભેળ કથન કરે. તેમાં પોતાના ઘરનું કશું ન ઉમેરે. આટલી લાયકાત જે સાચવી શકે તે શ્રાવકોને જ ધર્મકથન કરવાનો શાસ્ત્ર અધિકાર આપે છે.

૧૩. નમસ્કાર મહામંત્રનો જાપ કે મહાવ્રતોનું સ્મરણ વગેરે યોગોની પ્રવૃત્તિ સ્વાધ્યાય અંતર્ગત ગણી શકાય તેવું આપણે ત્યાં પરંપરાથી પ્રસિદ્ધ તો છે જ અને અનેક શાસ્ત્રોની તેમાં સંમતિ પણ છે. તો પણ ઘણી વખત ફરીફરીને એના વિશે શંકા ઉઠાવાય છે. તેથી તે સંબંધી શાસ્ત્રપાઠ – ततो विश्रामणकरणानन्तरं स्वाध्यायस्याऽणुव्रतविध्यादि-स्मरणस्य नमस्कारादिपरावर्तनस्य वाचनादिपञ्चविधस्य वा करणम्। આ પાઠમાં સ્પષ્ટપણે અણુવ્રત કે વિધિ વગેરેનું સ્મરણ, નમસ્કાર મહામંત્ર વગેરેનું પરાવર્તન અને વાચના વગેરે પાંચ પ્રકાર – આ બધાંને જ સ્વાધ્યાયરૂપ ગણ્યાં છે.

૧૪. પાક્ષિક પ્રતિક્રમણમાં **संबुद्धाखामणेणं** વખતે પ્રાયઃ ૩ જ વડીલોને વંદન થતાં હોવાનું જાણમાં છે. પરંતુ *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૫ ની વૃત્તિ તેમ જ *મહોપાધ્યાયજી* રચિત *પ્રતિક્રમણહેતુગર્ભિત સ્વાધ્યાય*માં જો બે સાધુ શેષ રહેતા હોય તો પાક્ષિક પ્રતિક્રમણમાં પણ ૩ ને બદલે ૫ વંદન કરવાની પ્રરૂપણા મળે છે. તો આ વિધિનું ક્યાંય પ્રચલન ખરું? (જો બે સાધુ શેષ રહેતા હોય તો **संबुद्धाखामणेणं** વખતે ચાતુર્માસિક પ્રતિક્રમણમાં ૫ અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૭ વંદન થાય એ તો જાણીતી વાત છે.)

એ જ રીતે સાંવત્સરિક પ્રતિક્રમણમાં **पत्तेअखामणेणं** વખતે પણ આ વખતે ત્રણ ભિન્ન-ભિન્ન સામાચારી જાણવા મળી. એક ઠેકાણે જેટલા સાધુ હોય તે સઘળાને વંદન થયાં, છેલ્લા સાધુને શ્રાવકોએ કર્યાં. બીજે સાધુ વધારે હતા તો પણ **संबुद्धाखामणेणं** ની જેમ ૭ ને જ વંદન થયાં. તો ત્રીજે સ્થળે બે શેષ રાખીને સઘળા સાધુને વંદન કરવામાં આવ્યાં. *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૫ ની વૃત્તિના આધારે તો પાક્ષિક પ્રતિક્રમણમાં **पत्तेअखामणेणं** વખતે બે શેષ રાખીને સઘળા સાધુને વંદન કરવાનું વિધાન સમજાય છે. તો ચાતુર્માસિક-સાંવત્સરિક પ્રતિક્રમણમાં પણ **पत्तेअखामणेणं** વખતે તેમ જ હોવું જોઈએ એમ લાગે. એની સામે *પ્રતિક્રમણહેતુગર્ભિત સ્વાધ્યાય*માં પાક્ષિક પ્રતિક્રમણમાં **संबुद्धाखामणेणं** ની જેમ જ **पत्तेअखामणेणं** વખતે પણ ૩ કે ૫ વંદનની જ વાત છે. અને ચાતુર્માસિક-સાંવત્સરિક પ્રતિક્રમણમાં કશો વિશેષ નિર્દેશ નથી કર્યો એટલે તેમાં પણ **पत्तेअखामणेणं** વખતે **संबुद्धाखामणेणं** ની જેમ જ ૫-૭ ને જ વંદન કરવાનું અર્થાત્ પ્રાપ્ત થાય છે. તો આ ભિન્ન-ભિન્ન સામાચારીઓનું એકીકરણ કરી શકાય ખરું? (અમારા સમૂહ પૂરતી વાત કરું તો ત્રણે પ્રતિક્રમણમાં **संबुद्धाखामणेणं** વખતે અને **पत्तेअखामणेणं** વખતે એકસરખી રીતે અનુક્રમે ૩, ૫ અને ૭ વંદનની સામાચારી છે. પણ તેમાં પણ વિચારણાનો અવકાશ છે જ.)

એક આડ વાત – ∑ 201 (૧૪.૩૩) સાથે *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૫ ની વૃત્તિમાં પ્રરૂપિત પ્રત્યેકક્ષમાપનાની સામાચારીને સરખાવવા જેવી છે. છેલ્લાં ૨૦૦-૨૫૦ વર્ષોમાં જ આપણે ત્યાં કેટલું બદલાઈ ચૂક્યું છે તે એમાંથી સમજાશે.

૧૫. દૈવસિક કે રાત્રિક પ્રતિક્રમણમાં જે ચાર નિયત દ્વાદશાવર્ત વંદન થાય છે તે અનુક્રમે આલોચના-પ્રતિક્રમણ, ક્ષમાપનાસ્વરૂપ વંદન, આચાર્યાદિ સર્વસંઘ અને જીવરાશિ સાથે ક્ષમાપના અને પ્રત્યાખ્યાન કે ષડાવશ્યકનિવેદન માટે હોય છે એમ શાસ્ત્રીય પ્રરૂપણા

છે. જુઓ – तत्र प्रथममालोचनवन्दनकम्, द्वितीयं क्षमणकवन्दनकम्, तृतीयमाचार्यादिसर्वसङ्घस्य क्षमणकपूर्वमाश्रयणाय, चतुर्थं प्रत्याख्यानवन्दनकमिति। (*ધર્મસંગ્રહ* – ગાથા – ૬૫ ની વૃત્તિ) આશય એ છે કે મૂળભૂત રીતે દ્વાદશાવર્ત વંદન ગુરુના અવગ્રહક્ષેત્રમાં પ્રવેશ કરીને તે તે ગુરુસમક્ષ જ કરી શકાય (કેમ કે ગુરુસાક્ષીએ થનારાં કાર્યો માટે અવગ્રહમાં જવું જરૂરી હોતું નથી.) તેવાં કાર્યો માટે હોય છે. અને એટલે જ પહેલા, બીજા અને ચોથા વંદનમાં અવગ્રહક્ષેત્રમાં પ્રવેશ કર્યા પછી અનુક્રમે આલોચના-પ્રતિક્રમણ, ક્ષમાપનાસ્વરૂપ વંદન અને ષડાવશ્યકનિવેદન કરીને પછી જ આપણે અવગ્રહક્ષેત્રમાંથી બહાર નીકળતાં હોઈએ છીએ. તો ત્રીજા વંદન વખતે પણ આપણે ખરેખર જે કાર્ય માટે અવગ્રહક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે, તે આચાર્યાદિ સર્વસંઘ અને જીવરાશિ સાથે ક્ષમાપનારૂપ કાર્ય કરીને (आयरिय उवज्झाये... નો પાઠ કરીને) પછી જ અવગ્રહક્ષેત્રમાંથી બહાર નીકળવું જોઈએ તેવું સમજાય છે અને અમારે ત્યાં એવી જ સામાચારી છે. જાણવા મળ્યા મુજબ અનેક આચાર્ય ભગવંતોના માર્ગદર્શનમાં તૈયાર થયેલ *પ્રબોધટીકા*માં પણ आयरिय उवज्झाये... નો પાઠ કરીને પછી જ અવગ્રહક્ષેત્રમાંથી બહાર નીકળવું તેવો નિર્દેશ છે. (પુસ્તકના અભાવે સંદર્ભ નોંધી શકાયો નથી.)

પરંતુ *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૫ ની વૃત્તિમાં તેમ જ *પ્રતિક્રમણહેતુગર્ભિત સ્વાધ્યાય* ઢાળ – ૪, ગાથા – ૬,૭ માં અવગ્રહક્ષેત્રમાંથી બહાર નીકળ્યા પછી आयरिय उवज्झाये... નો પાઠ કરવાનું વિધાન છે. *પ્રતિક્રમણહેતુગર્ભિત સ્વાધ્યાય*માં તો ત્રીજા વંદનનો હેતુ આચાર્યાદિ સર્વસંઘ અને જીવરાશિ સાથે ક્ષમાપનાને સ્થાને હવે પછી થનારા કાયોત્સર્ગને ગણાવાયો છે. જે પણ અવગ્રહક્ષેત્રથી બહાર રહીને જ થાય છે. તો आयरिय उवज्झाये... નો પાઠ કે કાયોત્સર્ગ જેને પણ હેતુ ગણીએ તે જો અવગ્રહક્ષેત્રથી બહાર રહીને જ કરવાનો હોય તો અવગ્રહક્ષેત્રમાં પ્રવેશ શા માટે તે સમજવું મુશ્કેલ બને છે. (પૂર્વોક્ત સમજણમાં એવો પ્રશ્ન ઊભો થતો નથી.) તો આનું સમાધાન શું હોઈ શકે?

૧૬. कुसुमिण दुसुमिण ના કાયોત્સર્ગમાં જો રાગ-દ્વેષાત્મક કે મૈથુનવિરમણ સિવાયના ૪ મહાવ્રતના ખંડનાત્મક સ્વપ્ન આવ્યું હોય તો ૧૦૦ શ્વાસોચ્છ્વાસનો અને મૈથુનવિરમણ મહાવ્રતના ખંડનાત્મક સ્વપ્ન આવ્યું હોય તો ૧૦૮ શ્વાસોચ્છ્વાસનો કાયોત્સર્ગ કરવાનું વિધાન જાણીતું છે. પણ આપણે ૧૦૮ શ્વાસોચ્છ્વાસના કાયોત્સર્ગ માટે

सागरवरगंभीरा સુધી ૪ લોગસ્સ ગણીએ છીએ. તેને બદલે *ધર્મસંગ્રહ* – ગાથા – ૯૦ ની વૃત્તિમાં <u>चंदेसु निम्मलयरा સુધી ૪ લોગસ્સ ગણીને પછી ઉપર એક નવકાર</u> ગણવાનું વિધાન છે. વળી, *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૦ ની વૃત્તિમાં જણાવ્યા મુજબ તો **कुसुमिण दुसुमिण** ના કાયોત્સર્ગમાં *શ્રીદશવૈકાલિકસૂત્ર*ના મહાવ્રતો સંબંધિત આલાપક (જે પ્રાયઃ ૨૫ શ્લોકપ્રમાણ જ છે) કે અન્ય કોઈ પણ ૨૫ શ્લોક ગણી શકાય તેવો નિર્દેશ પણ *શ્રીવ્યવહારભાષ્ય*ની સાક્ષી આપીને કર્યો છે. તો આપણે ત્યાં સૌ માટે એકસરખો सागरवरगंभीरा સુધી ૪ લોગસ્સનો કાયોત્સર્ગ ક્યારથી નિયત થયો હશે?

*ધર્મસંગ્રહ* અંતર્ગત વિચારણીય વાતોને જ અહીં સમાવિષ્ટ કરવાનું વિચાર્યું છે. અન્યથા આ મહાગ્રંથ અનેક ગ્રંથોના સારભૂત હોઈને એમાં નવી નવી તો અઢળક વાતો ભરી છે. જે અહીં લખવા કરતાં મૂળ ગ્રંથ જ વાંચી લેવાની વિનંતિ કરવી સહેલી પડે. ✍ **त्रै.**

* * *

## 256. પહેલી આરતી કે મંગલદીવો ?

હમણાં એક ભાઈએ પ્રશ્ન પૂછ્યો કે મંગલદીવો કરતી વખતે કપૂર શા માટે પ્રગટાવાય છે? જવાબ આમ અપાયો કે આગના આકર્ષણથી આવી પડનારાં પતંગિયાં વગેરે જીવજંતુઓની રક્ષા કરવા માટે કપૂરનો પ્રયોગ કરવામાં આવે છે. તેની સુગંધથી તે જીવો જ્યોતની નજદીક જ ન આવે. અને બીજું કારણ એ પણ હોઈ શકે કે આનાથી અમંગળનું ઉપશમન થઈ જાય. અર્થાત્ દુષ્ટ દેવાદિનો ઉપદ્રવ ન થાય. તો પુનઃ પ્રશ્ન આવ્યો કે આ બધાં કારણોથી કપૂર પ્રગટાવાય એ વાત મગજમાં તો બેસી જાય છે, તો પછી આરતીના સમયે કેમ નહીં? પહેલાં તો આરતી ઉતારાય છે પછી મંગલદીવો. આ પ્રશ્નનું સમાધાન આ રીતે કરાયું કે પં. *શ્રીવીરવિજયજી* કૃત *સ્નાત્રપૂજા*માં છેલ્લે 'આતમભક્તિ મળ્યા...' અન્તર્ગત પાંચમી કડીમાં લખ્યું છે કે 'મંગલદીવો આરતી કરતાં...' અને અન્ય ઠેકાણે પણ પૂજા વગેરેમાં પહેલાં મંગલદીવો અને પછી આરતી – આમ જ બોલાતું જોવા મળે છે એટલે પૂર્વમાં પહેલાં ઉતારવામાં આવતો હશે. અને તે વખતે એકવાર પ્રગટાવી દીધેલ કપૂર આરતી સુધી આસાનીથી ચાલી જતું હશે. પણ પાછળથી એટલે કે છેલ્લા કેટલાંક વર્ષોથી આ ફેરફાર થઈ ગયો હોય એવું લાગે છે. બાકી પહેલાં મંગલદીવો હોવો જોઈએ એ વધુ યોગ્ય જણાય છે એમ અમને લાગે છે. આ વિષયમાં વિદ્વાનમિત્રો પોતાનો સ્વાધ્યાય રજૂ કરે.

**✍ ગણિ શ્રીપદ્મવિમલ-કલ્યાણપદ્મસાગરજી મ.**

## 257. શેમાં વધારે પાપ – અગ્નિ સળગાવવામાં કે બુઝાવામાં?

*શ્રીઆચારાંગસૂત્ર* – ૧.૧.૪.૩૯ ની વૃત્તિમાં *શ્રીભગવતીસૂત્ર*નો પાઠ ઉદ્ધૃત થયો છે - दो पुरिसा सरिसवया अन्नमन्नेहिं सद्धिं अगणिकायं समारंभंति, तत्थ णं एगे पुरिसे अगणिकायं समुज्जालेति, एगे विज्झवेति। तत्थ णं के पुरिसे महाकम्मयराए? के पुरिसे अप्पकम्मयराए? गोयमा! जे उज्जालेति, से महाकम्मयराए, जे विज्झवेति से अप्पकम्मयराए।

પ્રશ્ન : બે સરખી વયના પુરુષો એકસાથે અગ્નિકાયનો આરંભ કરે, તેમાં એક અગ્નિકાયને સળગાવે, અને બીજો તેને બુઝાવે, તેમાં વધારે કર્મબંધ કોને? અને ઓછો કોને?
જવાબ : હે ગૌતમ! જે બાળે તેને મહાન કર્મબંધ થાય, અને જે બુઝાવે તેને થોડોક કર્મબંધ થાય છે.

વર્તમાનમાં મોટાભાગના લોકો એવું માને છે કે લાઈટ ચાલુ કરવામાં છટ્ઠનું પાપ = ઓછું પાપ અને લાઈટ બંધ કરવામાં અટ્ઠમનું પાપ = વધારે પાપ. પ્રસ્તુત પાઠના પરિપ્રેક્ષ્યમાં આ માન્યતા વિચારણીય નથી લાગતી? ✒ **મુનિ શ્રીસિદ્ધસેનવિજયજી**

* * *

## 258. આ અવસર્પિણીમાં વૈતાઢ્ય પર વીજળી નહીં પડે!

*શ્રીમુનિદેવસૂરિ* કૃત અપ્રકાશિત *શ્રીશાંતિનાથમહાકાવ્ય*નું સંપાદન કરતાં જાણવા મળ્યું કે "આ અવસર્પિણીમાં વૈતાઢ્ય પર વીજળી નહીં પડે". તેનો શ્લોક આ પ્રમાણે છે -

न वैताढ्येऽवसर्पिण्यां, विद्युत्पातो भवेत् ततः।
तत्कन्दरान्तः सप्ताहं, सुखं निवसतु प्रभुः।। - २.४६

*શ્રીમુનિભદ્રસૂરિ* વિરચિત *શ્રીશાંતિનાથમહાકાવ્ય*માં પણ આ વાતનો ઉલ્લેખ જોવા મળે છે –

वैताढ्यशैले प्रवेरऽत्र काले, सौदामिनी नैव पतेत् ततश्च।
तत्कन्दरान्तः स्थितिमादधातु, स्वामी समाधाय दिनानि सप्त।। - ५.५३

✒ **મુનિ શ્રીતીર્થતિલકવિજયજી**

* * *

# *પ્રકરણસ્વાધ્યાય*

[કિટલાંક પ્રકરણોનો સ્વાધ્યાય કરવો અને તેની સરળ સમજૂતી લખવી તેવો ખ્યાલ ઘણા વખતથી મનમાં રમતો હતો. ક્ષયોપશમ, સમય, સંયોગો, પરિશ્રમવૃત્તિ આદિની વિભિન્નતાને લીધે સ્વાભાવિક રીતે સૌ સઘળાંયે પ્રકરણોનો સ્વાધ્યાય કરી જ શકે તેમ નથી હોતું. આવા સંયોગોમાં સ્વાધ્યાયસ્વરૂપ નોંધ ઘણી ઉપયોગી થાય તેમ લાગ્યું. તેથી આ અંકથી આ વિભાગનો આરંભ કર્યો છે.

આ વખતે *અનુસંધાન* – ૬૭, જૂન – ૨૦૧૫ માં પ્રકાશિત *શ્રીમુનિચંદ્રસૂરિજી* રચિત *કાલવિચારશતક* નામના પ્રકરણનો સ્વાધ્યાય રજૂ કર્યો છે. એક સ્પષ્ટતા કરવાની કે આ સ્વાધ્યાય તે પ્રકરણ સાથે પ્રકાશિત થયેલો જ છે. પરંતુ તે ઘણો ઉપયોગી જણાવાથી અને **શ્રુતસંવિભાગ** પરિવારના ઘણા મુનિઓએ તે નહીં જોયો હોય તેમ લાગવાથી તેનું શુદ્ધિ-વૃદ્ધિપૂર્વક અત્રે પુનઃ પ્રકાશન કર્યું છે. આવતા અંકે *ઉપાધ્યાયજી* રચિત *આરાધક-વિરાધક-ચતુર્ભંગી*નો સ્વાધ્યાય રજૂ કરવાની ભાવના છે. મિત્ર મુનિઓ પણ આ પ્રકારનો સ્વાધ્યાય મોકલી શકે છે. જો સ્વાધ્યાય પરિશ્રમપૂર્વક તૈયાર થયેલો છે તથા સરળ અને સરસ સમજૂતી પૂરી પાડે છે તેમ જણાશે તો આ વિભાગમાં પ્રકાશિત કરવામાં આવશે. પ્રમાણમાં કઠિન ગણાતાં પ્રકરણો પર જ હાથ અજમાવવા સૌને વિનંતિ છે. ✒ **ત્રૈ.**]

## 259. કાલવિચારશતક-સ્વાધ્યાય

કાલની ગણના પાંચ પ્રકારની હોય છે. અને તે દરેકમાં દિવસોની સંખ્યા જુદી જુદી હોય છે.

| **નામ** | **૧ માસના દિવસ** | **૧ વર્ષના દિવસ** |
|---|---|---|
| નક્ષત્ર | ૨૭ $\frac{૨૧}{૬૭}$ | ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ |
| ચાંદ્ર | ૨૯ $\frac{૩૨}{૬૨}$ | ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ |
| ઋતુ | ૩૦ | ૩૬૦ |
| રવિ | ૩૦ $\frac{૧}{૨}$ | ૩૬૬ |

| નામ | ૧ માસના દિવસ | ૧ વર્ષના દિવસ |
|---|---|---|
| અભિવર્ધિત | ૩૧$\frac{૧૨૧}{૧૨૪}$ | ૩૮૩$\frac{૪૪}{૬૨}$ |

→ **નક્ષત્રમાસ :**

અશ્વિની, ભરણી વ. ૨૮ નક્ષત્રોને ચંદ્ર જેટલા કાળમાં ભોગવે, તેટલો કાળ ૧ નક્ષત્રમાસ ગણાય છે.

૧૫ સમક્ષેત્રી નક્ષત્રો : ૧. અશ્વિની, ૨. કૃત્તિકા, ૩. મૃગશીર્ષ, ૪. પુષ્ય, ૫. મઘા, ૬. પૂર્વાફાલ્ગુની, ૭. હસ્ત, ૮. ચિત્રા, ૯. અનુરાધા, ૧૦. મૂળ, ૧૧. પૂર્વાષાઢા, ૧૨. શ્રવણ, ૧૩. ધનિષ્ઠા, ૧૪. પૂર્વભાદ્રપદા, ૧૫. રેવતી.

૬ અપાર્ધ ($\frac{૧}{૨}$) ક્ષેત્રી નક્ષત્રો : ૧. શતભિષક્, ૨. ભરણી, ૩. આર્દ્રા, ૪. આશ્લેષા, ૫. સ્વાતિ, ૬. જ્યેષ્ઠા.

૬ દ્વ્યર્ધ (૧$\frac{૧}{૨}$) ક્ષેત્રી નક્ષત્રો : ૧. ઉત્તરાફાલ્ગુની, ૨. ઉત્તરાષાઢા, ૩. ઉત્તરાભાદ્રપદા, ૪. પુનર્વસુ, ૫. રોહિણી, ૬. વિશાખા.

૧ અભિજિત્

| નક્ષત્રગણ | નક્ષત્ર સંખ્યા | ૧ નક્ષત્રનો ક્ષેત્રભાગ | કુલ ક્ષેત્ર-ભાગ | ૧ નક્ષત્રનો ચંદ્રભોગકાલ | કુલ ચંદ્ર-ભોગકાલ |
|---|---|---|---|---|---|
| અભિજિત્ | ૧ | ૬૩૦ | ૬૩૦ | ૯$\frac{૨૧}{૬૭}$ મુ. | ૯$\frac{૨૧}{૬૭}$ મુ. |
| સમક્ષેત્રી | ૧૫ | ૨૦૧૦ | ૩૦૧૫૦ | ૩૦ મુ. | ૪૫૦ મુ. |
| અપાર્ધક્ષેત્રી | ૬ | ૧૦૦૫ | ૬૦૩૦ | ૧૫ મુ. | ૯૦ મુ. |

| નક્ષત્રગણ | નક્ષત્ર સંખ્યા | ૧ નક્ષત્રનો ક્ષેત્રભાગ | કુલ ક્ષેત્ર-ભાગ | ૧ નક્ષત્રનો ચંદ્રભોગકાલ | કુલ ચંદ્ર-ભોગકાલ |
|---|---|---|---|---|---|
| દ્વ્યર્ધક્ષેત્રી | ૬ | ૩૦૧૫ | ૧૮૦૯૦ | ૪૫ મુ. | ૨૭૦ મુ. |
| કુલ | <u>૨૮</u> | - | <u>૫૪૯૦૦</u> | - | ૮૧૯$\frac{૨૧}{૬૭}$ મુ. |

ચંદ્ર ૧ મુહૂર્તમાં ૬૭ ક્ષેત્રભાગ ભોગવે છે. તેથી એક દિવસ = ૩૦ મુહૂર્ત = ૨૦૧૦ ક્ષેત્રભાગ. એટલે ૨૦૧૦ ક્ષેત્રભાગવાળા સમક્ષેત્રી નક્ષત્રને ચંદ્ર એક દિવસમાં ભોગવી લે. જ્યારે અપાર્ધક્ષેત્રી નક્ષત્રને ભોગવતાં ચંદ્રને અડધો દિવસ અને દ્વ્યર્ધક્ષેત્રી નક્ષત્રને ભોગવતાં દોઢ દિવસ લાગે. માટે ૨૮ નક્ષત્રના કુલ ક્ષેત્રભાગ ભોગવતાં ચંદ્રને ૨૭$\frac{૨૧}{૬૭}$ દિવસ લાગે. કેમ કે, ૫૪૯૦૦ ક્ષેત્રભાગ = ૮૧૯$\frac{૨૭}{૬૭}$ મુ. = ૨૭$\frac{૨૧}{૬૭}$ દિવસ. ૧ દિવસના ૩૦ મુહૂર્ત = ૮૧૦ મુહૂર્તના ૨૭ દિવસ. ૯$\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત વધે. આનું ગણિત કરતાં $\frac{૯ \times ૬૭}{૬૭} + \frac{૨૭}{૬૭} = \frac{૬૩૦}{૬૭}$ ભાગ થશે. તેને એક દિવસના $\frac{૨૦૧૦}{૬૭}$ થી ભાગતાં અને ૩૦ થી આનો છેદ ઉડાવતાં $\frac{૨૧}{૬૭}$ આવશે.
આમ એક નક્ષત્રમાસ ૨૭$\frac{૨૧}{૬૭}$ દિવસનો થાય છે.

→ **ચાંદ્રમાસ :**

ચંદ્રની ઉત્કૃષ્ટ કળા ૧૬ હોય છે. આ ઉત્કૃષ્ટ કળા માત્ર પૂનમના દિવસે જ હોય છે. ત્યારબાદ કૃષ્ણ પક્ષમાં દરેક તિથિએ ૧-૧ કળા ઘટતાં ઘટતાં અમાસના દિવસે ૧ કળાનો ચંદ્ર થાય છે. ત્યારબાદ શુક્લપક્ષ આરંભાતાં દરેક તિથિએ ૧-૧ કળા વધતાં પૂનમે ચંદ્ર પુનઃ ૧૬ કળાનો બને છે. આમ <u>૧૫ તિથિ કૃષ્ણપક્ષની અને ૧૫ તિથિ શુક્લપક્ષની મળીને ૩૦ તિથિનો ચાંદ્રમહિનો થાય છે.</u>
૧ તિથિ પૂરી થવાનો સમયગાળો $\frac{૬૧}{૬૨}$ દિવસ છે. માટે ૩૦ તિથિ પૂરી થવામાં લાગતો સમય $\frac{૬૧ \times ૩૦}{૬૨} = \frac{૧૮૩૦}{૬૨}$ દિવસ = ૨૯$\frac{૩૨}{૬૨}$ દિવસ જેટલો થાય છે અને તે ચાંદ્રમાસ ગણાય છે.
બીજી રીતે ગણીએ તો - એક કળાના ૬૧ ભાગ થાય છે. માટે ૧૫ કળાના ૯૧૫ ભાગ થાય છે. એક દિવસમાં ૬૨ ભાગ પસાર થાય છે. તેથી ૧૫ કળા = ૯૧૫ ભાગ પસાર થવામાં

$\frac{૯૧૫}{૬૨}$ = ૧૪$\frac{૪૭}{૬૨}$ દિવસ લાગે છે. માટે ૧૫ કળા વધવામાં ૧૪$\frac{૪૭}{૬૨}$ દિવસ અને ઘટવામાં ૧૪$\frac{૪૭}{૬૨}$ દિવસ - એમ કુલ મળીને ૨૯$\frac{૩૨}{૬૨}$ દિવસનો ચાંદ્રમહિનો થાય છે.

→ **ઋતુમાસ :**

આમાં કૃષ્ણપક્ષના ૧ થી ૧૫ દિવસ અને શુક્લપક્ષના ૧ થી ૧૫ દિવસ એમ ૩૦ દિવસનો મહિનો થાય છે. તેમાં કોઈ વધ-ઘટ થતી નથી. કૃષ્ણપક્ષની એકમથી આ મહિનો શરુ થાય છે, અને શુક્લપક્ષની પૂનમે મહિનો પૂરો થાય છે.

→ **સૂર્યમાસ :**

મેષ, વૃષભ વ. ૧૨ રાશિ છે. આ રાશિઓનો કુલ ક્ષેત્રભાગ નક્ષત્રોના કુલ ક્ષેત્રભાગ જેટલો જ છે, કેમ કે ૧૨ રાશિઓ જ જુદી ગણતરીથી ૨૮ નક્ષત્રમાં વહેંચાતી હોય છે. તેથી પૂર્વે દર્શાવેલા ૫૪૯૦૦ ક્ષેત્રભાગને ૧૨ રાશિથી ભાગીએ તો એક રાશિના ૪૫૭૫ ક્ષેત્રભાગ આવે.

સૂર્ય એક રાશિમાં સ્થિરતા કરે તેટલો કાળ ૧ સૂર્યમાસ ગણાય છે. સૂર્ય એક મુહૂર્તમાં ૫ ક્ષેત્રભાગ ભોગવે છે. તેથી ૪૫૭૫ ક્ષેત્રભાગ ભોગવતાં લાગતો કાળ = $\frac{૪૫૭૫}{૫}$ મુહૂર્ત = ૯૧૫ મુહૂર્ત = ૩૦$\frac{૧}{૨}$ દિવસ (એક મુહૂર્ત = $\frac{૪}{૧૫}$ પ્રહર = $\frac{૧}{૩૦}$ દિવસ). આમ ૩૦$\frac{૧}{૨}$ દિવસનો એક સૂર્યમાસ થાય છે.

→ **અભિવર્દ્ધિતમાસ :**

જે વર્ષમાં ૧૩ ચાંદ્રમાસ (એટલે કે અધિક મહિનો) હોય, તે વર્ષ અભિવર્દ્ધિત વર્ષ ગણાય છે. આ અભિવર્ધિત વર્ષના કુલ સમયગાળાને ૧૨ થી ભાગતાં જે જવાબ આવે તે અભિવર્દ્ધિતમાસ ગણાય છે.

અભિવર્દ્ધિત વર્ષમાં ૩૮૩$\frac{૪૪}{૬૨}$ દિવસો હોય છે. આ રાશિને સમ કરીએ તો $\frac{૩૮૩ \times ૬૨ + ૪૪}{૬૨}$ = $\frac{૨૩૭૯૦}{૬૨}$ દિવસ આવે. આને એક મહિનાના દિવસમાં ફેરવવા માટે ૧૨ થી ભાગવા હોય તો $\frac{૨૩૭૯૦}{૬૨} \div ૧૨ = \frac{૨૩૭૯૦}{૬૨ \times ૧૨}$ એમ છેદક ૬૨ ને ૧૨ થી ગુણી તેનાથી છેદ્ય સંખ્યા ૨૩૭૯૦

ને ભાગવી પડે. આમ કરતાં $\frac{૩૯૬૫}{૧૨૪}$ જવાબ આવે, જે એક મહિનાના દિવસો છે. આને જ બીજી રીતે ફેરવતાં $૩૧\frac{૧૨૧}{૧૨૪}$ જવાબ આવે. આ અભિવર્દ્ધિત માસનું પ્રમાણ છે.

→ **નક્ષત્રાદિવર્ષપ્રમાણ :**

નક્ષત્ર વ. દરેક માસની દિવસસંખ્યાને ૧૨ સાથે ગુણવાથી તે તે વર્ષની દિવસ સંખ્યા આવે છે.

આ માટેની પદ્ધતિ આવી છે. પહેલાં તે તે માસના દિવસોની અપૂર્ણાંક સંખ્યામાં જે છેદકસંખ્યા છે, તેની સાથે પૂર્ણ દિવસસંખ્યાને ગુણવી. મળેલા જવાબમાં અપૂર્ણાંકગત છેદ્યસંખ્યા ઉમેરવી. આ સંખ્યાને પછી ૧૨ સાથે ગુણી તેનો છેદકસંખ્યાથી ભાગાકાર કરવો. આમ કરવાથી મળતો જવાબ તે તે વર્ષની દિવસસંખ્યા સૂચવે છે. જેમ કે -

**નક્ષત્રમાસ** - $૨૭\frac{૨૧}{૬૭}$ દિવસ = $\frac{૨૭ \times ૬૭}{૬૭} + \frac{૨૧}{૬૭} = \frac{૧૮૦૯}{૬૭} + \frac{૨૧}{૬૭} = \frac{૧૮૩૦}{૬૭}$ દિવસ × ૧૨ = $\frac{૨૧૯૬૦}{૬૭} = ૩૨૭\frac{૫૧}{૬૭}$ દિવસનું નક્ષત્રવર્ષ

**ચાંદ્રમાસ** - $૨૯\frac{૩૨}{૬૨}$ દિવસ = $\frac{૨૯ \times ૬૨}{૬૨} + \frac{૩૨}{૬૨} = \frac{૧૭૯૮}{૬૨} + \frac{૩૨}{૬૨} = \frac{૧૮૩૦}{૬૨}$ દિવસ × ૧૨ = $\frac{૨૧૯૬૦}{૬૨} = ૩૫૪\frac{૧૨}{૬૨}$ દિવસનું ચાંદ્રવર્ષ

**ઋતુમાસ** - ૩૦ દિવસ × ૧૨ = ૩૬૦ દિવસનું ઋતુવર્ષ

**સૂર્યમાસ** - $૩૦\frac{૧}{૨}$ દિવસ = $\frac{૩૦ \times ૨}{૨} + \frac{૧}{૨} = \frac{૬૦}{૨} + \frac{૧}{૨} = \frac{૬૧}{૨}$ દિવસ × ૧૨ = $\frac{૭૩૨}{૨}$ = ૩૬૬ દિવસનું સૂર્યવર્ષ

**અભિવર્દ્ધિતમાસ** - $૩૧\frac{૧૨૧}{૧૨૪}$ દિવસ = $\frac{૩૧ \times ૧૨૪}{૧૨૪} + \frac{૧૨૧}{૧૨૪} = \frac{૩૮૪૪}{૧૨૪} + \frac{૧૨૧}{૧૨૪} = \frac{૩૯૬૫}{૧૨૪}$ દિવસ × ૧૨ = $\frac{૪૭૫૮૦}{૧૨૪} = ૩૮૩\frac{૮૮}{૧૨૪} = ૩૮૩\frac{૪૪}{૬૨}$ દિવસનું અભિવર્ધિતવર્ષ

ઉપર સૂર્યવર્ષની ગણતરી રાશિના ભોગની અપેક્ષાએ કરી છે. સૂર્યવર્ષની નક્ષત્રના ભોગની રીતે પણ ગણતરી થઈ શકે છે. સૂર્ય ૧ મુહૂર્તમાં ૫ નક્ષત્રક્ષેત્રભાગ પસાર કરે છે. આ પ્રમાણે જોઈએ તો -

| નક્ષત્રગણ | નક્ષત્ર-સંખ્યા | ૧ નક્ષત્રનો ક્ષેત્રભાગ | કુલ ક્ષેત્રભાગ | ૧ નક્ષત્રનો સૂર્યભોગકાલ | કુલ ભોગકાલ |
|---|---|---|---|---|---|
| અભિજિત્ | ૧ | ૬૩૦ | ૬૩૦ | $૪\frac{૧}{૫}$ દિ. | $૪\frac{૧}{૫}$ દિ. |
| સમક્ષેત્રી | ૧૫ | ૨૦૧૦ | ૩૦૧૫૦ | $૧૩\frac{૨}{૫}$ દિ. | ૨૦૧ દિ. |
| અપાર્ધક્ષેત્રી | ૬ | ૧૦૦૫ | ૬૦૩૦ | $૬\frac{૭}{૧૦}$ દિ. | $૪૦\frac{૧}{૫}$ દિ. |
| દ્વ્યર્ધક્ષેત્રી | ૬ | ૩૦૧૫ | ૧૮૦૯૦ | $૨૦\frac{૧}{૧૦}$ દિ. | $૧૨૦\frac{૩}{૫}$ દિ. |
| કુલ | ૨૮ | - | ૫૪૯૦૦ | - | ૩૬૬ દિ. |

આ રીતે સૂર્યને તમામ નક્ષત્રોને ભોગવતાં ૩૬૬ દિવસ થાય છે. તે સૂર્યવર્ષ ગણાય છે.

→ **યુગગણના :**

પાંચ વર્ષનો એક યુગ થાય છે. તેમાં અનુક્રમે ૧. ચાંદ્ર, ૨. ચાંદ્ર, ૩. અભિવર્દ્ધિત, ૪. ચાંદ્ર, ૫. અભિવર્દ્ધિત એમ ૫ વર્ષ હોય છે. તેના દિવસો કુલ મળીને $૩૫૪\frac{૧૨}{૬૨} + ૩૫૪\frac{૧૨}{૬૨} + ૩૮૩\frac{૪૪}{૬૨} + ૩૫૪\frac{૧૨}{૬૨} + ૩૮૩\frac{૪૪}{૬૨} = ૧૮૨૮\frac{૧૨૪}{૬૨} = ૧૮૩૦$ થાય છે.

એક યુગમાં (એટલે કે ૧૮૩૦ દિવસમાં) પૂર્વોક્ત નક્ષત્રાદિ માસ કેટલા પસાર થાય તેની ગણતરી આ રીતે થાય છે. પહેલાં તે તે માસની અપૂર્ણાંક સંખ્યામાં જે છેદક અંક છે, તેનાથી પૂર્ણ દિવસોને ગુણી તેમાં છેદ્યસંખ્યા ઉમેરવી. (આને સવર્ણીકરણ કહેવાય છે.) ત્યારબાદ યુગદિનસંખ્યા ૧૮૩૦ ને પૂર્વોક્ત સવર્ણીકૃત સંખ્યાથી ભાગતાં આવતો જવાબ એક યુગવર્ષની તે તે માસની સંખ્યા દર્શાવે છે. ગણતરી પરથી વધુ સ્પષ્ટ થશે -

**નક્ષત્રમાસ** - $૨૭\frac{૨૧}{૬૭}$ દિવસ $= \frac{૨૭ \times ૬૭}{૬૭} + \frac{૨૧}{૬૭} = \frac{૧૮૦૯}{૬૭} + \frac{૨૧}{૬૭} = \frac{૧૮૩૦}{૬૭}$ દિવસ

$\rightarrow ૧૮૩૦ \div \frac{૧૮૩૦}{૬૭} = \frac{૧૮૩૦ \times ૬૭}{૧૮૩૦} = \frac{૧૨૨૬૧૦}{૧૮૩૦} = ૬૭$ મહિના

**ચાંદ્રમાસ** - ૨૯ $\frac{૩૨}{૬૨}$ દિવસ = $\frac{૨૯ \times ૬૨}{૬૨} + \frac{૩૨}{૬૨} = \frac{૧૭૯૮}{૬૨} + \frac{૩૨}{૬૨} = \frac{૧૮૩૦}{૬૨}$ દિવસ →
૧૮૩૦ ÷ $\frac{૧૮૩૦}{૬૨} = \frac{૧૮૩૦ \times ૬૨}{૧૮૩૦} = \frac{૧૧૩૪૬૦}{૧૮૩૦}$ = ૬૨ મહિના

**ૠતુમાસ** - ૩૦ દિવસ → ૧૮૩૦ ÷ ૩૦ = ૬૧ મહિના

**સૂર્યમાસ** - ૩૦$\frac{૧}{૨}$ દિવસ = $\frac{૩૦ \times ૨}{૨} + \frac{૧}{૨} = \frac{૬૦}{૨} + \frac{૧}{૨} = \frac{૬૧}{૨}$ દિવસ → ૧૮૩૦ ÷ $\frac{૬૧}{૨}$
= $\frac{૧૮૩૦ \times ૨}{૬૧} = \frac{૩૬૬૦}{૬૧}$ = ૬૦ મહિના

**અભિવર્દ્ધિતમાસ** - ૩૧$\frac{૧૨૧}{૧૨૪}$ દિવસ = $\frac{૩૧ \times ૧૨૪}{૧૨૪} + \frac{૧૨૧}{૧૨૪} = \frac{૩૮૪૪}{૧૨૪} + \frac{૧૨૧}{૧૨૪} = \frac{૩૯૬૫}{૧૨૪}$
દિવસ → ૧૮૬૦ ÷ $\frac{૩૯૬૫}{૧૨૪} = \frac{૧૮૬૦ \times ૧૨૪}{૩૯૬૫} = \frac{૨૨૬૯૨૦}{૩૯૬૫}$ = ૫૭$\frac{૯૧૫}{૩૯૬૫}$ = ૫૭$\frac{૧૮૩}{૭૯૩}$ મહિના

આમ, ૧ યુગમાં માસસંખ્યા – નક્ષત્રમાસ - ૬૭, ચાંદ્રમાસ - ૬૨, ૠતુમાસ - ૬૧, સૂર્યમાસ - ૬૦, અભિવર્દ્ધિતમાસ - ૫૭$\frac{૧૮૩}{૭૯૩}$

આ જ વાતને જરાક જુદી રીતે જોઈએ તો ૧ યુગની દિનસંખ્યાને તે તે માસની સંખ્યાથી ભાગતાં સ્વાભાવિક રીતે જ તે તે માસના દિવસોનું પ્રમાણ મળી રહે છે. જેમ કે ૧૮૩૦ ÷ ૬૭ = ૨૭$\frac{૨૧}{૬૭}$ નક્ષત્રમાસ. એમ બધે જ સમજી શકાય તેવું છે. આમાં અભિવર્દ્ધિતમાસની ગણતરી અઘરી હોવાથી પ્રકરણમાં દેખાડાઈ છે. તે આમ છે -

૧૮૩૦ ÷ ૫૭$\frac{૧૮૩}{૭૯૩}$ = ૧૮૩૦ ÷ $\frac{૪૫૨૦૧}{૭૯૩} + \frac{૧૮૩}{૭૯૩}$ = ૧૮૩૦ ÷ $\frac{૪૫૩૮૪}{૭૯૩}$ = $\frac{૧૮૩૦ \times ૭૯૩}{૪૫૩૮૪} = \frac{૧૪૫૧૧૯૦}{૪૫૩૮૪}$ = ૩૧$\frac{૪૪૨૮૬}{૪૫૩૮૪}$ = ૩૧$\frac{૧૨૧}{૧૨૪}$ દિવસ (૩૬૬ થી અપવર્તના કરતાં).

→ **અધિકમાસની ઉત્પત્તિ :**

ચાંદ્રમાસ કરતાં સૂર્યમાસ $\frac{૬૧}{૬૨}$ દિવસ અધિક છે. તેથી ૩૦ મહિને $\frac{૬૧}{૬૨}$ × ૩૦ = ૨૯$\frac{૩૨}{૬૨}$ દિવસ વધે છે. આ દિવસનો ૧ અધિક ચાંદ્રમાસ થાય છે અને આવું ૧૩ માસવાળું વર્ષ 'અભિવર્દ્ધિત' તરીકે ઓળખાય છે. આ અધિકમાસ ઉમેરાતાં ચાંદ્ર અને સૂર્ય કાલગણના પુનઃ એક બિંદુએ ભેગી થાય છે.

એક યુગમાં ૬૦ સૂર્યમાસ અને ૬૨ ચાંદ્રમાસ હોય છે. તેથી તેમાં દર ૩૦ સૂર્યમાસે એક અધિક ચાંદ્રમાસ એમ કુલ ૨ અધિકમાસ હોય છે. યુગની શરૂઆત આષાઢ મહિનાથી થાય

છે. તેથી તેનાથી ૩૦ મહિને અધિકમાસ ગણતાં યુગમધ્યે પોષ અને યુગાન્તે આષાઢ બે-બે વખત આવે છે.

*નિથીશસૂત્ર*ની પીઠિકામાં અધિકમાસને અકાળ તરીકે ગણાવ્યો છે. તેથી તે અયન-વર્ષ-ચાતુર્માસ વગેરેની ગણતરીમાં ઉપયોગી બનતો નથી.

→ **સૂર્ય-ચંદ્રની ગતિ :**

સૂર્યની ૧ મુહૂર્તમાં જે ગતિ થાય તેના કરતાં એક મુહૂર્તમાં ચંદ્રની ગતિ ૬૨ ક્ષેત્રભાગ જેટલી ઓછી હોય છે. એટલે એક દિવસમાં ચંદ્ર સૂર્યની અપેક્ષાએ ૧૮૬૦ ક્ષેત્રભાગ જેટલો પાછળ પડે છે. આ રીતે ગણતાં ૨૯$\frac{૩૨}{૬૨}$ દિવસમાં તે સૂર્ય કરતાં કુલ ૫૪૯૦૦ નક્ષત્રક્ષેત્રભાગ જેટલો પાછળ થાય છે.

ચંદ્ર, સૂર્ય, નક્ષત્રો વ. તમામ જ્યોતિર્પિંડો બે બે છે. તે બધાં મેરુ પર્વતની પરિક્રમા કરે છે. આ પરિક્રમામાર્ગ પણ ૫૪૯૦૦ × ૨ ક્ષેત્રભાગ જેટલો છે. આ માર્ગના જે બિંદુએ એક સૂર્ય હોય તેની બરાબર સામા બિંદુએ બીજો સૂર્ય હોય છે.

અમાવસ્યાના દિને સૂર્ય-ચંદ્ર સાથે (એક બિંદુએ ) હોય છે. બંનેનું તે બિંદુથી સાથે પ્રસ્થાન થાય તો ચંદ્ર કરતાં સૂર્ય દરેક મુહૂર્તે ૬૨ ભાગ આગળ સરકતાં સરકતાં ૨૯$\frac{૩૨}{૬૨}$ દિવસે બરાબર અર્ધપરિક્રમામાર્ગ = ૫૪૯૦૦ નક્ષત્રક્ષેત્રભાગ જેટલો આગળ નીકળી જાય છે. આ સમયે તેની સામેનો સૂર્ય પેલા પાછળ પડી ગયેલા ચંદ્ર સાથે ભેગો થાય છે. અને બીજી અમાવસ્યા સર્જાય છે. આ જ ગતિએ આગળ વધતાં પેલો પહેલો સૂર્ય બીજા ૨૯$\frac{૩૨}{૬૨}$ દિવસ જતાં બીજો અર્ધપરિક્રમામાર્ગ આગળ નિકળીને ત્રીજી અમાવસ્યાએ પુનઃ તે ચંદ્ર સાથે ભેગો થાય છે.

સૂર્યની એક દિવસની ગતિ ૫૪૯૦૦ ક્ષેત્રભાગ જેટલી છે, જ્યારે ચંદ્રની ૫૩૦૪૦. તેથી સૂર્યની ૫૪૯૦૦ × ૨ = ૧૦૯૮૦૦ ક્ષેત્રભાગની ૨૯$\frac{૧}{૨}$ પરિક્રમા થાય એટલે કે ૨૯$\frac{૩૨}{૬૨}$ દિવસ થાય, ત્યારે ચંદ્રની ૨૮$\frac{૧}{૨}$ પરિક્રમા જ પૂરી થાય છે, અને ચંદ્ર-સૂર્ય ભેગા થાય છે. આ સમયગાળો લગભગ બે મહિના જેટલો છે, તેથી સૂર્યની ૧ વર્ષમાં ૧૭૭ કરતાં અધિક પ્રદક્ષિણા થાય છે, જ્યારે ચંદ્રની ૧૭૧.

→ **અવમરાત્ર (ક્ષયતિથિ) :**

એક તિથિનું કાળપ્રમાણ પૂર્વે જોયું તેમ $\frac{૬૧}{૬૨}$ દિવસ જેટલું છે. તેથી દરરોજ એક આખી તિથિ અને બીજી તિથિનો એક ભાગ - આટલું પસાર થાય છે. આ પ્રમાણે ગણતરી કરતાં ૬૧ મા દિવસે ૬૨ મી તિથિ સમગ્રપણે અન્તર્ભાવ પામતાં તે 'ક્ષયતિથિ' ગણાય છે.

આ ક્ષયતિથિ દર ૬૨ મા દિવસે આવે છે. તેથી ૩૬૬ દિવસ પ્રમાણ સૂર્યવર્ષમાં કુલ ૬ ક્ષયતિથિ થાય છે.

આ ક્ષયતિથિ આષાઢ, ભાદરવો, કારતક, પોષ, ફાગણ અને વૈશાખ મહિનાના વદ પખવાડિયામાં આવે છે.

* * *

**કેટલાક વિચારણીય પ્રશ્નો**

૧. જૈન કાળગણના મુજબ એક તિથિનું કાળપ્રમાણ પૂર્વે જોયું તેમ $\frac{૬૧}{૬૨}$ દિવસ જેટલું નક્કી છે. સ્વાભાવિક રીતે આકાશમાં વાસ્તવિક તિથિ આવી રીતે ચોક્કસ માપવાળી હોય જ નહીં. તેમાં તો વધ-ઘટ થાય જ. ૨. એ જ રીતે સૂર્ય-ચંદ્રની ગતિ પણ નિશ્ચિત દેખાડી છે. જે વાસ્તવિક રીતે તો શક્ય જ નથી. ૩. વૃદ્ધિતિથિ તો આવતી જ નથી. અને ક્ષયતિથિમાં પણ નૈયત્ય છે. વાસ્તવિકમાં આવું શક્ય ખરું? ૪. અધિકમાસ પણ પોષ અને આષાઢ – બે જ સંભવિત છે. ખરેખર તો તે સિવાય પણ અધિકમાસ હોઈ શકે છે.

તો જૈન કાલગણનાનો વાસ્તવિક કાલગણના સાથે મેળ કેવી રીતે બેસાડવો? ✒ त्रै.

* * *

# *દાર્શનિક ચિંતન*

## 260. શબ્દ અને અર્થ વચ્ચે સંબંધ

શબ્દ અને અર્થ વચ્ચેનો સંબંધ ભારતીય દર્શનોમાં હમેશાંથી ચિંતનનો વિષય રહ્યો છે. પોતપોતાના ક્ષયોપશમ અને માન્યતાનુસાર અલગ-અલગ દાર્શનિકોએ શબ્દ-અર્થમાં અલગ-અલગ સંબંધ માન્યા છે.




મુખ્યતઃ આ બધાને ત્રણ ભાગમાં વર્ગીકૃત કરી શકાય છે –

૧. **સામાન્યવાદી** - જે સામાન્યને માને છે તે નૈયાયિક, મીમાંસક, વેદાંત, સાંખ્ય આદિ દર્શનો સામાન્યતઃ (થોડાક ફેરફારોને ગૌણ કરીને) પ્રતિપત્તિ સ્વીકારે છે. જેમ કે 'ઘટ' શબ્દ 'ઘટત્વ' યા 'ઘટત્વવિશિષ્ટ ઘટ'નો બોધક છે.

૨. **વિશેષવાદી** - બૌદ્ધો સામાન્યને સંવૃતિસત્ (- વ્યાવહારિક સત્ = પારમાર્થિક અસત્ ) માનતાં હોવાથી શબ્દને અપોહનો વાચક માને છે. અપોહ = અતદ્વ્યાવૃત્તિ. 'ગો' શબ્દ 'અગો'થી ભિન્નનો વાચક છે. અતદ્ = અગો, એનાથી ભિન્ન.

૩. **સામાન્ય-વિશેષ(ઉભય)વાદી** - શબ્દને સામાન્યનો વાચક પણ માને અને વિશેષનો વાચક એટલે બીજાથી વ્યાવર્તક પણ માને છે.

હવે એક જ શબ્દના ભિન્ન-ભિન્ન દર્શનો સ્વ-માન્યતાનુસાર કેવા અર્થ કરે છે એનો દાખલો : **अस्मि** (અસ્ ધાતુ, ઉત્તમ પુરુષ, એકવચન) ના - <u>સાંખ્ય</u> - અસ્ = પ્રકૃતિ, મિ = પુરુષ, <u>વેદાંત</u> - અસ્મિ = પરબ્રહ્મ, <u>બૌદ્ધ</u> - અન્-અસ્મિ-થી જુદો એક વિલક્ષણ અર્થ, <u>જૈન</u> - પરિણામી આત્મા, <u>ન્યાય</u> - શરીરાવચ્છિન્ન એવો વિભુ આત્મા.

**મુનિ શ્રીહેમનિલયવિજયજી**

# *જિજ્ઞાસા*

? 78 *લોકપ્રકાશ* – ૮.૨૫-૨૬ માં અંડગૌલિક મનુષ્ય સંબંધિત વાતમાં રત્નદ્વીપવાસી મનુષ્યો તેમને ૧ વર્ષ સુધી ઘંટીમાં પીસે છે અને તે એક વર્ષના અંતે મૃત્યુ પામે છે એમ જણાવ્યું છે. તેમ જ *તત્વાર્થસૂત્ર* – ૩.૫ – *શ્રીરાજશેખરસૂરિજી* કૃત અનુવાદમાં પણ અંડગૌલિક મનુષ્ય અત્યંત બળવાન હોવાથી એક વર્ષ સુધી દળાય ત્યારે મરણ પામે છે એમ કહ્યું છે.
પરંતુ *લોકપ્રકાશ* - ૧૪.૮૯ માં અંડગૌલિક મનુષ્યના વર્ણનમાં કદર્થના સહન કરીને છ માસમાં મૃત્યુ પામે છે અને નરકમાં જાય છે એમ જણાવ્યું છે.
તો આ રીતે અંડગૌલિક મનુષ્યના મૃત્યુના સંદર્ભમાં એક વર્ષ તથા ૬ માસ આ રીતે એક જ ગ્રંથમાં અલગ-અલગ પ્રરૂપણા મળે છે, તો આમાં તથ્ય શું હોઈ શકે? ✍ **મુનિ શ્રીપરમયશવિજયજી**

? 79 દક્ષિણ ક્ષેત્રમાં કુલપાકજી તીર્થ / હૈદરાબાદ મ્યુઝિયમ / નેલ્લોર (શંકરમંદિર સ્થિત જમીનમાંથી નીકળેલી પ્રાચીન જિનપ્રતિમા) વગેરે ઘણાં સ્થાનોમાં <u>અર્ધપદ્માસન</u> અને શ્યામપાષાણમય પ્રાચીન પ્રભુ પ્રતિમાઓ જોવા મળે છે, તથા ગુજરાત આદિ ક્ષેત્રમાં પણ દા.ત. ડભોઈ / વહી / મક્ષી / અંતરિક્ષજી આદિ સ્થાનોમાં <u>અર્ધપદ્માસન</u> ને શ્યામ પાષાણમાં જ પ્રાચીન પ્રભુપ્રતિમાઓ જોવા મળે છે. તેનું શું વિશેષ કોઈ કારણ હોઈ શકે? ✍ **મુનિ શ્રીકુમુદચંદ્રવિજયજી**

? 80 ભગવાનના સમવસરણની આજુબાજુમાં તો કાંટા વગેરે કશું ન હોય તેમ છતાંય રોહિણિયા ચોરને કાંટો શી રીતે વાગ્યો?

? 81 શ્રેણિક મહારાજાના આગ્રહથી કપિલાદાસીએ દાન આપ્યું. આ પ્રસંગે એમ કહેવાય છે કે આ દાન હું નથી આપતી બલ્કે...! તો શું સાધુઓએ તે વખતે રાજપિંડ વહોર્યો હશે? ✍ **મુનિ શ્રીયશપદ્મસાગરજી**

? 82 શ્રી અજિતશાન્તિની ૩૮ મી ગાથામાં લખ્યું છે કે **सोअव्वो सव्वेहिं...** તેમ છતાંય પક્ખીપ્રતિક્રમણાદિમાં છેલ્લી ગાથાઓ બધા સાથે બોલતાં હોય છે તેનું શું કારણ? ગાથામાં તો બધાને સાંભળવાનું સૂચવેલ છે. તો આ સાથે ભેગા મળી બોલવાની પરંપરા પાછળ કોઈ વિશેષ કારણ ખરું?

? 83 પ્રતિક્રમણમાં 'ભગવાનહં' ઇત્યાદિ ચાર ખમાસમણ આપ્યાં પછી શ્રાવકોએ 'ઈચ્છકારી સમસ્ત શ્રાવકને વાંદું' એવા પ્રકારનો જે પાઠ *ધર્મસંગ્રહ*માં બતાવ્યો છે તે બોલવો જોઈએ કે નહીં? બધાએ ભેગા મળી બોલવો કે પછી એક વડીલ શ્રાવક બોલી દે તો ચાલે ?

? 84 વ્યાખ્યાન પછી સર્વમંગલ... પૂર્વે શ્રાવકોએ વંદન કરવા કે નહીં? અહીં કેટલાક આગ્રહપૂર્વક વંદન કરાવડાવે છે, તો કેટલાક નિષેધ કરે છે. જો વાચનાગ્રહણ કર્યા પછી છેલ્લે વંદન કરવાનું વિધાન શાસ્ત્રોમાં છે તેમ જ પચ્ચક્ખાણ લેતાં પૂર્વે વંદન કરવા જોઈએ આવું પણ વિધાન છે જ. તો પ્રવચન પછી શ્રાવકો વંદન કરે તે અટકાવવાં જોઈએ? અથવા ન કરે તો પ્રેરણા કરીને પણ વંદન કરાવવાં જોઈએ ?

? 85 વ્યાખ્યાનમાં મંગલાચરણ થઈ ગયા પછી નીચે બેસતાં પૂર્વે કેટલાક ઠેકાણે અમુક શ્રાવકોએ જોરથી 'નમો તિત્થસ્સ' બોલવાનું ચાલુ કર્યું છે, જેમ ભગવાન સમવસરણમાં બેસતાં પૂર્વે બોલે તેમ. આ પદ ચતુર્વિધ સંઘે બોલવું કે પછી માત્ર શ્રાવકો જ બોલી શકે? શાસ્ત્રમાં આ પદ બોલ્યા પછી જ શ્રાવકોએ વ્યાખ્યાનશ્રવણ કરવું એવી ક્યાંય આજ્ઞા છે ખરી? ને જે ઠેકાણે આવું પદ ન બોલાતું હોય ત્યાં શ્રાવકોને આ પદ બોલવા માટે પ્રેરણા કરી શકાય? અથવા આ પદને બદલે બીજાં પદો વારાફરતી બોલવા માટેની પ્રેરણા કરી શકાય?

? 86 માંગલિક પ્રતિક્રમણમાં *સંતિકરં* સ્તવન બોલતાં પૂર્વે 'સંતિકરં સ્તવન ભણું?' આવા પ્રકારનો આદેશ હમણાં કેટલાક શ્રાવકો માંગતાં થયા છે. તો આ પ્રમાણેનો આદેશ માંગવો જોઈએ કે નહીં? અને આ રીતે જો માંગવાનું યોગ્ય હોય તો બીજાં બધાં સૂત્રો પહેલાં પણ આના જેવો આદેશ મંગાવવો કે નહીં? અને જો આ અનુચિત હોય તો એને કઈ રીતે અટકાવી શકાય? વિધિગ્રંથોમાં આનો ક્યાંય ઉલ્લેખ મળે? તેમ જ દરેક સમુદાયો આવો આદેશ માંગે - મંગાવે છે?

? 87 પ્રતિક્રમણનાં કેટલાંક સૂત્રોમાં દરેક સમુદાયોમાં અલગ-અલગ રીતે ઉચ્ચારણ થાય છે, તેથી શ્રાવકોને ઘણી મૂંઝવણ થાય છે. જેમ કે -

*લઘુશાન્તિ*માં - ફટ્ ફટ્ સ્વાહા કે ફુટ્ ફુટ્ સ્વાહા?

*મોટી શાન્તિ*માં - ૬ ટ્ઠી ગાથામાં - ॐ ह्रीँ श्रीँ धृति કે પછી ॐ ह्री श्री धृति?

*મોટી શાન્તિ*માં - ગાથા ૭ મી માં - સર્વાસ્ત્રામહાજ્વાલા કે પછી સર્વાસ્ત્રમહાજ્વાલા ?

*મોટી શાન્તિ*માં - ગાથા ૧૯ માં - ભવતુ લોકઃ કે પછી ભવન્તુ લોકાઃ ?

*સકલકુશલવલ્લી*માં - શ્રેયસે શ્રીશાન્તિનાથઃ કે શ્રેયસે શાન્તિનાથઃ. એમાંય શ્રેયસે શ્રીશાન્તિનાથઃ પછી શ્રેયસે શ્રીપાર્શ્વનાથઃ બોલતાં અટકાવવા કે જે રીતે બોલાય છે તેમ સાંભળી લેવું? અને બોલાતાં સૂત્રોમાં નવા સુધારેલા પાઠો કદાચ સાચા પણ હોય તોય તરત જ એને પોતાની મેળે જ પ્રયોગમાં લાવી શકાય?

આ અને આના જેવા અન્ય પણ સૂત્રોમાં અમારી સામાચારી આમ છે ઇત્યાદિ જવાબ આપી શ્રાવકોને સમજાવી દેવા, મૂંઝવણ ઊભી રખાવવી કે પછી સર્વાનુમતે એકવાક્યતાપૂર્વક કાંઇક ચોક્કસ નિર્ણય થઈ શકે કે નહીં?

મિત્રમુનિવરો પોત-પોતાના ગુર્વાદિ વડીલો સાથે આ પ્રશ્નો પર વિચાર-વિમર્શ કરીને સંતોષકારક સમાધાન પાઠવે! **મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી**

* * *

**श्रुतसंविभाग** - ૧૭ મહા શુદિ પાંચમ (વસંતપંચમી), સં. ૨૦૭૬ ના દિવસે પ્રગટ થશે.

પોષ શુદિ પંચમી, સં. ૨૦૭૬ સુધીમાં મળનારા લેખો/લખાણોનો
સમાવેશ આગામી અંકમાં કરવો શક્ય બનશે.
મિત્ર મુનિવરોને પોતાના બહુમૂલ્ય સ્વાધ્યાયનો લાભ
**श्रुतसंविभाग** ના માધ્યમથી વહેંચવા હાર્દિક આમંત્રણ છે.

# *સમાધાન*

? 75 (15.38) સિદ્ધાન્ત – આગમો પ્રાકૃતભાષામાં કેમ રચાયા? આ પ્રશ્નના જવાબરૂપે એક શ્લોક અતિપ્રચલિત છે –

बालस्त्रीमन्दमूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम्।
अनुग्रहार्थं सर्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः।।

વિચાર કરતાં પ્રશ્ન થાય છે કે બાલ, સ્ત્રી, મંદ અને મૂર્ખ આદિના ઉપકારને માટે જો સિદ્ધાંતો – આગમો પ્રાકૃત ભાષામાં નિબદ્ધ થયા હોય તો તેને ભણવા માટેની અનુજ્ઞા આ જીવોને શા માટે નહીં?

@ પ્રાચીનકાળે સાધ્વીજી ભગવંતોને આજના કરતાં ઘણા વધારે આગમનો અભ્યાસ કરવાની છૂટ હતી એવા સ્પષ્ટ નિર્દેશો પ્રાપ્ત થાય છે. *વજ્રસ્વામીજી* સાધ્વીજી પાસે જ સાંભળીને ૧૧ અંગો શીખ્યા હતા તે તો જાણીતી ઘટના છે જ, પરંતુ આજે છેદગ્રંથોનું અધ્યયન સાધ્વીજી ભગવંતો માટે પ્રાયઃ સર્વ સમુદાયોમાં વર્જ્ય ગણાતું હોવા છતાં પણ પ્રાચીનકાળે સાધ્વીજીઓ પણ યોગોદ્વહન કરવાપૂર્વક છેદગ્રંથોનું અધ્યયન કરતાં હતાં તે તદ્દન સાચી હકીકત છે. સાધ્વીજીને પ્રવર્તિની વગેરે પદની યોગ્યતાઓના નિર્દેશમાં *નિશીથાદિસૂત્ર*નું અધ્યયન અનિવાર્ય ગણાવાયું છે. છેક પંદરમી સદીમાં પં. *શ્રીશાંતિસુંદરે* તપગચ્છપતિ *શ્રીદેવસુંદરસૂરિજી* પર લખેલા વિજ્ઞપ્તિપત્રમાં *શિવમાલા* નામના સાધ્વીજી ભગવંતે તે ચોમાસામાં *શ્રીમહાનિશીથસૂત્ર*ના યોગોદ્વહન કર્યા હોવાનો નિર્દેશ સાંપડે છે –

<u>महानिशीथागमयोगयुक्ता शिवादिमालागणिनी</u> गुणिज्ञा।
धर्मार्थकामाध्ययनं पठन्ती पञ्चोपवासांस्तनुते स्म भुक्तेः।।

(*અનુસંધાન* – ૬૧, પૃ૪ – ૧૬)

તો સાધ્વીજી ભગવંતોને ઘણાખરા આગમોનું અધ્યયન ક્યારથી, શા માટે, કોની આજ્ઞાથી બંધ થયું તેમ જ આજની પરિસ્થિતિમાં તે વાત કેટલા અંશે યોગ્ય તે અંગે પુનઃ વિચાર કરવાની જરૂર લાગે છે.

એ જ રીતે સ્ત્રીઓને नमोस्तु वर्धमानाय..., विशाललोचनदलं... જેવી સ્તુતિઓ ન બોલવા દેવાય તેમાં મૂળ માન્યતા તો આ સ્તુતિઓ સંસ્કૃતમાં છે અને સ્ત્રીઓને

સંસ્કૃતભાષાનું અધ્યયન ન હોય તેવી તે કાળની સામાજિક માન્યતા જ છે[34]. જુઓ – स्त्रीणां संस्कृतेऽनधिकारित्वसूचनात् साध्व्यः श्राविकाश्च नमोऽर्हत्सिद्ध... इत्यादिसूत्रं न पठन्ति, नमोऽस्तु वर्धमानाय... इत्यादिस्थाने संसारदावानल... इत्यादि च पठन्ति, रात्रिकप्रतिक्रमणे तु विशाललोचनेत्यादिस्थाने। (*ધર્મસંગ્રહ* – ગાથા – ૬૫ ની વૃત્તિ) હવે જો આ જ કારણથી સ્ત્રીઓએ કે સાધ્વીજી ભગવંતોએ આ સૂત્રો ન બોલવાનાં હોય તો સકલાર્હત્સ્તોત્ર, લઘુશાંતિ, બૃહચ્છાંતિ વગેરે સંસ્કૃતરચનાઓ શા માટે બોલવા દેવી જોઈએ? અને જો સાધ્વીજી ભગવંતો આજે વ્યાપકપણે સંસ્કૃતભાષાનું, તેમાં રચાયેલા ગ્રંથોનું અધ્યયન કરતાં હોય અને પ્રતિક્રમણમાં પણ ઉપરોક્ત સંસ્કૃતરચનાઓ બોલતાં હોય તો नमोऽस्तु वर्धमानाय... વગેરે ન બોલવા દેવા માટે આપણી પાસે ચાલી આવેલી પરંપરાના અનુસરણ સિવાય કોઈ વિશેષ તર્ક બચતો નથી. મઝાની વાત તો એ છે કે પૂર્વાન્તર્ગત હોવાથી ન બોલાય એમ કહીને सुअदेवया भगवई... એ પ્રાકૃત થોયની જગ્યાએ સ્ત્રીઓને જે થોય બોલવાનું વિધાન છે તે कमलदलविपुलनयना... સ્તુતિ પાછી સંસ્કૃતમાં છે! પરંપરાનો લોપ કરવાની અહીં ઉશ્કેરણી છે એવી દહેશત રાખવાની જરૂર નથી. કેમ કે એ માટે આ વિધાનો થયાં નથી. પરંતુ વડીલોએ આવી પરંપરાઓની સાર્થકતા પર તો વિચાર અવશ્ય કરવો જ જોઈએ તેટલું જ નિવેદન છે. ✍ त्रै.

@ 15 (7.18) માં જિજ્ઞાસા વ્યક્ત થઈ હતી કે *ષોડશક* ગ્રંથમાં આઠમા *પ્રતિષ્ઠા-ષોડશક*માં ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા અંગે વાત થઈ છે - व्यक्त्याख्या खल्वेका, क्षेत्राख्या चाऽपरा महाख्या च ।। આનો અર્થ - વ્યક્તિપ્રતિષ્ઠા – જે તીર્થંકર જ્યારે વર્તમાન શાસનપતિ હોય ત્યારે તેની પ્રતિષ્ઠા કરવી તે. ક્ષેત્રપ્રતિષ્ઠા – ઋષભદેવ વગેરે ૨૪ તીર્થંકરોની પ્રતિષ્ઠા. મહાપ્રતિષ્ઠા – ઉત્કૃષ્ટ કાળમાં થનારા ૧૭૦ તીર્થંકરોની પ્રતિષ્ઠા. હવે પ્રશ્ન એ થાય છે કે શ્રીસીમંધરસ્વામી આદિ ૨૦ વિહરમાન પ્રભુની સ્વતંત્ર પ્રતિષ્ઠા હોય તો તે પ્રતિષ્ઠા આ

34 આ બધું પૂર્વાન્તર્ગત હોવાથી ન બોલાય તેવી માન્યતા તો અન્યમતની છે. આપણા માટે તો *ઉપાધ્યાયજી*નો મત જ વધુ ગ્રાહ્ય ગણાય.

ત્રણમાંથી કઈ પ્રતિષ્ઠામાં સમાવેશ પામશે ? આના જવાબમાં આ લેખક દ્વારા એવું સૂચવાયું હતું કે મહાપ્રતિષ્ઠા એટલે વર્તમાન ચોવીશી સિવાયના પ્રભુજીની પ્રતિષ્ઠા એવો સંદર્ભ સમજીએ તો શ્રીસીમંધરસ્વામી આદિ પ્રભુજીની પ્રતિષ્ઠાનો એમાં સમાવેશ સમજી શકાય.
પરંતુ હમણાં આ ત્રણ પ્રતિષ્ઠા અંગે વાસ્તવિક નિરૂપણ વાંચવા મળ્યું જેના પરથી એ તો સમજાયું જ કે ઉપરોક્ત સમાધાન તો ગેરવાજબી છે જ, પણ એની સાથે એ પણ સમજાયું કે આ ત્રણ પ્રતિષ્ઠા અંગે *ષોડશકગ્રંથ* અને તેની પ્રાચીન વૃત્તિઓનું નિરૂપણ એક રીતે સ્પષ્ટ હોવા છતાં અર્વાચીન વિવેચનકારોએ તેનું જે અર્થઘટન તારવ્યું છે તે આપણને સહેજ જુદા માર્ગે દોરે છે. અને એટલે જ સીમંધરસ્વામીની પ્રતિષ્ઠા શેમાં ગણવી જેવા પ્રશ્નો આપણને મૂંઝવે છે. પરંતુ આ ત્રણ પ્રતિષ્ઠા વિશેના અન્ય સંદર્ભો તપાસીએ તો આ મૂંઝવણ ટળી જાય તેમ છે.

જુઓ સૌપ્રથમ *શ્રીશાંતિસૂરિજી* રચિત *ચૈત્યવંદનમહાભાષ્ય* – ગાથા – ૨૭-૩૦ –

जिणरिद्धिदंसणत्थं एगं कारेइ कोइ भत्तिजुओ।
पायडिअपाडिहेरं देवागमसोहिअं चेव।।
दंसणनाणचरित्ताराहणकज्जे जिणत्तिअं कोइ।
परमिट्ठिनमोक्कारं उज्जमिउं कोइ पंचजिणा।।
कल्लाणयतवमहवा उज्जमिउं भरहवासभावि त्ति।
बहुमाणविसेसाओ केई कारिंति चउवीसं।।
उक्कोस सत्तरिसयं नरलोए विहरइ त्ति भत्तीए।
सत्तरिसयं पि कोई बिंबाणं कारइ धणड्ढो।।

આ રીતે વિભિન્ન અપેક્ષા મનમાં રાખીને ૧, ૩, ૫, ૨૪ કે ૧૭૦ પ્રભુજીની પ્રતિષ્ઠા એકસાથે કરાવી શકાય છે. હવે આ પ્રતિષ્ઠાઓને કયા નામે ઓળખવી તેનું સૂચન *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૧ ની વૃત્તિમાં આ રીતે થયું છે –

एकस्याऽर्हतः प्रतिमा व्यक्त्याख्या, एकत्र पट्टादौ चतुर्विंशतिः प्रतिमाः क्षेत्राख्या, एवं सप्ततिशतप्रतिमा महाख्या।

અર્થ – એક જ અરિહંતની પ્રતિમા ભરાવવી તે વ્યક્તિપ્રતિષ્ઠા કહેવાય. એક જ પટમાં કોઈક ચોક્કસ ક્ષેત્રના ૨૪ તીર્થંકરની એકસાથે પ્રતિમા ભરાવવી તે ક્ષેત્રપ્રતિષ્ઠા કહેવાય. અને

ઉત્કૃષ્ટકાળે વિચરતા ૧૭૦ પ્રભુજીની એકસાથે એક જ પટમાં પ્રતિષ્ઠા કરવી તે મહાપ્રતિષ્ઠા કહેવાય.
એટલે વ્યક્તિપ્રતિષ્ઠામાં કયા તીર્થંકરની પ્રતિષ્ઠા છે તેનું મહત્ત્વ નથી, પણ એક બિંબમાં સ્વતંત્ર રીતે એક જ પ્રભુજીની પ્રતિષ્ઠા હોય તે ધ્યાનમાં લેવાનું છે. પછી એ પ્રભુ મહાવીરસ્વામી કે પદ્મનાભસ્વામી કે સીમંધરસ્વામી કોઈ પણ હોઈ શકે. જ્યારે અત્યારે મળતાં જૂનાં કે નવાં બનાવાતાં ચોવીસી તરીકે ઓળખાતાં બિંબો ક્ષેત્રપ્રતિષ્ઠા ગણાશે. અને ૧૭૦ તીર્થંકરનો પટ પણ ઘણે ઠેકાણે જોવા મળે છે તે મહાપ્રતિષ્ઠા કહેવાશે. જો કે ત્રિતીર્થી કે પંચતીર્થી શેમાં ગણવી તેનો ચોક્કસ નિર્દેશ આમાં નથી તો પણ તેને વ્યક્તિપ્રતિષ્ઠાનો જ એક વિશેષ પ્રકાર સમજવો જોઈએ એમ લાગે છે. ખાસ, પહેલાં આપેલું સમાધાન આ રીતે રદ સમજવાનું છે. *શ્રીહરિભદ્રસૂરિજી* રચિત ગણાતા *સંબોધપ્રકરણ* – ગાથા – ૧૮૦ માંથી પણ આ જ ભાવ ફલિત થાય છે. ✒ त्रै.

? 48 (12.66) यावन्तः श्लोकास्तावन्तोऽच्युतप्रणामाः – यावच्छ्लोकम् આ સમાસ નિત્ય કે અનિત્ય? *પાણિનીય* સૂત્ર यावदवधारणे (૨-૧-૮) દ્વારા યાવત્ સાથે નિત્ય અવ્યયીભાવ સમાસ થાય છે. જ્યારે *હૈમવ્યાકરણ*માં અહીં વિકલ્પ કહ્યો છે. હવે, જ્યાં સ્વપદવિગ્રહ શક્ય ન હોય ત્યાં નિત્ય સમાસ જ થાય. અહીં સ્વપદવિગ્રહ શક્ય નથી. તાવત્ પદનું ગ્રહણ કરવું પડે છે. માટે સમાસ નિત્ય જ થવો જોઈએ. તો *હૈમવ્યાકરણ*માં અહીં વિકલ્પત્વ કેમ કર્યું?

@ यावन्तः श्लोकास्तावन्तोऽच्युतप्रणामाः यावच्छ्लोकम् આ સમાસ *હૈમવ્યાકરણ*ના यावदियत्त्वे (३.१.३१) દ્વારા થાય છે. સૂત્રમાં કે તેની બૃહદ્વૃત્તિમાં ક્યાંય આ સમાસમાં વિકલ્પ નથી કહ્યો. તેથી મુનિશ્રીને જણાવવા વિનંતિ કે *હૈમવ્યાકરણ*માં કયા સ્થાને આ સમાસના વિકલ્પનું વિધાન કર્યું છે? ✒ **મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી**

? 76 (15.38) તીર્થંકર ભગવંત ... કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને ... કેવી રીતે આહાર કરે – હાથમાં કે પાત્રમાં? ... તેના વિષે કોઈ શાસ્ત્રસંદર્ભ મળે છે?

@ સાધુ પાત્રમાં આહાર લાવીને તીર્થંકરના હાથમાં મૂકે અને તીર્થંકર હાથથી જ તે વાપરે તે વિશે સ્પષ્ટ સંદર્ભ *શ્રીભગવતીસૂત્ર*ના ગોશાલકઅધ્યયનમાં મળે છે -

तए णं से सीहे अणगारे रेवतीए गाहावतिणीए गिहाओ पडिनिक्खमति २ मेंढियगामनगरं मज्झंमज्झेणं निग्गच्छति निग्गच्छइत्ता जहा गोयमसामी जाव भत्तपाणं पडिदंसेति २ <u>समणस्स भगवओ महावीरस्स पाणिंसि तं सव्वं सम्मं निस्सिरति</u>, तए णं समणे भगवं महावीरे अमुच्छिए जाव अणज्झोववन्ने बिलमिव पन्नगभूएणं अप्पाणेणं तमाहारं सरीरकोट्ठगंसि पक्खिवति। ✍ त्रै.

? 77 (15.39) दधत् तो नपुंसकलिंग का रूप होगा, वह पुंल्लिंग का रूप कैसे होगा?... इससे अधिक ठीक 'विश्रान्तिर्' लगता है, जिससे पूरा समस्त पद पुंल्लिंग हो सकता है।...

@ दधच्चिन्मात्रविश्रान्तिं આ પદ વધુ યોગ્ય લાગે છે. આમાં દધત્ રૂપ પુલ્લિંગ જ છે.

બીજી બુક, પેજ નં. ૯૨ માં *શિવલાલજી પંડિત* લખે છે -

વર્તમાન કૃદંતનાં રૂપો - પુલ્લિંગમાં અને નપુંસકલિંગમાં ઘુટ્ પ્રત્યય પર છતાં ઉપાન્ત્યમાં ન્ ઉમેરાય છે પણ દ્વિત્વયુક્ત ધાતુઓમાં અને जक्ष् વગેરે ધાતુઓમાં પુલ્લિંગમાં ન્ લોપાય છે અને નપુંસકલિંગમાં વિકલ્પે લોપાય છે.

એટલે दधत् આપણને પહેલી નજરે નપું. લાગે, ન્ લોપાયેલ હોવાથી. પણ છે પુલ્લિંગ.

એટલે दधच्चिन्मात्रविश्रान्तिर् એમ સમસ્ત પદને પુલ્લિંગ કરવાની જરૂર રહેશે નહીં.

વ્યાકરણમાં સૂત્ર છે. - द्व्युक्तजक्षपञ्चतः ૪।૨।૯૩ અને न्तो नो लुक् ૪।૨।૯૪. આ બંને સૂત્રની વૃત્તિથી ઉપરોક્ત સમાધાન સારી પેઠે થઈ શકે છે.

✍ મુનિ શ્રીરાજદર્શનવિજયજી

* * *

# *પત્રચર્ચા*

✒ ત્રૈ.

✉ 118. [ 🔗 ∑ 211 (14.54) **निष्ठाऽप्राप्तौ** કે **निष्ठाप्राप्तौ**? ]

અહીં निष्ठाऽप्राप्तौ કે निष्ठाप्राप्तौ પાઠની ચર્ચા કરતાં પૂર્વે *ઉપદેશરહસ્ય*માં આ ઉદાહરણનો ઉપન્યાસ શા માટે છે તે સમજવું જરૂરી બને છે. પ્રશ્ન એ થયો છે કે જે વિષયનો અભિગ્રહ કર્યો છે તે વસ્તુ પ્રાપ્ત ન થાય તો પણ અભિગ્રહની સાર્થકતા ખરી?[35] આના જવાબમાં આ ગાથા મૂકાઈ છે –

विसयम्मि अपत्ते वि हु णियसत्तिफोरणेण फलसिद्धी।
सेट्ठिदुगस्साहरणं भावेयव्वं इहं सम्मं।। - ७४

આનો અર્થ – અભિગ્રહનો વિષય પ્રાપ્ત ન થવા છતાં પણ પોતાની શક્તિને ફોરવવાથી ફળસિદ્ધિ થાય છે. અહીં બે શ્રેષ્ઠીનું ઉદાહરણ બરાબર વિચારવું.

સ્વાભાવિક છે કે અત્રે દૃષ્ટાંતરૂપ જીર્ણશ્રેષ્ઠીના ઉદાહરણમાં એ જ વાત લાગુ પાડવી પડે કે અભિગ્રહ પૂરો ન થવા છતાં પણ ફળ મળ્યું. તો જ દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિકનો સમન્વય થાય. જીર્ણશ્રેષ્ઠીનો જે મનોરથ હતો કે જો ભગવાન આવે તો હું ભિક્ષા આપું તે ઈચ્છારૂપ અભિગ્રહ જ હતો.[36] આ અભિગ્રહ પૂરો નથી થયો તો પણ સાર્થક તો બન્યો જ તે જણાવનારું *ઉપદેશરહસ્ય*નું આવું વચન છે –

अयमपि चाऽनवद्यः पारणकभेरीशब्दश्रवणसमकालं यावत् प्रवृद्धः सन् निष्ठाऽप्राप्तावपि पारम्पर्येण मोक्षफलतया संवृत्तः।।

અર્થ – નિરવદ્ય – શુભ એવો આ અભિગ્રહ પારણાંની ભેરી સંભળાવા સુધી વધતો જતો હતો અને પૂરો નહીં થવા છતાં પણ પરંપરાએ મોક્ષફળ આપનાર બન્યો.

એટલે ‘અભિગ્રહ પૂરો નહીં થવા છતાં પણ’ એ અર્થને સૂચવનારું निष्ठाऽप्राप्तौ એ પદ જ અહીં યોગ્ય જણાય છે.

---

35 नन्वभिग्रहपालनेऽपि बाह्यविषयासिद्धौ कथं फलप्राप्तिः स्यादित्यत आह -

36 एत्थ उ मणोरहो वि य अभिग्गहो होइ णवरि विन्नेओ।। - (ઉપદેશપદ – ૪૫૬)

## ✉ 119. [🔗 ∑ 189 (13.64) દ્વાદશાંગીની નિત્યાનિત્યતા]

મહાવિદેહ ક્ષેત્રમાં પણ દ્વાદશાંગી શબ્દથી તો નિત્ય નથી જ હોતી તે અંગે એક અન્ય મુદ્દો પણ વિચારણીય છે. *ધર્મસંગ્રહ* – ગાથા – ૬૧ ની વૃત્તિમાં आइगराणं પદની વ્યાખ્યા કરતાં જણાવવામાં આવ્યું છે કે –

आदिकरणशीला आदिकरणहेतवो वा आदिकराः, सकलनीतिनिबन्धनस्य श्रुतधर्मस्येति सामर्थ्याद् गम्यते, तेभ्यः। यद्यप्येषा द्वादशाङ्गी न कदाचिन्नाऽऽसीद्, न कदाचिन्न भवति, न कदाचिन्न भविष्यति, अभूच्च भवति च भविष्यति च इति वचनाद् नित्या द्वादशाङ्गी, तथाऽप्यर्थापेक्षया नित्यत्वं शब्दापेक्षया तु स्वस्वतीर्थे श्रुतधर्मादिकरत्वमविरुद्धम्।

આનો અર્થ તો એ જ થાય કે ભાવતીર્થંકર ભરત, ઐરાવત કે મહાવિદેહ – કોઈ પણ ક્ષેત્રના હોય, તેમના તીર્થમાં શબ્દથી દ્વાદશાંગી નવી રચાય છે તે અપેક્ષાએ જ તેમને શ્રુતધર્મની આદિ કરનારા સમજવામાં આવે છે. અને તો જ તેમને आइगराणं પદથી નમસ્કાર થઈ શકે છે. જો મહાવિદેહ ક્ષેત્રમાં અર્થની જેમ શબ્દથી પણ દ્વાદશાંગી નિત્ય જ હોય તો ત્યાંના તીર્થંકરોમાં આદિકરત્વ જ ન ઘટે અને તો તેમને आइगराणं પદથી નમસ્કાર જ ન થઈ શકે.

## ✉ 120. [🔗 ✉ 116 (15.62)]

પત્રનાં કેટલાંક વાક્યો – "આ તો પછી પુનઃ માંડલીમાં સાધુઓને ભેગા કરવા એ કાઢું પડે છે." "અથવા તો માંડલીમાં – સમૂહમાં ભાગ લીધા વિના પોતાની મેળે જ યા પોતાની જગ્યાએથી જ સંથારાપોરિસી ભણાવી દેવાય. આ બધાંનું નિરાકરણ લાવવા દાદા ગુરુદેવ પૂજ્ય શ્રીરામસૂરિજી મહારાજે પ્રતિક્રમણ પછી તરત જ સંથારાપોરિસી ભણાવી દેવાનું ચાલુ કરાવેલ." આ વાક્યો પરથી તો એવું ફલિત થાય છે કે સંથારાપોરિસી માંડલીમાં ભણાવવી અનિવાર્ય છે. તો મુનિશ્રીને વિનંતિ છે કે સંથારાપોરિસી પણ માંડલીમાં જ ભણાવવી જોઈએ, પ્રતિક્રમણમાંડલીની જેમ સંથારાપોરિસીની પણ માંડલી હોય છે એવો

કોઈ શાસ્ત્રીય સંદર્ભ શોધી આપે. બાકી, *ઓઘનિર્યુક્તિ, યતિદિનચર્યા, ધર્મસંગ્રહ* વગેરે ગ્રંથોમાં પ્રદર્શિત વિધિ મુજબ તો સંથારાપોરિસી દરેક સાધુએ ફરજિયાત અલગ જ કરવાની હોય તેવું પ્રતિપાદિત થાય છે. તેમાં પણ **चत्तारि मंगल...** થી આરંભીને **जं जं मणेण बद्धं...** સુધીની ભાવનાત્મક ગાથાઓ તો ખાસ એટલે છેલ્લે બોલવાની હોય છે કે નિદ્રા દરમ્યાન પણ આત્મા તે પરિણતિમાં સ્થિર રહે, એની શુભ ભાવધારા અખંડિત રહે. એવી સમજણથી ભક્તિયોગાચાર્ય શ્રીયશોવિજયસૂરિજી મહારાજ પણ સંથારો કરવાની અવ્યવહિત પૂર્વવેળાએ જ સંથારાપોરિસી ભણાવવાનું પસંદ કરે છે એવું તેઓશ્રીએ પોતે એક જગ્યાએ કહેલું છે. આવી ભાવધારાને બદલે માંડલીમાં ભણાવવાનું મહત્ત્વ વધુ હોય તેવું પ્રતિપાદિત કરતો પાઠ મુનિશ્રી પાસેથી અપેક્ષિત છે.

ખરેખર તો આ એક તદ્દન નાનો મુદ્દો છે, એના પર ધ્યાન નહીં આપો તો ચાલશે. પરંતુ, એટલી જ નમ્ર અરજ દરેક સમુદાયના વડીલ ભગવંતોને વંદનાપૂર્વક કરવાની કે અમારા સમુદાય સહિત દરેક સમુદાયમાં ઓછેવત્તે અંશે એવી કેટલીયે નાની-મોટી પરંપરાઓ ચાલે છે કે જેને શાસ્ત્રનું કોઈ રીતે સમર્થન ન હોય. આ પરંપરાઓને આપણા વડીલો આમ કરતા હતા એ એક જ દલીલથી આંખો મીંચીને સ્વીકારી લેવાની હોય તો શા માટે આપણે શ્રમણ-શ્રમણીઓને શાસ્ત્રો ભણાવીએ છીએ? સામાચારી શીખવીએ છીએ? અલબત્ત, એવી કેટલીયે પરંપરાઓ છે કે જે શાસ્ત્રોથી જુદી પડી જવા છતાં દેશ-કાળ-જીવદળ સાપેક્ષ વડીલોએ પ્રવર્તાવી છે. એનો નતમસ્તકે સ્વીકાર જ હોય. પરંતુ, જે પરંપરાઓની સાપેક્ષતા પૂરી થઈ ચૂકી છે, એનાં દેશ-કાળ-જીવદળ બદલાઈ ચૂક્યાં છે, એની પ્રસ્તુતતા કે યથાર્થતા સમજી કે સમજાવી શકાય તેમ નથી, તેવી પરંપરાઓ પર પણ પુનઃ વિચાર ન થઈ શકે? મિત્ર મુનિવરોને નમ્ર વિનંતિ છે કે આનો પ્રત્યુત્તર પાઠવે.

✉ 121. [🔗 ✉ 73 (13.89), ∑ 217 (15.9) **गन्धादिद्रव्य भावुक या...**]

મને લાગે છે કે મુનિશ્રીએ આ અવ્યાપ્તિ આપતી વખતે ઉષ્ણત્વ અને ઉષ્ણસ્પર્શવત્ત્વ વચ્ચેનો ભેદ ધ્યાનમાં નથી લીધો. વસ્તુગત ઉષ્ણત્વ એટલે કે ઉષ્મા નિરપેક્ષ બાબત છે. જ્યારે ઉષ્ણસ્પર્શવત્ત્વ સાપેક્ષ વાત છે. જેમ કે પાણી ૭૦° ડિગ્રી જેટલું ગરમ થાય એટલે તેમાં ૭૦° ડિગ્રી જેટલું ઉષ્ણત્વ હોય જ. આ એક નિરપેક્ષ સત્ય થયું. પણ તે

પાણીનો ઉષ્ણસ્પર્શ આપણને કેટલો અનુભવાશે તે વાતાવરણ, ત્વચાની સંવેદનશીલતા વગેરે કારણો પર નિર્ભર છે – એ ઠંડું પણ લાગી શકે, ગરમ પણ લાગી શકે. ચંદ્રકાંત મણિ અગ્નિના ઉષ્ણસ્પર્શવત્ત્વને બાધા પહોંચાડે છે, એના ઉષ્ણત્વને નહીં. અગ્નિ તો ચંદ્રકાંત મણિના સંયોગ વખતે પણ પોતાનું તાપમાન તો જાળવી જ રાખે છે. ટૂંકમાં, ઉષ્ણત્વ = તાપમાન અને ઉષ્ણસ્પર્શવત્ત્વ = દાહકતા. આથી ચંદ્રકાંત મણિના સંયોગ વખતે પણ અગ્નિમાં ઉષ્ણસ્પર્શવત્ત્વ નથી હોતું, ઉષ્ણત્વ તો હોય જ છે. માટે અગ્નિના ઉષ્ણત્વ લક્ષણમાં કોઈ અવ્યાપ્તિ આવશે નહીં.

વળી, સૂર્યની ગરમીથી રસ્તા વગેરે ગરમ થાય કે અગ્નિના સંપર્કથી વાસણમાં રહેલું પાણી ગરમ થાય તેમાં પણ મુનિશ્રીએ ઉષ્ણ સ્પર્શ ભાવુક હોવા અંગે પ્રશ્ન ઉઠાવ્યો છે. જાણે કે મુનિશ્રીના મતે સૂર્ય અને અગ્નિ પોતાનો ઉષ્ણ સ્પર્શ તે તે વસ્તુમાં સંક્રાંત કરતા હશે. મુનિશ્રીને વિનંતિ કે તેઓ ઉષ્માના પરિવહનના સિદ્ધાંતને બરાબર ધ્યાનમાં લે.

ઉષ્મા, જો પરિવહન માટે યોગ્ય માધ્યમ મળે તો, હમેશાં ગરમ વસ્તુ તરફથી ઠંડી વસ્તુ તરફ વહે છે. આ આજના ભૌતિકશાસ્ત્રનો એક અફર ઠરેલો સિદ્ધાંત છે. આ ઉષ્માનું પરિવહન અન્ય પદાર્થોનું તાપમાન વધારી શકે છે, પરંતુ તે પદાર્થોને ઉષ્ણ સ્પર્શ આપી શકતું નથી. કેમ કે પૂર્વે કહ્યું તેમ ઉષ્ણ સ્પર્શ એ સાપેક્ષ વાત છે. અમુક ઉષ્ણતામાન ધરાવતો પદાર્થ કોઈને ગરમ પણ લાગી શકે ને કોઈકને ઠંડો. એટલે ઉષ્માના પરિવહનથી ઉષ્ણ સ્પર્શને ભાવુક સમજવો તે તો અસંગત જ ગણાશે. હા, એટલું ચોક્કસ કહી શકાય કે ઉષ્માનું પરિવહન થયું એટલે પદાર્થમાં ઉષ્ણ સ્પર્શ અનુભવાયો. પણ ઉષ્ણ સ્પર્શ ધરાવતો એક પુદ્ગલ બીજા પુદ્ગલને ઉષ્ણ સ્પર્શ આપી શકતો નથી.

આશ્ચર્ય તો ત્યાં થાય કે *આવશ્યકનિર્યુક્તિ* – ૫ ની *હારિભદ્રી* અને *મલયગિરીયા* વૃત્તિ ગંધ, રસ અને સ્પર્શ અભાવુક હોવાથી જ એમના અનુભવ માટે બદ્ધસ્પૃષ્ટતાની જરૂર પડે છે એમ કહે છે, કારણ કે જો એ ભાવુક હોત તો એમના અનુભવ માટે શબ્દની જેમ એકલી સ્પૃષ્ટતાથી ચાલી જાત. ત્યારે મુનિશ્રી **यदि स्पर्श और रस भावुक नहीं हैं तो उनका ज्ञान होना भी संभव नहीं लगता क्योंकि भावुक हुए बिना वे बद्ध और स्पृष्ट कैसे होंगे?** એની સામે જ શંકા વ્યક્ત કરે છે! જે બદ્ધસ્પૃષ્ટતા સ્વયં અભાવુકતાની સાબિતી છે

તે બદ્ધસ્પૃષ્ટતાને જ તેઓ ભાવુકતાથી જન્ય માને છે! મુનિશ્રીએ બદ્ધસ્પૃષ્ટતા અંગે ફરીથી વિચાર કરવાની જરૂર લાગે છે.

એક પ્રશ્ન વિશે વિચારીએ – શબ્દ જો ભાવુક બની શકે તો રૂપ, ગંધ, રસ અને સ્પર્શ કેમ નહીં? આનું કારણ એ છે કે વર્ણાદિ ૪ પુદ્ગલના સહજ ગુણધર્મો છે. એમાં પરિવર્તન શક્ય છે, પણ પરિવહન શક્ય નથી. આપણે જાતે જ વિચારીએ તો સમજાશે કે એક પુદ્ગલમાં રહેલો સફેદ રંગ, સુરભિ ગંધ, શીત સ્પર્શ, મધુર રસ – એ બીજા પુદ્ગલને કેવી રીતે આપી શકે? શક્ય જ નથી. શબ્દનું આવું નથી. શબ્દ એ પુદ્ગલસ્કંધનું કંપન છે. અને એક સ્કંધ પોતાનું કંપન બીજા સ્કંધને આપે, એક સ્કંધથી સાથેના સ્કંધ કંપિત થાય તે તદ્દન શક્ય વાત છે. માટે જ શબ્દદ્રવ્ય ભાવુક ગણાય છે. શબ્દ એ ચેઇન રિએક્શનથી ફેલાઈ શકે છે, ગંધાદિ નહીં. ભાવુકતા – અભાવુકતાને આવા વાસ્તવિક સંદર્ભમાં તપાસીશું તો જ એને યથાર્થ રીતે સમજી શકીશું. અન્યથા દલીલો કરવાનું તો શક્ય છે જ.

✉ 122. [🔗 ∑ 196 (14.3) **द्वित्वादि अनेकस्थ धर्म**]

સ્યાદ્વાદમતે એકાંતે અસત્ખ્યાતિ સંભવિત જ નથી. એટલે બોધની વિષયભૂત વસ્તુનું કથંચિત્ અસ્તિત્વ હોય તો જ તેનો બોધ થાય એ નિશ્ચિત વાત છે. પરંતુ, સ્યાદ્વાદમતે પ્રમાણસિદ્ધ ધર્મો જેમ સત્ ગણાય છે, તેમ વિકલ્પસિદ્ધ ધર્મો પણ સત્ જ ગણાય છે. વિકલ્પસિદ્ધનો અર્થ એ જ થાય કે એ ધર્મો આપેક્ષિક બુદ્ધિથી જન્ય છે, વાસ્તવિક જગતમાં એમનું સાર્વદિક અસ્તિત્વ નથી. આપેક્ષિક બુદ્ધિ હોય તો એમનું અસ્તિત્વ હોય છે, આપેક્ષિક બુદ્ધિ ન હોય તો એમનું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય છે. જેમ કે ઉચ્ચત્વ, નીચત્વ, લઘુત્વ, ગુરુત્વ, પરત્વ, અપરત્વ, ઈષ્ટત્વ, અનિષ્ટત્વ – આ બધા જ આપેક્ષિક બુદ્ધિથી જન્ય ધર્મો છે. અને તેમ છતાં તે તે ધર્મોના બોધને આપણે સદ્વિષયક જ સમજીએ છીએ. તો વિકલ્પકલ્પિત હોવું અને તેમ છતાં સત્ હોવું તેમાં સ્યાદ્વાદમતે કોઈ વિરોધાભાસ જણાતો નથી. એથી *ઉપાધ્યાયજી* દ્વિત્વાદિને *નયરહસ્ય*માં સત્ ગણાવે અને *અધ્યાત્મસાર*માં દ્વિત્વાદિને વિકલ્પકલ્પિત કહે એમાં કોઈ અસંગતિ નથી. મુનિશ્રી જણાવે

છે કે ये दो पाठ भी एकदूसरे से विपरीत ज्ञान करानेवाले प्रतिभासित होते हैं તે યથાર્થ જ છે, કેમ કે બે પાઠ વચ્ચે વિરોધ પ્રતિભાસિત થઈ રહ્યો છે, વાસ્તવિક વિરોધ નથી. સ્વયં મુનિશ્રીના મતે, વિરોધ, કે જે છે જ નહીં, તેને પણ વિકલ્પકલ્પિત કરીને જો એનો બોધ કરી શકાતો હોય, એને 'છે' એમ સમજી શકાતો હોય તો દ્વિત્વાદિને વિકલ્પકલ્પિત + સત્ સમજવામાં શું તકલીફ હોઈ શકે?

રહી વાત દ્વિત્વાદિના અસ્તિત્વ અંગે ત્રણ વિકલ્પોની. તો સ્યાદ્વાદમતે એક જ ધર્મનું એકસાથે અનેક ધર્મીમાં વૃત્તિત્વ હોય અને તેમ છતાં તે દરેક ધર્મીમાં એનું સ્વતંત્ર અસ્તિત્વ પણ હોય તે સંમત જ છે. ઉદાહરણ તરીકે ઘટકારણતારૂપ ધર્મ લો. આ ધર્મ મૃત્તિકા, કુલાલ, દંડ, ચક્ર – બધાંમાં સ્વતંત્રપણે રહે છે. અને તો પણ આપણે એકલા દંડમાં, એકલા ચક્રમાં, એકલા કુલાલમાં, એકલી મૃત્તિકામાં – ઘટકારણતા નહીં જ માનીએ. કેમ કે તો તો એકલા દંડથી, એકલા ચક્રથી, એકલા કુલાલથી, એકલી મૃત્તિકાથી પણ ઘટ ઉત્પન્ન થવો જોઈએ. પરંતુ એવું તો બનતું નથી. તેથી આપણે એમ કહીશું કે એકલા દંડમાં ઘટકારણતા છે જ, પણ અન્ય કારણોથી સાપેક્ષપણે. કારણ કે વાસ્તવિક રીતે તો ઘટકારણતા અનેક ધર્મીમાં વૃત્તિત્વ ધરાવે છે. એક-એકમાં જો સ્વતંત્રપણે જોઈએ તો અન્યકારણસહકૃત ઘટકારણતા છે. આને જ કારણસમુદયવાદ કે સામગ્રીજન્યત્વવાદ કહેવાય છે.

એ જ રીતે ઘટાદિગત દ્વિત્વ પણ દ્વિત્વબુદ્ધિજનકત્વ અર્થાત્ દ્વિત્વબુદ્ધિકારણતાસ્વરૂપ છે. તેનું ઘટકારણતાની જેમ જ એક અપેક્ષાએ બે પદાર્થોમાં સ્વતંત્ર અસ્તિત્વ પણ છે, અને સામગ્રીજન્યત્વન્યાયે બે ધર્મીમાં વૃત્તિત્વ પણ છે. આ દ્વિત્વબુદ્ધિકારણતા અને પૂર્વોક્ત ઘટકારણતામાં ફરક માત્ર એટલો જ છે કે દંડાદિમાં ઘટકારણતા વાસ્તવિક છે, જ્યારે ઘટાદિમાં દ્વિત્વબુદ્ધિકારણતા વિકલ્પકલ્પિત છે. પૂર્વે કહ્યું તેમ સ્યાદ્વાદમતે તો બંને સત્ જ છે. स्याद्वादो विजयतेतराम्।

## 🖂 123. [🔗 ∑ 194 (14.1) **वीतरागी को भी मृषावाद कैसे?**]

સામાન્ય રીતે જ્યાં રાગ અને દ્વેષની સાથે જ મોહ શબ્દ પણ પ્રયોજાય ત્યાં મોહનું અર્થઘટન અજ્ઞાનપરક થતું હોય છે. એટલે रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम्।

यस्य तु नैते दोषास्तस्याऽनृतकारणं किं स्यात्?।। આ શ્લોકનું તાત્પર્ય એવું થશે કે રાગ, દ્વેષ અથવા મોહ (-અજ્ઞાન) થી ખોટું બોલાતું હોય છે. જે વ્યક્તિમાં આ દોષો ન હોય તે વ્યક્તિને ખોટું બોલવાનું કારણ જ શું હોઈ શકે? શંકાકાર મુનિશ્રીની એ વાત સાચી છે કે ઉપશાંતમોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનકે રાગ કે દ્વેષ હોતા નથી, તો એ ગુણસ્થાનકે મિથ્યાભાષણ કઈ રીતે સંભવે? પરંતુ જો મુનિશ્રી મિથ્યાભાષણનું એક કારણ અજ્ઞાન પણ છે એ વાત ધ્યાનમાં લેશે તો એમને આપોઆપ ઉપશાંતમોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનકે મિથ્યાવિચાર અને તજ્જન્ય મિથ્યાભાષણનો સંભવ હોવાનું સમજાઈ જશે.

એ જ લેખમાં *શ્રીહરિભદ્રસૂરિજી*ના रागादिमतश्च सत्यवचनासम्भवात् એ વચનમાં મુનિશ્રીએ क्या रागादिमान् पुरुष कभी सत्यवचन नहीं बोल सकता? એવી જે આપત્તિ ઉઠાવી છે તે એમની બૌદ્ધિક ક્ષમતા માટે માન ઉપજાવે તેવી છે. મુનિશ્રીને આ પ્રશ્નના સમાધાનમાં એટલું જ પૂછવાનું કે મિથ્યાત્વી જીવ ક્યારેય ઘટનો ઘટસ્વરૂપે બોધ નથી કરતો? લૌકિક દૃષ્ટિએ એનો આ બોધ તદ્દન સાચો હોવા છતાં મિથ્યાત્વી જીવનું જ્ઞાનમાત્ર અજ્ઞાન જ કેમ ગણાય છે? આનું જે પણ સમાધાન મળે તે ઉપરોક્ત સમસ્યામાં પણ કામ લાગી જશે.

## 🖂 124. [🔗 ∑ 172 (13.28) પાત્રપ્રતિલેખન કર્યા પછી વંદન...]

*આવશ્યકનિર્યુક્તિવૃત્તિ* અને *પંચવસ્તુકવૃત્તિ* – બંનેના પાઠનો એક જ ભાવ સમજાય છે કે પાત્રપ્રતિલેખન પછી જેણે સ્વાધ્યાય કરવાનો હોય તે સ્વાધ્યાય પ્રાયઃ અર્થપૌરુષીરૂપ હોવાથી અને આ અર્થપૌરુષી પ્રાયઃ આચાર્ય પાસે જ થતી હોવાથી તે અર્થપૌરુષી વખતે જ આચાર્યને વંદન કરવાનાં હોય છે. માટે જેણે સ્વાધ્યાય કરવાનો હોય તે શ્રમણ પાત્રપ્રતિલેખન પહેલાં આચાર્યને વંદન ન કરે. અને જો સ્વાધ્યાય ન કરવાનો હોય તો પહેલાં વંદન કરી લે અને પછી પાત્રપ્રતિલેખન કરે. એટલે આમ તો બંને પ્રરૂપણાઓ વચ્ચે કોઈ ભિન્નતા જણાતી નથી. તો પણ મુનિશ્રીને ભિન્નતા જણાઈ છે તો તે શું છે તે સ્પષ્ટ કરે તેવી વિનંતિ.

## 🖂 125. [🔗 🖂 100 (15.51)]

કેવલજ્ઞાની ભગવંતને પણ ભાવશ્રુતનો જ અભાવ માન્યો છે, દ્રવ્યશ્રુતનો નહીં. કેવલજ્ઞાનીને પણ દેશનાદિ માટે દ્રવ્યશ્રુતની અપેક્ષા રહે જ છે. દેશનાદિ વખતે પ્રવર્તતો

એમનો વાગ્યોગ જ દ્રવ્યશ્રુત ગણાય છે[37]. જો આ વાગ્યોગસ્વરૂપ દ્રવ્યશ્રુત ન હોય તો કેવલજ્ઞાન પણ મૂંગું જ ગણાય. મુનિશ્રીને વિનંતિ કે केवलणाणेणऽत्थे णाउं... આ ગાથાનાં વિવિધ વિવરણો જોઈ લે.

⊠ 126. [🔗 ∑ 120 (11.21) આવશ્યકચૂર્ણિના કર્તા જિનદાસગણિ...]

અત્યારે ઉપલબ્ધ *આવશ્યકચૂર્ણિ શ્રીજિનદાસગણિ મહત્તર* રચિત ન હોઈ શકે તે વાત સાચી છે. પણ તેની સાથે જ *શ્રીજિનદાસગણિ મહત્તરે આવશ્યક* પર એક *ચૂર્ણિ* રચી તો હતી જ તે અંગે અનેક રસપ્રદ દલીલો *શ્રીહેમચંદ્રાચાર્ય શિક્ષણનિધિ* તરફથી પ્રકાશિત *બૃહત્કલ્પ* (નિર્યુક્તિ, લઘુભાષ્ય, બૃહદ્ભાષ્ય અને ચૂર્ણિ સહિત) – ભાગ – ૧ ની પ્રસ્તાવનામાં કરવામાં આવી છે. તે એકવાર જોઈ જવા સૌને ભલામણ છે.

⊠ 127. [🔗 ⊠ 84 (14.78)]

મુનિશ્રીઓએ પ્રથમ લેખમાં જ એટલી સરસ રજૂઆત કરી હતી કે તેમાંથી બે વાત બરાબર સમજાઈ ગઈ હતી – ૧. વસ્તુ પ્રકાશનાં કિરણોનું પરાવર્તન કરે અને એ પરાવર્તિત કિરણો આપણી આંખમાં પ્રવેશે તો જ આપણે તેને જોઈ શકીએ. આ અર્થમાં ચક્ષુ અપ્રાપ્યકારી નથી જ. ૨. ચક્ષુ પ્રકાશનાં કિરણોને પ્રાપ્ત કરતી હોવા છતાં વિષયભૂત એવા (કમ સે કમ, લેખક મુનિશ્રીઓ સિવાયની દુનિયા જેને ચક્ષુના વિષય તરીકે સ્વીકારે છે તે) ઘટરૂપ સાથે તો ચક્ષુનો કોઈ સંયોગ નથી. એટલે તે ઘટરૂપની અપેક્ષાએ તો ચક્ષુ અપ્રાપ્યકારી જ રહે છે.

આ બે વાત કોઈ પણ દૃષ્ટિથી પરસ્પર વિરોધી જણાતી નથી. જૈન દર્શન સંમત ચક્ષુની અપ્રાપ્યકારિતા ઘટરૂપ જેવા વિષયની અપેક્ષાએ છે. જ્યારે વૈજ્ઞાનિક પ્રાપ્યકારિતા પ્રકાશનાં કિરણોની અપેક્ષાએ છે, જેનો 'આલોકસંયોગ' જેવાં નામોથી (પ્રક્રિયાભેદે) ચક્ષુની અપ્રાપ્યકારિતા માનવા છતાં પણ સ્વીકાર છે.

લેખક મુનિશ્રીઓ રૂપપ્રત્યક્ષમાં પદાર્થ દ્વારા પરાવર્તિત પ્રકાશનાં કિરણોની અપેક્ષા સરસ રીતે સમજાવી ચૂક્યા છે, જેના માટે તેઓ અભિનંદનના અધિકારી છે. અને આ મુદ્દો

---

37 तेषां श्रोतॄणां भावश्रुतकारणत्वात् स वाग्योगः श्रुतं भवति, श्रुतमिति व्यवह्रियते इत्यर्थः। - *नंदीसूत्र – मलयगिरीया* वृत्ति

આમે એટલો સ્પષ્ટ જ છે કે એ માટે "મધ્યસ્થભાવે આ વિષયમાં ગંભીર વિચારણા કરીને આ બાબતે આપણો મત કઈ રીતે પ્રસ્થાપિત થઈ શકે તે જણાવવા વિદ્‌વદ્ મિત્ર મુનિવરોને હાર્દિક અનુરોધ છે." જેવાં વિધાનો કરવાની કે કોઈ વૈજ્ઞાનિકનો સંપર્ક કરવાની આવશ્યકતા જ નથી બચતી. મુનિશ્રીઓ - અન્ય ઇંદ્રિયોથી અનુભવ માટે જેમ વિષયના સીધા સંપર્કમાં આવવું પડે છે તેમ ચક્ષુ માટે કરવું પડતું નથી, દૂર રહીને પણ પ્રકાશનાં કિરણોની મદદથી આપણે તેને જોઈ જ શકીએ છીએ. આ જ જૈન દર્શન સંમત ચક્ષુની અપ્રાપ્યકારિતા છે - એમ સમજાવીને પણ નવી પેઢીને જૈન દર્શન સાથે સંમત કરી જ શકે છે. અમે પણ આ જ રીતે નવી પેઢીને સમજાવી શકતા હોઈએ છીએ. કેમ કે મુનિશ્રીઓ ધારે છે એવો આ પેચીદો મુદ્દો જ નથી.

છતાંય 'સંકલનકારની ટિપ્પણીમાં અપાયેલા સમાધાન ઉપર વિચારણા' પર વિચારણા (મુદ્દાસર) –

૧. પ્રકાશનાં કિરણોની અપેક્ષાએ ચક્ષુની પ્રાપ્યકારિતા – કબૂલ.

૨. અનવસ્થા – કબૂલ નથી, કેમ કે ભાસ્વર પદાર્થ માટે અન્ય પ્રકાશની જરૂર નથી.

૩. જુઓ જવાબ ૧ અને ૨.

૪. "અમે તો કિરણના રૂપ સાથે ચક્ષુની પ્રાપ્યકારિતા કહીએ છીએ." – કબૂલ.

૫. "કિરણ (જે રૂપવાળાં છે) તે સીધા આંખમાં પ્રવેશે છે આથી તેના રૂપને જાણનારી ચક્ષુ પ્રાપ્યકારી છે." – કબૂલ.

૬. "અમે ઘટરૂપની વિવક્ષાએ ચક્ષુને પ્રાપ્યકારી કહેતાં જ નથી. પણ કિરણના રૂપની અપેક્ષાએ જ ચક્ષુને પ્રાપ્યકારી કહી છે." – કબૂલ.

૭. "આપણે સાક્ષાત્ કોઈ પણ વસ્તુને જોતાં જ નથી. તે તે પદાર્થને ટકરાઈને આવેલાં કિરણોને જ જોઈએ છીએ. પણ અજ્ઞાન કે ભ્રમવશે તે તે વસ્તુને જોઈ એવો ઉપચાર કરીએ છીએ." – મુનિશ્રીઓનું વલણ અસત્ખ્યાતિ માનવા તરફનું છે? રૂપના પ્રત્યક્ષમાત્રને તેઓ અજ્ઞાન કે ભ્રમ સમજે છે? સ્વયં મુનિશ્રીઓ જ્યારે જ્યારે કોઈ પણ રૂપનું પ્રત્યક્ષ કરે ત્યારે ત્યારે 'મેં ઘડાને જોયો' એવા સ્વસંવેદનની જગ્યાએ 'મેં ચક્ષુમાં પ્રવેશેલાં પ્રકાશનાં કિરણોના

રૂપને જોયું' આવું સ્વસંવેદન કરે છે? નમ્ર વિનંતિ કે અસત્ખ્યાતિવાદના રસ્તે જવા જેવું નથી.

૮. "ચક્ષુનો વિષય કોણ કહેવાય? જેને ચક્ષુ જાણે તે જ ને વળી. તો ચક્ષુ તો કિરણને જ જાણે છે, તેથી રૂપની અપેક્ષાએ ચક્ષુને અપ્રાપ્યકારી ઘટાવવાનો કોઈ મતલબ ખરો?" – હવે મુનિશ્રીઓ પ્રકાશનાં કિરણોના રૂપને ચક્ષુનો વિષય ગણે, અને તે સિવાયની જેમાં આપણે રહીએ છીએ તે દુનિયા અને શાસ્ત્રો ઘટાદિના રૂપને ચક્ષુનો વિષય ગણે એટલે મુશ્કેલી તો રહેવાની જ!

૯. પ્રકાશનાં કિરણોનું રૂપ અને તેમનો સ્પર્શ – બંનેને પ્રાપ્ત જ સમજીએ તો કોઈ પ્રશ્ન જ નથી.

વળી, એક મુનિશ્રીએ તો પત્રચર્ચામાં આ સંદર્ભે ચક્ષુમાં Special Power, છાયાપુદ્ગલોનું ગ્રહણ, નિવૃત્તેંદ્રિયમાં વિલક્ષણ શક્તિ – આવી આવી રમ્ય કલ્પનાઓ સર્જી છે. અભિનંદન!

[FYI - ચક્ષુને આ રીતે પ્રકાશનાં કિરણોની પ્રાપ્તિ કરવી જ પડતી હોવાથી એમાં પણ અન્ય ઇંદ્રિયોની જેમ સીધો અર્થાવગ્રહ થવો શક્ય નથી જ. પરંતુ ત્યાં વિષય-ઇંદ્રિય-સંનિકર્ષ ન હોવાથી વ્યંજનાવગ્રહ તો સંભવતો નથી. તો અર્થાવગ્રહ પૂર્વે શું સમજવું તે પ્રશ્ન તો રહે જ. અત્રે વ્યંજનાવગ્રહનું સ્થાન ચક્ષુર્દર્શન લે છે એમ આ લેખકનો અભિપ્રાય છે. આ અભિપ્રાયના પરીક્ષણ માટે "દર્શન વિશે વિચારણા" – *અનુસંધાન* – ૫૬ એ લેખ વાંચવા અનુરોધ છે.]

🖂 128. [🔗🖂 110 (15.58)]

મુનિશ્રીની શંકાના સમાધાનમાં કંઈ પણ કહેવા કરતાં સીધા પાઠ જ મૂકી દઉં –

શંકા - "મતિજ્ઞાનથી પૂર્વે દ્રવ્યશ્રુત ન હોય." સમાધાન – भावश्रुताद् मतिर्नाऽस्ति। भावश्रुतपूर्विका मतिर्न भवतीत्यर्थः। द्रव्यश्रुतप्रभवा तु भवतु, को दोषः? – *વિશેષાવશ્યકભાષ્ય* – ૧૦૯ *મલધારી* વૃત્તિ.

શંકા - "શ્રુતને અનુસર્યા વગર જે અક્ષરલાભ થાય, તેનું કથન જો વક્તા મત્યુ-પયોગમાં રહીને કરી શકતો હોય તો મતિજ્ઞાન પણ પ્રજ્ઞાપક ન બની જાય? 'અલબત્ત, ક્યારેક મતિજ્ઞાન પણ સીધું જ દ્રવ્યશ્રુતમાં પણ રૂપાંતર પામે' – આ શક્ય જ કેવી રીતે બને?"
સમાધાન - यः परोपदेशार्हद्वचनलक्षणं श्रुतमनुस्मृत्याऽक्षरलाभोऽन्तः स्फुरति, तं श्रुतोपयोगे एव वर्तमानो भाषते। यस्त्वश्रुतानुसारी स्वमत्यैव पर्यालोचित ईहापायेषु स्फुरत्यक्षरलाभः, तं यदा मत्युपयोगसहित एव भाषते, तदा तस्य शब्दलक्षणस्य द्रव्यश्रुतस्य कारणत्वाद् भवत्येव मतिर्द्रव्यश्रुतम्। - *વિ.ભાષ્ય* – ૧૩૬ *મલધારી* वृत्ति.

✉ 129. [🔗 ∑ 221 (15.24) પ્રભુવીરના ભવો અંગે...]

પ્રભુ વીરના એક ભવની કથા *શ્રીઉદ્યોતનસૂરિજી* રચિત *કુવલયમાળા* ગ્રંથમાં (પરિચ્છેદ – ૩૪૯) મળે છે. આ કથા સ્વયં વીર પ્રભુએ કાંકદી નગરીમાં સમવસરણમાં મણિરથ નામના રાજકુમારને કહી છે. કથા બહુ જ અદ્ભુત છે, પણ અહીં એનો સારાંશ લખવામાં પણ પાનાં ભરાય. તેથી તે લખવાના લોભનું સંવરણ કરીને મૂળ વાત કરીએ તો આ કથા મુજબ સ્વયં પ્રભુ વીરે એક ભવમાં સાકેત નામના નગરમાં જન્મ લીધો હતો. જુઓ – भो भो देवाणुप्पिआ! अत्थि इओ एक्कम्मि मह जम्मंतरे सागेयं णाम णगरं। तत्थ मयणो णाम राया। तस्स य पुत्तो अहं, अणंगकुमारो य महं णामं तम्मि काले आसि। આ ભવમાં પ્રભુની જે પરિણતિનું દર્શન થાય છે તે નિશ્ચિતપણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જ હોઈ શકે. તેથી આ ભવ ૨૨ મો ભવ જ હોય તેમ માનવાને મન લલચાય છે. વળી, એ ભવમાં પ્રભુનો જેની સાથે સંબંધ જોડાયો છે તે સુંદરી નામની કન્યા ત્યાંથી ચ્યવીને માનભટ્ટ, પદ્મસાર દેવ, કુવલયચંદ્ર, વૈડૂર્યપ્રભ દેવ થઈને મણિરથ કુમાર થાય છે અને ભગવાનને મળે છે. એટલે આ ૫ ભવના અંદાજથી સમયની ગણતરી કરીએ તો પણ મેળ બેસી જાય છે. સ્વયં પ્રભુ વીરના મુખે જ પોતાના ભવનું વર્ણન થયું હોવાથી આ સંદર્ભનું મહત્ત્વ અન્ય સંદર્ભો કરતાં ઘણું જ વધી જાય છે.

[આ જ સંદર્ભનો ઉલ્લેખ કરતો મુનિ *શ્રીજિનાંગદર્શનવિજયજી*નો પત્ર પણ આવ્યો છે. પણ એ પહેલાં આ પત્ર છપાઈ ગયો હતો એટલે તે પત્ર અત્રે લીધો નથી.]

## ✎ મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી

### ✉ 130. [🔗 ∑ 218 (15.19) ચંદ્રપ્રભસ્વામી તથા...]

મુનિશ્રીએ 'ગંધારે મહાવીર જિણંદા' આ થોયની બીજી ગાથાની જે વાચના આપી છે તે *શ્રીભદ્રંકર જિન-ગુણ સ્તવન મંજરી, અન્તર્નાદ* ઇત્યાદિ પુસ્તકોમાં આ રીતે મળે છે - ઋષભ જિનેશ્વર તેર ભવ સાર, ચંદ્રપ્રભ ભવ આઠ ઉદાર, શાંતિકુમાર ભાવ બાર; મુનિસુવ્રત ને નેમકુમાર, તે જિનના નવ નવ ભવ સાર, દશ ભાવ પાર્શ્વકુમાર; સત્તાવીશ ભવ વીરના કહીએ, સત્તર જિનના ત્રણ ત્રણ લહીએ, જિનવચને સદ્દહીએ, ચોવીસ જિનનો એહ વિચાર, એહથી લહીએ ભવનો પાર, નમતાં જયજયકાર.

આ વાચનામાં ચંદ્રપ્રભસ્વામીના આઠ ભવ કહ્યા છે. તો પછી આ વાંચનદોષ સમજવો કે પછી એક નવો જ મત સમજવો?

## ✎ મુનિશ્રી કલ્પચંદ્રવિજયજી

### ✉ 131. [🔗 ∑ 226 (15.84) પ્રભુવીર-જન્મવાંચનસમયે શ્રીફળ...]

આ અંગે મારા વિચારો –

→ જાજમ ઉપર વધેરવું તે સ્પષ્ટ અવિવેક છે તે ન ચલાવી લેવાય.

→ શ્રીફળ વધેરવાથી બેફામ પાણીનો વપરાશ થાય તેનો રસ્તો છે. પહેલાં પોતું કરી પછી નિરમા નાખી પોતું કરે. આમ ૨-૩ ડોલમાં એક વખત પોતું થાય તે રીતે જોઈએ તો ૮-૧૦ ડોલમાં પોતું થઈ જાય અને ચિકાશ ન રહે. તેને માટે માણસો વધારે રાખો તો વાંધો આવતો નથી. કીડી વગેરેનો ઉપદ્રવ પણ થતો નથી.

→ હિંસાનો વિચાર કરવો હોય તો હમણાં હમણાં જન્મવાંચનનું સ્વામિવાત્સલ્ય થાય છે. તેમાં અભક્ષ્ય, બેફામ પાણીનો બગાડ, તથા એઠું મૂકવાની પ્રવૃત્તિ તથા એંઠવાડ પડી રહેવા વગેરેમાં ઘણી હિંસાનો સંભવ છે (થાય છે.) છતાં, તે અંગે કેમ કોઈ વિચાર નથી થતો?

→ ઘણી પરંપરા એવી છે કે જેનો પાઠ મળતો નથી, છતાં તેવી પ્રવૃત્તિ થાય છે.

→ સૂકા ગોળામાં તો અનંતકાયનો સંભવ છે. સૂકા ગોળામાં લીલ હોવાનું ઘણી જગ્યાએ જોયું છે.

→ કલ્પસૂત્રમાં જે પાઠ છે તે સ્વપ્નલક્ષણપાઠક પાસે ખાલી હાથે ન જવાય તે અંગે છે. તે પાઠને આની સાથે ન જોડાય.

→ લીલોતરી ન વાપરવી તે અંગે રસનેન્દ્રિયની લોલુપતાનો ત્યાગ અગત્યનો છે. મગ વગેરે કઠોળમાં પણ દાણે દાણે જીવ છે જ.

→ *શ્રીજૈનધર્મપ્રકાશ* માસિકમાં (સં. ૧૯૫૦) પૂજ્ય *શ્રીઆત્મારામજી* મહારાજના બે પત્રો છપાયેલ છે. તેમાં તેઓ જણાવે છે કે શ્રીફળ વધેરવાની પરંપરા હાલ ઉત્તરમાં પંજાબથી માંડીને દક્ષિણના દેશો સુધી ફેલાયેલી છે. તેથી હાલની નવી નથી તથા તેમાં મિથ્યાત્વ વગેરે પણ લાગતું નથી. તેમાં પહેલા પત્રમાં ૧૨ મુદ્દામાં શ્રીફળ ફોડવાના વિરોધીઓને જવાબ આપ્યો છે અને ફોડવાનું સમર્થન કરેલું છે. બીજા પત્રમાં ૬ જેટલા પાઠ આપી સચિત્તની પ્રભાવના પણ પર્વ પર્યુષણમાં થાય તેમ જણાવ્યું છે. અંતે તેમણે જણાવ્યું છે કે આમ છતાં અમારો આગ્રહ નાળિયેર વધેરવાનો નથી. મુંબઈ, સુરત, અમદાવાદ અને ભાવનગર વગેરે મોટા મોટા શહેરોના સંઘો બંધ કરે અને સર્વત્ર પ્રામાણ્ય થાય તો અમોને પણ કોઈ આગ્રહ નથી. સકળ સંઘ મળીને શ્રીફળ ન વધેરવું એવો નિર્ણય કરે તો અમારે તે નિર્ણય માન્ય છે.

**✎ મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી**

✉ 132. [🔗 ✉ 74-75 (14.66)]

સવિશેષ જણાવવાનું કે મારા દ્વારા મોકલાવેલ ચંદનબાળાના લેખમાં પ્રથમ શાસ્ત્રપાઠની (પ્રથમ પંક્તિમાં) રજૂઆત साहह मा भे मारह થી કરેલ છે તેની જગ્યાએ ततियदिवसे धणं पुच्छइ ત્યાંથી કરવી આવશ્યક લાગે છે. કેમ કે ततियदिवसे એવો પાઠ હોય તો તેનાથી છટ્ઠ ફલીભૂત થાય છે. અન્યથા છટ્ઠ કે અટ્ઠમ શું કહેવા માંગે તેની જાણ ન થાય. આ પંક્તિ તથા કલ્પસૂત્રની વૃત્તિમાં પણ “ચંદના પાઠળથી રડે છે એવો ઉલ્લેખ મળે છે” તે પંક્તિ મેં મોકલાવેલ લેખમાં હતી જ. ભૂલથી પ્રિન્ટ થવાની રહી ગઈ હોય એવું લાગે છે.

આ સિવાય *ઉપદેશમાલા*ની શ્રીરત્નપ્રભસૂરિજી રચિત વૃત્તિમાં પણ અટ્ઠમની વાત છે -

चिंतेइ सवाणि सहियपासि, निरु रमइ, कहिवि सा गुणहारसि।

अह कहवि पत्तु वासरु चउत्थु, तो जाउ सेट्ठि कोण्णि विहत्थु।।६०।।

नियकरकमलि कओलु वहंती, दुलुहुबाल दिट्ठ रोयंती ।

तिदिक्ख निरसण भुक्खहु मुल्ली, करि-उम्मूलिय-कमलिणि तुल्ली।।६३।।

नहु तारिसु विज्जइ अतिहि जं दिज्जइ तिहिं उववासहं पारणइ।
जइ तहवि अवत्थहिं पावउं दुच्छहिं तो पारावउ कोवि जइ।।६६।।
આ ત્રણ ગાથા પરથી અટ્ઠમ કર્યો છે તેવું ફલિત થાય છે.

તે જ ગ્રંથમાં ચંદના પ્રભુ આવ્યા પહેલાં રડી છે તેવું બતાવ્યું છે –

धणु गउ नियलुग्घाडणकारणि, कारु हु कस्सइ सइं हक्कारणि।

चंदण ते कुम्मास पलोयइ, पेइयहरु सुमरे विणु रोयइ।।६५।।

મુનિ *શ્રીઅકલંકવિજયજી*એ લખેલ *જૈન કથાઓ* - ભાગ - ૯ માં પણ અટ્ઠમની વાત આવે છે તથા આંસું પહેલાંથી ન હતા, પ્રભુ આવ્યા પછી પાછળથી પાડે છે એવી વાત આવે છે.

**✎ મુનિ શ્રીહર્ષચન્દ્રવિજયજી**

✉ 133. [🔗 ✉ 111 (15.59)]

અવિધિ એ શું પરંપરા હોય? પૂ. આ. શ્રીનીતિસૂરિજી મ. તથા પૂ. આ. શ્રીકલાપૂર્ણસૂરિજી મ. આદિ ગીતાર્થો આવી અવિધિ નહિ કરતા હોય, છેલ્લી અવસ્થામાં ઉંમરના કારણે બની શકે. અમારા વડીલો પોરસી અંગે અવિધિ ન'તા કરતા. પણ હાલ અમે પ્રમાદવશ આવી અવિધિ કરીએ છીએ, તો શું આ અવિધિ અમારા શિષ્યો સુધી પરંપરા બની જશે? આવું જ થશે તો વિધિ કોને કહેશું?

**✎ મુનિ શ્રીમુક્તિમંડનવિજયજી**

✉ 134. [🔗 ∑ 216 (15.1) **श्रुतनिश्रित मतिज्ञान**]

સંપાદકશ્રીના ∑ 199 ના નિષ્કર્ષ પરથી નીચેની બાબત ફલિત થઈ શકે -




વિશિષ્ટ જ્ઞાન વગર જન્મેલા નવજાતશિશુને ઘટ વગેરે અભિલાપ્ય પદાર્થો કે અન્ય અભિલાપ્ય પદાર્થો જોઈને અવગ્રહાદિ થાય તેનો સમાવેશ અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન અંતર્ગત પારિણામિકી બુદ્ધિમાં કરવો નીચેનાં કારણોથી વધારે ઉચિત લાગે છે.

અનભિલાપ્ય પદાર્થ વિષયક અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનને શબ્દોમાં વ્યક્ત કરી શકાતું નથી. ૫ વર્ણ, ૨ ગંધ આદિ પુદ્ગલના જે પ્રકારો છે તે માત્ર સામાન્ય અર્થને સૂચવનારા છે, પણ પુદ્ગલજન્ય બધા અનુભવોને શબ્દમાં ઢાળવા શક્ય નથી હોતા. જેમ કે (૧) આસન અને સંથારાના સ્પર્શ વગેરેનો તફાવત (૨) ગોળની મીઠાશનું વર્ણન (૩) ગુલાબની સુગંધનું વર્ણન (૪) પીળા રંગના ચોક્કસ શેડનું વર્ણન (૫) કોયલના ટહુકાની મીઠાશનું વર્ણન (૬) મનમાં અનુભવાતા આનંદનું વર્ણન.

આ પાંચ ઈન્દ્રિય અને મનના વિષયભૂત પદાર્થોનો આપણે ચોક્કસ અનુભવ કરીએ છીએ, પણ એને શબ્દોમાં ઢાળી શકતા નથી. અન્યસમક્ષ તેનો અનુભવ વ્યક્ત કરવો શક્ય નથી બનતો. આ જ્ઞાનનો સમાવેશ જ્ઞાનના કોઈક પ્રકારમાં તો કરવો જ પડશે. તો પ્રશ્ન એ થાય કે તેનો સમાવેશ શેમાં કરવો?

વિચાર કરતાં એવું જણાય છે કે કોઈ પણ કારણસર શાસ્ત્રકાર ભગવંતોએ પાંચ ઈન્દ્રિય અને મનની સહાયથી થતા અનભિલાપ્ય પદાર્થોના અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ભેદોની વિવક્ષા નથી કરી. [જેવી રીતે ૪ બુદ્ધિમાં થતા અવગ્રહ આદિની વિવક્ષા નથી કરી

તેમ.] જો તે ભેદોની પ્રરૂપણા કરી હોત તો તેના પણ અવગ્રહ આદિ ૨૮ ભેદ થયા હોત, કારણ કે આ જ્ઞાનની અવગ્રહ આદિ પ્રક્રિયા તો સરખી જ છે.

એક શક્યતા એ પણ જણાય છે કે આ પ્રકારના જ્ઞાનનો સમાવેશ અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન અંતર્ગત ૪ બુદ્ધિમાં કરવો હોય તો પારિણામિકી બુદ્ધિ અંતર્ગત કરી શકાય. કારણ કે પારિણામિકી બુદ્ધિ એ અનુભવજન્ય જ્ઞાનનું જ બીજું નામ છે. ઉંમર જેમ જેમ વધતી જાય તેમ તેમ માણસનું અનુભવોનું ભાથું મોટું ને મોટું થતું જાય. આ અનુભવોના ભાથાને જ શાસ્ત્રકારો પારિણામિકી બુદ્ધિ તરીકે ઓળખાવે છે.

આ રીતે વિચારીએ તો અનુભવમાત્ર પારિણામિકી બુદ્ધિ અંતર્ગત સમાવેશ પામે છે. તેથી નવજાત શિશુના જ્ઞાનને પારિણામિકી બુદ્ધિ અંતર્ગત કરી શકાય. આ વિશે વિદ્વાન મુનિવરોને પોતાના અભિપ્રાય જણાવવા વિનંતિ.

**મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી**

## 135. [∑ 205 (14.40) **રથનેમિ, નેમિનાથ અને રાજીમતી...**]

આ સંબંધમાં જેમ *શ્રીદશવૈકાલિકસૂત્ર*ની ટીકામાં *શ્રીહરિભદ્રસૂરિજી* મ. રથનેમિ એ પ્રભુ નેમિનાથના મોટાભાઈ છે એમ જણાવે છે, તેમ *કહાવલી*માં *શ્રીભદ્રેશ્વરસૂરિજી* મ. પણ જણાવે છે કે રથનેમિ એ નાના નહીં બલ્કે નેમિપ્રભુના મોટાભાઈ છે[38]. આ વિધાન કરતી વેળા તેઓના મનમાં કદાચ એ વાત હશે કે તીર્થંકરની માતા તીર્થંકરને જન્મ આપ્યા પછી અન્યને જન્મ ન આપે, પરંતુ આ કથનને સમર્થન આપતા પાઠ કદાચ નહીંવત્ છે. જ્યારે અન્ય ઘણે ઠેકાણે તીર્થંકરને જન્મ આપ્યા પછી પણ માતા અન્યને જન્મ આપે એવા પાઠો પ્રચુરતયા પ્રાપ્ત થાય છે.

38 एवं च वट्टमाणे महासोयसमुदए रिट्ठणेमिजेट्ठभाया रहणेमि नाम ...। – *कहावली* - भाग – १, पृष्ठ –३५०, सं. – मुनि श्रीकल्याणकीर्तिविजयजी

*શ્રીજ્ઞાતાધર્મકથાંગસૂત્ર* – અધ્યયન – ૮, સૂત્ર – ૮૯ માં મલ્લિકુમારીનો નાનો ભાઈ મલ્લદિન્ન કુમાર હતો[39] એમ ઉલ્લેખ છે. *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત*માં પણ મલ્લિનાથચરિત્રમાં તેમનો નાનો ભાઈ મલ્લ છે એમ જણાવ્યું છે[40]. તથા ગણિ *શ્રીગુણવિજય* મ. કૃત *નેમિનાથચરિત્ર*માં પણ નેમિનાથનો નાનો ભાઈ રથનેમિ છે એમ જણાવ્યું છે[41]. અને *વિવિધવિષયવિચારમાળા* - ભાગ ૭ માં તો આ પ્રશ્નનો ઉદ્ભવ કરી અનેક શાસ્ત્રોનો નામોલ્લેખ કરવાપૂર્વક આ જ વાત સિદ્ધ કરી છે કે તીર્થંકરને જન્મ આપ્યા પછી પણ માતા અન્ય પુત્રને જન્મ આપી શકે. તે અક્ષરશઃ આ પ્રમાણે –

"તીર્થંકરનાં જન્મ પછી તેની માતા બીજો પ્રસવ આપે કે કેમ?" તે સંબંધી વિચાર. તીર્થંકર મહારાજનો જન્મ થયા પછી તીર્થંકરની માતા બીજા બાળકને જન્મ ન આપે તેવો કોઈ નિયમ નથી. *સેનપ્રશ્ને*[42] તથા *વિચારરત્નગ્રંથે* તથા *જ્ઞાતાસૂત્ર*- અષ્ટમ અધ્યયને તથા *શ્રીવિનયચન્દ્રસૂરિ*કૃત *મલ્લિનાથચરિત્રે*[43] શ્રીમલ્લિનાથજીનો નાનો ભાઈ મલ્લકુમાર કહેલ છે. તથા *ત્રિષષ્ટિ૦* - નેમનાથચરિત્ર તથા *શ્રીતિલકાચાર્ય*કૃત *દશવૈકાલિકસૂત્રવૃત્તિ*માં દ્વિતીય અધ્યયને[44] કહ્યું છે કે નેમિનાથ તીર્થંકરનો નાનો ભાઈ રથનેમિ હતો. *દશવૈકાલિકલઘુવૃત્તૌ* તેમ જ *પ્રશ્નોત્તરસમુચ્ચયે* તથા *ઉત્તરાધ્યયનસૂત્ર* ૨૧ મે અધ્યયને તથા *સેનપ્રશ્નાદૌ* કહેલું છે કે તીર્થંકરના જન્મ પછી પણ તીર્થંકરની માતા પ્રસવે છે." આમ વિચારતાં રથનેમિ એ પ્રભુના મોટાભાઈ નથી એ વાત યોગ્ય ઠરે છે.

---

39 तत्थ णं मिहिलाए, तस्स कुंभगस्स रण्णो पुत्ते, पभावईए अत्तए, मल्लीए अणुजायए, मल्लदिण्णए णामं कुमारे जाव जुवराया यावि होत्था।

40 इतश्च मल्लेरनुजो मल्लो नाम कुतूहलात्। अकारयच्चित्रकरैश्चित्रितां चित्रशालिकाम्। - ૬.૬.૧૦૭

41 इतश्च श्रीनेमेर्लघुभ्राता रथनेमी राजीमतीं पश्यन्...। પૃ૪ - ૧૦

42 જુઓ શ્રુ.સં. ૧૫.૫૩

43 श्रीमल्लेरनुजो मल्लो नाम्ना यौवनमागतः। आजूहवच्चित्रकरान् लेप्यकर्मविशारदान्। - ૫.૧૦૧

44 रथनेमिरथोद्दामकामार्त्तः स्वामिनोऽनुजः। जज्ञे विलोकयन् राजीमतीं राजीवलोचनाम्। - શ્લોક - ૨૬૧૫

## ✒ મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી, મુનિ શ્રીનિર્ગ્રન્થચન્દ્રવિજયજી

### ✉ 136. [🔗 ∑ 77 (13.38) પઉમચરિયંમાં જાણવા મળેલ... વાત - ૨]

*પઉમચરિયં*ની જેમ *ચઉપન્નમહાપુરિસચરિયં*માં પણ શ્રીઆદિનાથપ્રભુએ દીક્ષાસમયે ચારમુષ્ટિને બદલે પંચમુષ્ટિ લોચ કર્યાની વાત જણાવી છે[45]. અને આ વાત ગ્રંથની વિસ્તૃત પ્રસ્તાવનામાં[46] *પં. શ્રીઅમૃતલાલ મોહનલાલ ભોજકે* પણ નોંધી છે. તેમ છતાંય એક વાત અવશ્ય નોંધપાત્ર છે કે જ્યાં પંચમુષ્ટિ લોચ કર્યાની વાત જણાવી છે ત્યાં એની પછી તરત જ એમ પણ જણાવ્યું[47] છે કે “ઇન્દ્રની વિનંતિથી બારીક સુંવાળા શ્યામ વાંકડીયા પાછળના કેશ જેમણે બાકી રાખેલા છે એવા ભગવંતે”. આના પરથી એમ પણ અર્થ નીકળી શકે કે પંચમુષ્ટિ લોચ કર્યા પછી પણ રહી ગયેલા શેષ વાળોને ઇન્દ્રની વિનંતિથી પ્રભુએ રહેવા દીધા. પણ આવું વિચારી શકાય કે નહીં એ પણ એક પ્રશ્ન છે.

### ✉ 137. [🔗 ∑ 219 (15.21) મલ્લિનાથ પ્રભુએ કેટલા સાથે...]

*શ્રીવિનયચન્દ્રસૂરિજી*કૃત *મલ્લિનાથચરિત્ર*માં ‘પ્રભુએ ૩૦૦ રાજાઓ અને ૩૦૦ સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી’ આવી જે વાત છે તેને સમર્થન કરતો પાઠ *કહાવલી*માં પણ મળે છે. પરંતુ વિશેષતા એ છે કે તેમાં *ત્રિષષ્ટિ૦* માં જણાવેલ બાહ્ય અને આભ્યંતર પરિવારનો ઉલ્લેખ પણ આવી જાય છે. મૂળપાઠ - ...मन्नाविऊण अम्मापियरे बाहिरपरिवारारिह[ति]पुरिससयसहिआ अब्भिंतरपरिवारारिहतिनारीसह(य)-सहिया य...।

---

45 ०कयवज्जसण्णिहाणंपंचमुट्ठिलोओ...।

46 प्रस्तावना एकवार अवश्य वांचवा जेवी छे.

47 सक्कधरियसण्हकिण्हकुडिलग्गकेससेसो...।

## ✍ મુનિ શ્રીનિર્ગ્રન્થચન્દ્રવિજયજી

### ✉ 138. [ 🔗 ∑ 223 (15.35) અભવ્ય જીવ વધુમાં વધુ...]

આ જ વાતને *સેનપ્રશ્ન*માં પણ ચર્ચવામાં આવી છે. ધર્મસંગ્રહની જેમ *પ્રતિક્રમણસૂત્રટીકા*માં અભવ્યોને ભિન્નદશપૂર્વી કહ્યા છે તે કેવી રીતે ઘટે? કારણ કે *પ્રવચનસારોદ્ધાર*માં તો અભવ્યજીવોને પૂર્વલબ્ધિનો નિષેધ કહ્યો છે ઇત્યાદિ પ્રશ્નનું ત્યાં સુંદર સમાધાન આપ્યું છે કે અપૂર્ણ દશપૂર્વોનું જ્ઞાન અભવ્યોને હોવા છતાં અન્યશાસ્ત્રોમાં જે અભવ્યોને પૂર્વધરલબ્ધિનો નિષેધ જણાવ્યો છે તે યોગ્ય જ છે. અહીં *સેનપ્રશ્ન*માંથી સંપૂર્ણ પ્રશ્ન અને ઉત્તર ઉપયોગી હોવાથી રજૂ કરું છું –

तथा - अभव्यानां सर्वथा निर्वाणश्रद्धानराहित्याद् देवलोकादिपरलोक-श्रद्धानस्य राहित्यं साहित्यं वा? किञ्च जीवादिश्रद्धानमाश्रित्याऽङ्गारमर्द्दकाचार्य-सदृशाः सर्व्वेऽभव्या उत नेति। किञ्च सर्वदाऽध्यवसायस्य सादृश्यमुत न्यूनाधिकत्वं वा? यदि सर्वेषामध्यवसायसादृश्यं स्यात्तदा तेषामप्यनन्तशो ग्रन्थिदेशे समागमनं प्रोक्तमस्ति तत्कथं सम्भवति, तदध्यवसायभेदाविनाभावित्वात्। किञ्च *प्रतिक्रमण-सूत्रवृत्ता*वभव्यस्य भिन्नानि दश पूर्वाणि प्रोक्तानि सन्ति तत्कथं सम्भवति, यतः *प्रवचनसारोद्धारा*दौ पूर्वलब्धेर्निषेधः कथितोऽस्ति। अपि चाऽऽगमव्यवहारिणा-मन्तःपातित्वं तेषां कथं सम्भवतीति प्रश्नोऽत्रोत्तरं - सर्वेषामभव्यानां मुक्तिश्रद्धानं न भवत्येव, देवलोकादिश्रद्धानं तु केषाञ्चिद्भवत्यपि, *विशेषावश्यकवृत्त्या*दौ तथोक्तेः। तथा अभव्यानामध्यवसायवैचित्र्यं स्यादेव, यतो नवमग्रैवेयकादिकं सप्तमनरकादिकं च यावद्गच्छतां शुक्लकृष्णादिलेश्यावतामुभयेषामपि अध्यवसायसाम्यं न घटते, कार्यभेददर्शने कारणभेदाभ्युपगमस्य न्यायसिद्धत्वात्, सर्वेऽप्यभव्या अङ्गारमर्द्दका-चार्यसदृशा एव भवन्तीत्यपि शास्त्रे दृष्टं नाऽस्ति। तथा अभव्यानां पूर्वगतलब्धि-माश्रित्य “पूर्वाणि धारयन्तीति दशचतुर्द्दशपूर्व्वविद” इ*त्यावश्यकबृहद्वृत्ति*वचनाद् अभिन्नदशपूर्वधरादयः पूर्वगतलब्धिमन्तोऽवसीयन्ते, नत्वन्ये, अत एवाऽभव्यानां भिन्नदशपूर्वीश्रुतलाभेऽपि शास्त्रान्तरोक्तपूर्वगतलब्धिनिषेधो युक्तिमानेव। तथा तेषामागमव्यवहारित्वेऽपि न काऽपि क्षतिः, भव्या एवाऽऽगमव्यवहारिण इत्यक्षराणां शास्त्रेष्वदर्शनात्। - *પ્રશ્નોત્તરરત્નાકર* (*સેનપ્રશ્ન*)

✉ 139. [🔗 ∑ 221 (15.24) પ્રભુવીરના ભવો અંગે...]

આ વિષયમાં બીજી પણ કેટલીક નવી વિગતો જાણવા મળી. તે અહીં રજૂ કરું છું.

(૧) મારા સંભવિત સમાધાનને કેટલાક અંશે સત્ય સાબિત કરતી વાત *સેનપ્રશ્ન*માં (૨.૧૧૩) મળી આવી છે –

तथा - श्रीवीरो द्वाविंशे भवे राजा, त्रयोविंशे भवे चक्री, चक्रिणो देवनारकागता भवन्त्यन्यतो वा? प्रश्नोऽत्रोत्तरं - आवश्यकवीरचरित्राद्यनुसारेण सिंहभवानन्तरं नारकभवादुद्धृत्य तिर्यङ्मनुष्यादिभवेषु भ्रान्त्वा चक्री जातो, राजभवस्तु स्तोत्रेष्वेव दृश्यते नाऽन्यत्र, तेनादिशब्दग्रहणात् सुरादिभवोऽपि सम्भाव्यत इति।

અર્થ – પ્રશ્ન - વીર પ્રભુ બાવીસમા ભવે રાજા અને ત્રેવીશમા ભવે ચક્રવર્તી થયા તો ચક્રવર્તી દેવ કે નરકથી આવેલા જ બને કે અન્યથી પણ આવી શકે? ઉત્તર - આવશ્યકાદિગ્રંથોમાં તો નરકના ભવથી નીકળીને તિર્યંચ-મનુષ્યાદિ ભવોમાં ભ્રમણ કરીને ચક્રવર્તી થયા એમ કહ્યું છે. રાજાનો ભવ તો સ્તોત્રોમાં જ સંભળાય છે, અન્યત્ર નહિ. તેથી आदि શબ્દના ગ્રહણથી દેવાદિનો ભવ પણ સંભવી શકે છે.

આનાથી પ્રસ્તુત લેખના ચરમપ્રશ્નનું સમાધાન થઈ જાય છે. પરંતુ બીજા કેટલાક પ્રશ્નો થાય છે કે – ૧. મનુષ્યનો ભવ *ત્રિષષ્ટિ૦* આદિ અનેક ગ્રંથોમાં જોવા મળે છે. તો અહીં સ્તોત્રોમાં જ છે એવું શા માટે કહ્યું? ૨. આ સ્તોત્ર કયું છે તેની કોઈ પણ સ્પષ્ટતા કરાઈ નથી, આથી આ સ્તોત્રના વિષયમાં કંઈ પણ જાણવા મળે તો તે જણાવવા નમ્ર વિનંતિ છે.

(૨) તથા *શ્રીસોમતિલકસૂરિજી* વિરચિત *સપ્તતિશત* ગ્રંથમાં (ગાથા – ૩૧) પાંચમા કૌશિકના ભવ પછી સૌધર્મ દેવલોકનો ભવ કહ્યો છે, જે અન્ય કોઈ ગ્રંથમાં દેખાતો નથી -

नयसारो १ सोहम्मे २ मरीइ ३ बंभे य ४ कोसिअ ५ सुहम्मे ६।
भविऊण पूसमित्तो ७ सुहम्म ८ गिज्जो अ ९ ईसाणे १०।।

⌧ **140. [🔗 ∑ 185 (13.52) कल्याणकविषयकं किञ्चित्]**

પૂજ્ય આચાર્યશ્રીનો આવો વિદ્વત્તાસભર લેખ વાંચીને ખૂબ જ આનંદ થયો. પરંતુ સખેદ એ પણ જણાવવું જ રહ્યું કે આવા અદ્ભુત લેખનું પણ કોઈ વડે વ્યવસ્થિત રીતે પઠન કે અધ્યયન કરાયું નહિ. અસ્તુ.

અહીં કેટલાક ચરિત્રગ્રંથોના આધારે કેટલાક સુધારા તથા ચિંતનો પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરાયો છે તથા જે જે ચરિત્રગ્રંથોમાં તિથિ કે નક્ષત્રમાં ફેરફાર છે, તે પણ બતાવાયું છે.

(૧) આચાર્યશ્રી અજિતનાથનું ચ્યવનકલ્યાણક વૈ.સુ.૧૩ ના દિવસે રોહિણી નક્ષત્રમાં કહે છે અને સુધારારૂપે ૧૩ ના સ્થાને ૩ નું સૂચન કરે છે. પરંતુ રોહિણીના સ્થાને ચિત્રા નક્ષત્ર પણ માની શકાય છે. કારણ કે *ચઉપ્પન્નમહાપુરુસચરિય*માં[48] અજિતનાથનું ચ્યવન વૈ.સુ.૧૩ ના દિવસે ચિત્રા નક્ષત્રમાં જ કહ્યું છે.

(૨) આચાર્યશ્રી જણાવે છે કે અભિનંદનસ્વામીનું ચ્યવનકલ્યાણક વૈ.સુ.૪ ના દિવસે અભિજિત્ નક્ષત્રમાં છે. પરંતુ *ત્રિષષ્ટિ૦*[49] સિવાય દરેક ચરિત્રગ્રંથોમાં[50] ચ્યવનનક્ષત્ર પુનર્વસુ જણાવ્યું છે. અહીં એ પણ નોંધવું જોઈએ કે *ચઉપ્પન્નમહાપુરુસચરિય*માં[51] ચ્યવનતિથિ વૈ.સુ.૬ કહી છે.

(૩) આચાર્યશ્રી પ્રચલિત પરંપરા બતાવવાના ક્રમમાં પ્રથમ અભિનંદનસ્વામીનું દીક્ષાકલ્યાણક અને ત્યારબાદ અભિનંદનસ્વામીનું કેવલજ્ઞાનકલ્યાણક જણાવે છે. જ્યારે વિસ્તૃત વિવેચનમાં ક્રમ બદલાઈને પ્રથમ કેવલજ્ઞાનકલ્યાણક અને પછી દીક્ષાકલ્યાણક થઈ ગયો છે.

(૪) આચાર્યશ્રી જણાવે છે કે અભિનંદનસ્વામીનું દીક્ષાકલ્યાણક મ.સુ.૧૨ ના દિવસે અભિજિત્ નક્ષત્રમાં થયું છે. પરંતુ અહીં પણ *ત્રિષષ્ટિ૦*[52] ને છોડીને અન્ય ઘણા

---

48 ...ओहिण्णाणावगयपरमत्थो वैसाहसुद्धतेरसीए चित्ताणक्खत्ते विजयाए... – पृष्ठ - ५१

49 वैशाखसितचतुर्थ्यामभीचिस्थे निशाकरे – ३.२.५०

50 चतुर्षु धिष्णमादित्यं पञ्चमे पुष्यमेव च – *लोकप्रकाश* – ३२.३७१

51 ...परहियकरणुज्जओ वइसाहसुद्धछट्ठीए पुणवसुणक्खत्ते चुओ – पृष्ठ - ७५

52 माघस्य शुक्लद्वादश्यामभीचौ पश्चिमेऽहनि – ३.२.११०

ચરિત્રગ્રંથોમાં[53] પુનર્વસુ નક્ષત્ર જ કહ્યું છે તથા *કહાવલી*માં[54] મ.સુ.૧૩ ના દિવસે દીક્ષાકલ્યાણક કહ્યું છે.

(૫) આચાર્યશ્રી અભિનંદનસ્વામીનું કેવલજ્ઞાનકલ્યાણક પો.સુ.૧૪ ના દિવસે અભિજિત્ નક્ષત્રમાં બતાવે છે. કિન્તુ અહીં પણ *ત્રિષષ્ટિ૦*[55] અને *આવશ્યકનિર્યુક્તિ*ને બાદ કરીને સર્વે ગ્રંથોમાં પુનર્વસુ નક્ષત્ર જ કહ્યું છે. અહીં એ પણ ધ્યાનાર્હ છે કે *આવશ્યકનિર્યુક્તિ*માં પો.વ.૧૪ના દિવસે અભિજિત્ નક્ષત્રમાં કેવલજ્ઞાનકલ્યાણક કહ્યું છે. જુઓ મૂળ પાઠ – पोसेऽसुद्धचउद्दसि अभीइमभिनंदणजिणस्स (આ.નિ. – ૨૪૨). અહીં એવો એક પ્રશ્ન થઈ શકે છે કે पोसेऽसुद्धचउद्दसि ના સ્થાને पोसे सुद्धचउद्दसि ન માની શકાય? આમ કરતાં શું આપત્તિ આવે? તેના ઉત્તરમાં *શ્રીવિનયવિજયજી લોકપ્રકાશ*માં જણાવે છે કે – आवश्यके तु 'पोसेऽसुद्धचउद्दसि अभीइमभिनंदणजिणस्स' त्ति ज्ञानकल्याणकदिनं दृश्यते, न चेयं शुद्धचतुर्दश्येव भाविनीति वाच्यं, तस्या अभीचियोगासंभवात् पौषशुद्धचतुर्दश्यां हि पुनर्वस्वोरेव प्रायो योगः संभवेदिति। અર્થ - *આવશ્યકસૂત્ર*માં વળી પોષ માસના વદ પક્ષની ચતુર્દશી અને અભીચિ નક્ષત્ર અભિનંદનસ્વામીનો કેવલજ્ઞાનકલ્યાણકનો દિવસ દેખાય છે. આ શુદ્ધ ચતુર્દશી જ હશે એમ ન કહેવું, કેમ કે તેમાં અભીચિ નક્ષત્રનો યોગ અસંભવ છે. પો.સુ.૧૪ ના દિવસે પ્રાયઃ પુનર્વસુનો યોગ જ સંભવે છે.

(૬) આચાર્યશ્રી જણાવે છે કે સુપાર્શ્વનાથનું ચ્યવનકલ્યાણક શ્રા.વ.૮ ના દિવસે અનુરાધા નક્ષત્રમાં થયું છે. પરંતુ અન્ય ચરિત્રગ્રંથોમાં[56] અનુરાધાના સ્થાને વિશાખા નક્ષત્ર કહેવાયું છે. *ત્રિષષ્ટિ૦*માં તેનો પાઠ આ આ પ્રમાણે છે – च्युत्वा भाद्रपदे कृष्णाष्टम्यां राधागते विधौ (૩.૫.૨૮). અહીં રાધા અને અનુરાધાની શબ્દસામ્યતાના કારણે આવો

---

53 टिप्पण - ५०

54 ... जाव कयरज्जो माहसुद्धतेरसीए णिक्खंतो – पृष्ठ - ४७

55 पौषशुक्लचतुर्दश्यामभीचिस्थे निशाकरे – ३.२.१२२

56 चतुर्षु भं विशाखा स्यादनुराधा च पञ्चमे – *लोकप्रकाश* – ३२.५४९

ભ્રમ ઉદ્ભવ્યો હોઈ શકે. પરંતુ *અભિધાનચિંતામણી*માં[57] સ્પષ્ટ કહ્યું છે કે રાધા એટલે વિશાખા નક્ષત્ર જ થાય છે. તથા *ચઉપ્પન્નમહાપુરુસચરિયં*માં ચ્યવનકલ્યાણક ભા.સુ.૫ ના દિવસે વિશાખા નક્ષત્રમાં કહેવાયું છે.

(૭) આચાર્યશ્રી પ્રચલિત પરંપરાના કથનમાં ચંદ્રપ્રભસ્વામીનું નિર્વાણ શ્રા.વ.૧૦ ના દિવસે શ્રવણ નક્ષત્રમાં કહે છે. પરંતુ પછીથી વિસ્તૃત વિવેચનમાં શ્રા.વ.૭ બતાવે છે. અહીં પ્રચલિત પરંપરાના કથન સમયે મુદ્રણદોષના કારણે ૭ ના સ્થાને ૧૦ થઈ ગયું હોય એમ સંભવે છે. તથા *ચઉપ્પન્નમહાપુરુસચરિયં*માં[58] શ્રા.વ.૭ (ગુજરાતી) ના સ્થાને ભા.વ.૮ (મારવાડી) કહી છે તથા *તિત્થોગાલીપ્રકીર્ણક*માં[59] ફા.વ.૫ કહી છે. તથા *લોકપ્રકાશ*[60] અને *સપ્તતિશતક*માં[61] શ્રવણના સ્થાને જ્યેષ્ઠા નક્ષત્ર કહ્યું છે. તથા *તિત્થોગાલીપ્રકીર્ણક*માં[62] અનુરાધા નક્ષત્ર કહ્યું છે.

(૮) આચાર્યશ્રી વાસુપૂજ્યસ્વામીનું ચ્યવન જે.સુ.૯ જણાવે છે. *ચઉપ્પન્નમહાપુરુસચરિયં*માં[63] જ જે.સુ.૮ કહેવાઈ છે, અન્ય ગ્રંથોમાં જે.સુ.૯ જ છે.

(૯) આચાર્યશ્રી વાસુપૂજ્યસ્વામીનું નિર્વાણનક્ષત્ર ઉત્તરાભાદ્રપદ જણાવે છે, કિન્તુ *તિત્થોગાલીપ્રકીર્ણક*માં[64] શ્રવણ નક્ષત્ર કહેવાયું છે. અન્યત્ર સર્વ ગ્રંથોમાં ઉત્તરાભાદ્રપદ જ દેખાય છે.

---

57 ... विशाखेन्द्राग्निदेवता राधा... – २.११२-३

58 ... सम्मेयसिलसिहरे भद्दवयबहुलऽट्ठमीए सवणसमीवमुवगए – पृष्ठ - ९०

59 गाथा – ४१२-८

60 अनुराधा चतुर्षु स्याद्धिष्ण्यं ज्येष्ठा च पञ्चमे – ३२.४७७

61 गाथा – ११-२

62 चंदप्पभो य भरहे एरवए दीहसेणजिणचंदो। दस वि अणुराहजोगे सिद्धिगया पुव्वसूरम्मि।। - ५३२

63 ... चविऊण जेट्ठस्स सुद्धट्ठमीए सयभिसा... – पृष्ठ - १०४

64 भरहे य वासुपुज्जो सेज्जंसजिणो य एरवयवासे। दस वि जिणा सवणेणं सिद्धिगया अवरसुरम्मि।। - ५३९

(૧૦) આચાર્યશ્રી વિમલનાથનું નિર્વાણનક્ષત્ર તથા અનંતનાથનું જન્મનક્ષત્ર પુષ્ય બતાવે છે. પરંતુ ઘણાખરા ચરિત્રગ્રંથોમાં[65] રેવતી નક્ષત્ર જ કહ્યું છે. *ત્રિષષ્ટિ૦* માં તેનો પાઠ આ પ્રમાણે છે - मासं स्थित्वा शुचिकृष्णसप्तम्यां पौष्णगे विधौ। (૪.૩.૨૨૫) राधाकृष्णत्रयोदश्यां, पौष्णे भे श्येनलाञ्छनम्। (૪.૪.૨૯). અહીં પણ પૌષ્ણ અને પુષ્ય ની શબ્દસમાનતાના કારણે આવો ભ્રમ થયો હોઈ શકે. પરંતુ *અભિધાનચિંતામણિ*માં[66] પૌષ્ણ એટલે રેવતી નક્ષત્ર જ કહ્યું છે. તથા *તિત્થોગાલીપ્રકીર્ણક*માં[67] વિમલનાથનું નિર્વાણનક્ષત્ર ઉત્તરાભાદ્રપદ કહ્યું છે.

(૧૧) આચાર્યશ્રી કુન્થુનાથનું દીક્ષાકલ્યાણક ચૈ.વ.૫ (ગુજરાતી) જણાવે છે, પરંતુ *લોકપ્રકાશ*માં[68] ચૈ.વ.૫ (મારવાડી) કહી છે. અન્યત્ર *ત્રિષષ્ટિ૦* આદિ ગ્રંથોમાં ફા.વ.૫ (મારવાડી) કહી છે. જ્યારે *ચઉપ્પન્નમહાપુરુસચરિય*માં[69] વૈ.વ.અમાસ બતાવી છે.

(૧૨) આચાર્યશ્રી મલ્લિનાથનું નિર્વાણ ફા.સુ.૧૨ ના દિવસે ભરણી નક્ષત્રમાં બતાવે છે. કિન્તુ *ત્રિષષ્ટિ૦*માં[70] ફા.સુ.૧૦ કહી છે. જ્યારે *તિત્થોગાલીપ્રકીર્ણક*માં[71] રેવતી નક્ષત્ર કહ્યું છે.

---

65 आहिर्बुध्नं चतुर्षु स्याद्धिष्ण्यं पौष्णं च पञ्चमे। - *लोकप्रकाश* – ३२.५९२ पञ्चस्वप्येषु नक्षत्रं रेवती परिकीर्तितम्। - *लोकप्रकाश* – ३२.६१७

66 रेवती तु पौष्णं दाक्षायण्यः सर्वाः शशिप्रियाः। - २.११५

67 विमलो य भरहवासे एरवए सीहसेण जिणचंदो। उत्तरभद्दव दस वी सिद्धिगया पुव्वसूरम्मि।। - ५४१

68 चैत्रे च पञ्चमी कृष्णा तृतीया च मधोः सिता। - ३२.७१७

69 ... पडिवण्णो चारित्तं वइसाह अमावासाए त्ति। - पृष्ठ - १५२

70 मासान्ते फाल्गुनशुद्धदशम्यां याम्यभे प्रभुः। - ६.६.२६३

71 मल्लिजिणिंदो भरहे मरुदेविजिणो य एरवयवासे। रेवइजोगे दस वी सिद्धिगया पुव्वरत्तम्मि।। - ५४६

આ પ્રમાણે અલગ અલગ ચરિત્રગ્રંથોના સાક્ષીપાઠો દ્વારા યથાશક્ય સંભાવનાઓ, સમાધાનો તથા સુધારાઓ દર્શાવવાનો પ્રયત્ન કરાયો છે. દરેક વિદ્વાન મુનિવરો આ વિષયમાં પોતાનો અભિપ્રાય જણાવે એવી નમ્ર વિનંતિ.

સંદર્ભ ગ્રન્થો - (૧) ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત (૨) લોકપ્રકાશ (૩) આવશ્યકનિર્યુક્તિ (૪) કહાવલી (૫) ચઉપન્નમહાપુરુસચરિયં (૬) સપ્તતિશતપ્રકરણ (૭) તિત્થોગાલીપ્રકીર્ણક (૮) અભિધાનચિંતામણિ

---

## <u>શુદ્ધિ-વૃદ્ધિ</u>

अंक १४, पृ. २६, पं. १४, ત્યારે → જ્યારે
अंक १५, पृ. १५, पं. १२, श्रीश्रीमलयगिरिजी → श्रीमलयगिरिजी
अंक १५, पृ. ४४, पं. १६, वताकर → बताकर
अंक १५, पृ. ४४, पं. १७, गुणों को → कर्मों को
अंक १५, पृ. ६४, पं. ४, પાઠોએ → પાઠોને
अंक १५, पृ. १०३, पं. ५, पूज्याचार्यै → पूज्याचार्यैः
अंक १५, पृ. १०३, पं. ७, उत्यत्र → इत्यत्र
अंक १३, पृ. ११३, पं. ७, ३७४ → ३७५
अंक १३, पृ. ११३, पं. ८, ३७४ → ३७५
अंक १३, पृ. ११३, पं. २०, १९ → २५
अंक १३, पृ. ११३, पं. २१, २५ → १९
अंक १३, पृ. ११४, पं. ३, १४ → २४
अंक १३, पृ. १११, नवमी शुद्धिरनावश्यिकी।
(સૂચવનાર – **મુનિ શ્રીશ્રુતાંગચન્દ્રવિજયજી**)

अंक १५, पृ. २७, पं. १, *આવશ્યકનિર્યુક્તિ* આદિ → *આવશ્યકનિર્યુક્તિ*ની *હારિભદ્રીય* વૃત્તિ આદિ

अंक १५, पृ. ४८, पं. १३, (९.१) → (९.१५)
(સૂચવનાર - **મુનિ શ્રીનિર્ગ્રન્થચન્દ્રવિજયજી**)

# શ્રુતશુદ્ધિ

## ≠ શ્રુતશુદ્‌ધિ – ૧૧

ગ્રંથ - પંચસૂત્રક - સ્વોપજ્ઞવૃત્તિ સહિત
સંપાદક - મુનિપ્રવર શ્રીજંબૂવિજયજી મ., પ્રકાશક - ભોગીલાલ લહેરચંદ ભારતીય સંસ્કૃતિ સંસ્થાન, દિલ્હી, શુદ્‌ધિ – ત્રૈ. તથા મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્‌ધિ | શુદ્‌ધિ |
|---|---|---|---|
| ११ | २२ | ०भाबेन | ०भावेन |
| १२ | १४ | श्रुतादिरुपः | श्रुतादिरूपः |
| १२ | १९ | [२]इति | [६]इति |
| १५ | १६ | निन्दाभि | निन्दामि |
| १६ | १४ | ०धट० | ०घट० |
| २२ | २५ | ०पयन्तः | ०पर्यन्तः |
| २७ | ७ | ०चेज्जा न – खलु | ०चेज्जा – न खलु |
| ४३ | १८ | *तथा कर्म | तथाकर्म |
| ५६ | ९ | [१]तत्प्रति० | [२]तत्प्रति० |
| ५६ | ११ | [२]कुशल० | [१]कुशल० |
| ५७ | ४ | तथा तथा विराधनो० | तथातथाविराधनो० |
| ६४ | १७ | सत्यार्थं | सत्या(त्त्वा?)र्थं |
| ७१ | १७ | इतरेण गम्यते । असिद्धेन | इतरेण असिद्धेन गम्यते। |
| ७७ | २४ | जहण्णए, अजहण्ण० | जहण्णए, उक्कोसए, अजहण्ण० |
| ८५ | १८ | ०चेज्जा न – खलु | ०चेज्जा – न खलु |
| १३ | २१ | सबेषु | सर्वेषु |

* एवमग्रेपि अनेकत्र स्थाने अर्थानुसारं 'तथा'शब्दस्य उत्तरशब्देन सह समासः कर्तव्यः अस्ति, तत् स्वधिया भाव्यम्।

→ पुस्तकान्ते स्थापिते शुद्धिपत्रकेऽधोनिर्दिष्टाः पाठा अशुद्धत्वेन दर्शिताः, किन्तु पुस्तके तु शुद्धत्वेनैवोपलभ्यन्ते –

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| १० | ३ | ०सुरव० | ०सुख० |
| ११ | १२ | बर्तन्ते | वर्तन्ते |
| १५ | ८ | मन्यभान | मन्यमान |
| १६ | १ | ममेयंति | ममेयं ति |
| १६ | २० | भुनिचन्द्र० | मुनिचन्द्र० |
| २४ | ४ | भवन्तु | भवंतु |
| २६ | ९,१० | सिआ | सिया |

≠ <u>શ્રુતશુદ્ધિ – ૧૨</u>

ગ્રંથ - ધ્યાનશતક – હારિભદ્રી વૃત્તિ સહિત

સંપાદક - આચાર્ય શ્રીવિજયકીર્તિયશસૂરિજી મ., પ્રકાશક - સન્માર્ગ પ્રકાશન, શુદ્ધિ – ત્રૈ. તથા મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ३ | ७ | तत्वार्थ० | तत्त्वार्थ०* |
| ४ | २ | नाउण | नाऊण |
| २७ | ६ | ०याश्चा० | ०याच्ञा० |
| ३२ | २२ | ०विस्तार० | ०विस्तर० |
| ३५ | ५ | कांक्षा० | काङ्क्षा० |
| ३९ | ९ | साधु रागा० | साधू रागा० |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ३९ | १८ | साधु यदा | साधुर्यदा |
| ६० | ११ | इतीत्रन्प्रत्य० | इतीत्रप्रत्य० |
| ६९ | १ | परिक्लेशे० | अपरिक्लेशे० |
| ६९ | १२ | केवलिनोऽत्र अत्र भव० | केवलिनोऽत्र भव० |
| ७१ | १२ | श्रूयन्ते च - "बहवश्चिलातीपुत्रादय एवंविधा इति"। | श्रूयन्ते च बहवश्चिलातीपुत्रादय एवंविधा इति। |
| ७२ | ५ | लोको | लोके |
| ७२ | ५ | ०मवैति | ०मवैति(तः) |
| ७४ | २२ | चतुर्विशति० | चतुर्विंशति० |
| ७५ | १८ | दौषा० | दोषा० |
| ७७ | ७ | सिंचति | सिञ्चन्ति |
| ८२ | १ | उद्धाइ० | उद्धाराइ० |
| ८३ | ६ | ०रस्त्रादि | ०रस्त्रादि |
| ८५ | ८ | ०कायश्चेति | ०कायाश्चेति |
| ९० | १२ | प्रकान्तं | प्रक्रान्तं |
| १०२ | ७ | ०हारीभद्र० | ०हारिभद्र० |
| १२८ | १४ | ज्ञाणा | झाणा |
| १२८ | १४ | ज्ञाणे | झाणे |
| १३३ | २२ | ०विपर्ययोपेतं | ०विपर्ययापेतं |
| १३५ | २४ | ०घ्रौव्यादि० | ०ध्रौव्यादि० |
| १४९ | ८ | चिय | विय |

* अस्मिन् सम्पादने बहुत्र 'तत्त्व०', 'तत्त्वार्थ०' च इत्यस्य स्थाने क्रमेण 'तत्व०', 'तत्वार्थ०' च इति क्षतिः अस्ति।

## ≠ શ્રુતશુદ્ધિ – ૫ (વૃદ્ધિ)

શુદ્ધિ - મુનિ શ્રીતીર્થયશવિજયજી

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| १२८ | १६ | अन्ये वदन्ति - कथञ्चित् गृहिणां प्रमाददोषात् कारणगृहीते पुद्गले एव | ... प्रमाददोषात्, अन्ये वदन्ति - कारणगृहीते पुद्गले एव |
| २४७ | २३ | कारणै० | करणै० |
| २५८ | ३ | चा | च |
| २५९ | १३ | कथं | - |
| २६१ | ६ | किम्भूतः | - |
| २६२ | ६ | द्वयोर्निवारणेन | द्वयो रागद्वेषयोर्निवारणेन |
| २६२ | १७ | संसारे तत् | साधुरेतत् |
| ३११ | १६ | ज्ञानादिप्राप्त्यप्राप्तिरूपं | 'ज्ञानादिप्राप्त्यप्राप्तिरूपं' इत आरभ्य टीकाऽपूर्णा अस्ति। |
| ३१३ | १२ | निद्देस... इति | 'निद्देस इति' इत आरभ्य टीकाऽपूर्णा अस्ति। |
| ३८० | १८ | येतत | यतेत |

## ≠ શ્રુતશુદ્ધિ – ૧૩

ગ્રંથ - ધ્યાનશતક – હારિભદ્રી વૃત્તિ અને વિવેચન સહિત

સંપાદક અને વિવેચક – પં. શ્રીધીરજલાલ ડાહ્યાલાલ મહેતા, પ્રકાશક - જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ, શુદ્ધિ – ત્રૈ. તથા મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| १ | १९ | शीवमिति | शिवमिति |
| ३ | १ | ०त्यर्थः, समान० | ०त्यर्थः, किम्? समान० |
| ३ | २३ | पठयत | पठ्यत |
| ५ | १८ | ०ध्यानादिना दग्ध० | ०ध्यानाग्निदग्ध० |
| ५ | १९ | ०ध्यानाग्निना दग्ध० | ०ध्यानाग्निदग्ध० |
| ५ | २१ | ०व्यभिचारेऽज्ञात० | ०व्यभिचारे एकपदव्यभिचारेऽज्ञात० |
| ८ | ४ | ध्यानलक्षण० | ध्यानाध्यानलक्षण० |
| ८ | ७ | अहवा | अहव |
| ८ | १० | एकाग्रतालम्बन० | एकाग्रालम्बन० |
| ८ | १५ | स्मृतिध्यानाद् | स्मृतिर्ध्यानाद् |
| ८ | १७ | खलूक्लप्रकार० | खलूक्तप्रकार० |
| ८ | १७ | चिन्ता | चित्रा |
| ९ | १७ | ध्यानलक्षण० | ध्यानाध्यानलक्षण० |
| १३ | ३० | ०सङ्कम० | ०सङ्क्रम० |
| १५ | १९ | ०क्रौरतानुगतं | ०कौर्यानुगतं |
| १५ | २१ | निवृत्तिः | निर्वृतिः |
| १९ | २२ | चानागतग्रहः | चानागतकालग्रहः |
| १९ | १३ | ०चिन्तनाद् | ०चिन्तनादि |
| १९ | १३ | यत | अत |
| २० | २६ | इति तस्याः | इति वेदना तस्याः |
| २१ | २ | ०माकूलं | ०माकुलं |
| २४ | ३ | ०त्तणाइं गुण० | ०त्तणाइगुण० |
| २४ | १२ | याञ्ञा० | याच्ञा० |
| २५ | १३ | विक्षेपास्ते | विक्षेपितास्ते |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| २६ | २६ | लाञ्छित | लाञ्छित |
| २६ | २६ | चतुष्टयस्यापि | गाथाचतुष्टयस्यापि |
| २८ | २७ | तिष्टतीति | तिष्ठतीति |
| २८ | २१ | वत्थुस्स भाव० | वत्थुस्सभाव० |
| ३३ | ४ | भवतीदमपि | भवत्विदमपि |
| ३३ | ९ | ०विस्तार० | ०विस्तर० |
| ३४ | १० | ०शडकाया | ०शङ्काया |
| ३६ | १९ | ०सडिक्लष्टा | ०सङ्क्लिष्टा |
| ३६ | २२ | च | य |
| ३७ | २७ | तान्येयोप० | तान्येवोप० |
| ३८ | ३ | तस्या० | तस्सा० |
| ४० | २२ | विषयाश्च तेषु | विषयाश्च शब्दादिविषयाः तेषु |
| ४० | २२ | कांक्षा० | काङ्क्षा० |
| ४० | २३ | क्ष्यान्त्या० | क्षान्त्या० |
| ४० | २५ | “इति | इति |
| ४३ | ३ | ०नृत् स्तेय० | ०नृतस्तेय० |
| ४६ | २ | “पिशूनमनिष्टसूचकं” “पिशूनं सूचकं विदुः” | “पिशूनमनिष्टसूचकं विदुः” |
| ४६ | २ | ०मसम्यं | ०मसभ्यं |
| ४९ | ५ | भूओवधायण० | भूओवघायण० |
| ४९ | १४ | नाऽर्यमनार्यं | नाऽऽर्यमनार्यं |
| ५३ | २१ | सम्यग्दृष्टयः, इतरे च देशासंयताः | सम्यग्दृष्टयः इतरे च, देशासंयताः |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ५४ | २६ | एवं | एयं |
| ५५ | ४ | चतुष्टयस्यापि | गाथाचतुष्टयस्यापि |
| ५६ | ३ | संङ्किष्टा | सङ्क्लिष्टा |
| ५६ | १८ | लिडगेभ्य | लिङ्गेभ्यः |
| ५७ | ७ | अन्यतरस्मिन् | अन्यतमस्मिन् |
| ५७ | ९ | महद् आपद्गतोऽपि | महापद्गतोऽपि |
| ५७ | ९ | महदापद्० | महापद्० |
| ६३ | २५ | सारः (ज्ञानगुणज्ञातसार) इति | सारः इति |
| ६४ | १ | निष्प्रकम्या | निष्प्रकम्पा |
| ६४ | १-२ | ०प्रवृत्ति कम्प० | ०प्रवृत्तिकम्प० |
| ६६ | १० | प्रशम० | प्रश्रम० |
| ९० | ७ | ०खनि-सहि-चर इत्रन् | ०खनि-सह-चर इत्रः |
| ९० | ७ | इतीत्रन्प्रत्य० | इतीत्रप्रत्य० |
| ९२ | ६ | सुष्ट | सुष्ठु |
| ९२ | ८ | जन्म-मरणाय | जन्म मरणाय |
| ९२ | ८ | ०निर्वृत्तये | ०निर्वृतये |
| ९४ | २२ | तीर्थंकरै० | तीर्थङ्करै० |
| ९४ | २२ | प्रवचचो० | प्रवचनो० |
| ९७ | १५ | मुणीणं | मुणीण |
| ९७ | २३ | ०पुनः करणेन | ०पुन्यकरणेन |
| ९७ | २६ | सुष्ट | सुष्ठु |
| १०३ | ११ | तीर्थंकर० | तीर्थङ्कर० |
| १०४ | २३ | निषण्णा० | निषण्णता० |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| १०६ | १२ | पापं, (एवंविधं) पापं शान्तम् = उपशमं नीतं यैस्ते | पापं, शान्तम् = उपशमं नीतं यैस्ते |
| १०९ | ११ | ०सेव्ययानानि | ०सेव्यमानानि |
| १११ | १२ | इह | दृढं |
| ११२ | १३ | प्रतिपत्तिपरिपाट्यभि० | परिपाट्यभि० |
| ११३ | १९ | ०महग्घं | ०मणग्घं |
| ११३ | २७ | सुष्टु | सुष्ठु |
| ११५ | १७ | स्तुलिकारे० | स्तुतिकारे० |
| ११५ | १९ | मवैति | मवैति(तः?) |
| ११७ | ५ | बहुयाहिं | बहुयाहि |
| ११९ | ६ | महापूजा | महा = पूजा |
| १२० | १४ | ०सम्पन्नत्वात्, उक्तं | ०सम्पन्नत्वात्, प्रभूतत्वं च प्रभूतकार्यकरणात्, उक्तं |
| १२० | १७ | ०पूव्विस्स | ०पुव्विस्स |
| १२२ | ६ | किंविशिष्ठां? | किंविशिष्टानाम्? |
| १२२ | १३ | चतुर्विशति० | चतुर्विंशति० |
| १२२ | २३ | वा । किश्चिद्० | वा किञ्चिद्० |
| १२४ | २२ | कथंचिद् | कथञ्चिद् |
| १२५ | १२ | गह्वरत्वेन | तद्गह्वरत्वेन |
| १२७ | १६ | ०विशिष्ठानर्था० | ०विशिष्टानर्था० |
| १२७ | २० | तच्विन्तये० | तच्चिन्तये० |
| १२७ | २० | बुद्धयेत | बुद्ध्येत |
| १२९ | २७ | परैरपवर्तिते | परैरवर्तिते |
| १३१ | २४ | दृष्टया० | दृष्ट्या० |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| १३२ | १ | क्रोधादय | क्रोधादयः |
| १३२ | ३ | कसिणा | कसिणो |
| १३५ | ९ | जहा जहा कम्मपयडीए विसेसेण चिंतिज्जा | जहा कम्मपयडीए तहा विसेसेण चिंतिज्जा |
| १३५ | १६ | चिंतेज्जा पएसोत्ति | चिंतेज्जा। पएसोत्ति |
| १३५ | १७ | ०वायर० | ०बायर० |
| १३५ | २० | पुव्वे० | पुट्ठ० |
| १३९ | १८ | ०तीर्थंकरा० | ०तीर्थङ्करा० |
| १३९ | २८ | ०मुड्ग० | ०मुइंग० |
| १३९ | २९ | ०खेत्तागिईं० | ०खेत्तागई० |
| १४४ | ७ | ०वनिर्यथा | ०वनिः समा |
| १४८ | ३ | ०संस्थानं | ०संठाणं |
| १४८ | ११ | ०तनु(न)वाता० | ०तनुवाता० |
| १४९ | २४ | असङ्ख्येयानि | सङ्ख्येयानि |
| १५१ | २९ | भोयं | भोइं |
| १५८ | १४ | तस्य | तस्स |
| १५८ | २४ | ०मणग्घं | ०मणहं |
| १६१ | २० | ०पतनं | ०पत्तनं |
| १६३ | २ | सौक्ख्यं | सौख्यं |
| १७२ | १७ | यतेम | यतेत |
| १७२ | २३ | रुपि० | रूपि० |
| १७२ | २६ | कल्पिता० | कल्पता० |
| १७३ | ३ | सुभाषित० | सुभावित० |
| १७३ | ४ | सुभाषिता० | सुभाविता० |
| १७३ | ४ | ०निरुपित० | ०निरूपित० |

| पृष्ठ | पंक्ति | अशुद्धि | शुद्धि |
|---|---|---|---|
| १७४ | २२ | ०पज्ञ० | ०पद्म० |
| १७६ | ८ | लिङगयते | लिङ्ग्यते |
| १७७ | २४ | ०साहू० | ०साहु० |
| १७८ | ४ | अनशना० | अशना० |
| १७९ | २६ | ०मार्हवा० | ०मार्दवा० |
| १७९ | २७ | ०त्यागश्च क्रोधनिवर्तन० | ०त्यागश्चाऽक्रोधेन वर्तन० |
| १८० | २ | ०कसायं | ०कषायं |
| १८० | २७ | क्रमश्चाऽऽद्ययोर्धर्मध्यान० | क्रमश्चादौ धर्मध्यानक्रम० |
| १८२ | ३० | ततो | तत्तो |
| १८९ | २४ | ०बुद्धयस्व | ०बुद्ध्यस्व |
| १९१ | ४ | ०द्रव्यसाचिव्या० | ०द्रव्यसमूहसाचिव्या० |
| १९२ | २६ | सव्वइ० | सव्ववइ० |
| १९३ | ६ | काय० | कय० |
| १९३ | २९ | ०संपरो | ०संवरो |
| १९३ | २४ | मज्झेणं | मज्झेण |
| १९३ | २४ | जोग | जेण |
| १९३ | २५ | ०येत्तं | ०मेत्तं |
| १९४ | १५ | भणुय० | मणुय० |
| १९४ | २१ | ०संत्ताओ | ०संताओ |
| १९७ | २४ | ०वत्थुंमि | ०दव्वंमि |
| १९७ | २५ | पूव्व० | पुव्व० |
| १९९ | १४ | ०सङ्कम | ०सङ्क्रम |
| १९९ | १६ | एतावद् भेदेन | एतद् भेदेन |
| १९९ | १६ | सङ्कामतीति | सङ्क्रामतीति |
| २०७ | ११ | उछमत्थस्स | छउमत्थस्स |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૨૦૮ | ૧૦ | चिय | विय |
| ૨૦૮ | ૨૦ | ०योगिनोऽपि | ०योगिनो वा |
| ૨૦૮ | ૨૦ | ०भावेऽपि सूक्ष्मो | ०भावेऽपि सति सूक्ष्मो |
| ૨૦૮ | ૨૦ | ०क्रियो | ०क्रिये |
| ૨૦૮ | ૨૦ | भण्यते | भण्येते |
| ૨૦૮ | ૨૨ | ०भ्युह्यः | ०भ्यूह्यः |
| ૨૧૧ | ૯ | ०द्धार० | ०द्वार० |
| ૨૧૧ | ૧૩ | ०णुप्येहाओ | ०णुप्पेहाओ |
| ૨૧૨ | ૧૨ | संसारानुभावं | संसाराशुभानुभावं |
| ૨૧૬ | ૧૧ | सम्मूह्यते | सम्मुह्यते |
| ૨૧૮ | ૬ | ०सुखनि | ०सुखानि |
| ૨૧૮ | ૮ | ०शुद्धयु० | ०शुद्ध्यु० |
| ૨૨૦ | ૧૩ | तओ | न तो |
| ૨૨૦ | ૧૯ | कारणानि | कारणे न |
| ૨૨૧ | ૧૬ | ०हेउयं | ०हेऊ तं |
| ૨૨૪ | ૪ | तापो | तावो |
| ૨૨૬ | ૧ | काष्टादि | काष्ठादि |
| ૨૨૭ | ૨૯ | वैकलव्यं | वैक्लव्यं |
| ૨૩૦ | ૧૫ | सुष्टु | सुष्ठु |
| ૨૩૦ | ૧૯ | यथा | यया |

ध्यातव्यम् - पुस्तकेऽस्मिन् बहुत्र स्थाने कानिचिद् वृत्तिवाक्यानि न विद्यन्ते, तानि अत्र न दर्शितानि, अतोऽन्यस्मात् पुस्तकात् स्वयं तानि द्रष्टव्यानि।

≠ श्रुतशुद्धि – १४

ग्रंथ – सकलार्हत्स्तोत्रम् (भाग – १,२)

પ્રકાશક – જૈન આત્માનંદ સભા, સંપાદક – હરેશ કુબડિયા, શુદ્ધિ - મુનિ શ્રીનિર્ગ્રન્થચન્દ્ર-વિજયજી

भाग – १

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| 7 | 20 | त्रीय | त्रयी |
| 7 | 23 | समुपास्मेह | समुपास्महे |
| 8 | 13 | आदमं | आदिमं |
| 8 | 13 | स्तुभः | स्तुमः |
| 8 | 16 | "ष्टुंगक्० | "ष्टुंग्क्० |
| 9 | 15 | तस्मि दे० | तस्मिन् दे० |
| 9 | 16 | "जि जये" | "जिं अभिभवे" |
| 9 | 26 | "डुदाञ् दाने" | "डुदांग्क् दाने" |
| 10 | 4 | चनद्रमाः | चन्द्रमाः |
| 10 | 8 | ०शब्दार्था[१] | ०शब्दार्था[२] |
| 11 | 5 | "पुष्श् पृष्टौ" | "पुषश् पृष्टौ" |
| 12 | 2 | मर्त्तिमूर्त्त० | मूर्त्तिमूर्त्त० |
| 12 | 12 | मर्तसित० | मूर्तसित० |
| 16 | 12 | कुन्थुनातो | कुन्थुनाथो |
| 17 | 10 | अ(आ)रश्च | अरश्च |
| 17 | 13 | मल्लमिम० | मल्लिम० |
| 17 | 16 | दनुज | दानव |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| 17 | 26 | स्तुभः | स्तुमः |
| 18 | 19 | कस्मन्? | कस्मिन्? |
| 18 | 24 | इरिष्टनेमि० | अरिष्टनेमि० |
| 19 | 28 | दवः | देवः |

भाग - २

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| 1 | 13 | प्रणिदान | प्रणिधान |
| 1 | 15 | आघारो | आधारो |
| 1 | 16-17 | शिवानुरिपद्रवा | शिवानुपद्रवा |
| 2 | 2 | "अर्हतस्तोन्त्" | "अर्हतस्तोन्त् च" |
| 3 | 2 | निष्परिग्रहतस्तं | निष्परिग्रहस्तं |
| 3 | 28 | सटंकः। | सण्टङ्कः। |
| 5 | 3 | द्युसत्तिरीटानि | द्युसत्किरीटानि |
| 5 | 10 | वारुणः | वारुणाः |
| 6 | 3 | ०शलाङ्कृतः | ०शालङ्कृत: |
| 6 | 17 | कुलयन् | कलयन् |
| 6 | 18 | कलारमकवत् | करामलकवत् |
| 6 | 19 | कतलगत० | करतलगत० |
| 7 | 15 | स्तादिति | स्यादिति |
| 10 | 4 | तीर्थकृत | तीर्थकृद् |
| 10 | 18 | प्रत्युषमयो० | प्रत्युषसमयो० |
| 12 | 8 | सौधर्मधि० | सौधर्माधि० |

## ≠ શ્રુતશુદ્ધિ – ૧૫

ગ્રંથ - चत्वारः कर्मग्रन्थाः

પ્રકાશક - વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી, સંયોજક - આ. શ્રીચન્દ્રગુપ્તસૂરિજી મ., શુદ્ધિ - મુનિ શ્રીનિર્ગ્રન્થચન્દ્રવિજયજી

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| 5 | 28 | सकलकर्म० | सकलघातिकर्म० |
| 110 | 14-15 | उद्योतादिप्रकृति | नपुंसकादिप्रकृति |
| 178 | 10 | मिश्राः असङ्ख्यात० | मिश्राः सङ्ख्यात० |

## ≠ શ્રુતશુદ્ધિ – ૧૬

પુસ્તક - हारिभद्रयोगभारती અંતર્ગત योगविंशिका

સંપાદક - આચાર્ય શ્રીવિજયઅભયશેખરસૂરિજી મ., પ્રકાશક - દિવ્યદર્શન ટ્રસ્ટ, શુદ્ધિ – ત્રૈ.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| 8 | 17 | नाएण जोयणा | नाएण उ जोयणा |
| 11 | 1 | ०निस्पृहस्य | ०निःस्पृहस्य |
| 12 | 25 | भावयिव्वं | भावियव्वं |
| 13 | 4 | अक्रियाकर्तुस्तस्य | अक्रियाकर्तुरिवाऽविधिक्रियाकर्तुस्तस्य |
| 13 | 23 | यः शृण्वन् सिद्धान्तं | यः शृण्वन् (शृण्वन्नपि) सिद्धान्तं |
| 15 | 20 | संपदायितुं | संपादयितुं |
| 16 | 17 | ०कृत० | ०कृत्य० |
| 20 | 4 | द्विपादी० | द्वीपादी० |

આ જ સંપાદક દ્વારા સંપાદિત વિવેચનસહિત *યોગવિંશિકા* પુસ્તકમાં આમાંથી ચોથી અશુદ્ધિ સિવાય બીજાં સર્વ સ્થાનો શુદ્ધ છે.

## ≠ શ્રુતશુદ્ધિ – ૧૭

પુસ્તક - योगविंशिकाप्रकरणम्

સંપાદક - આચાર્ય શ્રીવિજયકીર્તિયશસૂરિજી મ., પ્રકાશક - સન્માર્ગ પ્રકાશન, શુદ્ધિ - મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| 77 | 1 | ०विध्नजयः | ०विघ्नजयः |
| 77 | 3 | पञ्चघा | पञ्चधा |
| 81 | 2 | मोहविजय० | दिग्मोहविजय० |
| 85 | 4 | पो० | षो० |
| 87 | 27 | दृष्टव्यम् | द्रष्टव्यम् |
| 109 | 10 | पश्चानुपूव्यैव | पश्चानुपूर्व्यैव |
| 111 | 10 | उस्सग्ग | उस्सग्गं |
| 116 | 24 | ०बिन्दु | ०बिन्दुः |
| 117 | 11 | ०निस्पृहस्य | ०निःस्पृहस्य |
| 117 | 19 | योगबिन्दुवृत्तिः | योगबिन्दुः |
| 120 | 2 | ०नुसारेण | ०नुरागेण |
| 129 | 2 | विधि० | अविधि० |
| 129 | 11 | यः शृण्वन् सिद्धान्तं | यः शृण्वन् (शृण्वन्नपि) सिद्धान्तं |
| 130 | 8 | ०बुद्धिए | ०बुद्धीए |
| 131 | 1 | वोड्ढ्वा | वोढ्वा |
| 133 | 3 | लहुआं | लहुअं |
| 137 | 3 | ०मित्थं | ०मित्थ |
| 156 | 1 | ०निरोघा० | ०निरोधा० |

# સાંપ્રત ચિંતન

## 261. પરમાત્માની પૂજા શ્રાવકોએ ખેસથી કરવી જોઈએ કે રૂમાલથી?

વર્તમાનમાં કેટલાક સમયથી કેટલાક સાધુ-શ્રાવકો દ્વારા એવો પ્રચાર કરવામાં આવી રહ્યો છે કે ભગવાનની પૂજા ખેસ બાંધીને નહીં, પરંતુ રૂમાલ બાંધીને કરવી જોઈએ. એમાં કારણો આમ અપાય છે કે -

- ✓ ખેસથી પૂજા કરવા જતાં પેટ ખુલ્લું થઈ જાય છે.
- ✓ ખેસથી બરાબર આઠ પડ થતાં નથી.
- ✓ ખેસ જોઈએ એવા લાંબા-પહોળા મળતા નથી.
- ✓ ખેસથી મુખકોશ બાંધતાં શ્વાસ લેવામાં કેટલાકને તકલીફ પડે છે.
- ✓ ખેસથી મુખકોશ બાંધતાં શરીર સ્પષ્ટ થઈ જવાના કારણે શરમ આવે છે.

આ સિવાય બીજાં કારણો પણ હોઈ શકે ને આમાંનાં કેટલાંક કારણો કદાચ કોઈકને ન પણ લાગુ પડે. તેમ છતાંય ટૂંકમાં આ કે આના જેવા અન્ય કોઈ પણ કારણોસર ખેસની જગ્યાએ રૂમાલ બાંધીને પૂજા કરવાવાળા શ્રાવકો-બાળકો-યુવાનો હવે દિન-પ્રતિદિન વધતાં જાય છે. અનુકૂળતાની દૃષ્ટિએ કદાચ રૂમાલ ઇષ્ટ થઈ પડે યા એને 'વોટ' વધુ મળે એવું બને. પણ 'આજ્ઞા'ની દૃષ્ટિએ વિચાર કરીએ તો ચોક્કસ ખેસ જ વિજયી બને. કારણ કે શાસ્ત્રોમાં શ્રાવકો એટલે કે પુરુષો માટે અખંડ બે વસ્ત્રોથી જ જિનપૂજા કરવાનું વિધાન મળે છે. *સેનપ્રશ્ન*માં[72] આ જ સંબંધનો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે શ્રાવકોએ બે વસ્ત્ર સિવાય ત્રીજા

---

72 तथा श्राद्धानां पूजावसरेऽष्टपुटमुखकोशबन्धः प्रोक्तोऽस्ति स कया रीत्या बध्यते? वस्त्रद्वयी यदा भवति पूजकस्य शरीरे तदोत्तरीयाञ्चलवस्त्रेण मुखकोशबन्धः कर्त्तुं न शक्यते, यदि तृतीयं वस्त्रं मुखकोशबन्धनिमित्तं भवति तदा युक्तमुत्तरीयाञ्चलेनैव वा बध्यते इति प्रश्नोऽत्रोत्तरं - पूजावसरे श्राद्धैरष्टपुटमुखकोशबन्ध उत्तरीयाञ्चलेन कर्त्तव्यो न तु तृतीयवस्त्रेण, यतः *श्राद्धविधौ* देवपूजावसरे श्राद्धानां परिधानोत्तरीयलक्षणं वस्त्रद्वयं श्राद्धीनां च कञ्चुकसहितं

વસ્ત્રથી મુખકોશ બંધાય કે પછી ખેસનો જ મુખકોશ બાંધવો? એના જવાબમાં ત્યાં સ્પષ્ટપણે શ્રાદ્ધવિધિ[73] આદિ ગ્રંથના આધારે સમાધાન સૂચિત કર્યું છે કે મુખકોશ બાંધવા ખેસનો જ પ્રયોગ કરવો, અન્ય કોઈ ત્રીજા વસ્ત્રનો નહીં.

તેમ જ રૂમાલથી આઠ પડવાળો મુખકોશ બાંધીને પૂજા કરતાં કરતાં હવે તો તૈયાર સીલાઈ કરેલો આઠ પડવાળો એકદમ બારીક રૂમાલ ચાલુ થઈ ગયો છે. **सूचिप्रवेशे मुशलप्रवेशः** એ ન્યાયે બાકોરું મોટું ને મોટું થતું જાય છે. રૂમાલની પાછળ પાછળ હવે સીલાઈ કરેલી તૈયાર ધોતી અને ખેસ જોડે સરસ(?) રૂમાલ સાથે મોટા મોટા શ્રાવકો પણ વિના સંકોચે હોંશે હોંશે પૂજા કરતાં થઈ ગયા છે, જે અતિશય અનુચિત અને આજ્ઞાભંગ-અનવસ્થા આદિ અનેક ઉગ્ર દોષોને આમંત્રણ આપનારું છે. જો રૂમાલને ઠેકાણે ખેસથી જ મુખકોશ બાંધીને પૂજા કરવાનું સમજાવવામાં આવે તો એની મેળે ઘણા દોષો ટળી જાય. રૂમાલને બદલે થોડો મોટો ખેસ પહેલેથી જ ચોકસાઈ કરીને લેવામાં આવે / એમ સમજાવવામાં આવે અને રૂમાલની જગ્યાએ આ શાસ્ત્રકથિત ધોતી અને ખેસ એને જ કઈ રીતે બરાબર પહેરવા એનું જ સંકોચ કે શરમ રાખ્યા વિના સરસ શિક્ષણ-ઉપદેશ-પ્રેરણા આપવામાં આવે તો પછી રૂમાલ બાંધીને પૂજા કરો! કરાય! કે કરી શકાય! ઈત્યાદિ પ્રરૂપણા કરવાની જરૂર રહે નહીં, એવું લાગે છે. ✒ **મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી**

[આ સંબંધે બે વાત ધ્યાનપાત્ર જણાય છે –

૧. પુરુષો માટે પૂજા વખતે જેમ બે વસ્ત્રનું વિધાન છે, તેમ સ્ત્રી માટે ત્રણ વસ્ત્રોનું (પ્રાયઃ – કંચુકી, નિચોલ અને ઉત્તરીય કે શાટિકા) વિધાન છે. તો સ્ત્રી માટે તો મુખકોશ બાંધવા માટે અતિરિક્ત વસ્ત્રનું ગ્રહણ સમજવું જ પડશે. અને તેમ છતાં ત્રણ વસ્ત્રોના

---

तत् त्रयमेवोक्तमस्ति, नत्वधिकं, तथोत्तरीयमपि तत्करणयोग्यमेव विधेयं, तेन न किमप्यशक्यमिति ।।४०१।। - *પ્રશ્નોત્તરરત્નાકર (સેનપ્રશ્ન)*

73 एवं हि पुंसां वस्त्रद्वयं... विना न कल्पते देवार्चादि। - *શ્રાદ્ધવિધિપ્રકરણ*-સ્વોપજ્ઞટીકા

નિયમનો ભંગ આપણે નથી સમજતા. તેમ પુરુષ માટે પણ ન સમજી શકાય? વળી, *શ્રીહરિભદ્રસૂરિજી* રચિત ગણાતા *સંબોધપ્રકરણ* – ગાથા – ૧૩૩ પરથી તો મુખકોશ માટે અલગ વસ્ત્રનું જ વિધાન હોવાનું સમજી શકાય છે.

ધ્યાનપાત્ર વાત એ પણ છે કે આજે શૈવમંદિરો જેવાં સ્થળોએ વ્યાપકપણે પુરુષો દ્વારા ખુલ્લા ડિલે પૂજા કરવાની પ્રથા છે. વામમાર્ગમાં તો સ્ત્રીઓ માટે પણ એવું વિધાન ક્યાંક હોય છે. આવી અજુગતી પરિસ્થિતિને ખાળવા માટે, પુરુષોએ અને સ્ત્રીઓએ શરીર ઢાંકીને જ પૂજા કરવી તેનું નિયમન કરવા માટે, બે કે ત્રણ વસ્ત્રોનું વિધાન હતું. પાછળથી તેનો વધારે વસ્ત્રો ન પહેરવાં એવો અર્થ સમજવામાં આવ્યો હશે.

૨. પૂજા વખતે મુખકોશ બાંધવો જરૂરી હોય તો પણ અનિવાર્ય તો નથી જ. વ્યાધિપીડિત વ્યક્તિ, મુખકોશની જરૂરિયાત ન સમજતાં હોવાથી તે બાંધવાથી રડારોળ કરતાં બાળકો, અન્ય કોઈક કારણસર મુખકોશ બાંધવાનું ન ઇચ્છનાર વ્યક્તિ વગેરેને શક્ય હોય તો મુખકોશ બાંધવાનું અવશ્ય સમજાવી શકાય. પણ સમજાવવા છતાં પણ જો તેઓ મુખકોશ બાંધવાનું પસંદ ન કરે તો તેમને પૂજા કરવાનો તો નિષેધ ન જ કરી શકાય. અવસ્થાવિશેષમાં મુખકોશ વગર પણ પૂજાવિધાન શાસ્ત્રસંમત જ છે. જુઓ – ततोऽष्टपुटोत्तरीयप्रान्तेन मुखकोशं विदध्यात्।... तमपि च यथासमाधि कुर्यात्, नासाबाधे तु नाऽपि। यतः पूजापञ्चाशके वत्थेण बंधिऊणं णासं अहवा जहासमाहीए (४.२०)। एतद्वृत्तिर्यथा – वस्त्रेण- वसनेन बद्ध्वा- आवृत्य नासां- नासिकामथवेति विकल्पार्थो, यथासमाधि- समाधानानतिक्रमेण, यदि हि नासाबन्धेऽसमाधानं स्यात् तदा तामबद्ध्वाऽपीत्यर्थः। (*ધર્મસંગ્રહ* – ગાથા – ૬૧ ની વૃત્તિ) *વાદિવેતાલ શ્રીશાંતિસૂરિજી* રચિત *ચૈત્યવંદનમહાભાષ્ય* – ગાથા – ૨૦૧ માં તેમ જ *શ્રીહરિભદ્રસૂરિજી* રચિત ગણાતા *સંબોધપ્રકરણ* – ગાથા – ૧૭૩ માં પણ જો સમાધિ ન રહેતી હોય તો મુખકોશ બાંધ્યા વગર પણ પૂજા થઈ શકે તેમ જ જણાવાયું છે. / त्रै.]

# *અમે વાંચ્યું, તમે પણ વાંચશો?*

[કેટલાંક સારાં પુસ્તકોનો પરિચય પણ **શ્રુતસંવિભાગ** આપે તેવી મિત્રોની સૂચના કેટલાક વખતથી હતી. **શ્રુતસંવિભાગ** પાસે આ રીતે વધતી જતી અપેક્ષા એક તરફ નીતર્યો આનંદ જ જન્માવે છે, તો બીજી તરફ પરિશ્રમ માટે ધગશ પણ પૂરી પાડે છે. પહેલાં એકવાર કહ્યું હતું તેમ **શ્રુતસંવિભાગ** સ્વાધ્યાયને લગતી કોઈપણ વાત માટે The Forum for All Purposes બનવા ચાહે છે. અને ધીમે ધીમે પણ મક્કમ પગલે એની એ જ દિશા તરફ ગતિ થઈ રહી છે. મિત્રોની લાગણીને માન આપીને નવા વર્ષના આ અંકથી આ વિભાગનો આરંભ થઈ રહ્યો છે. સૌ મિત્રો પોતે વાંચેલા <u>જૈન ધર્મ કે દર્શન સંબંધિત</u> પુસ્તકનો આમાં પરિચય રજૂ કરી શકે છે. પુસ્તક અને તેનો પરિચય – બંને **શ્રુતસંવિભાગ** ના સ્તર સાથે સંગત થઈ શકે એટલું ગજું ધરાવતાં હોય તેટલી અપેક્ષા તો રહે જ. अहो रूपमहो ध्वनिः કરવા માટે આ વિભાગ નથી તેટલું અવશ્ય ધ્યાનમાં રાખશો. વિચારોત્તેજક અને ચિંતનપ્રેરક પુસ્તકોનું આ વિભાગમાં સ્વાગત છે! ✎ **त्रै.**]

### ➤ ૧. જૈન દર્શન

લેખક – ટી. કે. તુકોલ, અનુવાદક – ચિત્રા પ્ર. શુક્લ, પ્રકાશક – સરદાર પટેલ યુનિવર્સિટી – વલ્લભવિદ્યાનગર, પ્રકાશનવર્ષ – ઈ. ૧૯૭૮, પૃષ્ઠ – ૨૭૦

આ પુસ્તક મૂળ અંગ્રેજી પુસ્તક Compendium of Jainism નો ગુજરાતી અનુવાદ છે. આના મૂળ લેખક શ્રી ટી. કે. તુકોલ બેંગ્લોરના નિવૃત્ત ન્યાયાધીશ હતા.

જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને વ્યવસ્થિત રીતે રજૂ કરનારાં ઘણાં ઓછાં પુસ્તકોમાંનું આ એક મહત્ત્વપૂર્ણ પુસ્તક છે. આની શરૂઆતમાં જૈન ધર્મની પ્રાચીનતાને યથાર્થ રીતે સાબિત કરવામાં આવી છે. 'જૈન ધર્મ એ વૈદિક ધર્મની શાખા છે' તે માન્યતાનું નિરસન કરવા માટે અત્રે ઋગ્વેદ, યજુર્વેદ અને પુરાણોના જૈન પરંપરાનું વર્ણન કરતા શ્લોકો તો ટાંક્યા જ છે. પરંતુ મોહેંજોદરો અને હડપ્પન સંસ્કૃતિના અવશેષો પરથી પણ જૈન ધર્મની પ્રાચીનતાને તર્કબદ્ધ રીતે સાબિત કરવામાં આવી છે. વળી, લેખકે દર્શનશાસ્ત્રની રીતે પણ જૈન ધર્મની વૈદિક ધર્મથી ભિન્નતાને પ્રમાણિત કરી છે. વૈદિક ધર્મ ઈશ્વરવાદનું સમર્થન કરે છે, જ્યારે જૈન ધર્મ એક અપેક્ષાએ નિરીશ્વરવાદનો પ્રણેતા છે - તેની યોગ્ય છણાવટ દ્વારા

વાચકના મનમાં જૈન ધર્મના એક સ્વતંત્ર અસ્તિત્વને ઉજ્જાગર કરવા લેખકે સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

ભગવાન ઋષભદેવે ભારતવર્ષની સંસ્કૃતિ અને સભ્યતાનો પાયો નાંખ્યો અને તેનો સુવ્યવસ્થિત રીતે વિકાસ કર્યો – તેનું વિસ્તૃત અને પ્રમાણો સાથેનું વિવરણ અહીં રજૂ થયું છે. આગળના પ્રકરણમાં પ્રભુ મહાવીરના જીવનનું વર્ણન છે જેમાં ચમત્કારિક બનાવોને તારવી લઈને પ્રભુના હૃદયંગમ ઉપદેશ પર વધુ ધ્યાન અપાયું છે. તેમ જ પ્રભુ મહાવીર પછીના સમયગાળામાં ધર્મના જે ફાંટાઓ પડ્યા તેમનું ઐતિહાસિક દૃષ્ટિએ નિરૂપણ કરાયું છે. જૈન ધર્મના મુખ્ય બે ફાંટાઓ – દિગંબર અને શ્વેતાંબર સંપ્રદાયનું નિર્માણ કોઈ આકસ્મિક ઘટનામાંથી નથી થયું, પરંતુ દાયકાઓ સુધી શ્રમણોની બે ભિન્ન પરંપરાના અલગ વિચરણને લીધે તેમની ભિન્ન માન્યતાઓના લીધે થયું છે – તે વાત અહીં અમુક તથ્યો સાથે પ્રસ્તુત થઈ છે.

જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો – કર્મવાદ, લેશ્યા, નવ તત્ત્વ, ગુણસ્થાનક, રત્નત્રયી – વગેરેની છણાવટ જૈન પારિભાષિક શબ્દોના લઘુતમ ઉપયોગપૂર્વક કરી છે. જેના લીધે જૈનેતર વિચારશીલ વ્યક્તિ પણ આ પુસ્તક દ્વારા સરળતાથી આ બધાની જાણકારી મેળવી શકે તેમ છે.

સ્યાદ્વાદનું નિરૂપણ પણ બહુ જ સુંદર રીતે, જૈન દર્શનની સમુદાર દૃષ્ટિનો ઉચિત ખ્યાલ આવે એ રીતે થયું છે. "સ્યાદ્વાદ સ્વભાવે માત્ર ચિંતનશીલ નથી પણ તેણે દાર્શનિક વિચારોની દૃઢતા આપી પ્રતીતિ કરાવી છે કે સત્ય કોઈ સાંપ્રદાયિક ધર્મની મર્યાદામાં બંધાતું નથી. સાધકને તે બૌદ્ધિક સહિષ્ણુતાનો ગુણ આપે છે." – આવાં વિધાનો કોઈ અજૈન વાચકના હૈયામાં પણ સ્યાદ્વાદ તરફ અહોભાવ જગાડવા સમર્થ બને છે.

અંતિમ પ્રકરણમાં જૈન ધર્મની વર્તમાન પરિપ્રેક્ષ્યમાં વિચારણા કરી છે અને સાંપ્રત સમયના ઉપભોક્તાવાદની અનેક સમસ્યાઓનું સમાધાન જૈન ધર્મ સચોટ રીતે આપી શકે તેમ છે તેનું તાર્કિક નિરૂપણ કર્યું છે. સૌથી મહત્ત્વની વાત તો એ છે કે સમગ્ર પુસ્તકમાં જૈન

ધર્મને એક ધર્મ તરીકે નહીં, પણ આધ્યાત્મિક શાંતિ આપતી એક જીવનપ્રણાલી તરીકે રજૂ કર્યો છે.

જો કે લેખક પોતે દિગંબર પરંપરા પ્રત્યે શ્રદ્ધાળુ હોવાથી કેટલેક ઠેકાણે શ્વેતાંબર પરંપરા સાથેનો મતભેદ દેખાઈ આવે છે, તો પણ એકંદરે થોડોક નીરક્ષીરવિવેક કરીને/કરાવીને વાંચી/વંચાવી શકાય તેવું પુસ્તક છે. ✍ **મુનિ શ્રીત્યાગમંડનવિજયજી**

* * *

## ⅄ २. तीर्थंकर महावीर (हिंदी) भाग – १,२

લેખક – શ્રીવિજયેંદ્રસૂરિજી, પ્રકાશક – યશોધર્મ મંદિર – મુંબઈ, પ્રકાશનવર્ષ – ઈ. ૧૯૬૦, પૃષ્ઠ – ૧૧૦૦ થી વધુ.

પહેલાં તો આ ગ્રંથ લેખકે કેમ લખવો પડ્યો તેની વાત તેમના જ શબ્દોમાં – जैनों के सामाजिक जीवन में जो ऊहापोह विगत २॥ हजार वर्षों में हुए, उससे जैन भगवान् का जन्मस्थान और निर्वाणस्थान भी भूल गये। बौद्धधर्म भारतभूमि से सैंकडों वर्षों तक विलुप्त रहा, पर उसके तीर्थ आज भी स्पष्ट और प्रकट हैं, पर जैन जो भारत में ही बने रहे, अपने तीर्थों को ही भूल बैठे। आज भी कितनी ही गुत्थियाँ शेष हैं जो स्पष्ट नहीं हुई। कारण यह कि यहाँ पुरातत्त्व का संघटन ही बौद्धग्रंथों के आधार पर हुआ। और, जब स्वराज्य के बाद अपनी सरकार आयी, तब उसने भी पुरानी ही लीक कायम रखी और जैनस्थलों की खोज की ओर न तो उसने कुछ किया और न हमारे कोट्याधिपति जैन श्रावकों ने ही।... इतने महावीरचरित्र के होने के बावजूद मुझे बहुत वर्षों से महावीरचरित्र लिखने की प्रबल इच्छा रही। इसका कारण यह था कि, संस्कृत और प्राकृत तो आज की जनभाषा न रही और मूल धर्मशास्त्रों में भगवान् की जीवनकथा बिखरी पडी है। अतः मैं चाहता था कि हिन्दी में मैं एक ऐसा जीवन प्रस्तुत करूँ, जिसमें जहाँ एक ओर ऐतिहासिक दृष्टि से विवेचन हो, वही शंकावाले स्थलों के समस्त प्रसंग एकस्थान पर एकत्र हो।

આચાર્યશ્રીએ આવી ઉત્કટ મનોદશામાં આ ચરિત્ર લખવાનું શરૂ કર્યું હતું. સૌપ્રથમ તેઓએ પ્રભુવીરના જન્મસ્થાનની શોધ સાથે સંબંધિત **वैशाली** પુસ્તક લખ્યું. અને ત્યાર પછી તેમના છદ્મસ્થકાલીન વિહારસ્થળ સંબંધિત **वीरविहारमीमांसा** લખ્યું. આ બંને પુસ્તકો ઈતિહાસપ્રેમી અને પુરાતત્ત્વવિદો માટે કેવળ આનંદદાયક જ નહીં, પરંતુ દિશાસૂચક પણ બની રહ્યાં.

આપણે ચરિત્રગ્રંથોમાં પ્રભુવીરના વિહારવર્ણનમાં કર્મારગ્રામ, જંબૂસંડ, કોલ્લાકસન્નિવેશ, કૂપકસન્નિવેશ, રાઢભૂમિ – આવાં આવાં સ્થળોનાં ફક્ત નામ વાંચીને સંતોષ માનીએ. પરંતુ આ બધું ક્યાં આવ્યું તેની આપણને કંઈ ખબર પણ ન હોય. નકશામાં આ સ્થળો આંગળી મૂકીને દેખાડી શકીએ એવી આપણા કોઈની ત્રેવડ નથી. આચાર્યશ્રીએ શતાધિક ગ્રંથો – સહસ્રાધિક લેખો વાંચી વાંચીને, તે વખતની ભૂગોળ, સંસ્કૃતિ, લોકસ્વભાવ – આ બધું સમજીને, ભગવાન આટલા સમયમાં ક્યાં ક્યાં જઈ શકે તેનું અનુમાન કરીને, નામોમાં કેવું પરિવર્તન આવી શકે તેની ગણતરી માંડીને - આવી કેટલીયે મહેનત કરીને આમાંથી ઘણાખરાં સ્થળો શોધ્યાં અને જાતે ત્યાં ગયા. આ બૌદ્ધિક અને શારીરિક પરિશ્રમની તો આપણા માટે કલ્પના કરવાનું પણ શક્ય નથી. આચાર્યશ્રીની આ મહેનતને લીધે જ આ સ્થળોનું અસ્તિત્વ તથા ચરિત્રગ્રંથોનું નિરૂપણ પ્રામાણિક ઠર્યું.

આ પછી આચાર્યશ્રીએ જૈન આગમિક ગ્રંથો અને અન્ય જૈન-જૈનેતર ગ્રંથોના મહાકાય રાશિમાંથી પ્રભુવીરના ચરિત્ર અંગેની હકીકતો નોંધવાનું, એમની ચકાસણી કરવાનું, એકેએક વાતના તાણાવાણા છૂટા પાડીને એમાંથી નવનીત તારવવાનું શરું કર્યું. અને એમના એ પુરાતાત્ત્વિક તેમ જ આગમિક બોધનો અનુપમ સમન્વય એટલે આ ગ્રંથ – તીર્થંકર મહાવીર.

આના પહેલા ભાગમાં વિષયપ્રવેશ માટે ભૂગોળ, કાલચક્ર, ઋષભદેવ, પાર્શ્વનાથ અને વૈશાલી – એમ પાંચ પ્રકરણો નિરૂપાયાં છે. અને ત્યારબાદ ૧. જન્મથી ગૃહસ્થજીવન ૨. નિષ્ક્રમણથી કેવલપ્રાપ્તિ ૩. ગણધરવાદ – એમ ૩ ભાગમાં જીવનચરિત્ર કહેવાયું છે. પરિશિષ્ટો પણ પ્રભુવીરકાલીન ધાર્મિક સ્થિતિ વિશે ઘણી ઉપયોગી માહિતી પૂરી પાડે છે.

તો બીજા ભાગમાં કેવલજ્ઞાનથી લઈને મુક્તિગમન સુધીની સુવિસ્તૃત હકીકતો, વિશિષ્ટ શ્રમણ-શ્રમણીઓ, શ્રાવક-શ્રાવિકાઓ, ભક્ત રાજાઓ, સૂક્તિઓ – વગેરે અનેક પ્રકારની માહિતીનો ધોધ ઠલવાયો છે.

આ ગ્રંથ વિશે વાસુદેવશરણ અગ્રવાલ જેવા પ્રકાંડ વિદ્‌વજ્જનના શબ્દો – विजयेंद्रसूरि जैन जगत में अपना विशिष्ट स्थान रखते हैं। वे चलते-फिरते पुस्तकालय हैं। भारतीय विद्या के अनेक विषय के साथ उन्हें प्रेम है। उनकी जानकारी कितनी विस्तृत है यह उनके ग्रंथों से विदित होता है। भगवान् महावीर के अबतक जितने जीवनचरित निकले हैं, वर्तमान ग्रंथ उनमें बहुत ही उच्चकोटि का है। इसके निर्माण में सूरिजी ने दीर्घकालीन अनुसंधान के परिणाम भर दिये हैं।...

આ ગ્રંથનું પુનઃપ્રકાશન પૂજ્ય ગુરુભગવંત આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિજી મહારાજના હસ્તે થઈ રહ્યું છે. પહેલો ભાગ પ્રકાશિત થઈ ચૂક્યો છે અને બીજાનું કાર્ય પ્રવર્તમાન છે.

છેલ્લે આચાર્યશ્રીએ આ રચના પરત્વે પોતાની મનોકામના અભિવ્યક્ત કરતાં જણાવ્યું હતું કે – यदि आपकी एक शंका का भी समाधान इस पुस्तक से हुआ, अथवा जैन शास्त्रों की ओर अपनी रुचि आकृष्ट करने में किसी प्रकार यह पुस्तक सहायक रही, तो मैं कहूँगा कि मेरा नगण्य परिश्रम भी पूर्ण सफल रहा।

આચાર્યશ્રીનો પરિશ્રમ સફળ થાય તે જોવાની જવાબદારી આપણા સૌની છે.

त्रै.

* * *

## ▲ ૩. જૈન ધર્મ ચિંતન

લેખક – શ્રીદલસુખભાઈ માલવણિયા, સંપાદક – શ્રીરતિલાલ દીપચંદ દેસાઈ, પ્રકાશક – અશોક કાંતિલાલ કોરા, પ્રકાશનવર્ષ – ઈ. ૧૯૬૫, પૃષ્ઠ – ૧૯૨

આ પુસ્તક ‘જગમોહન કોરા સ્મારક પુસ્તકમાળા’નું સાતમું પ્રકાશન છે. આમાં લેખકે સત્યજિજ્ઞાસુની વૃત્તિથી જૈન સાહિત્ય તથા દર્શન, બૌદ્ધ પરંપરા અને કેટલીક વૈદિક

પરંપરાનું ઊંડું પરિશીલન કર્યું છે. અને તેનો તુલનાત્મક તેમ જ તટસ્થ અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. ભારતના મુખ્ય દાર્શનિક પ્રવાહો અને સાહિત્યનાં વલણોને નજર સામે રાખીને જૈન સંસ્કૃતિનું સર્વસ્પર્શી ચિંતન એ આ પુસ્તકનો પ્રધાન અભિગમ છે.




દરેક ધર્મના મૂળમાં એક પોતીકો અભિગમ હોય છે, સૃષ્ટિને નીરખવાનો પોતીકો દૃષ્ટિકોણ હોય છે અને તેની સાથે જોડાયેલી કેટલીક નિષ્ઠાઓ હોય છે, જેને આપણે 'દર્શન' કહી શકીએ. આ દર્શનના પાયા ઉપર જ વ્રતો અને પેટાવ્રતો રૂપી આચારોનું ઘડતર થતું હોય છે. માટે કોઈ પણ ધર્મને સમજવા માટે તેની મૂળ નિષ્ઠાને સમજવી પડે અને તે પ્રમાણે તેના આચારોનું વિશ્લેષણ કરવું પડે.

આચાર એ શરીર છે અને દર્શન એ તેનો આત્મા છે, શરીરને સંભાળવામાં આત્મા વિસરાઈ ન જાય એ વિશે અત્રે લેખકે ગંભીરતાથી ચિંતા વ્યક્ત કરી છે.

આ પુસ્તકમાં લેખકે પ્રભુવીરનું ઐતિહાસિક દૃષ્ટિએ પ્રમાણિત જીવન, તે સમયની સામાજિક પરિસ્થિતિ, તેમની સાધના, તેમનો અહિંસામૂલક ઉપદેશ અને તેને અનુસરીને આચારોના માળખાની રચના, અહિંસામાંથી જ વિચારક્ષેત્રે થયેલો અનેકાંતવાદનો ઉદ્ભવ, તેની અનિવાર્યતા અને સમુદાર દૃષ્ટિએ અન્યમતોનો સમન્વય કરવાની તેની શક્તિ – આ વાતો પર પોતીકું ચિંતન રજૂ કર્યું છે.

લેખકે વૈદિક, બૌદ્ધ તથા જૈન આચારો વચ્ચે તુલનાત્મક અભ્યાસ કરીને તેમની એકબીજા પર પડેલી અસરો, તે તે પંરપરાના આચારભેદોના મૂળમાં રહેલો નિષ્ઠાભેદ અને તે તે ધર્મના આચારો તથા દર્શન વચ્ચેનો મેળ – આ બધાં અંગે વિશદ ચર્ચા કરી છે. તે જ રીતે ઐતિહાસિક કાલક્રમે હિંદુ ધર્મનાં પાંચ રૂપો, ગીતાના આધારે ઘડાયેલાં હિંદુ ધર્મનાં લક્ષણો અને તેની સાથે જૈન ધર્મના સંપ્રદાયોની તુલના પણ અત્રે થઈ છે.

મહાવીર અને બુદ્ધનાં ઉપલબ્ધ કથાનકોનાં લેખકે ત્રણ વિભાગ પાડ્યા છે – ૧. આ મહાપુરુષોની હયાતીમાં જ તેમના વિશે લખાયેલી વાતો ૨. તેમની હયાતી બાદ સુબદ્ધ સંપ્રદાયના નાયક તરીકે તેમનો સ્વીકાર થયા પછીનાં કથાનકો ૩. તે તે વખતની સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને કલ્પનાની આહ્લાદક રંગપૂરણીથી શોભિત સંસ્કૃત અને અન્ય પશ્ચાત્કાલીન ભાષામય રચનાઓ. પરિણામલક્ષિતા, ધાર્મિક પ્રચાર-પ્રસાર તેમ જ બાહ્ય આચાર પર આ કથાનકોની વ્યાપક અસરો વિશે લેખકે રજૂ કરેલું ચિંતન રસપ્રદ છે.

જૈન દર્શનનું મૂળગામી વલણ અને ભક્તિમાર્ગનું પાયાનું તત્ત્વ – બંને તદ્દન જુદાં છે. કેમ કે એકમાં કોઈ કોઈનું કશુંક પણ સારું કે ખરાબ કરી શકતું નથી, પોતીકો પુરુષાર્થ જ સર્વોપરી છે - તેવો સહજ સ્વીકાર છે. તો એની સામે ભક્તિમાર્ગ આખેઆખો કૃપાના સિદ્ધાંત પર જ ઊભો છે. આમ છતાં જૈન ધર્મે આ સામસામા છેડા વચ્ચે પણ કેવું અદ્ભુત સંતુલન જાળવ્યું છે તે સમજાવવામાં લેખક ખરેખર સફળ રહ્યા છે.

કષ, છેદ અને તાપ પરીક્ષામાં જૈન ધર્મ-દર્શનની ઉત્તીર્ણતા અને તેની કોઈ પણ આત્માને સર્વોચ્ચ કક્ષાએ પહોંચાડવાની ક્ષમતા વિશેનું ચિંતન લેખકને વિચારકોની આગલી હરોળમાં આપોઆપ સ્થાન અપાવે તેમ છે. સમગ્ર પુસ્તકમાંથી પસાર થતાં એવી છાપ અવશ્ય મન પર પડે કે **युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः** એ લેખકનો જીવનમંત્ર બની રહ્યો હશે.

આ પુસ્તકમાં બધું આંખો મીંચીને સ્વીકરણીય છે એવું પ્રતિપાદિત કરવાનો લગીરે આશય નથી. પરંતુ પ્રબુદ્ધ જનોએ, ખાસ કરીને જૈનધર્મને વિશ્વધર્મ તરીકે પ્રસ્તુત કરવા ઈચ્છનાર વ્યક્તિએ, આ પુસ્તકમાંથી એકવાર અવશ્ય પસાર થવા જેવું છે. કેમ કે વિશ્વના ફલક પર પ્રસ્તુતીકરણ વખતે, એક સંશોધક વ્યક્તિનો જૈનધર્મ પ્રત્યે જોવાનો અભિગમ સર્વથા નજરઅંદાજ કરી શકાય તેવી બાબત તો નથી જ. **મુનિ શ્રીમુક્તિમંડનવિજયજી**

* * *

# શ્રુતવધામણાં

**एकाक्षरनामकोषसंग्रहः – પૂર્વ સંપાદક** – પં. શ્રીરમણિકવિજયજી મ., **પુનઃ સંપાદક** – મુનિ શ્રીરાજસુંદરવિજયજી મ. (શ્રીરાજેંદ્રસૂરિજી-સમુદાય), **પ્રકાશક** – શ્રુતજ્ઞાન સંસ્કારપીઠ – અમદાવાદ, **પ્રકાશનવર્ષ** – સં. ૨૦૭૫

૫૦ જેટલા ભિન્ન-ભિન્ન એકાક્ષર કોષોનો સંગ્રહ. અનેક હસ્તપ્રતોના આધારે જરૂરી સંમાર્જનપૂર્વક પુનઃ સંશોધન-સંપાદન. મુનિશ્રીનો પરિશ્રમ સહજ રીતે દેખાઈ આવે છે અને પ્રેરણાદાયી બને છે.

**सुन्दरैकाक्षरकोषः – पुण्यसौम्या वृत्तिसहित** – કર્તા – મુનિ શ્રીરાજસુંદરવિજયજી (શ્રીરાજેંદ્રસૂરિજી-સમુદાય), **પ્રકાશક** – શ્રુતજ્ઞાન સંસ્કારપીઠ – અમદાવાદ, **પ્રકાશનવર્ષ** – સં. ૨૦૭૫

અલ્પ જ ગણી શકાય તેટલા વય અને પર્યાયમાં સંસ્કૃતભાષાના એકાક્ષરી શબ્દોના સંકલન દ્વારા થયેલું સુવિસ્તૃત સર્જન. અને તેના પર એકાક્ષરી શબ્દોના અર્થ, વ્યુત્પત્તિ વગેરે તેમ જ તદ્વિષયક ગ્રંથોનો આધાર દર્શાવનારી વૃત્તિ. એક અભિનંદનીય અને સ્પૃહણીય પ્રકાશન.

**अध्यात्मकल्पद्रुमः - અર્થ તેમ જ ચોપાઈ સહિત** – કર્તા – તપગચ્છપતિ શ્રીમુનિસુંદરસૂરિજી મ., **ચોપાઈ** – ખરતરગચ્છીય મુનિ શ્રીરંગવિલાસજી, **સંપાદક** – શ્રીવિજયજગચ્ચંદ્રસૂરિજી મ. (ડહેલાવાળા-સમુદાય), **પ્રકાશક** – આચાર્ય શ્રીસુરેંદ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા, **પ્રકાશનવર્ષ** – સં. ૨૦૭૨

તપાગચ્છાધિપતિ આચાર્ય શ્રીવિજયરામસૂરીશ્વરજી મ. ને અતિપ્રિય ગ્રંથનું તેમના જન્મશતાબ્દી વર્ષે અર્થ તેમ જ ચોપાઈના સંપાદન સાથે પ્રકાશન. એક સમાધિપ્રેરક તેમ જ પોષક ગ્રંથને ગૃહસ્થો સુધી પહોંચાડવાનો પ્રચાર વિનાનો પ્રયાસ. સરળ અને સુગમ અનુવાદ.

**આર્હતદર્શનદીપિકા (જૈનતત્ત્વપ્રદીપનું વિસ્તૃત વિવેચન)** – કર્તા – ન્યાયતીર્થ ઉપાધ્યાય શ્રીમંગલવિજયજી, વિવેચક – હીરાલાલ રસિકદાસ કાપડિયા, **સંપાદક** – શ્રીવિજયજગચ્ચંદ્રસૂરિજી મ. (ડહેલાવાળા-સમુદાય), **પ્રકાશક** – આચાર્ય શ્રીસુરેંદ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા, **પ્રકાશનવર્ષ** – સં. ૨૦૬૭

જૈનતત્ત્વપ્રદીપ એ શાસ્ત્રવિશારદ પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન ઉપાધ્યાય શ્રીમંગલવિજયજી મ. નું શાસ્ત્રપૂત મતિથી થયેલું મૌલિક સર્જન છે. તત્ત્વાર્થાધિગમસૂત્રની શૈલીએ રચાયેલા અને સાત તત્ત્વોના નિરૂપણના સાત અધ્યાય તેમ જ કુલ ૭૫૯ સૂત્રોમાં વિસ્તરેલા આ ગ્રંથમાં મુખ્યત્વે તે તે પદાર્થોનાં લક્ષણો બતાવેલ છે. આવા ગ્રંથ ઉપર હીરાલાલ રસિકદાસ કાપડિયાએ સુવિસ્તૃત અને સરલ વિવેચન તૈયાર કર્યું છે અને આ ગ્રંથની ઉપયોગિતામાં ઘણો જ વધારો કર્યો છે. પંડિત શ્રીકુંવરજી આણંદજીએ પોતે આ ગ્રંથ માટે એવો અભિપ્રાય પ્રગટ કરેલો કે “જૈન દર્શનનું જ્ઞાન કરવા માટે એક ગ્રંથ બતાવવો હોય તો આ ગ્રંથ બતાવી શકાશે, કારણ કે પ્રાયઃ દરેક બાબતો આમાં સમાવી છે”. નૂતન સંપાદકશ્રી પોતે કહે છે તેમ “આ પ્રતિભાશાળી વિવેચન કરવા પાછળ તેમણે કરેલો પરિશ્રમ પ્રાચીનકાલના મહર્ષિઓની યાદ અપાવી જાય છે”. ગ્રંથનું અવલોકન કરતાં આવાં વિધાનોમાં સહેજ પણ અત્યુક્તિ જણાતી નથી.

આ ગ્રંથ સૌપ્રથમ સં.૧૯૮૮ માં યશોવિજય જૈન ગ્રંથમાળા તરફથી પ્રકાશિત થયેલો જે સમય વીતતાં અપ્રાપ્ય બનેલો. તેથી તેનું પુનઃ પ્રકાશન અનિવાર્ય જણાતાં પૂજ્ય આચાર્યશ્રીએ તે કાર્ય અંગત રસ લઈને આગળ વધાર્યું. મને પોતાને આ આખા પ્રકલ્પમાં બે વાત અનુમોદનીય જણાઈ. પહેલી વાત તો એ કે દરેકને કોઈ પણ કાર્યમાં ‘પોતાનું શું?’ એ પ્રશ્ન સ્વાભાવિક રીતે થતો હોય છે. આવા પ્રશ્નને ઉવેખી શકાય તો જ આવાં કાર્યો થઈ શકે. બીજી વાત, આજે જૂના ગ્રંથોના જીર્ણોદ્ધાર તો ઘણા થાય છે, પણ ઓફસેટ પદ્ધતિથી થતા એ જીર્ણોદ્ધારોમાં લગભગ ભલીવાર હોતો નથી. બહુ બહુ તો અપ્રાપ્ય ગ્રંથને પ્રાપ્ય કર્યાનું આશ્વાસન મળે. પણ એ કામ તો કોઈ પોતાના ઘરે પણ સ્કેનિંગ કરીને પ્રિન્ટ કાઢીને કરી શકે. આચાર્યશ્રીએ તો આખો ગ્રંથ નવેસરથી કમ્પોઝ કરાવીને પોતાના વિદ્વાન શિષ્યમંડળના સહકારથી લગભગ ૮૫૦ પાનાનાં ૩-૩ પ્રૂફ જોયાં છે. આ નિસબતને તો સલામ જ કરવી પડે.

શ્રદ્ધાની પુષ્ટિ માટે તથા જિનશાસન પામ્યાનો આનંદ મેળવવા માટે પ્રત્યેક સાધુ-સાધ્વીજીએ આ ગ્રંથ એકવાર તો સાદ્યંત વાંચવો જ જોઈએ એટલી ખાસ ભલામણ.

# *વિશેષ પ્રતિસ્પંદ*

શ્રમણસંમેલનસમયે તમે જ્યારે **શ્રુતસંવિભાગ** અંગે વિચાર રજૂ કર્યો ત્યારે એ આવા સરસ વટવૃક્ષરૂપે પરિણમશે એવો અંદાજ ન હતો. **આચાર્ય શ્રીવિજયરાજરત્નસૂરિજી મ.**

મુખપૃષ્ઠ પર પ્રેરક ચિત્ર, ચારે અનુયોગમાં આવેલ વૈવિધ્યભરેલ જ્ઞાનખજાનો, સમાધાન-વિભાગ, પત્રચર્ચાદિ દરેક વિભાગ અપારજ્ઞાન બોધક છે. **મુનિ શ્રીતારકચન્દ્રસાગરજી**

**શ્રુતસંવિભાગ**માં ગુજરાતી - દેવનાગરી આમ લિપિફેરથી રુચિભંગ થાય છે. તો તે અંગે ગુજરાતીભાષાને પણ દેવનાગરી લિપિમાં લેવાય તો સારું. *અનુસંધાન*માં આ પદ્ધતિ સ્વીકારેલી છે. **મુનિ શ્રીહર્ષચંદ્રવિજયજી**

**શ્રુતસંવિભાગ** પરિવારના મુનિઓ સાચે જ અતિશય જહેમત ઉઠાવી અમારા જેવા જીવો માટે મહેનત કરે છે. જેથી અમે ઘેરબેઠાં લેખો-ચિંતન વાંચી શકીએ છીએ. સાચે જ આના દ્વારા મહાત્માઓની પ્રતિભાનો વિકાસ થાય છે અને તેઓના ચિંતનને જોઈને મન આનંદિત થઈ જાય છે. **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી**

ઉપવાસના પારણે જે રીતે નવકારશીમાં તૂટી પડાય છે એવું જ **શ્રુતસંવિભાગ** હાથમાં આવતાં થાય છે. સાત્ત્વિક અભ્યાસ માટે **શ્રુતસંવિભાગ** ગજબનું પ્રેરકબળ પૂરું પાડે છે. ફાસ્ટ ફૂડ જેવા ગુજરાતી વાંચનને છોડીને સંસ્કૃતના પૌષ્ટિક, સાત્ત્વિક, તાકાતપ્રદ અભ્યાસમાં બધાને જોડી દે છે **શ્રુતસંવિભાગ.** **મુનિ શ્રીતીર્થતિલકવિજયજી**

**શ્રુતસંવિભાગ** એટલે **શ્રુતસંવિભાગ**. વધુ શું? મને ઊંડે ઊંડે આવું લાગે છે કે ન્યાય આદિ દર્શનોનો અભ્યાસ કરવા છતાં એ દર્શનના ઉત્થાનની મૂલ વિચારધારા, પ્રત્યક્ષ આદિ પ્રમાણ ભિન્ન રીતે માનવાનું, એનો દૃષ્ટિ સાથેનો સંબંધ અને મોક્ષમાં એની પ્રયોજકતા... જેવા વિષયો અછૂતા રહી જાય છે. **શ્રુતસંવિભાગ** આ શુભકાર્યમાં પણ પગરણ માંડે – આ અભ્યર્થના. **મુનિ શ્રીહેમનિલયવિજયજી**

**શ્રુતસંવિભાગ** હવે સ્વજનસમું બની ગયું છે. એનું આગમન અનહદ આનંદ અને સંતૃપ્તિનું કારણ બની જાય છે. એના કારણે અંદર-અંદરમાં અયોગ્ય વાર્તાલાપોનું સ્થાન હવે આગમો અને ગ્રંથોની ચર્ચા-વિચારણાએ લઈ લીધું છે. સાચે જ બધા સતર્ક બનતાં જાય છે. જેનાથી કોને શાતા ન વળે? **મુનિ શ્રીશીલચંદ્રવિજયજી**

આ પરિપત્ર ખૂબ જ સુંદર રીતે ચાલી રહેલ છે. તેની બાહ્ય સાજસજ્જા પણ આગવી વિશેષતા ધરાવે છે. આ પરિપત્રના માધ્યમે જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, માહિતીની નહિ. અનેક તત્ત્વવિચારણાઓ તેમ જ શાસ્ત્રગર્ભિત પદાર્થો ધરાવતું આ **શ્રુતસંવિભાગ** પણ પ્રાયઃ એક શાસ્ત્રસમાન જ કહી શકાય. તત્ત્વજિજ્ઞાસુ મુનિઓને તો આના અભ્યાસ, વાંચન તેમ જ સ્થિરીકરણ દ્વારા કેવો આનંદ થઈ રહ્યો છે તે અવર્ણનીય છે. પ્રભુશાસનના મિત્ર મુનિઓની શાસ્ત્રપરિકર્મિત પ્રજ્ઞા અને સૂક્ષ્મ અનુપ્રેક્ષાની સુવાસ **શ્રુતસંવિભાગ** ના માધ્યમથી અનેક સુધી પ્રસરે છે. શ્રમણો પ્રત્યેનો અહોભાવ તેમજ ગુણાનુરાગ પ્રગટાવવાનું મહત્ત્વનું કાર્ય **શ્રુતસંવિભાગ** કરી રહ્યું છે અને આના માધ્યમથી આપણે સૌ કોઈ નજીક આવીશું જ. કારણ કે આપણે એક જ **શ્રુતસંવિભાગ** પરિવારના સભ્યો છીએ.

અમારા પૂજ્ય ગુરુભગવંતશ્રીએ પણ આ પરિપત્રની ભારોભાર અનુમોદના કરી છે. ગુરુભગવંતશ્રી કહેતાં હતા કે શ્રુતસંવિભાગ જાણે કે ભવિષ્યના જ્ઞાનમય શાસનની શ્રેષ્ઠભૂમિને તૈયાર કરનારું મહત્ત્વનું તેમ જ પૂર્ણ પરિબળ ન હોય તેવી રીતે આ પરિપત્ર ખરા અર્થમાં શ્રમણ તેમ જ તેમના જ્ઞાનનો વિકાસ કરી રહ્યું છે. તેમ જ આપશ્રી દ્વારા થતું સંકલનકાર્ય પણ ખૂબ જ પ્રશંસનીય છે. આના પરથી જ જણાઈ આવે છે કે શ્રમણો તેમ જ જ્ઞાન પ્રત્યે આપને કેટલી પ્રીતિ છે.

**શ્રુતસંવિભાગ** પરિવારને વંદન. **મુનિ શ્રીમલયગિરિવિજયજી, મુનિ શ્રીપ્રેમહંસવિજયજી**

---

* **શ્રુતસંવિભાગ** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં.